





# ગુજરાતનો લોકકલા વૈભવ



# ગુજરાતનો
# લોકકલા વૈભવ







**પ્રકાશક :**

માહિતી નિયામક,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**લેખન - સંપાદન :**

જોરાવરસિંહ જાદવ

**મુદ્રક :**

સરકારી ફોટો લીથો પ્રેસ,
અમદાવાદ.

**વર્ષ :**

૨૦૧૯-૨૦



**નોંધ : આ પુસ્તક સંપાદકના સંશોધન અને અનુભવના આધારે તૈયાર કરવામાં આવ્યું છે. તેમાં વ્યક્ત થયેલા વિચારો કે મંતવ્યો સાથે રાજ્ય સરકાર સંમત જ છે તેમ માનવું નહી.**

सत्यमेव जयते




ગુજરાત રાજ્ય ભારતની જેમ જ વિવિધતામાં એકતા ધરાવે છે. ગુજરાતમાં વસતા જુદા જુદા ધર્મ, ભાષા, જ્ઞાતિ વગેરેના લોકોમાં વિવિધ પ્રકારની કલાઓ સમાવિષ્ટ છે. જેના લીધે ગુજરાત અનેકવિધ કલાઓ થકી વૈશ્વિક ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે.

અનેક વિવિધતા હોવાના લીધે લોકોમાં પોત-પોતાના રીત-રિવાજો, પહેરવેશ, બોલીઓ, લોકગીતો, લોકસંગીત, લોકસાહિત્ય, લોકકલાઓ, શૈલીઓ વગેરે મહાસાગરમાં સમાયેલા વિવિધરંગી મોતી સમાન ભાસે છે. વિશિષ્ટ પ્રકારની કલાઓ તેમજ આવડતોની સમાવિષ્ટતાને કારણે સમાજમાં નવો ઉજાસ-ઉમંગ-તાજગીનું વાતાવરણ પથરાયેલું જોવા મળે છે.

લોકો સાથે અનન્ય રીતે જોડાયેલા લોકકલા, લોકસંસ્કૃતિ તેમજ લોકસાહિત્ય સાથે અતૂટ નાતો ધરાવનાર અને મર્મજ્ઞ શ્રી જોરાવરસિંહ જાદવ લિખિત માહિતી ખાતા દ્વારા સંપાદિત રાજ્યની "કલાસંસ્કૃતિ"ને ઉજાગર કરતું **"ગુજરાતનો લોકકલા વૈભવ"** પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે. જે આપણી ભાવિપેઢીને માર્ગદર્શક બની લોકવિરાસતને ધબકતું રાખવાનું શ્રેષ્ઠ કાર્ય કરશે.

વૈવિધ્યસભર લોકવારસાને પ્રત્યક્ષ કરાવતા આ પુસ્તકના પ્રકાશન પ્રસંગે હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

(વિજયભાઈ રૂપાણી)
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય



## પ્રકાશકીય...

ગુજરાતની ધરતી હજારો વર્ષથી કલા, સંસ્કાર અને સંસ્કૃતિથી ધબકતી રહી છે. અહીંના લોકજીવન પાસે લોકસંસ્કૃતિની અને લોકકલાની નીજી વિરાસત છે. જગતભરમાં જેનો જોટો ન જડે એવા લોકજાતિઓ પાસે પોતાના ભાતીગળ વસ્ત્રાલંકારો, ખાનપાન, પશુ અને ઘરના શણગારો, કાષ્ઠ શિલ્પ, ધાતુપાત્રો, લોકમનોરંજન, હથિયારો, મેળા, ઘરનું સ્થાપત્ય, લીંપણ અને ચિત્રો છે. એમાંથી લોકકલાનું સૌંદર્ય જાણે કે સાદ પાડી ઉઠે છે. દેશ-વિદેશમાંથી અભ્યાસુઓ આ વિષયમાં સંશોધન કરવા ગુજરાતમાં આવે છે, અભિભૂત થાય છે અને તસવીરો, ફિલ્મો અને અધ્યયન સામગ્રી સાથે લઇ જાય છે.

રાજ્ય સરકારના માહિતી ખાતાની આ પ્રકાશકીય ટીમ દ્વારા જાણીતા લેખક અને સાહિત્યકાર શ્રી જોરાવરસિંહજી જાદવ પાસે **'ગુજરાતનો લોકકલા વૈભવ'** અલભ્ય તસવીરો સાથે ગ્રંથ તૈયાર કરાવ્યો છે. ચિત્રો અને તસવીરોથી ધબકતો આ મૂલ્યવાન ગ્રંથ ગુજરાતના સાહિત્ય પ્રેમીઓ, ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ, સંસ્કૃતિ અને કલા રસિકોને અત્યંત ઉપયોગી થઇ પડશે. એટલું જ નહીં, પણ પ્રત્યેક ગુજરાતીના ઘરમાં સાચવી રાખવા જેવું ઘરેણું બની રહેશે એવી મને શ્રધ્ધા છે.

**અશોક કાલરીયા**
માહિતી નિયામક

# ગુજરાતની લોકસંસ્કૃતિના ભાતીગળ રંગો...

ગુજરાતની ધરતીને કુદરતે છૂટે હાથે પ્રાકૃતિક સૌંદર્ય બક્ષ્યું છે. સૌરાષ્ટ્રની ધરતીને અડીને આવેલો ૧૬૦૦ કિ.મી.નો લાંબો સાગરકિનારો, ડુંગરાની ગાળિયું, જંગલ ને ઝાડિયું વચ્ચે હજારો વર્ષથી સાગરસંસ્કૃતિ, કૃષિસંસ્કૃતિ, ગોપસંસ્કૃતિ, લોકસંસ્કૃતિ અને આદિવાસી સંસ્કૃતિનું સર્જન થયું છે. જગતભરમાં જેનો જોટો જડે નહીં એવી ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિ છે. એનો અભ્યાસ કરવા અનેક વિદેશી પર્યટકો અહીં ઊતરી આવે છે. તેઓ ગુજરાતની ધરતીને ગીત, સંગીત અને નૃત્યથી ગુંજતી જોઈને આનંદવિભોર બની જાય છે.

ગુજરાતીઓ દેશ - પરદેશમાં જેને માટે ગૌરવ લે છે એ લોકસંસ્કૃતિના સર્જનફાલસમા લોકઉત્સવો, મેળાઓ, કમાંગરી શૈલીનાં ભીંતચિત્રો, ગુર્જર સુથારોનું કાષ્ઠકંડારણ, હીરભરત, મોતીભરત, પોથીચિત્રો, ચંદરવાનું છાપકામ, કટાબકામ, મોતીપરોવણું, લીપણનકશી, આળેખચિત્રો, રંગોળી, ઘાટસુઘાટનાં ઘરેણાંની સાથે લોકજીવનને મનોરંજન પૂરું પાડી લોકહૈયામાં આનંદનો અબીલગુલાલ ઉડાડનારાં લોકનૃત્યો, ભવાઈ, બાવનપૂતળીનો ખેલ, વાદી, મદારી, ચૂંદડિયા મહારાજ, નટ, બજાણિયા, નાથબાવા, માંકડાં અને રીંછડાં રમાડનારા, તૂરી-બારોટ અને ભાંડની સાથોસાથ લોકજીવનને સંસ્કારનારા ભવૈયાનાં પેડાં, રામલીલા, ઢાઢીલીલા, જોગીલીલા, લોકકથાકારો, લોકસંગીત, સંતવાણી અને ગાગરિયા માણભટ્ટોની ગૌરવપૂર્ણ પંરપરાગત ધરોહર આપણે ત્યાં હતી. આજે આ લોકવિરાસત ધીરે ધીરે લુપ્ત થઈ રહી છે ત્યારે ગૌરવપૂર્ણ વારસાનો પરિચય કરાવવાના શુભાશયથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. નવી પેઢીના બાળકો આ કલાવારસામાં રસ લેતાં થાય એ પણ એટલું જ જરૂરી છે.

આ ગ્રંથમાં ગુજરાતની લોકજાતિયો, તેમનાં વસ્ત્રાલંકારો, લોકઉત્સવો, પર્વો, મેળા, લોકસંગીત, લોકનૃત્યો, લોકવાદ્યો, ખાનપાન, પશુ શણગારો, રમકડાં, લોકમનોરંજન કરાવનારી લોકજાતિયો, હસ્તલિખિત પોથીઓ, કાષ્ઠશિલ્પ, હવેલી સ્થાપત્ય, ઘરનું રાચરચીલું, કમાગરોનાં ભીંતચિત્રો, કાચચિત્રો, આદિવાસી ભીંતચિત્રો, લોકભરત, મોતીપરોવણું, કટાવકામ, જૂના પંથકો, અને પરગણાં ઉપરાંત લોકસંસ્કૃતિના વિવિધ પાસાંની વિગતપૂર્ણ ચર્ચા કરી છે. આ વિષયોને સારી રીતે સમજી શકાય તે માટે ચિત્રો અને તસવીરોથી પુસ્તકને હેતુલક્ષી અને કલાપૂર્ણ બનાવ્યું છે. ગુજરાતની લોકસંસ્કૃતિનો પરિચય કરાવવાના શુભાશયથી **"ગુજરાતનો લોકકલા વૈભવ"** પુસ્તકનું પુનઃપ્રકાશન થઈ રહ્યું છે. આ ગ્રંથ લોકસંસ્કૃતિપ્રેમી, અભ્યાસુઓ અને ગુજરાતીઓના ઘરનું ઘરેણું બની રહેશે એમ હું વિનમ્રપણે માનું છું.

મને શ્રદ્ધા છે કે ગુજરાતની લોકવિદ્યા, લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય અને લોકકલામાં રસ ધરાવનાર સૌ કોઈને અને દૂર દેશાવર વસતાં ગુજરાતીઓને માટે આ ગ્રંથ માહિતીપ્રદ બની રહેશે. ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી આ મૂલ્યવાન ગ્રંથ તૈયાર કરાવીને પ્રગટ કરવામાં આવ્યો છે. એ માટે માહિતી નિયામક, સંયુક્ત માહિતી નિયામક શ્રી પુલકભાઇ ત્રિવેદી તથા નાયબ માહિતી નિયામકશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ પુસ્તકમાં ચિત્રકારો સર્વ શ્રી રવિશંકર રાવલ, સોમાલાલ શાહ, જ્યોતિ ભટ્ટ, વાસુદેવ સ્માર્ત, ખોડીદાસ પરમાર, પ્રદ્યુમ્ન તન્ના, નાગજીભાઈ ચૌહાણ, અશોક ખાંટ, પ્રતાપસિંહ જાડેજા, દિનુ પટેલ, સવજી છાયા અને ઊમરશી પરમાર, ગૌતમ વાઘેલા તથા ગુજરાત લોકકલા ફાઉન્ડેશન તરફથી કલાપૂર્ણ ચિત્રો તથા શ્રી પ્રાણલાલ પટેલ, ઝવેરીલાલ મહેતા, વિવેક દેસાઇ, ભાટી એન. અમૂલ પરમાર, હેમેન્દ્ર શાહ, જોગેશ ઠાકર, એ. એલ સોની, દિલિપ પઢિયાર, હેમાંગ દેસાઇ તથા મણિલાલ રાજપૂતની મનોહર તસવીરો મળી છે એ સૌનું હૃદયપૂર્વક ઋણ સ્વીકારું છું.

**- જોરાવરસિંહ જાદવ**

# અનુક્રમણિકા


૦૯ ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિ
૨૩ સૌરાષ્ટ્રના જૂના પંથકો અને પરગણાં
૩૭ મધ્યકાલીન ગુજરાતનાં ભાતીગળ વસ્ત્રો
૪૨ લોકજાતિઓની વેશભૂષા
૪૮ ઘરેણાં અને સૌંદર્યપ્રસાધનો
૫૫ લોકઉત્સવો અને પર્વોની સાંસ્કૃતિક પરંપરા
૬૮ પ્રાચીન ગુજરાતનાં ખાનપાન
૭૩ ગુજરાતી લોકસાહિત્યનો અમૂલ્ય વારસો
૮૪ પ્રકૃતિના ખોળે પાંગરેલું ગુજરાતનું લોકસંગીત
૮૮ આપણાં પરંપરિત લોકવાદ્યો
૧૦૪ ગુજરાતનાં લોકનૃત્યો
૧૧૮ ગુજરાતનું કલામંડિત કાષ્ઠશિલ્પ
૧૨૮ વિશ્વમાં અજોડ ગણાતું ગુજરાતનું હવેલી - સ્થાપત્ય
૧૩૩ ગુજરાતનું રાચરચીલું અને ગૃહસજાવટ
૧૩૯ ભાતીગળ લોકભરત અને મોતી- પરોવણાંની કળા
૧૪૮ પશુ-પ્રાણીઓના સાજસરંજામ અને શણગારો
૧૫૪ કચ્છ-કાઠિયાવાડની લોકનારીનું કટાવકામ
૧૫૮ ગુજરાતની ભાતીગળ ચિત્રપરંપરા
૧૬૪ આદિવાસીઓની ભીંતચિત્રોની કલાપરંપરા
૧૬૮ સૌરાષ્ટ્ર-કચ્છમાં કાચચિત્રોની પ્રાચીન કલાપરંપરા
૧૭૨ ગુજરાતની હસ્તલિખિત પોથીઓ
૧૭૬ ગુજરાતમાં રમકડાંની પ્રાચીન પરંપરા
૧૮૬ આપણાં ધાતુપાત્રો
૧૯૨ મનોરંજન કરાવનારી લોકજાતિઓ
૧૯૮ લોકજીવનમાં પૂજાતાં દેવદેવલાં
૨૦૯ માનવહૃદયના ઉલ્લાસનું મોંઘેરું પર્વ : મેળા
૨૧૯ લોકસાંસ્કૃતિક વિરાસતસમા ગુજરાતના ગઢકિલ્લા











# ગુજરાતની ભાતીગળ લોકસંસ્કૃતિ



ગુજરાતની ધરતીને કુદરતે છૂટે હાથે સૌંદર્ય બક્ષ્યું છે. પૂર્વમાં સહ્યાદ્રિ અને સાતપુડાના પર્વતોની હારમાળા, પશ્ચિમમાં કચ્છનું રણ, ઉત્તરે ગિરિરાજ આબુની ડુંગરમાળા અને દક્ષિણે દમણગંગાનું નૈસર્ગિક સૌંદર્ય ધરાવતા ગુજરાતના ગૌરવંવતા લોકજીવનના વિસ્તાર-પટ પર નજર કરીશું તો સમૃદ્ધ એવો કળા, સંસ્કાર અને સંસ્કૃતિનો મૂલ્યવાન વારસો ધબકતો નજરે પડે છે. અહીં મેં લોકવિદ્યા, લોકકલા અને સંસ્કૃતિનો સંદર્ભ રાખ્યો છે.

**સંસ્કૃતિનો સર્જક માનવી :** લોકસંસ્કૃતિને આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ તરીકે ઓળખવામાં આવે છે. લોકસંસ્કૃતિ એ લોકસમૂહનું સહિયારું નિજી સર્જન છે. જનજીવન પોતાની રસ, રુચિ, સવલતો, સુવિધાઓ અને ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર કેટલીક પ્રણાલિકાઓ આરંભે છે, જે આગળ જતાં રીતરિવાજ અને રૂઢિરૂપે લોકજીવનનું મુખ્ય અંગ બની જાય છે. સંસ્કૃતિના સીમાડામાં સમાઈ જતી બોલીઓ, કંઠસ્થ સાહિત્ય, સંગીત, કળા, ઉત્સવો, ધર્મ, વસ્ત્રાલંકારો, ખેતી, પશુપાલન, નૌકાયાન, હથિયારો, ઘર-ખોરડાં, રાચરચીલું, દેવમંડળ, આચાર-વિચાર, સંસ્કાર અને સંસ્કૃતિ, વિકાસના કેડે ચડેલા માનવીના હાથે થયેલું સર્જન છે. માનવજાત જેટલાં વર્ષો જૂની છે એટલાં વર્ષો જૂની એની લોકસંસ્કૃતિ પણ છે.

**ગુજરાતની સંસ્કૃતિનું ઉગમ સ્થળ :** ગુજરાતની લોકસંસ્કૃતિના ઉગમ વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે, સાબરમતીના તીરે કૂબા બાંધીને રહેતા આદિમાનવના હાથે સૌ પ્રથમ વાર એનું પારણું બંધાયું હશે. જ્યારે સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું પારણું નેસડાઓમાં રહીને પશુપાલન કરતી અરણ્યવાસી જાતિઓના હાથે બંધાયું હશે. ડૉ. હસમુખ સાંકળિયાએ કરેલું સાબરમતી ખીણનું સંશોધન આ વાતને સમર્થન આપે છે. મોહેં-જો-દડો અને હડપ્પાની નગરસંસ્કૃતિઓ વિકાસ પામી તેના પહેલાં પણ વિચરતી જાતિઓની લોકસંસ્કૃતિ અસ્તિત્વમાં હતી જ. આ સંસ્કૃતિના સ્પષ્ટ અવશેષો આજેય ગુજરાતના આદિવાસીઓનાં ઓજારો, દેવ-દેવલાંઓ, ભૂવા, જંતર-મંતર અને પશુ-પ્રાણીઓ તથા વૃક્ષપૂજામાંથી પ્રાપ્ત થાય છે.

ગુજરાતની ભૂમિ પ્રાચીન સંસ્કૃતિનો વૈભવ-વારસો ધરાવતી માનવ વસવાટવાળી ધરતી છે. આ ધરતી પરથી લોકજીવનના પ્રાચીન અવશેષો પણ ભરપેટ મળી આવ્યા છે. ભારતમાંથી હડપ્પા સંસ્કૃતિના સંખ્યાબંધ પુરાવાઓ પ્રાપ્ત થયા છે. ગુજરાતમાં થયેલા પુરાતત્ત્વીય ઉત્ખનનો દ્વારા લોથલ અને કચ્છમાં ધોળાવીરા ખાતેથી મળી આવેલા અવશેષો સાડાચાર હજાર વર્ષ પહેલાંના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે અને સૈકાઓ પહેલાં વિકાસ પામેલી માનવ સંસ્કૃતિનું સુપેરે દર્શન કરાવે છે.

**પ્રકૃતિના ખોળે પાંગરેલી લોકસંસ્કૃતિ :** આદિકાળથી માનવીએ હરિયાળાં વન-ઉપવન, લહેરાતા સાગર અને ખળખળ નાદે વહેતી નદીઓના કાંઠે વસવાટ કર્યો હોવાથી ગુજરાતનાં પ્રકૃતિપરાયણ લોકજીવનમાં અને લોકસંસ્કૃતિમાં નિસર્ગનાં અનેક તત્ત્વો આવિષ્કાર પામ્યાં છે. આથી લોકજીવનમાં પ્રકૃતિ તરફનો પ્રેમ, નિર્દોષ આનંદપ્રિયતા, સત્યપરાયણતા, નિરાડંબરીપણું અને સરળતાના સંસ્કારો સુપેરે ખીલી ઊઠ્યા છે. સૌરાષ્ટ્રના અડીખમ ડુંગરાઓની ગાળિયુંમાં જંગલ અને ઝાડિયુંમાં વહેતી નદીઓના નીરે લોકજીવનમાં વટ, વ્યવહાર, ત્યાગ, ટેક, ખુમારી, રખાવટ અને પ્રેમશૌર્યના સંસ્કારને પોષ્યા છે.

**ગુજરાતમાં ગોપ સંસ્કૃતિનો ઉદય :** ગુજરાતની અફાટ ધરતીને અડીને આવેલો છે એનો ૧૬૦૦ કિ.મી. લાંબો સાગરકાંઠો. પ્રાચીનકાળથી માનવ વસવાટને કારણે અહીં સાગર સંસ્કૃતિનો ઉદય થયેલો જોઈ શકાય છે. નળકાંઠાના પઢારોમાં સાગર સંસ્કૃતિના અવશેષો સ્પષ્ટપણે જોઈ શકાય છે. આજથી આઠેક હજાર વર્ષ પૂર્વે દેવ દેવીની ઉપાસના કરનાર અને માછીમાર તરીકેનું જીવન ગુજારતી નિષાદ પ્રજાએ ગુજરાતની ધરતી પર પગરણ માંડ્યા. કોળી, ખારવા, વાઘેર અને મિયાણા આ જાતિના વારસદારો ગણાય છે. ઈ.સ.



પૂર્વે પાંચમા શતકમાં આયોનિયન, બેક અને યોન ગ્રીક પ્રજાઓ આપણે ત્યાં આવી અને લાકડાંનાં દેવ દેવીઓની પૂજા ગુજરાતમાં લાવી. બરડાના મેર લોકોમાં આજે પણ આ ગ્રીક પ્રજાઓના અવશેષો ઉપલબ્ધ થાય છે. આશરે ચારેક હજાર વર્ષ પૂર્વે ગુજરાતની ભૂમિ પર ભ્રમણશીલ પ્રજાઓમાંથી ગોપ સંસ્કૃતિનો ઉદય થયો. મથુરા-વૃંદાવનમાંથી આવેલા યાદવો અને આહીરો પોતાની સાથે ત્યાંની રાસલીલા લાવ્યા. શોણિતપુરના રાજવી બાણાસુરની પુત્રી ઉષાનું લગ્ન શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધ સાથે થયું. ઉષા (ઓખા)એ પાર્વતીજી પાસેથી શીખેલું લાસ્યનૃત્ય દ્વારિકાની ગોપીઓને શીખવ્યું. ત્યાંથી સૌરાષ્ટ્રમાં એ પ્રચાર પામ્યું. આજના રાસડાની પરંપરા એ ગોપ સંસ્કૃતિની દેન છે. આમ, ગોપ સંસ્કૃતિએ ગુજરાતને અનેરા ઉત્સવો આપ્યા. માનવહૈયાંને હેલે ચડાવતા મેળાઓ આપ્યા. આદર, આતિથ્ય અને ઔદાર્યના ઉમદા સંસ્કારો આપ્યા. દસમી સદીમાં સૌરાષ્ટ્રમાં સિથિયન અર્થાત્ હૂણો આવ્યા. તેઓ સૂર્યપૂજાનો સંસ્કાર સાથે લાવ્યા. આ હૂણો તે આજના આપણા કાઠી દરબારો. ઘોડો, ભેંસ અને હથિયારો એમની સંસ્કૃતિનાં મહત્ત્વનાં અંગો મનાયાં.



**લોકજાતિઓનું સંગમતીર્થ બનતું ગુજરાત :** સૌરાષ્ટ્રની ભૂમિ જૂના કાળથી ફળદ્રુપ હોવાથી જળ અને સ્થળ માર્ગેથી અસંખ્ય જાતિઓ બહારથી આવીને અહીં સ્થિર થઈ છે, એમ નૃવંશશાસ્ત્રીઓ માને છે. ઉત્તરમાંથી આર્યો, રાજપૂતો અને ગુર્જરો આવ્યા. દક્ષિણમાંથી કણબી આવ્યા. દરિયાઈ માર્ગેથી સીદી અને આરબો આવ્યા. કચ્છનું રણ વીંધીને બલુચો ને લોહાણા આવ્યા. આ ઉપરાંત કાળાંતરે કાઠિયાવાડની રઢિયાળી ભૂમિ પર ઓડ, અતીત, સથવારા, સરાણિયા, સલાટ, સીદી, જત, મહિયા, ઢાઢી, ચામઠા, બલોચ, બાબર, લંઘા, ખરક, વણઝારા, રાવળ, પુરબિયા, તરગાળા, થોરી, ખોજા, કુંભાર, સંઘાર, સુમરા, સરવણ, વાલ્મીકી, ભોપા, ભોઈ, લુહારિયા, લીંબડિયા, મુમના, મોચી વગેરે લગભગ એકસો ને સિત્તેર કરતાં યે વધુ





જાતિઓએ આવીને વસવાટ કર્યો છે.

મધ્યયુગમાં ઈસ્લામની અસરે ક્ષત્રિય જાતિઓ અને પોતાની જાતને કાંટિયાવરણ તરીકે ઓળખાવતી જાતિઓનું લડાયક ખમીર ખીલી ઊઠ્યું. આ લડાયક ખમીરની અસર સૌરાષ્ટ્રની અન્ય જાતિઓના ઘડતર પર પણ પડી. એને પરિણામે લોકજીવનમાં ઘોડેસવારી, તલવારનૃત્ય અને શસ્ત્રો વાપરવાની વિદ્યાનો વિકાસ થયો. રખાવટ અને શૌર્યભાવનાનો સંસ્કાર સમાજમાં મહેંકતો બન્યો.

**આદાન-પ્રદાનમાંથી સર્જાયેલાં લોકસંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો :** ગુજરાતને આંગણે પ્રાચીનકાળથી ઊતરી આવેલી આ બધી જાતિઓ સાથે એમના પરંપરાગત એવા



રૂડારૂપાળા પહેરવેશ, પોતાનાં ઈષ્ટ દેવ-દેવીઓ, કળા, સંગીત, સાહિત્ય, નૃત્ય, લોકરિવાજો, માન્યતાઓ, નીતિરીતિના ખ્યાલો રહેણીકરણી અને ખાનપાન પણ આવ્યાં. સ્થાનિક અને બહારથી આવેલી જાતિઓના સહવસવાટ અને ભાતીગળ સંસ્કૃતિના આદાન-પ્રદાન દ્વારા સમૃદ્ધ બનેલા લોકસંસ્કૃતિના વહેણનો આછો-પાતળો પ્રવાહ જાણે કે હિલોળા મારતો ભરપટે વહેવા માંડ્યો. આમ લોકસંસ્કૃતિ એ કોઈ એકલ-દોકલ માનવી કે માનવસમૂહનું સર્જન નથી, પણ ઘણી નદીઓમાંથી જેમ મહાનદ ઊભો થાય તેમ અનેક લોકજાતિઓના સમન્વય કે સંમિશ્રણમાંથી ગુજરાતની લોકસંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો સર્જાયાં છે. આ સ્વરૂપો વડે જ લોકસંસ્કૃતિનું કાઠું બંધાયું છે.

**લોકજાતિઓના વસવાટના પરંપરાગત પ્રદેશો :** ગુજરાતની લોકસંસ્કૃતિ સમજવા માટે એના વિવિધ પંથકોનો પરિચય જરૂરી બને છે. ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતના પરંપરાગત એવા આભીરદેશ (કચ્છ)ના વાગડ, ગરડો, પાવર, માકવટ, મેઆણી, અબડાસો, મોડાસો, કાંઠી, પ્રાંથડ, કાઠિયાવાડના ઓખામંડળ, હાલાર, મચ્છુકાંઠો, ઝરમરિયો ઝાલાવાડ, પાંચાળ, બારાડી, નાઘેર, સીમર, બાબરિયાવાડ, વાળાક, વાગડ, ઉત્તર ગુજરાતના ચોરાડ, જતવાડો, નહેર, વઢિયાર, ઢાંઢર, છપ્પન, પાટણવાડો, દંઢાવ્ય, દક્ષિણ ગુજરાત તરફ જતા ખંભાતબારું, વાંકળ, સંખેડા, મહુવાણ, કંઠાળ, નીમાડ, ખાનદેશ, મેવાડ, રાજ, મઠોર, ડાંગ, બાગલાણ તથા અમદાવાદ જિલ્લાના ભાલ, કનેર, નળકાંઠા પરગણામાં વસતી વિવિધ લોકજાતિઓએ પ્રાદેશિક સંસ્કૃતિની અનેક તેજરેખાઓ ઉપસાવી છે.

**લોકજાતિયોનાં વસ્ત્રાલંકારો :** લોકસંસ્કૃતિનો સાચો પરિચય પામવા માટે લોકસમાજનો અભ્યાસ અતિ આવશ્યક બની રહે છે. ગુજરાતના લોકજીવનમાં રંગબેરંગી કળામય પોષાકના અસંખ્ય પ્રકારો સાંપડે છે. જાતિએ જાતિએ જુદાજુદા પહેરવેશ. આ પહેરવેશ પણ મરદોની







મરદાનગીને ઓપ આપે અને નારીની મરજાદ સાચવે એવા એના અદ્‌ભુત રંગો અને ભાતીગળ ભરત શરીરનો શણગાર બની રહ્યાં. પરંપરિત પહેરવેશની સાથે અણવટવીંછિયાં, કડલાં, કાંબિયું, ઝૂમણાં, ટુંપિયો, ત્રોટિયાં વગેરે અવનવા ઘાટનાં ઘરેણાં નરનારીઓના અંગને અરઘાવતાં રહ્યાં. ઉલ્લાસ અને ઉત્સવપ્રિય લોકજીવનમાં મેંદી, છૂંદણાં ને અળતાનો સંસ્કાર પણ આવ્યો. જરૂરિયાતમાંથી કળામય જોડા પણ અસ્તિત્વમાં આવ્યા.

**ઘર શણગારનો સંસ્કાર :** આમ રૂપસૌંદર્યનો સંસ્કાર શરીર શણગાર પૂરતો મર્યાદિત ન રહ્યો. લોકનારીએ એના ઓરડા ને ઓશરિયુંને ગાર્ય ગોરમટી, ખડી અને ઓકળીથી ઓપાવ્યાં. વારતહેવારે ચીતર અને ભાતીગળ ભરતથી શોભાવ્યા. માળી, માંડ, પટારા, મજૂસ, કોઠી, કોઠલા વડે ઓરડાની શોભાસજ્જા વધારી. પંડ્યના લાડકડા દીકરા-દીકરિયુંની જેમ માનીતાં પશુ-પ્રાણીઓ માટે પણ ભાતીગળ ભરત ભરીને લોકકળાના પરંપરાના પ્રવાહને લોકસંસ્કૃતિના સાગર ભણી વહેતો મૂક્યો.

**લોકસાહિત્યથી સમૃદ્ધ લોકજીવન :** ગુજરાતના લોકજીવનમાં પ્રચલિત કંઠસ્થ લોકસાહિત્યમાં પણ લોકસંસ્કૃતિની લહેરખીઓ લહેરાતી જોવા મળે છે. લોકસાહિત્યનું મુખ્ય અંગ મનાતી લોકકથાઓમાંય પ્રેમકથાઓ, વીરતા ને બલિદાનની શૌર્યકથાઓ, નાગકથાઓ, ઓઠાં, વ્રતકથાઓ, કહેવતકથાઓ, વૃક્ષકથાઓ, ઠગ અને ચતુરાઈની કથાઓ, સરોવર કથાઓ, ભૂતપ્રેતની કથાઓ અને અશ્વકથાઓ



જેવા અસંખ્ય પ્રકારો મળે છે તેમ લોકગીતોમાં ગરબા, ગરબી, રાસડા, લગ્નપ્રસંગે ગવાતાં પ્રભાતિયાં અથવા પ્રોબિયાં, માંડવાનાં ગીતો, માયરાં, ફૂલેકાં, ચૉરી અને સાંજીના ગીતો, ઉકરડી અને પોંખણાના ગીતો, ફટાણાં, હરિયાળી અને કન્યા વિદાયનાં ગીતો, છઠ્ઠીના, સીમંતનાં અને રાંદલ તેડતી વખતે ગાવાનાં ગીતો, દુહામાંયે છકડિયા, દુમેળિયા, દોઢિયા, શેરીનાં ગીતો, જોડકણાં, નાચણિયાં ને કુદણિયાંના ગીતો, ચારણી ગીતોમાંયે ઋતુગીતો, શૌર્યગીતો ને છંદ, સોરઠા, કુંડળિયા, રેખતા, આદિવાસીઓનાં ગીતો, ભવાઈ ગીતો, પાંચકડાં, ઉખાણાં, વ્રત ગીતો, ખાંયણાં, હાલરડાં, વિલાપ ગીતોમાં મરશિયાં, છાજિયાં, રાજિયાં અને આઝા.વરઘોડા વખતે લાંબા સાદે ગવાતા સલુકા, હોળી પ્રસંગે ગવાતા રામવળા, ચંદ્રાવળા, માતાજી આગળ ગવાતી આરણ્યું, સરજું, સાવળ્યું, ભજનોમાં પ્રભાતી, પદો, ચોપાઈ, સંધ્યા, આરતી, આરાધ, સ્તવનો, આગમ, પ્યાલા, આંબો, બારમાસી, રામગરી, ધોળ, કીર્તન, ચાબખા, પદ, ભેત, કાફી વગેરે અસંખ્ય પ્રકારો સાંપડે છે. એમાંયે પંથકે પંથકના નોખનિરાળાં જાતિગત ગીતોમાં જનહૈયાંનો જીવંત ધબકાર સંભળાય છે.

**લહેકાપૂર્ણ લોકબોલીઓ :** ગુજરાતના વિધવિધ પંથકોમાં વિહાર કરતી લોકબોલીના અભ્યાસ વિના લોકસંસ્કૃતિનો અભ્યાસ અધૂરો જ રહે. બાર ગાઉએ બોલી બદલાય એ કહેવત અનુસાર ગુજરાતના વિભિન્ન ભાગોમાં સોરઠી, વાગડી, ચરોતરી, મારવાડી, કચ્છી, ભીલી, સુરતી વગેરે લહેકાપૂર્ણ લોકબોલીઓ તો ભાષાશાસ્ત્રીઓને ઘણુંબધું ભાથું પૂરું પાડે છે. આ



લોકબોલીઓમાં તળપદા શબ્દો, કહેવતો અને પાર વગરના રૂઢિપ્રયોગો રમતા જોવા મળે છે. મનોરંજન કરાવનારી લોકજાતિઓ પાસે પણ વિશિષ્ટ બોલીઓ સચવાયેલી જોવા મળે છે.

**નામોનો સંસ્કાર :** લોકજીવનમાં પ્રચલિત નામો પણ લોકસંસ્કૃતિ અને લોકરૂઢિના અભ્યાસ માટેનો એક આગવો વિષય બની શકે એમ છે. રૂખડ, કમલો, રાઘો, રૂડિયો, મેલો, પોચો, નાગજી, વાઘજી, બાઘુભા, નોંઘુભા, રામદેવસિંહજી, પરસોતમ વગેરે પુરુષોનાં નામો જ્યારે ઝડકી, કડવી, દવલ, સવલી, જીકુ, ઝમકુ, નાથી, શીવી, રામબા, ગંગાબા, પાનબા વગેરે સ્ત્રીઓનાં નામો મળે છે. આ બધાં પરંપરાગત રીતે વારસામાં ઊતરી આવેલાં નામો છે. આ ઉપરાંત લોકસમાજના હરખુડા માનવીઓએ પોતાનાં પશુ-પ્રાણીઓમાં જાતવાન ઘોડીઓને પીરાણી, તાજણ, હેમણ, માણકી, પટી, નોરાળી ફૂલમાળ, રેશમ વગેરે છત્રીસ નામે સંબોધી છે. જ્યારે દેવાંશી ઘોડાઓને છબીલો, ઢોલ, છંછાળ, રેશમિયો વગેરે પંદરેક નામોથી, ઘરઆંગણે બંધાતી ગાયોને જાંબવી, કાબરી, ગોરી, જરી, કવલી વગેરે વીસેક નામોથી અને હાથણી જેવી કુંઢિયું ભેંસુંને નાગલ્યું, ગોટક્યું, નેત્રમ્યું, ભૂતડિયું, છોગાળિયું, ઢિંગલ્યું, બાપલિયું, હેતાળિયું જેવાં નામોથી અને બળદોને માંકડો, મુંઝડો, રોઝડો, ખાવડો, બાવળો, ડોળિયો, કુંડલો વગેરે નામોથી ઓળખ્યા છે. આ ઉપરાંત વાવ, કૂવા, નદીઓ, વોંકળા, ધરા, સરોવરો, વાહનો, હથિયારો, વાસણો, સાંતીગાડાંના વિવિધ ભાગો, ઘરનું રાચરચીલું અને ધંધાદારી જાતિઓનાં ઓજારોનાં નામોની તો એક લાંબી હારમાળા થઈ શકે.

**લોકજીવનની ધર્મ-આરાધના :** લોકસંસ્કૃતિના એક આગવા અંગ તરીકે ધર્મને પણ ગણાવી શકાય. ધાર્મિક સહિષ્ણુતા અને એકતાની આલબેલ પોકારતા લોકજીવનમાં અસંખ્ય દેવદેવલાઓની શ્રદ્ધાપૂર્વક પૂજા-આરાધના થતી જોવા મળે છે. તેમાં વૃક્ષપૂજા, નાગ, વાનર, ગાય, મગર વગેરે પશુપ્રાણીઓ, સુરધન, શિકોતર અને શૂરાપૂરાના પાળિયા દ્વારા થતી પિતૃપૂજા તથા રામ, કૃષ્ણ, હનુમાન, શિવ અને માતાઓની પૂજા મહત્ત્વની બની રહે છે. લોકજીવને ઉપાસેલા દેવમંડળમાં કેટલાંક દેવો સ્થાનિક છે તો સૂર્ય અને રાંદલ જેવા કેટલાક દેવદેવીઓ ચોથી સદીમાં પંજાબ ઉપરથી ઊતરી આવેલા મગ્ગ બ્રાહ્મણો દ્વારા ગુજરાતમાં આવ્યાં છે અને લોકજીવન પર છવાયાં છે.

પ્રત્યેક લોકજાતિઓને પોતાના કુળદેવ કે કુળદેવીઓ હોય છે. નિયત સમયે તેમનાં નૈવેદ્ય થાય છે. માતાના માંડવા નંખાય છે. ભૂવા ધૂણે છે. આમ ધર્મની સાથે ભક્તિ અને શ્રદ્ધાના તંતુથી જોડાયેલા લોકજીવનમાં ચબૂતરે ચણ નાખવાં, ગોંદરે ગાયોને ઘાસ નાખવું, કૂતરાને રોટલા નાખવા, લોટ અને ખાંડ વડે કીડિયારાં પૂરવા, બ્રાહ્મણોને દાન દેવું વગેરે ધાર્મિક આસ્થાના લોકસંસ્કાર પણ ડોકિયાં કરતા નજરે પડે છે.

**લોકજીવનનાં ઊર્મિધબકાર ઝીલતાં લોકનૃત્યો અને લોકસંગીત :** ગુજરાતના લોકપ્રાણના ઊર્મિધબકાર તો ઝિલાયાં છે એનાં લોકનૃત્યોમાં. લોકનૃત્યોમાં યે માતાજીના ગરબા, ગરબી, રાસ, રાસડા, આયર, મેર, ભરવાડ અને પઢારોના રાસ, ઘેરિયારાસ,





દાંડિયારાસ, ટિપ્પણી, સીદીઓની ધમાલ, મેર, જાડેજા અને રાજપૂતોના તલવારરાસ, જાગનૃત્ય, મટકીનૃત્ય, ભવાઈનૃત્ય, કચ્છીઘોડી, હીંચ, હમચી, ટીટોડો, લુવર અને આદિવાસીઓનાં નૃત્યો ઉલ્લેખનીય ગણાય. લોકનૃત્યોની સાથે લોકસંગીત જોડાયેલું છે. લોકસંગીતમાં ક્યારેક ભૂપાલી, આહીરભૈરવ, પહાડી અને સારંગ રાગની છાયા દેખાતી હોવા છતાં લોકસંગીત શાસ્ત્રીય અને સુગમ સંગીતથી હરહંમેશ નિરાળું જ રહ્યું છે. લોકસંગીતમાં વપરાતાં વાદ્યોમાં ઢોલ, મોરલી, પાવો, શરણાઈ, ઝાંઝ, કરતાલ, એકતારો, ઘૂઘરા, મંજીરા, રાવણહથ્થો, ઢોલક, ડફ, ખંજરી, મુખચંગ, સુંદરી, કંઠવાસ, કાની, શંખ, ભૂંગળ અને આદિવાસી વાદ્યોમાં તૂર, થાળી, ભજનિયા, ભૂંગળ, ડોબરું, ઘાંગલો, ચોનકું, ખાંગલો, મલંગો, ઢાકો, કરગેસ, પાવરી, કાહડો વગેરે મુખ્ય ગણી શકાય.

**ઉત્સવોનો ઉમંગ :** લોકજીવનમાં આનંદનો અબીલગુલાલ ઉડાડતા ઉત્સવો, તહેવારો અને મેળાનું મહાત્મ્ય તો વળી અનેરા પ્રકારનું જ છે. હોળી, ગોકુળઆઠમ, અખાત્રીજ, દિવાસો અને વસંતઉત્સવ જેવા ઋતુઓના રંગો ઝીલીને આવતાં પર્વો પ્રસંગે જોવા મળતી મેરની ઘોડાદોડ, કચ્છી રબારીઓની ઊંટદોડ અને ભાલપ્રદેશના ખેડૂતોની સાંતીદોડ જોનારનાં રૂંવાડાં ખડાં કરી દે છે.

**પરંપરિત લોકસંસ્કારો :** આપણા લોકસંસ્કૃતિના અભ્યાસમાં લોકસંસ્કારોનો સમાવેશ થઈ જાય છે. લોકજીવનમાં સ્ત્રીને સીમંત પ્રસંગે રાખડી બંધાય છે. બાળકના જન્મ વખતે થાળી વગાડીને વધામણી અપાય છે. છઠ્ઠા દિવસે છઠ્ઠીની વિધિ કરવામાં આવે છે. ફોઈ 'ફોઈયારું' લાવે છે. બાળકનું નામકરણ કરવામાં આવે છે. ઉંમરલાયક બાળકને જનોઈ અપાય છે. લગ્ન લેવાય છે એ વખતે પણ ઉકરડી નોંતરવાથી માંડીને અનેક વિધિઓ શાસ્ત્રીય વિધિઓથી જુદી રીતે કરવામાં આવે છે. આમાંની મોટાભાગની વિધિઓ લોકજીવનની નીપજ છે. માનવીના મૃત્યુ પછી એના મોંમાં ગંગાજળ અને તુલસીપત્ર મૂકવાથી માંડીને વિવિધ સંસ્કારો અને વિધિઓ કરવામાં આવે છે.



**લોકસમાજની માન્યતાઓ અને રૂઢિઓ :** લોકજીવનમાં શુકન-અપશુકન, શ્રદ્ધા-અંધશ્રદ્ધા અને કેટલીક રૂઢ માન્યતાઓ અને વહેમો પણ જાણીતા છે. સારા કામે જતાં કૂતરું કાન કરે, કોઈ છીંક ખાય, એરુ આડો ઊતરે, વિધવા સ્ત્રી સામે મળે કે કોઈ 'કિનિપા ઊપડ્યા?' એમ પૂછે તો અપશુકન

થાય. સંધ્યા ટાણે નેવા નીચે સુવાથી માતાજીનો રથ ફરી વળે અને અપંગ થઈ જવાય. રૂપાળા બાળકને કાન પાસે કે પગના તળિયે મેસનો મસો (ચાંલ્લો) ન કરીએ તો નજરાઈ જાય, સવારના પહોરમાં કાગડો બોલે તો કોઈ મહેમાન આવે, હેડકી આવે તો કોઈ યાદ કરે, જીભ કચરાય તો કોઈ ગાળ દેતું હશે તેવી અસંખ્ય લોકમાન્યતાઓમાં ગુજરાતનું લોકજીવન અત્યંત આસ્થા અને વિશ્વાસ ધરાવે છે.

**આરોગ્યપોષક લોકરમતો :** લોકરમતો એ પણ લોકસંસ્કૃતિનો એક કિંમતી કણ છે. છોકરાઓ મોઈદાંડિયા, ગેડીદડો, ભગડતી, આંબળી-પીપળી, ડબકીડોળો, ઓળકાંબડી, હળિયું જીતવું, હોળી કૂદવી જેવી રમતો રમે છે, તો છોકરીઓ દેદો કૂટવો, ટચાકટીલડી, દલો ફૂફૂફૂ, ટપ માખી મારું, ચકી ખાંડે ચોખલા, ચલકચલાણું, હકાપોપટડી, ઢબુ ને ઝબુ વગેરે રમતો હોંશભેર રમે છે ને ગામના પાદર ગજાવે છે. જ્યારે મોટા પુરુષો લાકડી અને તલવાર સમણવી, ઢોલ માથે પૈસે રમવું, નિશાન પાડવા, ચોપાટબાજી, સાપસીડી, નવકૂંચી, છકૂંચી, ઘોડાદોડ, ગાડાદોડ અને હોળી પર આંબલીનું ડાળું કાઢવાની રમતો રમે છે. આવી અનેક પ્રકારની લોકરમતો આદિવાસીઓમાં પણ જાણીતી છે.

**લોકજાતિઓનાં ખાનપાન :** લોકજાતિઓનાં ખાનપાનના સંસ્કારમાં પણ લોકસંસ્કૃતિનો અંશ વિલસી રહ્યો છે. લોકજીવનમાં તીખાં ને તમતમતાં, વઘાર્યાં ને ઘુઘાર્યાં, ગળ્યાં ને મોળાં, ખાંટા ને ખરહરાં, બત્રીસ ભોજન ને સોળ શાણવા ઉપરાંત દેવોના રાજભોગ અને માનભોગ



જાણીતા છે. સામાન્ય રીતે ચોળીને થાય તે ચૂરમું, બાફીને થાય તે બાફણું ને વાળીને થાય તે વેડમી. લોકજીવનમાં રોટલા, રોટલી, ભાખરી, ઢેબરાં, લાડવા, લાપસી, કંસાર, સુખડી, શીરો, જાદરિયું, તલસાંકળી, ઘેંસ, બોળો, રાબ, કઢી, ગાજર, કેરા, ગરમર કે કેરીનાં અથાણાં, વડી, ચીભડાની કાચરી, પાપડ, સારેવડાં ખાનપાનનાં મહત્ત્વનાં અંગ બની રહ્યાં છે. થાનના કવિ માનભાઈ ગઢવી બાજરાના રોટલા માટે કહેતા :

'મંગલપુર (ગામ)નો બાજરો હોય, ધ્રાંગધ્રાના પાણાની ઘંટી હોય, દીધડિયા ગામના કુંભારે બનાવેલી તાવડી હોય, ગોલાસણી ગામની વીડમાંથી વીણી લાવેલાં અડાયાં છાણાં હોય અને મેરૂપરની રજપૂતાણીએ મધરાતે ઊઠી બાજરાને દળ્યો હોય. ને ઈ લોટનો રોટલો ઘડીને મધરા મધરા તાપે ત્રાંબિયા જેવો શેડવ્યો હોય, જોડે ભાઠાના રીંગણાનું શાક ને નવચંદરી ભેંસનું દૂધ હોય તો ભગવાનને ય પૃથ્વી પર આવીને રોટલો શીરાવવાનું મન થઈ જાય હો.' એ માટે એક દૂહો કહેવાય છેઃ

**'અમારા કાઠિયાવાડમાં કો'ક દિ,**
**ભૂલો પડ્યને તું ભગવાન;**
**તું થાને મારો મહેમાન,**
**તને સરગ ભુલાવી દઉં શામળા.'**

લોકજીવનની જમવાની પણ આગવી પદ્ધતિ. ભોજન સમયે ચાકળા નંખાય, બાજઠિયા ઢળાય, ઢીંચણિયાં ને વીંઝણા મુકાય. ઘરધણી આગ્રહ કરીને પીરસે. આ છે આપણો આદરસત્કારનો ઊજળો લોકસંસ્કાર.



**વીરતાની વાતો કહેતા પાદરના પાળિયા :** વીરતાની યશપતાકા લહેરાવતા ગામોગામ ઊભેલા પાળિયાને લોકસંસ્કૃતિના મહત્ત્વના આધારસ્તંભો ગણી શકાય. પાળિયા દ્વારા લોકસમાજનો ઈતિહાસ જ નહીં પણ માનવીનો મિજાજ, ખુમારી, એ કાળના પહેરવેશ, હથિયારો, રિવાજો વગેરેની માહિતી સુપેરે સાંપડે છે. પાળિયા એ વીર અને પિતૃપૂજાનું પ્રતીક છે.

**લોકસંસ્કૃતિની આચારસંહિતા :** આમ લોકસંસ્કૃતિ, લોકજીવનની રહેણી કરણી, આચારો અને ટેવોમાંથી કાળક્રમે આચારસંહિતાનું સ્વરૂપ ધારણ કરે છે. ગુજરાતની લોકસંસ્કૃતિમાંથી સાદ દેતો ઊજળો આતિથ્યસત્કાર, માનવીના નેક, ટેક, ખાનદાની, દિલાવરી, પરોપકાર, શીલ અને સૌંદર્યનો સંસ્કાર લોકજીવનનો મહામૂલો વારસો છે. ગૌરવ લઈ શકાય એવા ગુજરાતના આ વારસાએ આરામપ્રધાન પ્રમાદને પોષ્યો નથી, પણ શ્રમપ્રધાન પુરુષાર્થને પ્રબોધ્યો છે. 'ધર્મેજય'ની વાત કરી છે, સર્વ ધર્મ સમન્વયની વાત કરી છે. અનેકતાઓની વચ્ચે પણ એકતાની આલબેલ પોકારી છે.



# સૌરાષ્ટ્રના જૂનાં પંથકો અને પરગણાં

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના સુવર્ણ પ્રભાતે ભારતવર્ષને આઝાદી મળી, તે પહેલાં સૌરાષ્ટ્રમાં ૨૨૨ નાનાં મોટાં રાજ્યો, રિયાસતો અને રજવાડાં હતાં. સરદાર પટેલની રાહબરી નીચે ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮માં તેના એકીકરણની શરૂઆત કરવામાં આવી અને ૧૫ એપ્રિલ, ૧૯૪૮ના સૌરાષ્ટ્રના આ રાજ્યોનું એકમ થયું. એને 'બ' વર્ગના રાજ્યોની કક્ષામાં મૂકવામાં આવ્યું. એ વખતે સૌરાષ્ટ્રમાં મધ્ય સૌરાષ્ટ્ર, ઝાલાવાડ, હાલાર, સોરઠ અને ગોહિલવાડ એમ પાંચ જિલ્લાઓ દ્વારા એનો વહીવટ ચાલતો. એ સમયે સૌરાષ્ટ્રનું પાટનગર રાજકોટ હતું. ત્યારપછી સૌરાષ્ટ્ર રાજ્ય બૃહદ મુંબઈ રાજ્યમાં ભળી ગયું અને ૧૯૬૦માં આજનું ગુજરાત અસ્તિત્વમાં આવ્યું. દેશી રજવાડાંઓના સમયમાં સૌરાષ્ટ્રના જુદાં જુદાં વિભાગો, પ્રદેશો, પરગણાં કે પંથકોના નામે ઓળખાતાં. આજે તો એ પરગણાં કાળની કંદરામાં લુપ્ત થઈ ગયાં છે, પણ લોકકંઠે અને ઈતિહાસના પાનાં પર એ સચવાયાં છે. મારે અહીં વાત માંડવી છે સૌરાષ્ટ્ર અને તેની સાથે જોડાયેલાં પ્રાચીન પરગણાંઓની પરગણું ફારસી શબ્દ છે. તેનો અર્થ થાય છે જિલ્લા કે રાજ્યનો એક નાનો વિભાગ. શરૂઆત કરીએ સૌરાષ્ટ્રથી.



**સૌરાષ્ટ્ર :** સૌરાષ્ટ્રનો અર્થ સુ (સારો) + રાષ્ટ્ર (દેશ) સુરાષ્ટ્ર એટલે કે સુંદર દેશ એવો થાય છે. આર્યાવ્રતનો આ ઐતિહાસિક પ્રદેશ આનર્ત, સુરાષ્ટ્ર, સ્વરાટા, સુરોસ્થસ, ઓરેતુર, સુરાષ્ટ્રેણ, સુરઠ, સોરઠ કે કાઠિયાવાડના નામે જૂનાકાળથી ઓળખાય છે. ભગવદ્‌ગોમંડલ અનુસાર યજુર્વેદની માધ્યાંદિની શાખાની સંહિતામાં મહર્ષિ યાજ્ઞવલ્કયે સૌરાષ્ટ્ર દેશનો નિર્દેશ કર્યો છે. પુરાણોમાંથી મળતી હકીકત પ્રમાણે સાતમા મનુ વૈવસ્વતના પુત્ર શર્યાતિના પુત્ર આનર્તે આ રાષ્ટ્રની સ્થાપના કરી તેનું નામ આનર્ત રાખ્યું હોવાનું કહેવાય છે. તેનું મુખ્ય નગર કુશાવતી હતું. હરિવંશના ઉલ્લેખ અનુસાર આનર્ત રાષ્ટ્ર બે ભાગમાં વહેંચાયેલું હતું. (૧) સૌરાષ્ટ્ર અને (૨) અનૂપ. તેનું મુખ્ય શહેર ગિરિપુર હતું. સૌરાષ્ટ્રમાં ઊંચામાં




ઊંચો પર્વત ગિરનાર છે. તે પરથી આપણે અનુમાન કરી શકીએ કે આનર્ત રાષ્ટ્રના મુખ્ય શહેર ગિરિનાર જેવું કોઈ શહેર હાલના જૂનાગઢની નજીક હોવું જોઈએ.

સુરાષ્ટ્ર અથવા સૌરાષ્ટ્રના ઉલ્લેખ ઘણાં જૂના લખાણોમાં મળે છે. મહાભારત અને પાણિનીના ગણપાઠમાં સુરાષ્ટ્ર નામ છે. એ જ નામ વિ.સં ૨૦૬ના રુદ્રદામાના તેમ જ વિ.સં ૪૯૨ના સ્કંદગુપ્તના શિલાલેખોમાં તથા વલ્લભીના તામ્રપત્રોમાં મળે છે. સૌરાષ્ટ્ર પ્રદેશનો પરદેશીઓમાં પહેલો ઉલ્લેખ સં ૬ થી સં ૭૬ માં સ્ટ્રેબોએ સુરાસ્થસ નામથી અને સં ૧૨૬માં પ્લીનીએ 'ઓરેતુર' નામથી કર્યો છે. ઈજિપ્તના મહાન પ્રાચીન ભૂગોળશાસ્ત્રી ટૉલેમીએ અને ગ્રીક પેરિપ્લસ સં ૨૯૬માં પ્રદેશને 'સુરાષ્ટ્રેણ' તરીકે ઓળખાવે છે.

ગિરનાર પાસેના એક સુપ્રસિદ્ધ ખડક ઉપરના અશોકના શિલાલેખ સાથે મહાક્ષત્રય રુદ્રદામાના સમયનો એક લેખ છે. તેમાં રુદ્રદામાએ પોતે મેળવેલા દેશોના નામમાં આનર્ત અને 'સુરાષ્ટ્ર' બંને નામ છે. તેથી ઈસુના પ્રારંભકાળમાં કાઠિયાવાડના ભૌગલિક સીમાડાઓમાં કેટલોક ફેરફાર





થયો હશે એમ માનવું પડે છે.

આર્ય સંસ્કૃતિનો સમય જે ઈ.સ.પૂર્વે ૩૬૦૦નો ઠર્યો છે તે વખતે સિંધુમુખ એટલે સૌરાષ્ટ્રની આજુબાજુ અનાર્યો વસતા અને સૌરાષ્ટ્રમાં આસુરી સંસ્કૃતિ ફેલાયેલી હતી એવું એક મંતવ્ય છે. ઋગવેદના પહેલા મંડળના ૧૩૩માં સુકતમાં 'સ્વરાટ' શબ્દ છે. તે 'સૌરાષ્ટ્ર' હોવો જોઈએ. એ કાળે દૈત્ય, નાગ, દાનવ, દસ્યૂ એવા અસુરોના પેટા પ્રકારો હતા. તે સર્વે સૌરાષ્ટ્રમાં આવી જાય છે. બીજું પણ એક એવું વિધાન છે કે બે હજાર વર્ષ પહેલા સૌરાષ્ટ્ર દ્વીપકલ્પ નહીં પણ ટાપુ હતો. કચ્છના રણની જગાએ સમુદ્ર હતો. ભૂસ્તરશાસ્ત્રીઓ માને છે કે આખો સૌરાષ્ટ્ર દેશ એક કાળે બેટ હતો. તેનો જે ભાગ અત્યારે ગુજરાત પ્રાંતની ખંડસ્થ ભૂમિ સાથે જોડાયેલો છે ત્યાં પણ દરિયો હતો, જે ખંભાતના અખાતને કચ્છના અખાત સાથે સંયુક્ત કરતો અને સિંધુ નદીનું મુખ ખંભાતના અખાતને મળતું હતું. વઢવાણ, ભાવનગર વચ્ચેની સડકનું ખોદકામ ચાલતું હતું ત્યારે ત્યાંથી વહાણનો કૂવાસ્થંભ નીકળી આવ્યો હતો. તે એ પ્રદેશમાં પૂર્વે સમુદ્ર હોવાનું સૂચન કરે છે. કચ્છનું રણ પૂર્વે સમુદ્ર તળિયાની રેતી હતી એવું અનુમાન છે. એ સમુદ્ર નદીઓની રેતી કાદવ વગેરેથી ભરાઈને કાળાન્તરે જમીન ઊપસી આવી. શ્રી કૃષ્ણનું રાજ્ય દ્વારિકા બેટમાં હતું એ ખરું, માત્ર દ્વારિકા નગરીનો જ, વિભાગ નહીં પણ તે સ્થળે આખો 'સૌરાષ્ટ્ર બેટ' હશે એમ માનવું અપ્રમાણ નથી.

સૌરાષ્ટ્ર સરકારે એ સમયે મુંબઈ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઈકોનોમિક્સ અને સોશ્યોલોજીના તજજ્ઞો પાસે કરાવેલી સૌરાષ્ટ્રની સ્વદેશી વૈજ્ઞાનિક સમીક્ષામાં જણાવાયું છે કે સૌરાષ્ટ્ર એક દ્વીપકલ્પ છે, તેનો દરિયાકાંઠો ૭૫૦ માઈલ જેટલો મોટો છે. તેનું ક્ષેત્રફળ લગભગ ૨૩,૫૦૦ ચો.માઈલ છે. અહીનો મોટો પર્વત ગિરનાર છે. સૌરાષ્ટ્રનો ઈતિહાસ પણ ગિરનાર પર્વતની આજુબાજુ બહુ જ ગૂંથાયેલો છે. દ્વારકાને બાદ કરતાં સૌરાષ્ટ્રમાં ગિરનાર સૌથી વધુ ઐતિહાસિક છે. અહીંથી વહેતી ભાદર, શેત્રુંજી, સુખભાદર, ઓઝત, ભોગાવો, કાળુભાર અને મચ્છુ આ સાત નદીઓ સિવાય બીજી બધી નદીઓના માર્ગ ૫૦ માઈલથી ઓછા છે. ગિરનાર ઉપરાંત શત્રુંજય, બરડો અને ચોટિલો એ સૌરાષ્ટ્રના મુખ્ય પર્વતો, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગર, જૂનાગઢ ઉપરાંત અન્ય નાનાં-મોટાં શહેરો અને બેડી, નવલખી, ઓખા, પોરબંદર, વેરાવળ, મહુવા તથા ભાવનગર સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ બંદરો છે. સોમનાથ, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ,



Ceremonials Turban
General Gohilwadi Turban
Okha's Turban
પંજાબ
Panjab

ગઢડા અને પાલિતાણા આ સૌરાષ્ટ્રનાં યાત્રાધામો છે.

સૌરાષ્ટ્ર દેવભૂમિમાં ગણાય છે તેનાં દૃષ્ટાંતો આપતાં 'સ્વાધ્યાયવલ્લી'માં યથાર્થ કહ્યું છે કે, અલૌકિક ગીતાજ્ઞાન આપનાર શ્રી કૃષ્ણ યોગેશ્વરનું નિવાસસ્થાન આ ઐતિહાસિક સૌરાષ્ટ્ર છે. આ ભૂમિમાં શ્રી કૃષ્ણ ભગવાન ઉપરાંત આદિનાથ- નેમિનાથ આદિ ચોવીસ તીર્થંકરો, સહજાનંદ સ્વામી અને સુદામા, મીરાં, નરસિંહસમા પ્રભુપ્રિય ભક્તરાજોને સદાને માટે પરમ શાંતિ મળી છે. ભગવદ્ગોમંડલ નોંધે છે કે આ દેવભૂમિમાં પુરાણાકાળના અવશેષો હજુ જેવા ને તેવા નજરે પડે છે. પ્રયાગ-ગુપ્ત, પ્રાચી-ક્ષેત્ર, ભાસ્કર ક્ષેત્ર, તાલદૈત્યની રાજધાની તાલ-ધ્વજપરા કે તળાજા, વિષ્ણુપ્રયાગ કે ઊના પાસેના સપ્તકુંડ, દેહોત્સર્ગ, પાતાળના વાસુકિની રાજધાની, તરણેશ્વર કે હાલનું થાનગઢ, હેડંબાસુરનું પાટણવાવ પ્રેહ પાટણ, મેરુતુંગાચાર્ય પ્રશંસિત ઢંકાપુરી કે હાલનું ઢાંક, બલિનું પાટનગર કે હાલનું બિલખા, વામનપુરી કે વામનસ્થળી કે હાલનું વંથલી, મધુમાવતી કે હાલનું મહુવા, રુક્મિણીના પિતા ભિષ્મહની કુંડિતપુર કે કનકાવતી, જાલંધર અને તુલસીના વિવાહથી પ્રસિદ્ધ થયેલું સપ્તોદક તીર્થ હાલનું તુલશીશ્યામ, સ્કંદપુરાણનું સિંહપુર કે વર્તમાન સિહોર જેવાં અનેક પુરાણાં તીર્થો અહીંની ભૂમિમાં ધર્મધજા લહેરાવી રહ્યાં છે.

સિંહપુર અર્થાત્ સિહોરની પ્રાચીન જાહોજલાલીનું વર્ણન 'શ્રીસ્થાનકપ્રકાશ' ગ્રંથના ૩૩મા અધ્યાયમાં આ રીતે આપ્યું છે. ભરતખંડમાં સૌરાષ્ટ્ર દેશ છે. ત્યાં ઈન્દ્રપુરી સરખું સિંહપુર નગર છે. સર્વ સમૃદ્ધિયુક્ત એ નગરમાં નીલકંઠ મહાદેવજીનું બાણ છે. અઠ્ઠાસી હજાર ઋષિઓ નીલકંઠ મહાદેવની પાસે બેસીને ધ્યાન કરે છે. ત્યાંનો બ્રહ્મકુંડ બ્રહ્મદેવે નિર્માણ કર્યો છે. સિંહપુરમાં ગૌતમેશ્વરની ગુફા ઘણી જૂની છે. મહાદેવજી કૈલાસ પર્વતની ઠંડકથી કંટાળીને ગરમી લેવા માટે આ જગ્યાએ વસ્યા છે. એમ કહેવાય છે એ ગૌતમઋષિએ સ્થાપ્યા માટે ગૌતમેશ્વર કહેવાયા. સૌરાષ્ટ્ર સૈકાઓ જૂની પોતાની ખાસ શૈક્ષણિક પ્રમાણિકાઓ ધરાવે છે. સ્કંદપુરાણ અનુસાર મહાત્મા ગૌતમઋષિ અહીં હજારો શિષ્યોને ભણાવતા. હ્યુએનત્સંગ વર્ણવે છે કે, સાતમા સૈકાની આજુબાજુમાં વલ્લભીમાં ૬ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા. વલ્લભીપુર વર્ષો સુધી નાલંદાથી બીજા દરજ્જે ખ્યાતકીર્તિ ભોગવતું હતું. શ્રી જી.ડી આપ્ટેના પ્રાચીન વિદ્યાપીઠોના અદ્યતન અભ્યાસ ઉપરથી જણાય છે કે વલ્લભી વિદ્યાપીઠમાંથી અભ્યાસ કરીને બહાર આવતા વિદ્યાર્થીઓને કેટલાક રાજવીઓ પોતાના રાજ્યમાં વહીવટ ચલાવવામાં માટે નોકરીએ રાખતા હતા.

**કાઠિયાવાડ પ્રદેશ :** કાઠિયાવાડ એટલે કાંઠ (સમુદ્રકિનારો) + વાડ(દ્વાર) હિંદના પશ્ચિમ કિનારા ઉપર આવેલ આ પ્રાંત કાઠિયાવાડના નામે પાછળથી ઓળખાયો. તે કચ્છના અખાત અને ખંભાતના અખાત વચ્ચે આવેલો છે. કાઠી લોકોના વસવાટને લઈને આ પ્રાંતનું નામ પડ્યું છે. શ્રી રામકુભાઈ ખાચર કહે છે કે, કાઠીઓ જે પ્રદેશ જીતીને પોતાના તાબા નીચે લાવ્યા તે કાઠિયાવાડ કહેવાયો. ભગવદ્ગોમંડલ અનુસાર ચીનાઈ મુસાફર હ્યુએનત્સંગ વલ્લભી રાજ્યને અને સુરાષ્ટ્ર જુદા રાજ્યો તરીકે વર્ણવે છે. કેટલાક ભાગને જૂના વખતમાં સુરાષ્ટ્ર કહેતા હશે તે કહેવું મુશ્કેલ છે. આખો દ્વીપકલ્પ કાઠિયાવાડ કહેવાતો ત્યારે માત્ર દ્વીપકલ્પનો દક્ષિણ ભાગ સોરઠના જૂના નામે ઓળખાતો. કાઠિયાવાડ નામ તો મરાઠાઓએ પાડ્યું છે. પહેલા મુસલમાનો તો આખા દ્વીપને સોરઠ કહેતા. પ્રાચીન સૌરાષ્ટ્ર જે કાઠિયાવાડના નામે ઓળખાય છે તે પાછળથી (૧) સોરઠ, (૨) હાલાર (૩) ગોહિલવાડ અને (૪) ઝાલાવાડ એમ ચાર વિભાગોમાં વહેંચાયું





હતું એમ આલા ખાચર સા.નું જીવનચરિત્ર લખનાર જેઠમલજી મહારાજ નોંધે છે. સોરઠનું પાટનગર જૂનાગઢ, હાલારનું પાટનગર નવાનગર (જામનગર) ગોહિલવાડનું પાટનગર ભાવનગર અને ઝાલાવાડનું પાટનગર ધ્રાંગધ્રા એ ચાર પૈકી જૂનાગઢનો પ્રદેશ આજે પણ સોરઠ તરીકે ઓળખાય છે.

જે પ્રદેશમાં કાઠી લોકો વસ્યા હતા તે પ્રદેશ કાઠિયાવાડના નામે ઓળખાતો. તેનું ક્ષેત્રફળ ૪૦૦૦ ચો. માઈલ ગણાતું. નૈઋત્ય ભાગમાં વાળા કાઠીનું જેતપુર સંસ્થાન અને બાકીના ભાગમાં ખારોપાટ, કુંડલા અને દેસાઈઓના વસાવડ પરગણાં હતાં. સને ૧૮૮૨માં દુષ્કાળ પડ્યો ત્યારે જૂનાગઢના નવાબે તથા કાઠી ગરાસિયાઓએ આ મુલક ગાયકવાડને આપતાં પ્રાચીન કાઠિયાવાડ સોરઠ સાથે ભેળવી દેવાયું હતું. આ કાઠિયાવાડની કામિની, મોજડી, પાઘડી અને મહેમાનગતિ ખૂબ વખણાતી. આ રહ્યા એની સાક્ષી પૂરતા દુહા :

**પાતળી પહેરે મોજડી, ચાલે ચટકતી ચાલ,**<br>
**વાંકી બાંધે પાઘડી, ભલો ઈ કાઠિયાવાડ. (૧)**<br>
**ભાદરકાંઠાની ભેંસ ભલી, વેણુ વખાણું ગાય;**<br>
**કાઠિયાવાડની કામનિ, બરડાચંગો જુવાન. (૨)**

**સોરઠ વિભાગ :** સૌરાષ્ટ્રના સોરઠ અને ઝાલાવાડ પ્રદેશોનાં નામો સોલંકીકાળથી એટલે કે ૯૦૦ વર્ષથી પ્રસિદ્ધ છે. એ નામો અસંખ્ય મુસ્લિમ તવારીખો અને અંગ્રેજી ઈતિહાસોમાંથી મળી આવે છે. શ્રી એમ.આર. મખવાન નોંધે છે કે, ગોહિલવાડ નામ ૧૪મી સદીમાં અને હાલાર નામ સોળમી સદીમાં જાણીતાં થયાં છે.

સૌરાષ્ટ્રના એક વિભાગ તરીકે સોરઠ પ્રદેશ ઓળખાતો હોવાનું અનુમાન ઈતિહાસકારો કરે છે. કાઠિયાવાડ સર્વસંગ્રહમાં કવિ નર્મદાશંકરે નોંધ્યું છે કે સોરઠ દક્ષિણમાં છે. એનું ક્ષેત્રફળ ૫૨૨૦ ચો. માઈલ હતું. તેમાં જૂનાગઢનું મુસલમાની રાજ્ય, બાંટવાનું સંસ્થાન ગાયકવાડી કોડીનાર પ્રાંત, ફિરંગીનો દીવનો ટાપુ જેવાં ભૂતપૂર્વ રાજ્યોનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત ભાદર નદી ઉપર આવેલો ભાદરકાંઠો, દરિયાકિનારા પર નવી બંદર અને માધવપુર એ બેની વચ્ચે આવેલો ઘેડ નામનો નીચાણનો મુલક, એની દક્ષિણે આવેલ નોળી નદીના કાંઠા પરનો નોળીકાંઠો, કિનારા પર ચોરવાડ અને જાફરાબાદની વચ્ચે નાઘેર (લીલી નાઘેર) નામનો ચિચરવટો અને ગિરનો રાની અને

પહાડી મુલક સોરઠમાં ગણાતો. જૂનાગઢ અને બાંટવા ઉપરાંત પોરબંદર, માણાવદર, જેતપુર દેવળી, જેતપુર વડિયા જેવા નાનાં-મોટાં રાજ્યો અને મહાલોનો સમાવેશ સોરઠમાં થતો. સોરઠ શબ્દ ક્યાંથી આવ્યો એ અંગે ઈતિહાસવિદ્ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે કે, અનુમૈત્રક કાળમાં સૌરાષ્ટ્ર રૂપ વ્યાપક થતું જતું હતું. સુરાષ્ટ્ર જેમ સુરાષ્ટ્રા શબ્દ સૌરાષ્ટ્રના સમગ્ર દ્વીપકલ્પ માટે વપરાતું હોય અને તેમાંથી સોરઠ શબ્દ આવ્યો હોય તેવી સંભાવના ખરી. આ સોરઠ પંથકના સંખ્યાબંધ દુહા સાંપડે છે :



**સોરઠ દેશ સોહામણો, ચંગા નર ને નાર;**
**જાણે સ્વર્ગથી ઊતર્યાં, દેવદેવી અણસાર. (૧)**
**સોરઠ દેશ સોહામણો, મુજને જોયાના કોડ;**
**રત્નાકર સાગર ઘૂઘવે, ત્યાં રાજ કરે રણછોડ. (૨)**
**સોરઠ દેશ ન સંચર્યો, ન ચડ્યો ગઢ ગિરનાર;**
**ન નાહ્યો દામો-રેવતી, અફળ ગિયો અવતાર. (૩)**



**હાલાર પંથક :** હાલાર એ સૌરાષ્ટ્રનો પ્રાચીન પ્રદેશ છે. ઓખામંડળની પૂર્વે કચ્છના અખાતને કાંઠેકાંઠે વાંકાનેર પાસે દેખાતી પર્વતમાળા સુધી તથા બરડાના ડુંગરો સુધી દક્ષિણમાં પથરાયેલો દેશ હાલાર કહેવાયો છે. પોતાના વડવા કચ્છના જામ હાલાજીનું (ઈ.સ ૧૦૫૦) નામ કાયમ રાખવા જામનગર (નવાનગર) વસાવનાર જામરાવલે (ઈ.સ ૧૫૧૯-૬૨) આ પ્રદેશનું નામ 'હાલાવાડ' પાડ્યું જે પાછળથી હાલારને નામે પ્રચલિત થયું એમ યદુવંશપ્રકાશના કર્તા શ્રી માવદાનજી રત્નુ નોંધે છે. જામનગર, ખંભાળિયા, જોડિયા, રાજકોટ, ગોંડલ વગેરે હાલાર પરગણામાં ગણાતાં. જામનગર, મોરબી, ગોંડલ, ધ્રોલ, વીરપુર, માળિયા, કોટડા વગેરે રિયાસતો હાલાર પંથકમાં ગણાતી. લોકસાહિત્યમાં હાલાર પંથકના દુહા સાંપડે છે:

**નદી ખળુકે નીર વહે, મોર કરે મલાર;**
**જયાં સાતેય રસ નીપજે, ભોંય ધરા હાલાર. (૧)**
**જડિયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર;**
**ત્રૂઠ્યો રાવળ જામને, હાંકી દીધો હાલાર. (૨)**

આ પંથકમાં આવીને દુભાયેલા કોઈ મારવાડી કવિએ દુહા દ્વારા મહેણાનો ઘા પણ કર્યો છે :
જૂની જાર રો ઢેબરો, માથે કળથી રો વઘાર; ઊભો ઊભો ધાર દે, હુડે દેશ હાલાર. (૩)

**ગોહિલવાડ પંથક :** કાઠિયાવાડનો એક ભાગ જ્યાં ગોહિલ રાજપૂતોની વસતી છે. સેજકજી ગોહિલના નામ પરથી ગોહિલવાડ નામ પડ્યાનું સ્વામી જેઠમલજી મહારાજ નોંધે છે. ગોહિલવાડમાં જૂના ભાવનગર, પાલિતાણા, વળા, જસદણ, લાઠી અને નાનાં-મોટાં

રજવાડાઓનો સમાવેશ થતો. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ ભાવનગર અનુસાર જુદીજુદી જાતનો લોકસમૂહ ભાવનગર જિલ્લામાં જ્યાં જ્યાં વસીને ઠરીઠામ થયો તે મુલક જગ્યાના નામ પણ જે તે જાતિના નામ પરથી પડ્યાં છે. આ પંથકમાં પણ કેટકેટલા પરગણાં ? ઘોઘાની આસપાસનો મુલક તે 'ઘોઘાબારું', તળાજાથી ગોપનાથ, ઝાંઝમેર વગેરે ભાગ 'વાળાંક', શેત્રુંજી પાલિતાણાની આસપાસનો ડુંગરિયાળ વિસ્તાર 'શેત્રુંજો' શિહોરથી પાલિતાણા, ચોક, હાથસણી અને ઘાંઘળીનો આસપાસનો 'ઊંડસરવૈયાવાડ', વલ્લભીપુરની સામેનો મુલક 'ભાલપ્રદેશ', ભાવનગર, સોનરાઈ ખાડી સામેનો પંથક 'ભાલ સામો કાંઠો', કંડલાના વાળાંક આસપાસના પરગણાને 'ખુમાણ પંથક', ભાવનગર જિલ્લાને ગોહિલવાડ કે લોકવાણીમાં 'ઘોલ્યવાડ' કે 'વાલાકગીઓ' પણ કહે છે. આજે તો હવે આ જૂના પંથકના નામોય વિસરાવા માંડ્યાં છે.



**ઝાલાવાડ-પરગણું :** ઝાલાવાડ પરગણું હરપાળદેવજીના વંશજો ઝાલાઓ પરથી ઝાલાવાડ તરીકે ઓળખાય છે. લોકવાણીમાં એને ઝરમરિયો ઝાલાવાડ પણ કહે છે. જૂનાં રાજ્યો ધ્રાંગધ્રા, લીંબડી, વઢવાણ, થાન-લખતર, સાયલા ચૂડા, મૂળી, બજાણા, પાટડી અને અન્ય નાની રિયાસતો ઝાલાવાડમાં હતી. કાઠિયાવાડ સર્વસંગ્રહમાં ઝાલાવાડ પરગણાનું ક્ષેત્રફળ ૪૩૯૨ ચો.માઈલ દર્શાવ્યું છે. એનાં ઘણાંખરાં સંસ્થાનોના રાજવી ઝાલા રાજપૂતો હતા, તેથી જ તેનું નામ ઝાલાવાડ પડ્યું છે. ઝાલાવાડ રણના કાંઠે બજાણા સુધી ફેલાયેલું હતું. એના પૂર્વે ભાગની કંઠાળ્ય પટ્ટી 'જતવાડ'ના નામે જાણીતી હતી. ઝાલાવાડના માનવીઓની વાણી અને પાણીની કહેવતો લોકકંઠે રમે છે :

કંકુવરણાં લૂગડાં, ધોવા લઈ જાય પાણો; પવાલા જેવડા ચૂડલા, ઈ ઝાલાવાડી જાણો. (૧)

લોટમાં કાંકરી ને ભાંભળાં પાણી; આખાબોલા માનવી, ઈ ઝાલાવાડી જાણો. (૨)

**ઓખામંડળ : પરગણું :** 'ઓખામંડળ' પંથકનો સૌપ્રથમ ઉલ્લેખ 'વર્ણકસમુચ્ચય'માંથી સાંપડે છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા નોંધે છે કે, ઉખામંડળ અથવા ઉમામંડળ એ સૌરાષ્ટ્રના વાયવ્ય ખૂણા પરનું ઓખામંડળ છે. કાઠિયાવાડ સર્વસંગ્રહ અનુસાર ઓખામંડળ એ દ્વીપકલ્પના છેક પશ્ચિમ છેડા ઉપર છે. એનું ક્ષેત્રફળ ૩૦૦ ચો.માઇલ છે. તળ કાઠિયાવાડ અને ઓખામંડળ વચ્ચે નીચી ખારાશવાળી જમીન છે. તેને પણ રણ કહે છે. ઓખામંડળ એ જૂના વખતમાં ગાયકવાડના તાબાનો પ્રદેશ ગણાતો.

સૌરાષ્ટ્રની પશ્ચિમે આવેલાં ઓખામંડળ જે અગાઉ બેટ હતું. દ્વારકા ઓખામંડળમાં આવેલું છે. આ નામ ક્યારે પડ્યું હશે તે જાણી શકાતું નથી. પુરાણોમાં આ નામ જડતું નથી. ઓખામંડળમાં

કચ્છી બોલી પણ બોલાય છે. એક ઉક્તિમાં કહેવાયું છે કે :

**આંક અરિઠા આંબલી, ઓખા મેળો એહ; એક ન હોત શ્રીનાથજી, તો દીઠા જેવો દેહ. (૧)**

**એમ છતાં બીજી ઉક્તિમાં કહેવાયું છે કે:**

**ઊંટકડો ને આંબલી, ઓખો મેળો એહ; હડકો નળે દ્વારકાનાથ, નયે જડ્યો દેહ. (૨)**

ખડકાળ અને પથરાળ કાયાવાળો, લાલ-પીળી પામરી ઓઢેલ, કટારા, બાવળિયા, અરણી, કરમદો, આંબલી અને ઊંટકડોના પુષ્પ અલંકારની માળા ગળે ધારણ કરી કંઈ કંઈ કાળથી પુરાણો અને અનેક તવારીખોને જન્મ દેતો ઓખો મનખાવતારમાં જોવા જેવો તો ખરો જ.

**પાંચાળ પ્રદેશ :** ઝાલાવાડનું એક પરગણું પાંચાળના નામે જૂના કાળથી જાણીતું છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ થાન, ચોટિલા, મૂળી એ વિસ્તાર પાંચાળ ગણાય છે. સ્કંદપુરાણ અને પદ્મપુરાણમાં પાંચાળનો ઉલ્લેખ મળે છે. સૂર્યદેવળને મધ્ય માનીને તેની પૂર્વે મૂળી-માંડવરાય (માર્તંડદેવ-સૂર્ય) પશ્ચિમે મહીકુ, ઉત્તરે સરામાથક અને દક્ષિણમાં ચોટિલા અને આણંદપર એમ ૧૯૬ માઈલના ક્ષેત્રફળમાં આ પરગણાનો વિસ્તાર હતો. આ પંથકને અહીંની પ્રજા 'દેવકો પાંચાળ દેશ' પણ કહે છે.



આ પંથકનું નામ પાંચાળ શાથી પડ્યું હશે તેનું અનુમાન કરતાં શ્રી માયાશંકર પંડ્યા નોંધે છે કે, આ ભૂમિનું નામ કણ્વઋષિના વખતમાં 'પાંચાળ' બોલાતું હતું તેમ જણાય છે. 'થાનમહાત્મ્ય'ના ૧૨મા અધ્યાયમાં આપેલી હકીકત મુજબ રામચંદ્રજીએ ગુરુ વશિષ્ઠને પૂછ્યું :'હે મુનિવર' મેં રાવણાદિક રાક્ષસોને માર્યા એ વખતે અગસ્ત્ય ઋષિએ કહ્યું કે, રાવણ તો વિપ્ર હતો એટલે તમને બ્રહ્મહત્યાનું પાપ લાગે. એ પાપના નિવારણ અર્થે દેવભૂમિ પાંચાળમાં જાઓ. ત્યાં કણ્વ ગાલવ, ઓતિથ્ય, અંગીરા અને ભ્રેસપતિ આદિ પાંચ ઋષિઓના તપથી પાવન થયેલી ભૂમિ છે એ પાંચ ઋષિઓથી આ પ્રદેશ પાંચાળ દેશના નામે જાણીતો છે, એમ કહેવાય છે.

પાંચાળ શબ્દની વ્યુત્પત્તિ અંગે અનુમાન કરીએ તો પંચઋષિ જ્યાં વસતા હોય એ 'પંચાળય'. આમાં 'ય' નો ઘસાઈને લોપ થયો. પંચઋષિનું નિવાસસ્થાન-આશ્રમ એટલે પાંચાળ. કેટલાક માને છે કે પાંચાળ નામ પાંચાલ દેશ પરથી આવ્યું છે. મૂળ પાંચાલ ઉત્તર ભારતમાં હાલ બરેલી અલીગઢ છે ત્યાં હતું. દ્રૌપદીનો પિતા તેનો રાજા હતો. શ્રી અમૃત પંડ્યા નોંધે છે કે, પાંચાલ નામ સૌરાષ્ટ્રમાં શી રીતે આવ્યું તે સમજાતું નથી. પાંચાલી (દ્રૌપદી) પાંડવોના વખતમાં થઈ ગયાં. જ્યારે રામચંદ્રજી એના પહેલાં ઘણાં વરસે થયા એટલે પંચાલ પરથી પાંચાલ દેશ થયાની હકીકતમાં ઝાઝું વજૂદ જણાતું નથી. કિંવદંતી અનુસાર પાંડવો આ ભૂમિ પર આવેલા. અર્જુને મત્સ્યવેધ અહીં કરેલો. દ્રૌપદી અર્થાત્ પાંચાલીના નામ પરથી આ પ્રદેશ પંચાળ કહેવાયો હોવાનું અનુમાન કરવામાં આવે છે. આ કંકુવરણી ધરતીના પટાધર પુરુષો, નમણી નારીઓ, નવરંગ તોરંગ, કિલ્લોલતાં મૃગ અને સારસ વખણાય છે, એનું પ્રમાણ આ દુહા દે છે:

**કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ; નરપટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ. (૧)**

**ગૂઢે વસ્તર ગોરિયાં, પગ પિંડીનો તાલ; પનઘટ ઉપર પરવરે, પડ જુઓ પાંચાળ. (૨)**

**તાતા તોરિંગ મૃગકૂદણાં, લીલા પીળા લાલ; ભલ વછેરાં ઊછરે, પડ જુઓ પાંચાળ. (૩)**

**આછા પાણી વીરડે, ધરતી લાંપડિયાળ; સર ભર્યા સારસ લવે, પડ જુઓ પાંચાળ. (૪)**

**મચ્છુકાંઠો :** હાલારની પૂર્વમાં વાંકાનેર અને મોરબીવાળી મચ્છુ નદીનો પ્રદેશ મચ્છુકાંઠો કહેવાય છે. એનું ક્ષેત્રફળ ૭૮૦ ચોરસ માઈલનું ગણાતું. તેમાં મોરબી ને માળિયા જાડેજા રાજપૂતોના સંસ્થાનો હતાં. આ પ્રદેશને પાછળથી હાલારની સાથે જોડી દેવામાં આવ્યો. એનો એક સરસ દુહો ઊર્મિ-નવરચનાના દુહા અંક (જૂન ૧૯૭૫)માંથી મળે છેઃ

મચ્છુકાંઠો ને મોરબી, વચમાં વાંકાનેર; ચંગા માડુ નીપજે પાણીહુંદો ફેર. (૧)

માંડવધાર (ડુંગર)ની ગાળીઓમાંથી ગળતું પાણી ભારે ગણાય છે. એને પીનાર માનવીના દેહ વજ્જર જેવા, પણ હૈયાં માખણ જેવાં મુલાયમ છે. સૌરાષ્ટ્રમાં જેનો જોટો ન જડે એવા ખડ વડે માલઢોર ને અમીની શેડ્યું આપતી મચ્છુ નદી માલધારીઓની માતા ગણાય છે. મચ્છુકાંઠાના અઢારેય વરણના વસવાટીઓ પટાધર પાકે છે, એવો એના પાણીનો ગુણ છે. માનવીનો અમુક પ્રકારનો સ્વભાવ એ પંથકનાં પાણી, પરિસ્થિતિ અને પ્રાદેશિકતાને કારણે ઘડાય છે.

**ઘેડ પંથક :** જેમ કચ્છનું રણ બીજા રણોથી નિરાળું છે તેમ ઘેડનો પ્રદેશ સૌરાષ્ટ્રના બાકીના પ્રદેશથી નિરાળો છે. આ પંથક નૈસર્ગિક લાક્ષણિકતા તથા ત્યાં વસતી પ્રજાની પ્રકૃતિ અને પ્રવૃત્તિથી સૌરાષ્ટ્રના અન્ય પ્રદેશોથી જુદો પડે છે. પ્રદેશનો ઉલ્લેખ ઈતિહાસમાં ૧૩મી સદીમાં થયો હોવાનું શંભુપ્રસાદ દેસાઈ નોંધે છે. ફળદ્રુપ ધરતીના કારણે ઘેડ સમૃદ્ધ પંથક ગણાય છે.

કુતિયાણાથી પોરબંદર જતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગની ઉત્તર તરફનો પ્રદેશ સોરઠ કહેવાય છે. જ્યારે દક્ષિણથી ઘેડ પ્રદેશનો પ્રારંભ થાય છે. માધવપુર ઘેડ પ્રદેશનું કદાચ પહેલું ગામ છે, ત્યાંથી નાઘેર પરગણાનો પ્રારંભ થાય છે. ઘેડમાં વહેતી છેલ નદી મહિયારીથી આગળ વધીને બાંટવાના સીમાડે થઈને બગસરા સુધી પહોંચે છે ત્યાં બીજી નદીઓ મળે છે. એ વિસ્તાર 'મોટો ઘેડ' ના નામે ઓળખાય છે. છેલ આગળ જતાં ખમીદાણા, સુજ, ખીરસરા પાસે કાંપ ઠાલવે છે તેથી ત્યાંની ધરતીમાં મબલખ પાક થાય છે. આ વિસ્તાર 'નવલખો ઘેડ' કહેવાય છે. ઘેડમાં ભાદર, છેલ, ઓઝત, મધુવંતી, મેઘલ, ઉબેણ, કાલુન્દ્રી અને ઝાંજેસરી જેવી નદીઓ આવેલી છે. ચોમાસામાં આ પ્રદેશમાં શ્રાવણ માસ અર્ધો ઊતરે ન ઊતરે ત્યાં સુધી પાણી ભરાયેલાં હોય છે. નવીબંદર પાસે ભાદર સમુદ્રને મળે છે. ત્યાંનું બારું જો ન ખૂલે તો જન્માષ્ટમી સુધી ઘેડના ખેડૂતો ઘેર જ રહે છે. પાણી ઊતરે ને વરાપ થાય પછી વણ (કપાસ), ગુંધળી જુવાર કે ચણા વાવે છે. તે પાકે ત્યાં સુધી માત્ર ધ્યાન જ રાખવાનું. ખડ નીંદણ કાંઈ કરવું પડે નહીં એટલે લોકકવિએ કહ્યું છે ને કે :

નાખો એટલું નીપજે, ને કરીએ એટલી ખેડ;<br>
નહીં નીંદવું નહીં ખોદવું, ધામકે ગોરંભતો ઘેડ. (૧)

ચોમાસાની મોસમમાં ખેડૂતને ખેતરે જાવું હોય તો ગોઠણ સામો ગારો ખૂંદવો પડે. સીમશેઢે જવાનું ત્રાસદાયક થઈ પડે પણ સામે રસાળ ધરતીમાંથી અઢળક ઊપજ આવે એટલે એનું વળતર મળી જાય તેથી એ પંથકના લોકો કહે છે ને કે :

છેલ (નદી) ફૂરે ને છેતરે, કાદવ ભાંગે કેડ;<br>
વણ (કપાસ) ચણા ને ગુંધળી, ઘર ભરી દ્યે ઘેડ.

ઘેડ પંથકમાં ૧૦૭ જેટલાં ગામડાં આવેલાં છે. એ ઊંચા, ખડકાળ ટીંબા ઉપર વસ્યા હોવાથી નદીઓમાં પૂર આવે ત્યારે ગામડાં બેટ બની જાય છે. આમ સૌરાષ્ટ્રનો ઘેડ પ્રદેશ ઓળખવા અને અભ્યાસ કરવા જેવો છે. ઉનાળામાં ઘેડનું સ્વરૂપ જુદું હોય છે. ગરમ પવન વાય છે. પહોંચે ત્યાં



સુધી વેરાન રણ નજરે પડે છે. પીવાના પાણીની અછતના કારણે ઉનાળામાં દૂરદૂરથી પાણી ભરી લાવવું પડે છે. એને માટે એક ઉક્તિ જાણીતી છે :

'બરડો, બારાડી ને ઘેડ ઈ ત્રણેયને મોસમનો નઈ મેળ'

**લીલી નાઘેર :** હાલારમાં ઓખા પાસેનું એક પરગણું 'બારાડી' નામે જાણીતું છે. આ બારાડી પંથકની દક્ષિણપૂર્વે માધવપુરથી માંડીને કોડીનાર તથા ચોરવાડ અને જાફરાબાદના દરિયાકાંઠાનો વિસ્તાર 'નાઘેર' તરીકે ઓળખાય છે. નાઘેર અસલ નાઘેર રજપૂતના તાબામાં હતું તે ઉપરથી એનું નામ પડ્યાનું કેપ્ટન મૅકમર્ડો નોંધે છે. સૌરાષ્ટ્રનો આ સૌથી વધુ ફળદ્રુપ પ્રદેશ ગણાય છે. ત્યાંની ઘણી ચીજો વખણાય છે :

'વાજા ઠાકોર અંબવન, નાર પદ્‌મણી ઘેર; રેંટ ખટુકે વાડિયે, ભોંય લીલી નાઘેર.' (૧)

અર્થાત્ : જ્યાં વાજા રાજપૂત, ઠાકોરોની વસતી છે. જેના આંબાવાડિયાં કેરીઓથી લચી પડે છે. ઘેરઘેર પદ્‌મણી નારીઓ છે. વાડિયે વાડિયે રેંટ ખટુકે છે. એવી હરિયાળી નાઘેરની ભૂમિ કાઠિયાવાડનું કાશ્મીર ગણાય છે. આજે તો રેંટની જગ્યાએ વીજળીની મોટરો આવી ગઈ છે.

**બરડો : બારાડી પંથક :** હાલારની દક્ષિણે બરડા ડુંગરનો વિસ્તારને બરડો કે બારાડી પંથકને નામે ઓળખવામાં આવે છે. ઓખાની આસપાસ આવેલા આ વિસ્તારમાં પોરબંદર અને એનો દરિયાકાંઠો આવી જાય છે. જૂના વખતમાં એનું ક્ષેત્રફળ ૫૦૦ ચો.માઈલ હોવાનું કાઠિયાવાડ સર્વસંગ્રહમાં નોંધાયું છે. એ પ્રદેશ જૂના કાળમાં જેઠવા રાજપૂતોના તાબામાં હતો. ત્યાર બાદ એને સોરઠમાં ભેળવી દેવાયો. બરડા પંથકનાં જુવાન નરનારીઓ, ગાયો, ભેંસો,

ઘી અને પથ્થર વખણાય છે એની વાત આ દુહાઓ કથે છે :

વસતી જ્યાં બહુ મેરની, નારી પાતળ પેટ; ઘી પથ્થર વખાણમાં, ભોંય બરડો બેટ. (૧)
કાઠિયાણી કડ્ય પાતળી, હલકે માથે હેલ્ય; બરડાહંદી બજારમાં, આવે ઢળકતી ઢેલ્ય. (૨)
શિયાળે ભલો માળવો, ઉનાળે ગુજરાત; ચોમાસે સોરઠ ભલો, બરડો બારે માસ. (૩)

**બાબરિયાવાડ પંથક :** બાબરિયાવાડ દરિયાકાંઠા ઉપર ગોહિલવાડ અને સોરઠ બેની વચ્ચે આવેલો પંથક છે. તેનું ક્ષેત્રફળ ૫૦૦ ચો.માઈલનું ગણાય છે. બાબરિયા રાજપૂતો ઉપરથી આ પરગણાનું નામ પડ્યાનું કાઠિયાવાડ સર્વસંગ્રહમાં નોંધાયું છે. એમાં ઘણાં નાનાં સંસ્થાનો તથા જંજીરાના હબસીનું જાફરાબાદ આવે છે. બાબરિયાવાડ હાલમાં સોરઠમાં ભળી ગયેલું છે.

**ઉંદસરવૈયા પરગણું :** ગોહિલવાડને અડીને ઉંદસરવૈયા પરગણું આવેલું છે. આ સૌથી નાનો પ્રાંત છે. ક્ષેત્રફળ ૧૬૦ ચો.માઈલ છે. એની પૂર્વે અને દક્ષિણ સીમાએ ખંભાતનો અખાત તથા શેત્રુંજી નદી છે. એની ઉંદસરવૈયા પાછળથી ગોહિલવાડમાં ભળી ગયું હોવાનું નોંધાયું છે.

**ભાદરકાંઠો અને નોળીકાંઠો :** ભાદર સૌરાષ્ટ્રની ઘણી પ્રાચીન અને સૌથી મોટી નદી છે. ભાદર અને ભાદરમાં ભળી જતી નાની-મોટી નદીઓ ઘેડ પ્રદેશના ધોવાણનો કાંપ સમુદ્રમાં ઠાલવે છે પરિણામે ઘેડના છીછરા સમુદ્રને ભાદર અને તેની ઉપનદીઓએ પૂરી દીધો છે. આ ભાદર નદી પરનો પ્રદેશ ‘ભાદરકાંઠા’ના નામે ઓળખાય છે. દરિયાકિનારા પર નવી બંદર અને માધવપુર એ બેની વચ્ચે આવેલા ઘેડની બરોબર દક્ષિણે નોળી નદીના કાંઠા ઉપરનો વિસ્તાર ‘નોળીકાંઠા’ તરીકે જાણીતો છે.

**ભાલબારું : ભાલપરગણું :** ખંભાતના કંઠાળ્ય ભાગને ‘ભાલબારું’ કહે છે, ભાલ, નળકાંઠો, કનેર અને કાઠિયાવાડના સીમાડા એક-બીજાને આંટિયું નાખીને ઊભા છે. બાવળા, બગોદરા, ધોલેરાથી લઈને બરવાળા વલભીપુર સુધીનો દરિયાકિનારાનો પંથક ભાલ કહેવાય છે. ભાવનગર હાઈવેની સમાંતર વચલો પટ્ટો ‘કનેર’ના નામે ઓળખાય છે. બાવળાથી પશ્ચિમે સાણંદથી લઈને રાણાગઢ સુધીનો વિસ્તાર ‘નળકાંઠો’ કહેવાય છે.

સૌરાષ્ટ્રનો ઘેડપ્રદેશ ઝાલાવાડ અને ભાલ સમુદ્રમાંથી બહાર આવેલો પ્રદેશ છે. જેની ઉપર મીઠો કાંપ જામી જવાથી ખેતી થઈ શકે છે, પરંતુ એ ધરતીના તળનાં પાણી ખારાં છે. ભાલમાં લીમડા, ખીજડા સિવાય ઝાડ કે વનરાજિ ઓછી જોવા મળે છે. ઉનાળે મૃગજળ અને ધૂળની ડમરીઓથી આકાશ છવાઈ જાય છે. વૃક્ષવિહોણા પંથક માટે કહેવત જાણીતી છે : ‘કપાળમાં ઊગે વાળ તો ભાલમાં ઊગે ઝાડ’ મુલક નપાણિયો પણ મનેખ એના પાણીદાર. હેમચંદ્રાચાર્યની જન્મભૂમિ પણ ધંધુકા-ભાલ છે.

ભાલપ્રદેશની ભૌગલિક સ્થિતિ અને ભૂપૃષ્ઠ રચના પર પ્રકાશ પાડતા ભગવદ્‌ગોમંડલમાં નોંધાયું છે કે : બે હજાર વર્ષ પહેલાં સૌરાષ્ટ્ર દ્વીપકલ્પ નહીં, પણ ટાપુ હતો. કચ્છના રણની જગ્યાએ સમુદ્ર હતો. સિંધુમુખ સૌરાષ્ટ્રનો પૂર્વ ભાગ હતો. કાળક્રમે સિંધુ નદીએ પોતાનું વહેણ બદલાવ્યું એટલે ઝાલાવાડની જમીન કાદવવાળું તળાવ બની ગઈ. ધીરેધીરે આ તળાવ પુરાઈને

રણ જેવો પ્રદેશ થઈ ગયો. આ પ્રદેશ ખારાશથી ભરપૂર છે. બીજી બાજુ ખંભાતનો અખાત જલદી પાછો હટવા લાગ્યો અને અગ્નિકોણ તરફનું રણ હટી જવાથી ત્યાં ‘ભાલપરગણું’ બની ગયું. આ મુલક નપાણિયો બનવાનું આ પણ એક કારણ છે. ભાલને ભગવાને ભલે નપાણિયો મુલક બનાવ્યો પણ અઢળક ચાસિયા કાઠા ઘઉં નીપજે છે, એનો જોટો જગતભરમાં જડતો નથી. એન. વિગ્મોર નામની એક અમેરિકન બાઈ કેન્સરગ્રસ્ત થઈ ઉપચાર અર્થે મુંબઈ આવી. ઘઉંના જવારાના રસથી એણે સ્વાસ્થ્ય પુનઃ પ્રાપ્ત કર્યું. એણે જગત આખાની ઘઉંની ૧૫ જાતોમાં ભાલના ઘઉંને સર્વશ્રેષ્ઠ ગણાવ્યા છે. ભાલની ધરતીમાં જન્મેલા આ લેખક આજેય કાઠા ઘઉંની રોટલી, સેવ અને લાડુનો ટેસડો કરે છે. માત્ર વરસાદનાં પાણી અને દેશી ખાતરથી પાકતા ચાસિયા ઘઉં થોડાક મોંઘા પડે પણ એના લાડુ, થૂલી લાપસી ખૂબ જ સ્વાદિષ્ટ બને છે. એકવાર જમો તો જીભે સ્વાદ રહી જાય. એના દુહા અને ઉક્તિઓ એ ધરતીની તાસીરની વાત કરે છેઃ



**ભલ ઘોડા ભલ માનવી, ભલ ગુજરાતે ભાલ;**
**કાઠી ધરા કાઠિયાવાડની, ભાલ ધરા રસાળ.**
(૧)

**નહીં છાશ છમકો ને છાંયડો, એવા કેતાક**
**અવગુણ કહું ?**
**પણ ભૂંડામાં ભલું એટલું, ભાલ નીપજે ઘઉં.** (૨)

ભાલપંથકમાં વસવાટ કરનારા ચોમાસાનો ગારો ખૂંદનારા, ખારા પાણી પિનારા માનવીઓને તોય પોતાનું આ વતન વહાલું વહાલું લાગે છે એટલે તો કહે છેઃ

**ધૂળ ગામ ધોલેરા ને બંદર ગામ બારા,**
**કાઠા ઘઉંની રોટલી ને પાણી પીવા ખારા**
**તોય ધોલેરા સારા ભૈ સારા.**

**નળકાંઠો :** ભાલ, સૌરાષ્ટ્ર અને વઢિયારના સીમાડાને જોડતો વચલો વિસ્તાર નળકાંઠો કહેવાય છે. બાવળા, સાણંદ, વિરમગામ અને લીમડી તાલુકાના રાણાગઢની વચમાં આવેલો આ નીચાણવાળો પંથક છે. નળના કાંઠે પઢારોની વસતી જોવા મળે છે. કહેવાય છે કે, સિંધુ નદીએ વહેણ બદલ્યું. ભાલમાંથી દરિયો ખસી ગયો ને જમીન બની એ અરસામાં નળ સરોવર અસ્તિત્વમાં આવ્યું. આ પઢારો મૂળે સાગરખેડુ હતા. સાગર સંસ્કૃતિની ઝલક પઢારોના મંજીરા રાસમાં આજેય જોવા મળે છે.


નળ સરોવર આપણા મોટા સરોવરોમાંનું એક છે. ગુજરાત સર્વસંગ્રહ અનુસાર એ ૫૦ ચોરસ માઈલમાં પથરાયેલું છે. ચોમાસામાં ચાર-પાંચ ફૂટ પાણી ભરાય છે. તેમાં બરુ નામનું ઘાસ ઊગે છે. એમાં બીડ નામનું કાળુ કંદ અને થેક થાય છે. આજે તો નળસરોવર પ્રવાસધામ તરીકે વિકાસ પામ્યું છે. ચોમાસામાં નળસરોવર ભરાઈ જાય પછી શિયાળો આવતાં છેક રશિયા

ને સાઈબીરિયાથી અસંખ્ય પક્ષીઓ અને સારસ અહીં ઊતરી આવે છે અને આ પ્રદેશ અત્યંત રળિયામણો બની જાય છે. નાનાં હોડકાંઓમાં બેસીને સરોવરમાં સહેલગાહ કરી શકાય છે.

ઉનાળે નળ સરોવરનું પાણી સુકાઈ જાય છે. કાળદુકાળે પઢારો સરોવરની જમીનમાંથી બીડ કાઢી, સૂકવી એના રોટલા બનાવીને ખાય છે. ચારોલાંની તાણ પડે ત્યારે ખેડૂતો નળનું બીડ લાવી ધોકાવી બાફીને ઢોરને ખવરાવે છે. ટેવ ન હોય તે બીડના રોટલા ખાનારને ઝાડા ને મરડો થઈ જાય છે.

આઝાદી આવી. સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યાં સુધી ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર અસ્તિત્વમાં આવેલાં આ બધાં પંથકો અને પરગણાં જાણીતાં હતાં. એમાં વિવિધ જાતિઓના વસવાટ હતા. એમની નિજી સંસ્કૃતિ હતી, નિજી સંસ્કાર હતા. લોકજાતિની પાઘડીઓ પણ પંથકવાર વિવિધ ઘાટ વળોટથી ઓળખાતી. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિને સમજવા માટે આ પંથકો, પરગણાં અને એના જનજીવનનો અભ્યાસ અત્યંત ઉપયોગી બની રહે છે. મારા સૌરાષ્ટ્રના રઝળપાટ દરમ્યાન જૂના અનુભવી અને નિજી કોઠાસૂઝ ધરાવતા વડીલોએ પોતાના હૈયાકપાટ ઉઘાડા મૂકીને પરગણાંઓ અંગે આવી અનેક રસપ્રદ વાતો અને લોકસાહિત્ય સંપડાવ્યું છે. સૌરાષ્ટ્રની જેમ જ ઉ.ગુજરાત મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને કચ્છમાં પણ નાનાં-મોટાં અનેક પરગણાંઓ આવેલાં છે, એ પણ અહીં નોંધવું જોઈએ. ગુજરાત રાજ્યની રચના થયા પછી અસ્તિત્વમાં આવેલા સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, જામનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, રાજકોટ વગેરે જિલ્લાઓમાં આ પંથકો ને પરગણાં સમાઈને લુપ્ત થઈ ગયાં છે.

■■■



સંદર્ભ ગ્રંથો : ૧. સ્કંદપુરાણ, ૨. પદ્મપુરાણ, ૩. હરિવંશ, ૪. ભગવદ્‌ગોમંડલ, ૫. વર્ણકસમુચ્ચય : ભોગીલાલ સાંડેસરા, ૬. સ્વાધ્યાયવલ્લી, ૭. સ્થાનકપ્રકાશ, ૮. યદુવંશપ્રકાશ : માવદાનજી રત્નુ, ૯. કાઠિયાવાડ સર્વસંગ્રહ : કવિ નર્મદાશંકર, ૧૦. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ: ભાવનગર, ૧૧. શિહોરની હકીકત : દેવશંકર વ. ભટ્ટ, ૧૨. આલાખાચાર સાહેબનું જીવનચરિત્ર : જેઠમલજી મહારાજ, ૧૩. ઊર્મિનવરચના : દુહા અંક : જૂન, ૧૯૭૫

# મધ્યકાલીન ગુજરાતનાં ભાતીગળ વસ્ત્રો



ગુજરાતનો સુતરાઉ, ઊની અને રેશમી વસ્ત્રવણાટ ઉદ્યોગ હજારો વર્ષ જૂનો છે. મહાભારતમાં, યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞ વખતે તેમને જુદા જુદા દેશો તરફથી જે ભેટો મોકલવામાં આવી તેમાં પશ્ચિમ ભારતના ભરુ-કચ્છીવાસીઓ તરફથી કાર્પાસ વસ્ત્રો હજારોની સંખ્યામાં 'બલિ' (ખંડણી) તરીકે મોકલવામાં આવ્યાં હતાં, એનો ઉલ્લેખ મળે છે.

લાટ પ્રદેશના ગુપ્ત સમયના રેશમના વણકરોના ગૌરવનો ઉલ્લેખ મંદસૌરના ઈ.સ. ૪૩૭ તથા ૪૭૬ના શિલાલેખોમાં કરેલો છે, જેમણે પોતાનું સૂર્યમંદિર બાંધવા જેટલી સમૃદ્ધિ પણ પ્રાપ્ત કરી હોવાનું ડૉ. મંજુલાલ મજમુદાર નોંધે છે. પટ્ટદુકુલ અર્થાત્ પટોળું આજે પણ પાટણનું ગૌરવ સાચવીને બેઠું છે. આ પટોળા સંબંધી મૂળ સંસ્કૃત શબ્દ પટ્ટોલિકા એટલે ચિત્રકારની રંગપેટી એવો થાય છે.

ગુજરાત વસ્ત્રઉદ્યોગ માટે મધ્યકાળમાં ઘણું જાણીતું હતુ. અહીં જાતજાતનાં અને ભાતભાતનાં વસ્ત્રો તૈયાર થતાં તેના ઉલ્લેખો પરદેશી મુસાફરોએ કર્યા છે. આ વસ્ત્રો ગુજરાત પોતાના ઉપયોગ માટે અને પરદેશ નિકાસ કરવા માટે બનાવતું. સલ્તનત રાજ્યકાળમાં યુરોપીય વેપારીઓ અને મુસાફરો આવાં વસ્ત્રો ખરીદ કરી પરદેશમાં નિકાસ કરતાં. સોલંકી યુગમાં કાપડ કેવા પ્રકારનું વપરાતું, તેમાં કેવી કેવી ભાતો લોકપ્રિય હતી તેની માહિતી અને ઈ.સ.૧૯૧૩માં જર્મનીમાં ડૉ. હુરેમને જૈન કલ્પસૂત્રની તાડપત્રીય અને કાગળ પરની પોથીઓમાં આપેલાં લઘુચિત્રો છપાવીને બહાર પાડ્યાં તેના પરથી અગિયારમાંથી સોળમાં સૈકા સુધીનાં વસ્ત્રોની ભાત, રંગ, સિલાઈ વગેરેના વૈવિધ્યભરેલા આધારભૂત પ્રત્યક્ષ પુરાવા પ્રાપ્ત થયા છે. ગુજરાતમાં સલ્તનતના અમલ દરમ્યાન તેમ જ મોગલ સામ્રાજ્યના જમાનામાં ગુજરાતમાંથી છાપેલા કાપડની ધૂમ નિકાસ થતી. શાહી જમાનામાં ગુજરાતની કારીગરીના થોડાક છાપેલાં તથા રેશમ અને કસબથી ભરેલા નમૂના ઉમરાવો દ્વારા ખરીદાયેલા તે આજે લંડનના મ્યુઝિયમોમાં પ્રદર્શિત થયેલાં છે, એની નોંધ જર્નલ ઓફ ઈન્ડિયન આર્ટ સોસાયટી, કલકત્તા વોલ્યુમ ૧૯માંથી મળે છે. એ પછી ગુજરાતની વસ્ત્રવણાટની પરંપરા આજેય સચવાઈ રહી છે.

ગુજરાતના ભાતીગળ વસ્ત્રવણાટ અને રંગબેરંગી વણેલાં, છાપેલાં ભરેલાં, બાંધેલા સુતરાઉ અને રેશમી વસ્ત્રોનાં જૂનાં દેશી નામો 'વર્ણકસમુચ્ચય'માં ડૉ. ભોગીલાલ સાંડેસરાએ નોંધ્યાં છે. તેમાં રાજા, રાણી, શ્રાવિકા વગેરેનાં વસ્ત્રોના વર્ણનો છે. 'કપડા કુતૂહલ' જેવી પદ્યકૃતિમાં સ્ત્રી-પુરુષોએ પહેરવાનાં વસ્ત્રોમાંથી મળતાં દેશી નામો, મધ્યકાલીન ગુજરાતમાં વસ્ત્રોનાં કેવાં નામો હતાં તેનો ખ્યાલ આપે છે. આ નામોમાં કેટલાંક અરબી અને ફારસી નામો પણ દાખલ થયેલાં જોઈ શકાય છે. મધ્યકાળે ગુજરાતમાં વપરાતાં વસ્ત્રોની વિવિધ ભાતો અને નામો સાહિત્યમાંથી પણ જાણવા મળે છે. 'કુંવરબાઈના મામેરા'માં પ્રેમાનંદે નારીનાં કેટલાં ઓઢણાં (સાડી) વર્ણવ્યાં

છે! એમાંનાં થોડાંક :

**ગંગા વહુને ગજિયાણી સાડી, સુંદર વહુને સાળુ જી,**
**છબીલી વહુને છાયલ ભારે, કોડ વહુને કલગેર આપી, પ્રેમ વહુને પટોળીજી,**
**છેલ વહુને છીંટ જ આપી, નાની વહુને નાટજી,**
**રામકુંવરને, કૃષ્ણકુંવરને, આપ્યાં ભારે ઘાટ જી**
**લક્ષ્મી વહુને, લાછી વહુને લાલ વહુને પટોળું જી'**

આખ્યાનમાં ઓઢણાંની જાતો મળે છે તો લોકગીતમાં કાનાની પછેડીની ભાતો મળે છેઃ

**'આવી લવારણ દીવડો લઈ વળતાં પછેડી લેતી ગઈ**
**ધોળી પછેડી ઢૂંઢણ ભાત પીળી પછેડી પોપટ ભાત,**
**રાતી પછેડી રીંગણ ભાત, કાળો કાનુડો ને આઠમ રાત'**

ગુજરાતમાં પ્રાચીન પરંપરાને લીધે ઘણાં વસ્ત્રોનાં નામો આજે પણ યથાવત્ રહેલાં જોઈ શકાય છે. વસ્ત્રોનાં નામો વિવિધ રીતે પડે છે. કેટલાંક વસ્ત્રો તેનાં તંતુઓ ઉપરથી સુતરાઉ, રેશમી કે ઊની વગેરે નામે ઓળખાય છે. જ્યારે કેટલાંક વસ્ત્રો તેની વણાટ પદ્ધતિએ સાદાં, સાટીન, કિનખાબ વગેરે નામે જાણીતાં છે તો કેટલાક વસ્ત્રોની ભાત, રંગો કે તેના ઉત્પતિ સ્થાનના નામે પણ જાણીતાં છે.

'અતલસ' એ આપણું જાણીતું કાપડ છે. તે સાટીન પદ્ધતિએ તૈયાર થાય છે. વિજયનગર રાજ્યમાં 'અતલસ એ ઝૈતુની' ઈ.સ. ૧૪૪૦માં જોયાનું અબ્દલ અલ અઝાકે નોંધ્યું છે. અતલસ પર ફૂલોની ભાતો જોવા મળતી. ઈ.સ. ૧૬૭૩માં ડૉ. ફ્રાયરે મુગલ વેપારીઓને અતલસના કોટ પહેરેલા જોયા હોવાની વિગત વર્ણકસમુચ્ચયમાંથી સાંપડે છે. ગજી, ગજિયાણી અને સાટીન અતલસના પર્યાય નામો છે.



'ઈલાય' ૧૭મી સદીના ગુજરાતનાં લાલ, સફેદ અથવા ભૂરા અને સફેદ પટાવાળાં સુતરાઉ કે રેશમી વસ્ત્રનું નામ હતું. તેની પર ફૂલોની ભાત પાડવામાં આવતી અને તેને સોના અથવા ચાંદીના તારથી સુશોભિત કરાતું. અમદાવાદમાં આજે એ 'એલચા'ના નામે ઓળખાય છે.

'કૌશેય' કોશેટામાંથી તૈયાર થતું રેશમી વસ્ત્ર હતું. પાટણમાં મશરૂ, ગજી, ગજિયાણીની જેમ પટકૂળ, પટપાટું જેવાં રેશમના તાકા તૈયાર કરાતા. 'ક્ષૌમ' એ ક્ષુમાના રેસામાંથી બનતું કાપડ છે. તે લીનન જેવું હોવાનો સંભવ છે. પુરુષોએ પહેરવાના ઝીણી કોરના પીતાંબર માટે 'કદ' શબ્દ વપરાય છે. આ પીતાંબર પીળા રંગનું ઝીણું મર્દાની અને ઝનાની અર્થાત્ સ્ત્રી- પુરુષો બંને માટે હતાં.

જેના માટે ગુજરાત વિશ્વવિખ્યાત છે એવું પટોળું ગુજરાતની નારીઓનું પ્રિય ઓઢણું છે. એના માટે જાણીતી કહેવત છે કે 'પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં' બીજા વિશ્વયુદ્ધ પહેલાંના સમય સુધી પાટણનાં પટોળાં સિંધી વેપારીઓ મારફત અને સુમાત્રાનાં રાજકુટુંબોમાં જતાં. આ પટોળા ઉપરાંત રેશમી વસ્ત્રોમાં 'ટસર'ની ખૂબ ગણના થતી.

સોનાના તારનો ઉપયોગ કરીને પણ જૂના કાળે વસ્ત્રો બનતાં. આવાં વસ્ત્રો





કસબી, જરકશી, જરબાફ, જરજરી વગેરે નામે જાણીતાં હતાં. સોનાના તારથી ભરત ભરેલાં વસ્ત્રો જરદોશી કહેવાતાં. સોનાના કે રૂપાના તારનો ઉપયોગ થતો હોય તેવાં વસ્ત્રોને તાસ્તા કહેતા. એ રેશમી વસ્ત્રોમાં સળી, ચોકડી વગેરે ભાતો રહેતી. 'લોબડી' એ ભરવાડણોનું ઊની વસ્ત્ર હતું. એ જાડા ઊનમાંથી કે બકરાના વાળમાંથી વણવામાં આવતી. ડાંગસિયા લોકો આવાં ઊની વસ્ત્રો વણતાં. ભરવાડો કાંબળા કે રત્નકાંબળ વાપરતા. રત્નકંબલ એ જરીભરત અને ખાપું ટાકેલી કાબળી હતી.

મધ્યકાળે, કેટલાંક વસ્ત્રોનાં નામો ભાતો પરથી પણ પ્રચલિત બન્યાં હતાં. 'ફૂલપગર' અને રંગબેરંગી ફૂલભાતનું વસ્ત્ર છે. આ વસ્ત્રના ઘાઘરા બનતા. ઉત્તર ગુજરાતની બાઈઓમાં એનું ચલણ વિશેષ હતું. એનો ઉલ્લેખ ગીતમાંથી પણ મળે છે. :

**'ફૂલફગરનો ઘાઘરો, કમખે ટહુક્યા મોર કે**
**બાઈ અમે ઘૂમટો તાણીને, મેળો મહાલિયા.'** (૧)


આ વસ્ત્રોમાં પદ્માવલી એ કમળવેલી જેવી ભાતનું વસ્ત્ર હતું. પુષ્પાગર, જાદર એ રેશમી વસ્ત્ર માટે વપરાતો શબ્દ છે. દક્ષિણ ગુજરાતમાં લગ્ન વખતે કન્યાને જાદરની કંચુકી પહેરાવવામાં આવતી, નારીકુંજર એ પટોળામાં બનતી ભાતનું નામ છે. નારી અને હાથીની આ ભાત ૧૬મી સદીની શૈલીમાં દેખાય છે. ચારોળી જેવા રંગ કે નાની ગોળ ભાતવાળાં વસ્ત્રો 'ચારુલિયાં' કહેવાતાં. ઉમાવાડિ એ બૂટીવાળાં વસ્ત્રનો સૂચક અને ગવડી શબ્દ હાથી ભાતનો દ્યોતક છે.

રંગ ઉપરથી ઓળખાતાં વસ્ત્રો પણ કેટકેટલાં? કબૂતરના રંગ જેવું વસ્ત્ર 'પારેવઉ' ભૂરા










રંગવાળું 'નીલનેત્ર', વાદળાના રંગ જેવું 'મેઘાવલી', પોપટી લીલા રંગવાળું 'પોપટિયું', મગ જેવા રંગનું 'મગિઉ,' આકાશિયા રંગનું વસ્ત્ર 'મેઘાડંબર' નામે જાણીતું હતું. આ મેઘાડંબર ધોળકામાં બનતું જણાતું. રક્તાંબર એ લાલ રંગનું વસ્ત્ર હતું. જ્યારે રાજિયું કાળા રંગનું શોકદર્શક વસ્ત્ર હોવાનું ડૉ. ભોગીલાલ સાંડેસરા નોંધે છે. લખારસ એ લાખના રસનું રંગેલું વસ્ત્ર હતું. કદાચ રોગાનથી બનતા રંગોનું (કચ્છી) વસ્ત્ર હશે!

વસ્ત્ર ઉદ્યોગમાંથી કેટલાક વીસરાઈ ગયેલાં નામો પર એક ઊડતી નજર. ચંદ્રકળા- હાથવણાટની મહારાષ્ટ્રીય ઢબની સાડી. સોવનસળી- રેશમી અગર બનારસી પોત ઉપર સોનેરી કસબી ઊભી કે આડી લીટીવાળી સાડી. કલઘેર- લગ્ન પ્રસંગે પહેરાતું કિંમતી કસબી થપ્પો ચોટાડેલું રેશમી, લાલ લીલી બાંધણીવાળું વસ્ત્ર. એને બાંટ પણ કહે છે. કામદાની- સુતરાઉ કપડાં ઉપર રૂપેરી, ઝીણી કસબી પટીથી ટીપકીના ભરતવાળું વસ્ત્ર. છાંટણું- હોળીના તહેવારે પહેરાતું સફેદ પોત ઉપર પાકા કેશરી રંગની છાંટવાળું સુતરાઉ ઓઢણું. દોરંગી દુનિયા-તડકો-છાંયડો-ધૂપછાંવ દેખાય એવી રેશમી સાડી. સાળું- જરીની કિનાર મૂકેલું એકરંગી ઓઢણું. મલમલશાહી- મલમલનું









ઝીણું વસ્ત્ર. ઊંચા પ્રકારની મલમલની સાડી મલમલશાહી કહેવાતી. ખીરોદક- ખીર એટલે દૂધ જેવું ઊજળું અને ઉદેક એટલે પાણી જેવું પાતળું રેશમી વસ્ત્ર. પાટ- મલમલની ધોયા વગરની સાડી. ગવન- ગુજરાતમાં પછાત વર્ગની ગામડાંની મહેનતું સ્ત્રીઓમાં પહેરાતી ભાતીગળ સાડી. મલીર- મોવન- મોવાનિયું- આ ત્રણે પ્રકારની સાડીઓ શોક વખતે પહેરાય છે. સિંદૂરિયો- મધરાશિયું- કસૂંબો આ ત્રણે પ્રકારની સાડીઓ પાટીદાર, જૈન, મારવાડી વિધવા સ્ત્રીઓ પહેરે છે. જેનો રંગ કથ્થાઈ હોય છે. કસૂંબો ગૂઢા તપખિરિયા રંગનો હોય છે.

આ બધાં વસ્ત્રોની સાથે નગરોનાં નામે પણ જોડાયાં છે, જ્યાં આ વસ્ત્રોનું જૂનાકાળે વણાટકામ થતું: પાટણનાં પટોળાં, જામનગરનાં નગરિયાં, બાંધણી, ભરૂચી બાસ્તા, ભરૂચિયા, ધોળકાનું મેઘાડંબર, રક્તાંબર, માંગરોળનાં મગિયાં, વિજાપુરના પુરિયાં, અમદાવાદની અતલસ, ઐલચા, સુરતી કિનખાબ દેશ-પરદેશમાં ગુજરાતના કારીગરોની યશપતાકા લહેરાવતાં. યંત્રયુગના આગમનથી હસ્તકલા કારીગરીના વળતાં પાણી થતાં છીપા, બંધારા, તુનારા, રંગારા અને ખત્રીનો કસબ ઝાંખો થયો છે. ■ ■ ■



# લોકજાતિઓની વેશભૂષા

ગુજરાતમાં અનેક જાતિઓએ આવીને વસવાટ કર્યો છે. આ દરેક જાતિઓ પોતાની સાથે આગવા અને નિરાળા પહેરવેશો લાવી છે. કાઠિયાવાડ, કચ્છ, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત વગેરે પંથકમાં વસતી લોકજાતિઓનો નોખો-નિરાળો પહેરવેશ જોવા મળે છે. સમાજમાં વસતી વિવિધ લોકજાતિઓને ઓળખવા માટે અત્યંત ઉપયોગી બની રહેલા પહેરવેશોને આ પ્રમાણેના વિભાગોમાં મૂકી શકાય. (૧) પુરુષોનો પહેરવેશ: તેમાં યુવાન, આધેડ અને વૃદ્ધ પુરુષોનો પહેરવેશ; (૨)સ્ત્રીઓનો પહેરવેશ: તેમાં કુંવારી, પરણેલી, યુવાન અને આધેડ, વૃદ્ધ અને વિધવા નારીઓનો પહેરવેશ (૩) લગ્ન પ્રસંગે પરણવા જતાં વરલાડાનો અને (૪) નાનાં દીકરા-દીકરીનો પહેરવેશ. આ પહેરવેશમાંય પાછા ભરેલા અને છાપેલા પહેરવેશ તો ખરા જ.

**પુરુષોનો પહેરવેશ :** લોકજીવનમાં રૂપની રૂડી નારીઓના પહેરવેશમાં જેટલું વૈવિધ્ય જોવા મળે છે તેટલું પુરુષોના પહેરવેશમાં જોવા મળતું નથી. સૌરાષ્ટ્રના પુરુષોના પહેરવેશમાં જે વૈવિધ્ય જોવા મળે છે તે ગુજરાતના પુરુષોના પહેરવેશમાં ભાગ્યે જ જોવા મળે છે. પાઘડી, અંગરખું, કેડિયું, ચોરણો, કબજો (બંડી), દરબારી કોટ વગેરે પુરુષોનો મુખ્ય પહેરવેશ ગણાય છે. ચોરણી, પાઘડી અને અંગરખું મધ્ય એશિયામાંથી આવીને સૌરાષ્ટ્રમાં સ્થિર થયેલી લોકજાતિની દેણગી મનાય છે.



**ઘાટ-સુઘાટની પાઘડીઓ :** પાઘડી એ પુરુષોની વેશભૂષાનું આગવું અંગ ગણાય છે. પ્રાચીન પરંપરાથી લોકજીવનમાં પહેરાતી આવેલી પાઘડી માનવીની મર્દાનગીનું સાચું દર્શન કરાવે છે. પાઘડી મુછાળા મરદના રૂપને નિખારે છે એટલું જ નહીં પણ યુદ્ધધિંગાણે માનવીનું રક્ષણ કરે છે. ગુજરાતના વિવિધ પંથકોમાં વિધવિધ ઘાટની પાઘડીઓ પ્રચલિત છે. આજે જોવા મળતી અસંખ્ય પ્રકારની પાઘડીઓ સ્વતંત્ર સલ્તનત અને મોગલકાળમાં વિકાસ પામી હોવાનું માનવામાં આવે છે.

ગુજરાતની પાઘડીઓમાં ગુજરાતી, અમદાવાદી, વડોદરાની બાબાશાહી અને ગાયકવાડી, ખંભાતી, સુરતી, પટ્ટણી વગેરે આઠ, દસ પ્રકારો જોવા મળે છે. જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રમાં તો લોકસમાજના અઢારે વરણની અલગ અલગ ઘાટની પાઘડીઓ જોવા મળે છે. તેમાં મોરબીની ઈંઢોણી જેવી ચક્કર ઘાટની, ગોંડલની ચાંચવાળી, જામનગરની જામશાહી (ઊભા પૂળા જેવી), બારાડીની પાટલીયાળી, બરડાની ખૂંપાવાળી, ભાલ, ઝાલાવાડ અને ઓખાની

આંટિયાળી, સોરઠની સાદી પણ ગીરની કુંડાળા ઘાટની, ગોહિલવાડની લંબગોળ (ભાવનગરી), પરજિયા ચારણની જાડા ઘા ઝીલનારી, રબારી અને મોટાભાઈ ભરવાડની ગોળ અને આંટિયાળી, નાનાભાઈ ભરવાડની અવળા આંટાવાળી, જૂનાગઢ વિસ્તારના બાબીઓની બત્તી, સિપાઈઓનો સાફો, મેરની પટાદાર અને કપાળે છાજલી રચતી નોખનિરાળા ઘાટની પાઘડીઓ લોકવરણની ઓળખ સહજમાં આપી દે છેઃ એમ પીંગળશીભાઈ ગઢવી કહે છેઃ

'વરણ વાણિયો વેપારી કે વસવાયાની જાતિ;
ચારણ, બ્રાહ્મણ, સાધુ જ્ઞાતિ પાઘડીએ પરખાતી.'



**પાઘડીઓના રંગોની રૂડપ :** પાઘડીઓના રંગોની રૂડપ તો કોઈ અનેરા પ્રકારની જ છે. લગ્ન પ્રસંગે વરરાજા ગુલખારની પાઘડી બાંધે છે. ભરવાડો માથે રાતા છેડાવાળા ભોજપરાં બાંધે છે. કોળી લોકો ચણોઠી જેવી લાલ કે ધોળા રંગની પાઘડી પહેરે છે. ઝાલાવાડમાં કાળી, ટપકીવાળી પાઘડી વધુ પ્રચલિત છે. ભાલપ્રદેશમાં રંગબેરંગી બાંધણીઓની પાઘડી વધુ જાણીતી છે. ભરવાડો પાઘડી ઉપર ભરેલા પટ્ટા બાંધે છે. જુવાનિયાઓ રાતી, લીલી કે કથ્થાઈ રંગની પાઘડીઓ બાંધે છે.

**ચોરણા અને ચોરણિયું :** ચોરણો એ પુરુષોનો પહેરવેશ છે. સૌરાષ્ટ્રના લોકજીવનમાં વિવિધ પ્રકારના અઢી પાટા, ત્રણ પાટા ને સાડા ત્રણ પાટા ચોરણા ને ચૂડીદાર ચોરણિયું પહેરાતી આવી છે. કાઠિયાવાડના કણબી પટેલો, રાજપૂતો, ભાલ પંથકના કોળી, વોરા, કણબી વગેરે ચૂડીદાર ચોરણા પહેરે છે. જ્યારે સૌરાષ્ટ્રના ભરવાડ, રબારી, કોળી, દેવીપૂજક અને અન્ય કાંટિયાવરણ જાતિઓ ત્રણ ત્રણ ડોરણાંવાળી ચોરણી પહેરે છે. ચુંવાળિયા, તળપદા, ઘેડિયા અને ખાંટ કોળી લબડઘબડ ચોરણો પહેરે છે. ડોરણાંવાળી ચોરણીનો નીચેનો ભાગ કાપેલો હોય છે અને તેને છેડે કપડાંના બોરિયાં બનાવીને ટાંકેલા હોય છે. આવા ચોરણા પહેરવામાં અને કાઢવામાં સરળ રહે છે. વિવિધ પ્રકારના ઘાટ અને ઘેર એ ચોરણાની વિશેષતા છે. જુવાનિયાઓ મેળો મહાલવા જાય છે ત્યારે ધોયેલી રૂપાળી ચોરણિયું ચડાવે છે ને રંગીન ફૂમતાંવાળાં નાડાં લટકાવે છે.

**કલાપૂર્ણ કેડિયાં :** પાઘડી, ચોરણો ઘેરદાર અને કસોવાળા કેડિયાં એ માનવીનો પૂર્ણ પોષાક ગણાય છે. આ પોષાક માનવીને શોભાસજ્જા આપે છે. એના રૂડાં રૂપને નિખારે છે એટલું જ નહીં, પણ ઘરકામ કે ખેડયવાડયના શ્રમ વખતે પોષાક અત્યંત સગવડભર્યો પણ બની જાય છે. ખભાથી કાંડા સુધી કરચોલીવાળી ચૂડીદાર બાંયું, અને કસો ટાંકેલા બગલાની પાંખ જેવા ધોળા કેડિયામાં હોશિલો દરજી છૂટા હાથે પોતાની કળા ઠાલવે છે. જુવાનિયાના કેડિયા માથે રાતા,

લીલા અને વાદળી દોરાથી ભાતીગળ મોરલા ભરે છે. ફૂલવેલની શોભન ભાતો આલેખે છે.

સૌરાષ્ટ્રના વિવિધ જાતિના લોકો વિધવિધ પ્રકારનાં કેડિયાં પહેરે છે. આયરો, કહલ (ચૂડ) વાળા અને પીઠ ઉપર ભરત ભરેલાં કેડિયાં પહેરે છે. કેડિયાંના રંગો અને ભરત ઉપરથી આયર અને સતવારા જુદા ઓળખાઈ આવે છે. જામનગર તરફના કોળી ચીણવાળાં પાસાબંધી કેડિયાં પહેરે છે. રંગીન અને ભરત ભરેલાં કેડિયાં જુવાનિયાઓના મન મોહી લે છે. મોટી ઉંમરના પુરુષો સાદાં અને ધોળાં કેડિયાં પહેરે છે. ભરવાડ લોકો ચોરણાની જગ્યાએ રાતી, લીલી, વાદળી ફૂલવાળી બોરી (પછેડી) અને કેડિયાની જગ્યાએ તૂઈ મૂકીને મોરલા ભરેલા કબજા પહેરે છે.

**લોકનારીઓનો પહેરવેશ :** ગુજરાતની લોકનારીઓનો પહેરવેશ એની શોભાસજ્જા અને રૂપરંગની રૂડપને કારણે સવિશેષ સમૃદ્ધ બની રહ્યો છે. આ પહેરવેશમાં પ્રયોજાયેલા રંગોમાંથી નૈસર્ગિક સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે. લોકનારીઓના પહેરવેશને ત્રણ વિભાગમાં મૂકી શકાય. (૧) ક્ષત્રિય નારીઓનો પહેરવેશ (૨) મધ્યમવર્ગની નારીઓનો પહેરવેશ, (૩) પછાતવર્ગની નારીઓનો પહેરવેશ. જુદી જુદી જાતિઓની સ્ત્રીઓની ઓળખ માટે તેમનો પહેરવેશ અત્યંત ઉપયોગી બની રહે છે. વિવિધ વસ્ત્રો પહેરનાર સ્ત્રી પરણેલી છે કે કુંવારી, દીકરી છે કે વહુ, માંડેલી (સધવા) છે કે વિધવા છે તે તેના પહેરવેશ પરથી સ્પષ્ટપણે પરખાઈ આવે છે.



**આયરાણીઓનો પહેરવેશ :** સૌરાષ્ટ્રમાં વસતી આયર સ્ત્રીઓ ઘેરા લાલ કે પીળા રંગનાં થેપાડાં અને લીલા અગર રાતા રંગનાં કપડાં પહેરે છે અને કાળું ઓઢણું ઓઢે છે. કાઠી જાતિની સ્ત્રીઓ કાળા રંગનાં ઓઢણાં, રાતી જીમી, લીલો કમખો, રાતી બાંધણી કે કોથમરી ભાતની ચૂંદડી ઓઢે છે. ભરવાડ, રબારી અને જામનગર તરફના સતવારા જાતિની સ્ત્રીઓ ઊનનું થેપાડું, પેટ સુધીનું અને પીઠ ખુલ્લી દેખાય તેવું લીલા રંગનું કાપડું પહેરે છે અને મોટી ખાપું ભરેલી ગુલાબી છેડાવાળી ધાબળી ઓઢે છે.

**ભરવાડ સ્ત્રીઓનો પહેરવેશ :** ભાલ પંથકની નાનાભાઈ ભરવાડની સ્ત્રીઓ કાળી પરમેટાની જીમિયું ને મોળિયાં મૂકેલાં કાપડાં પહેરે છે. રાતી કે લીલી ચૂંદડી ઓઢે છે. જ્યારે મોટાભાઈ ભરવાડની સ્ત્રીઓ ઊનનો ટંગલિયો, સરમલિયું, ધૂંહલું અને બાવનબાગનું મોળિયાં મૂકેલું લાંબી સાળનું કાપડું પહેરે છે અને ઊનના ઢાળવા, કીડિયાં, ગલબકડી કે ગલેટા ઓઢે છે. ગુજરાતની રબારી સ્ત્રીઓ ખડી છાપેલા ઊંચા ઘાઘરા, સાચાં કાપડાં અને ભરત ભરેલાં રૂપાળાં ઓઢણાં ઓઢે છે.

**કચ્છી જતાણીઓનો પહેરવેશ :** કચ્છમાં વસતી



જતાણીઓ ખભાથી પગ સુધીનો આભો પહેરે છે. તેના કોઠાના ભાગ ઉપર મનોહરનું ભરત ભરેલું હોય છે. આભાને બટનને બદલે દોરી હોય છે. માથે લાલ ચૂંદડી જેવું ઓઢણું ઓઢીને તેના બે છેડા લટકતાં રાખે છે. પોરબંદર પંથકમાં વસતી મેર કન્યાઓ ધોળા રંગનો ઢાંસિયો (ઢારવો) જીમીની જેમ કેડ્યે વીંટે છે. કાળા રંગનું કાપડું અને કાળા રંગનું ઓઢણું ઓઢે છે. પરણેલી સ્ત્રી ગુઢા રાતા રંગનો ઢાંસિયો પહેરે છે. વહુ જ્યારે સાસરેથી પિયર જાય ત્યારે ગામનો સીમાડે આવે એટલે રાતો ઢાંસિયો કાઢીને ધોળો પહેરી લે છે.

**ગીરકાંઠાની ચારણ સ્ત્રીઓનો પહેરવેશ :** ગીરકાંઠામાં વસતા માલધારી ચારણની સ્ત્રીઓનો સામાન્ય પહેરવેશ કાળા કે રાતા રંગનું ચસોચસ થેપાડું, ઘેરા રંગની છૂટી કસવાળું કાપડું અને ઓઢણું છે. ગુજરાતમાં વસતી વણઝારા નારીઓ છાપેલા ઘાઘરા, કોસંબીવાળું કે આખી બાંયનું કસોવાળું લાંબી સાળનું કાપડું પહેરે છે. મારવાડી, વાઘરી સ્ત્રીઓ ઊંચા ઘેરદાર ઘાઘરા, રાતાં, પીળાં કે લીલાં ઓઢણાં ને કાંચળી પહેરે છે. કુંવારી કન્યા આખી બાંયનું કુરતું પહેરે છે. આદિવાસી નારીઓનો પોષાક પણ બહુરંગી અને વિવિધતાભર્યો જોવા મળે છે. બનાસકાંઠા વિસ્તારની આદિવાસી સ્ત્રીઓ ઘેરદાર ઘાઘરી, ઓઢણી ને કાંચળી પહેરે છે. જ્યારે કુંવારી કન્યાઓ કાંચળીને બદલે કબજો પહેરે છે. ડાંગ જિલ્લાની આદિવાસી ભીલ સ્ત્રીઓ ઊંચી ઘાઘરી, કમખો, સફેદ, લાલ અને કથ્થાઈ રંગની ઓઢણી ઓઢે છે. ગુજરાતના લોકજીવનમાં સાડલાની છત્રીસ જેટલી જાતો અને ભાતો જાણીતી છે. હોશિલી નારીઓ કચ્છ અને જામનગરની બાવનબાગની બાંધણી કે પાટણનું પટોળું પહેરીને મંગલ પ્રસંગને આનંદથી માણે છે.

**વરકન્યાના લગ્ન પ્રસંગના પોષાકો :** લગ્ન જેવા મંગલ પ્રસંગે વિશિષ્ટ પ્રકારનાં વસ્ત્રો પહેરવાનો રિવાજ ગુજરાતની તમામ જાતિઓમાં જોવા મળે છે. રાજપૂત, ગરાસિયા, રબારી, કોળી, આયર, સતવારા, ભરવાડ, વણઝારા જાતિઓના વરરાજાઓના રૂડારૂપાળા દમામદાર પહેરવેશ એની આગવી વિશિષ્ટતાને કારણે આપણું ધ્યાન ખેંચે છે.

સતવારા જાતિના વરરાજા ચોરણી ને તેના ઉપર પગ સુધી લટકતી સાળવાળી આંગડી (ઝૂરડાં) પહેરે છે. તેના પર રેશમી અતલસનું પડલું (સાડલો) વીંટે છે. આ પડલાંની શરીર પર ચોકડી મારીને તેના બે છેડા લટકતા રાખવામાં આવે છે. કમરે ભેટ બાંધીને આભલા ભરેલું મોસરિયું (પહોળો પટ્ટો) વીંટે છે. માથે વિભાશાહી (જામનગરી) પાઘડી બાંધે છે. પાઘડી પર જરીવાળો પટ્ટો ખોસી પાઘડીમાં પીંછી (કલગી) લગાડી તેમાં ગ્લોબ મૂકી પાવર વડે લાલ લીલો પ્રકાશ કરે છે. પગમાં ગૂંથણીવાળા ઓખાઈ જોડા પહેરે છે. હાથમાં મખમલના મ્યાનવાળી તલવાર રાખે છે.

જૂના સમયમાં રાજપૂત વરરાજા ચોરણી ને કેડિયું પહેરતા. કેડે ભેટ બાંધીને માથે ભરત ભરેલો ગૂઢા રંગનો નતિયો પહેરતા. આવો તો નતિયો આજે તો  લોકજીવનમાંથી સાવ જ વિસરાઈ

ગયો છે. નતિયાનું સ્થાન પાઘડી અને સાફાએ લીધું છે. વણઝારા વરરાજા તો વળી માથે ઝગમગતો મુગટ મૂકે છે.



**કન્યાઓનો રંગબેરંગી પહેરવેશ :** જેમ વરરાજાનો લગ્ન પ્રસંગનો ખાસ પોષાક છે, તેમ કન્યાનો પણ લગ્ન પ્રસંગનો ખાસ પોષાક જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં લગ્ન પ્રસંગે દીકરીને ફૂલખંભાની ભાતનો ઘાઘરો, બાંધણીનું ઘરચોળું અને પાનેતર પહેરાવવાનો રિવાજ આજેય એવા ને એવા સ્વરૂપે જળવાઈ રહ્યો છે. ગુજરાતની કેટલીક જાતિઓમાં ધોયા વગરનો પાટ કે મલમલની સફેદ સાડી કન્યાને પીઠી ચડાવે ત્યારથી તે માંડવે પધરાવે ત્યાં સુધી પહેરાવવામાં આવે છે. આયર કન્યા લગ્ન પ્રસંગે સોનેરી કિનારીવાળી ઓઢણી, રાતા રંગનું થેપાડું અને સળીવાળું રેશમી કે કિનખાબનું કાપડું પહેરે છે. સૌરાષ્ટ્રની ભરવાડ અને રબારી કન્યાઓને લગ્ન પ્રસંગે રાતા રંગની જીમી, લીલા રંગનું કાપડું અને ગુલાબી પાલવવાળી કાળી ધાબળી પહેરાવવામાં આવે છે.

**બાળકોનો પહેરવેશ :** લોકજીવનમાં બાળકો માટેના જાતજાતના અને ભાતભાતના સાદા અને ભરત ભરેલા પોષાકો જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં ભરવાડ, રાજપૂત, રબારી, આયર, ગરાસિયા અને કાંટિયાવરણમાં નાના છોકરાને દાડમ, ડોડવડી અને કેવડા ભાતનું ભરત ભરેલું ફૂલગુલાબી અતલસનું કેડિયું કે ભરત ભરેલા કબજા, લીલી અતલસની ભરત ભરેલી રૂડીરૂપાળી ચોરણી, ગોખરું ને સતારા ટાંકી ભરેલી ભાતીગળ ટોપી કે રાતી મજલીનનું માથાબંધણું બાંધે છે. જામનગર પંથકમાં વસતા સતવારા બાળકો, ભરત ભરેલી અને ભરત વગરની આંગડી, ચોરણી ને માથે કાનટોપી જેવો નતિયો પહેરે છે.

જૂના કાળે છોકરાંઓને આંગલાંટોપલાં પહેરાવવાની એક પરંપરા લોકજીવનમાં પ્રચલિત હતી. દીકરાનો જન્મ થાય એટલે ફોઈબા આંગલાંટોપલાં લઈ એને બોલાવવા અને હરખ કરવા આવતાં.

**દીકરિયુંનો પ્રતીકાત્મક પહેરવેશ :** દીકરાની જેમ સૌરાષ્ટ્રની નાની નાની દીકરિયુંના પણ ભરેલા ને સાદા પહેરવેશ જોવા મળે છે. ચાર-પાંચ વરસથી માંડીને બાર-તેર વરસની દીકરિયું ધોળી, લાલ, લીલી, પીળી, ઘરબંધની ભરત ભરેલી ઘાઘરિયું, પોલકાં ને માથે રાતા-ગૂઢા કે લીલા રંગનો ભરત ભરેલો મોસલો પહેરે છે. શ્રી ખોડીદાસ પરમાર નોંધે છે કે 'લોકજીવનમાં પહેરવેશની સાથે નિયત થયેલાં નિયમો અને પ્રતીકો હોય છે. જ્યારે યુવાન કન્યા ઋતુધર્મમાં





પ્રવેશે ત્યારે પ્રથમ ઋતુધર્મ પ્રસંગે લીલી અતલસની કાપડી સિવડાવીને પહેરાવાય છે. તે પછી કન્યા મોસલો કાઢીને માથે ઓઢણી ઓઢવાની શરૂ કરી મરજાદી પોષક પહેરવો શરૂ કરે છે. ભરવાડ, રબારી, પંચોલીની કન્યાઓ ભરેલી ઘાઘરિયું પહેરતી નથી. તેઓ ઋતુધર્મમાં પ્રવેશે ત્યારથી સાદી ઘાઘરિયું છોડીને જીમી પહેરવાની શરૂઆત કરે છે.

**પહેરવેશમાં રંગોની રૂપસૃષ્ટિ :** ગુજરાતના લોકજીવનમાં, પહેરવેશ અને તેનાં રંગોનું જેટલું વૈવિધ્ય જોવા મળે છે. તેટલું ભાગ્યે જ બીજા કોઈ પ્રદેશમાં લોકોમાં જોવા મળે છે. ગામડાં ગામમાં રહેતા લોકોના પહેરવેશ પર દૃષ્ટિપાત કરતાં તેમાં લોકજીવનની પ્રકૃતિપરાયણતાનાં સાચાં દર્શન થાય છે. પ્રકૃતિની સાદગી, સરળતા અને સંયમમાં દીપી ઊઠે તેવા કાળા, મજીઠિયા, રાતા ને લીલા રંગનું સૂક્ષ્ઠ સંકલન લોકજીવનની વેશભૂષામાં નજરે પડે છે. રબારી અને ભરવાડોનો પોષાક તો જાણે ભાતીગળ રંગોનો રંગીન મેળો જ જોઈ લ્યો! એવો રંગીન પહેરવેશ સતવારા જ્ઞાતિમાં જોવા મળે છે. આયરાણીની લાલ ઊનની ધાબળી, કીડિયાભાતનું ઓઢણું ને નાગરી કોરના પોમચાના રંગ-રૂપમઢ્યા પોષાક જોતાં જ સહજ રીતે થયેલું રંગોનું આયોજન ઊડીને આંખે વળગે છે. કુદરતે દીધેલા અને માનવીએ ઝીલેલા નિસર્ગના રૂડા રંગોને લોકજીવને પોતાના પહેરવેશમાં સહજ રીતે રમતા મૂક્યા છે. ચોમાસાની મોસમમાં પ્રકૃતિ લીલીછમ બનીને મહોરી ઊઠે છે ત્યારે રાતાં, પીળાં કે કાળાં ચટકીલાં રંગોનાં વસ્ત્રો પહેરીને મેળે જતા માનવીઓનો પહેરવેશ કુદરતના સૌંદર્યમાં ઓર ખીલી ઊઠે છે. ■ ■ ■

# ઘરેણાં અને સૌંદર્યપ્રસાધનો

**ઘાટસુઘાટનાં ઘરેણાં :** લોકજીવનનાં વિકસતા જતા કલાપ્રેમે સૌષ્ઠવયુક્ત શણગારોને જન્મ આપ્યો, પરિણામે શરીરને શણગારવા માટે રૂડાં રૂપને દીપાવવા માટે રંગબેરંગી રૂપાળાં વસ્ત્રોની સાથે અવનવાં આભૂષણો પહેરવાની પ્રથા અસ્તિત્વમાં આવી. શરીર શણગાર માટેની આ પ્રથાનું પગેરું છેક વેદકાળ સુધી પહોંચે છે. યજુર્વેદમાં આવે છે કે જે સોનાનાં ઘરેણાં પહેરે છે તે અપવિત્રને પણ પવિત્ર કરે છે. હડપ્પા, મોહેં-જો-દડો અને લોથલના ખોદકામમાંથી સોનું, રૂપું, તાંબુ, કાંસુ, છીપ અને પથ્થરના કંઠહાર, દામણી, વીંટી, વલય, હારના છૂટા મણકા તેમ જ ઘરેણાંના અર્ધઘડેલા નાના-મોટા નમૂના મળી આવ્યાં છે.

**પુરુષોનાં ઘરેણાં :** આરોગ્યને માટે ઉત્તમ ગણાયેલાં ઘરેણાં સામાજિક મોભો અને પ્રતિષ્ઠાનું માધ્યમ જ નહીં, પણ સૌભાગ્યવતી નારીનો શણગાર બની રહ્યાં છે. ગુજરાતમાં વસતી વિવિધ જાતિઓનાં ઘરેણાંનાં નામો અને આકાર-પ્રકારોમાં અનેરું વૈવિધ્ય જોવા મળે છે. ગુજરાતમાં પુરુષો સામાન્ય રીતે કાનમાં કર્ણફૂલ, કોકરવા, ગળામાં ટૂંપિયો, ફૂલહાર, ચોરસી, ગળસવો, દોરો, કાંડે કડું અને પોંચી, આંગળિયે વેઢ, પંખો ને વીંટી અને પગમાં સોના-રૂપાની બેડી પહેરે છે. જ્યારે સ્ત્રીઓ માથામાં દામણી અથવા ટીકો (ચાંલ્લો), નાકમાં નથણી, કાનમાં કાંપ, કોકરવા, કડિયું કે ઠોળિયાં, નાકમાં નખલી, મસ્કડી કે ટીપકી પહેરે છે. ડોકમાં રામનોમી, ઝરમર પાંદડી, પૈહાર, મોરહાર, અછોડો, બોરમાળા, બાવડે લોકિટ, કડું, પટ્ટો, ધારબેરાધાળી ચૂડલી, પંજો, દરશનિયાં ગુજરિયાં, ફૂલબલોયાં ને બ્રેસલેટ પહેરે છે. પગમાં સાંકળાં, કડલાં, કાંબિયું, બેડિયું, બાજરિયું, ઝાંઝરિયું, અંગૂઠે અંગૂઠિયાં, સવિટિયા કબૂતરી ને પગે અણવટવીંછિયાં પહેરે છે.



**મેર સ્ત્રીઓનાં ઘરેણાં :** પોરબંદર પંથકની મેર નારીઓ ડોકમાં સોનાનાં ઝૂમણાં, દવાસર, મોહનમાળા, પાવલારખી, કાનમાં વેડલાં, શિશોરિયાં, કોળિયાં, પાંદડિયું, હાથમાં સરલિયા, કરંડિયા, ચૂડ, પગમાં કાંબીકડલાં ને અણવટ વિછિયાં પહેરે છે. જ્યારે મેર કન્યાઓ કાનમાં ઝૂમક, મોતીની વાળિયું, ડોકમાં હાંસડી ને હુલર પહેરે છે. કચ્છી જતનારીઓ નાકમાં નથ, વીટો,

સોનાની ભૂલ્લી, ગળામાં ચાંદીની હંસી (હાર), કાનમાં નસવી, કુરલો, અલ્લોલક, વાલા, હાથમાં મંગલી (વીંટી), પગમાં કળી અને પાંતી પહેરે છે.



**ઉત્તર ગુજરાતની આદિવાસી સ્ત્રીઓનાં ઘરેણાં :** બનાસકાંઠાની આદિવાસી સ્ત્રીઓ પગમાં કડલાં, અંગૂઠી, પગપાન, કેડે પાતળી સાંકળી ઝૂલવાળો કંદોરો, હાથમાં મૂઠિયાં પાટલા, ગજરા, કાતરિયા, કાંકણી, ચૂડી, ચૂડો લૂંગડીચૂડી, હાથની આંગળિયોમાં વેઢ, વીંટી, હાથપાન અને ડોકમાં સોનાની કંઠી, વજ્જર, ટીકડી, સાંકળી, હાર, કંઠી, મૂઠ, વાલ્લી, હેડકી, હાંસડી વગેરે પહેરે છે. જ્યારે કાનમાં વેડલાં, ડોરણાં, વાળી, ઝુમ્મર, એરિંગપત્તી સાથે દામણી અને ટીકો પહેરે છે.




**કચ્છી કોળીનાં ઘરેણાં :** કચ્છી કોળીઓ પગમાં રૂપાનું કડું, ચાંદીની સાંકળી અને ઘુઘરિયાળા બટનનો સેટ, કાનમાં કાચની ભૂંગળીઓ પહેરે છે. જ્યારે કોળણો ગળામાં હાંસડી, કાનમાં વેડલાં, પગમાં કાંબી - કડલાં, હાથમાં વીંટી, કાનમાં મોટિયું, પુખનળી અને ચાંદીનો ભારે વેડલો પહેરે છે. સૌરાષ્ટ્રના તળપદા, ઘેડિયા અને ચુવાળિયા કોળીઓની સ્ત્રીઓ કાંબી, કડલાં, બલોયાં, આંગળાના ચાપ ને વેડલા, પગની આંગળિયુંમાં મોર, ઠોળિયાં, ગળામાં રામનોમી, ટુંપિયો અને હાર પહેરે છે. જ્યારે ઝાલાવાડી કોળી સ્ત્રીઓ ગળામાં કોહરી, પારો ને નાકમાં સોનાનું ફૂલ પહેરે છે.

**રબારણોનાં ઘરેણાં :** ઉત્તર ગુજરાતની રબારણો કાનમાં લોળિયાં, પગમાં તરેડિયાં, ઝાબા, માદળિયાં, કણકી, ઘૂલર, ઝાંઝર, પગપાન, ડોકમાં ટુંપિયો, પૈહાર, ઝૂમણું, દોરો, પગલાં અને હાથમાં ચાંદીનો મોટો ચૂડો પહેરે છે. કચ્છી રબારણો જોતર, ઠોળિયાં, વેડલા, આંટીવીંટી, અંગૂઠિયા, કરચરડાં, કાતરિયા અને રૂપાની ચૂડી પહેરે છે. જ્યારે ભાલપ્રદેશની ભરવાડણો પગમાં કાંબીકડલાં, રૂપાના કરડા, કણસુ, અંગૂઢી, ખોલેરિયું, ફલિયું, કાનમાં વેડલા, પોખવાની, કોકરવા, ડાળ્યું, પાંદડિયા, અકોટા, કણંદિયો, નાકે નથડી ને હાથે હાથીદાંતનાં બલોયાં પહેરે છે.

**સૌરાષ્ટ્રની નારીઓનાં ઘરેણાં :** ગુજરાતની રાજપૂત, ગરાસિયા અને કણબી સ્ત્રીઓ ડોકમાં રામનોમી, પાંદડિયાળો હાર, ઝરમર, કાનમાં કાંપ, ઠોળિયાં, કોકરવાં ને વેડલાં પહેરે છે. હાથમાં દરશનિયાં ને ગુજરિયાં પહેરે છે. બાવડે લોકિટ કે કડું પહેરે છે. પગમાં સોના-ચાંદીના છડા, ઝાંઝરી, બેડિયું, સાંકળાં ને કાંબીકડલાં પહેરે છે.



**આદિવાસી નારીઓનાં ઘરેણાં :** પંચમહાલની આદિવાસી સ્ત્રીઓ ગળામાં કીડિયાની છીડ, તોરણિયું, હાંસડી, સાંકળું, કાનમાં રૂપાના લોળિયાં, વેડલાં મેદલી, હાથ પર કાથીની પીટડિયો, ઝેલા, ગોળિયા, કરવાંદી ઉપરાંત વીંછિયા, પાવળિયા, કડલાં, લંગર, તોડા, લોંઢિયા, ગુજરિયા, કાંકણા, ચૂડિયા, વીંટિયા વગેરે પહેરે છે. ચોધરા અને ગામીત આદિવાસી પુરુષો કાનની લારીમાં રૂપાની ચૂડિયો પહેરે છે. ગામીત સ્ત્રીઓ ધોળા પથ્થરની સેરો બનાવીને ગળામાં પહેરે છે. કુંકણા કોમની સ્ત્રીઓ પાવલી કે અડધાના સિક્કાની ગાંઠી બનાવીને ગળામાં પહેરે છે. કાનમાં બોરિયુડુલ, ખૂટલા, નાકમાં ફૂલકી અને પગમાં ઝાંઝર પહેરે છે. આમ પ્રાચીનકાળથી ચાલી આવેલી ઘરેણાં પહેરવાની પ્રથા ઘરેણાંના ઘાટઘૂટમાં થોડા ફેરફારો સાથે લોકજીવનમાં આજેય એવી ને એવી જળવાઈ રહી છે.

**લોકનારીનો આગવો શણગાર-છૂંદણાં :** લોકજીવનને વારસામાં જે સૌંદર્યલક્ષી સંસ્કારો મળ્યા છે તેમાં છૂંદણાંના કલાસંસ્કારનો સમાવેશ થઈ જાય છે. છૂંદણા પડાવવા એને સૌરાષ્ટ્રમાં ત્રાજવડાં ત્રોફાવવાં એમ પણ કહે છે. કારડિયા, સથવારા, ચારણ, ભરવાડ, રબારી, કોળી, આયર, મેર, રખેહર સ્ત્રી-પુરુષો હાથે પગેને મોઢે રૂડારૂપાળાં છૂંદણાં પડાવે છે.

શરીરના વિવધ ભાગો પર છૂંદણાં છૂંદાવાની આગવી કળા સૌરાષ્ટ્રની દેવીપૂજક કોમની સ્ત્રીઓ સાચવીને બેઠી છે. તેઓ કુલડીમાં બીયાના લાકડાના કટકા પલાળીને તેનું પાણી, તાવડીની મેશ અને સોય ભરાવેલું મલોખું લઈ કુંવારી કન્યાઓને હાથે, ડોકે, મોઢે, પગે સુંદર મજાના છૂંદણાં પાડી આપે છે. ભરવાડ સ્ત્રીઓ પગની પાનીથી માંડીને ઢીંચણ સુધી, હાથની આંગળિયુંથી માંડીને કોણી સુધી અને ડોકથી લઈને મોં અને કપાળ સુધી છૂંદણાં છુંદાવે છે. ભરવાડ સ્ત્રીઓનાં છૂંદણામાં ગોપ સંસ્કૃતિના પ્રતીકો ડેર, ગાય, જોતર, લાડવો, દાણા, કાવડ, વાવ, દેરડી જોવા મળે છે. ધાર્મિકવૃતિના પુરુષો હાથે હનુમાન જયંતિ , વેણું વગાડતો કાનુડો, શંકર-પાર્વતી, શ્રીરામ, અંબાજી, લક્ષ્મીજી, વીંછી, સાપ, સૂરજ વગેરે પડાવે છે. મંત્રતંત્ર અને વશીકરણ કે મેલી વિદ્યાના જાણકારો છાતી પર અને હાથે નરમૂંડનું છૂંદણું ત્રોફાવે છે.

આદિવાસીઓમાં પણ છૂંદણાનો સંસ્કાર જોવા મળે છે. તેઓ માને છે કે છૂંદણામાં સંમોહન શક્તિ રહેલી છે. ભાતીગળ છૂંદણાથી શોભતા શરીરવાળી કન્યા યુવકને સરળતાથી આકર્ષી શકે છે. છૂંદણાવાળી છોકરી પ્રેમમાં કદી વિશ્વાસઘાત કરતી નથી. છૂંદણાં વિશે લોકસમાજમાં અનેક માન્યતાઓ જોવા મળે છે. એમ કહેવાય છે કે, છૂંદણાં પડાવનાર સ્ત્રી કદી વંધ્યા રહેતી નથી. માનવીના મૃત્યુ પછી છૂંદણાં એને વૈતરણી તરવામાં મદદરૂપ થાય છે. જેના હાથે-પગે છૂંદણું હોય એને ઝેરી જનાવર કરડતા નથી. જે સ્ત્રી-પુરુષના હાથે રવૈયાનું છુંદણું ત્રોફાવેલું હોય તેને




ત્યાં અખંડ દૂઝણું રહે છે. એવી લોકમાન્યતા પ્રચલિત છે.


**નારી હૃદયના ઉલ્લાસનો રંગ-મેંદી :** પ્રાચીનકાળથી લોકનારીઓ જેમાં રાતારતુંબલ રંગ ઉપર વારી ગઈ છે એવી મેંદી એ લોકનારીનું સહજ પ્રાપ્ત એવું પ્રાકૃતિક સૌંદર્યપ્રસાધન છે. કોઈ પણ માંગલિક પ્રસંગની ઉજવણી મેંદીના કસુંબલ રંગ વગર અધૂરી જ લાગે. સંસ્કૃત સાહિત્યમાં મેંદીનો ઉલ્લેખ 'મદન્તીકા' અને શબ્દકલ્પદ્રુમમાં 'મેન્ધિકા'ના નામે થયો છે. રીતિકાલીન કવિઓએ નારીના સોળ શણગારોમાં મેંદીને પણ મૂકી છે. મેંદી હિંદુઓમાં જેટલી જાણીતી છે એના કરતાં મુસ્લિમોમાં વધુ જાણીતી છે. લગ્નપ્રસંગે કન્યાની હથેળીમાં અને પગ પર મેંદીની ભાતીગળ ભાતો પાડવામાં આવે છે. આમ મેંદી પરણનાર કન્યાના સૌભાગ્યની આકાંક્ષાને અભિવ્યક્ત કરતું પ્રતીક છે. લગ્નપ્રસંગે મુકાતી મેંદીનો રંગ કન્યાના હાથમાં જેટલો સારો ઊઘડે તેટલો દંપતી વચ્ચે ગાઢ પ્રેમ જળવાઈ રહે છે એવી લોકમાન્યતા પણ જાણીતી છે.

કુંવારી કન્યાઓ મેંદીની ભાતીગળ ભાતમાં ભાવિ પ્રણયના સોનેરી સ્વપ્નો જુએ છે. નવોઢા નારી મેંદીના કસુંબલ રંગમાં પ્રિયતમનો પ્યાર, સ્નેહ અને બાળપણની યાદો નિહાળે છે. પ્રૌઢ નારીઓ મેંદીના ગૂઢા રંગમાં વિતેલા યૌવનની સુખદ સ્મૃતિઓનો સળવળાટ જુએ છે.


**કેશગૂંથનની આગવી કલા :** ગુજરાતમાં વસતી તમામ જાતિની સ્ત્રીઓ પાસે કેશ-ગૂંથનની આગવી કલા જોવા મળે છે. સૌરાષ્ટ્રની માલધારી સ્ત્રીઓ માથામાં ઘી નાખી પાટી પાડીને વાળ ઓળે છે. સૌભાગ્યવતી નારીઓ સેંથો પાડીને પાંથી પાડે છે. જ્યારે નાની દીકરિયું મીંડલાં લઈને માથું ઓળે છે. કાંગસિયા, વણઝારા અને મારવાડી સ્ત્રીઓ કકરી લઈને માથું ઓળે છે. ભાલપ્રદેશની ભરવાડ સ્ત્રીઓ માથું ઓળીને વચ્ચે રૂપાળા પાન લે છે. આદિવાસી સ્ત્રીઓ પોતાની આગવી ઢબે માથું ઓળી વાળમાં પિત્તળ કે ચાંદીના તાર ગૂંથી માથામાં ફૂલો, રંગીન પારા, મોતી







ખોજાઓમાં પ્રચલિત મેંદીની પાનવેલની ભાત; ઘરેણાંની ભાત



હાથમાં મુકાતી મેંદીની ચોકડી, ફૂલ અને પાનની ભાત

કે કોડિયુંની સેરો નાખે છે. કેશગૂંથનની આ કલા નારીના રૂપને રૂડપ આપનારી બની રહે છે.

લોકનારીઓ માથાના વાળની એવી સરસ માવજત કરે છે કે ઘડપણ આવતા સુધી વાળ ધોળા થતા નથી. માથામાં નાખવા માટે દેશી વનસ્પતિઓનું ધૂપણું નાખીને ભઠ્ઠીમાં ધૂપેલ પાડે છે. દીકરી સાસરે જાય ત્યારે માતા હોંશભેર ધૂપેલની કૂંપલી સાથે જ આપે છે.

**આંખ અને દાંતનું સૌંદર્ય :** વારતહેવારે ભાતીગળ વસ્ત્રો પહેરી ફૂલફટાક થઈને ફરનારી લોકનારીઓ આંખ, દાંત અને નખના રૂડા રૂપની માવજત પણ સરસ રીતે કરી જાણે છે. સ્ત્રીઓ અણિયાળી આંખોમાં મેશ આંજે છે. ભરવાડ અને દેવીપૂજક કોમની સ્ત્રીઓ રાતી મેશ આંજે છે.


પોતાના રૂપાળા બાળકને નજર ના લાગી જાય એ માટે કપાળે મેશનો મસો (ટપકું) કરે છે. હોંશિલી સ્ત્રીઓ કોડિયામાં દિવેલ પૂરી રૂની જાડી વાટમાં અજમો ભરી વાટને સળગાવી તેના પર ચારણી કે કાંસાની થાળી ઊંધી વાળીને મેશ પાડે છે. મેશને ચીમડો અને ગાયના ઘીમાં કાલવી તેમાં કપૂર, બરાસ વગેરે નાખી સુગંધીદાર મેશ તૈયાર કરે છે. આ મેશ આંખોને ઠંડક આપી







જમણા પગ ઉપર મારવાડી ઢબે મુકાયેલ 'દસાડીવેલ' અને ડાબા પગ પર ખટબૂજાની વેલ





આંખોનું રૂપ, તંદુરસ્તી અને તેજ વધારે છે.

સૌરાષ્ટ્રમાં જૂના જમાનામાં સોંઘા નામનો ધૂપ ઘરોઘર બનતો. આ ધૂપ લેપ કરવા માટે વિશેષ વપરાતો. આ લેપનો ઉપયોગ લોકજીવનમાં આંખોની ભમરો ખેંચવામાં, ગાલ પર બિંદી કરવામાં અને વાળમાં કરવામાં આવતો. આજે તો આ ધૂપ ભૂલાઈ ગયો છે. લોકસમાજની કોડિલી કન્યાઓએ મેંદી વડે રૂપાળા હાથોની, મેશ વડે આંખોની માવજત કરી છે તેમ મજીઠથી દાંત રંગીને એની પણ માવજત કરી છે. લગ્ન પહેલાં મજીઠ વડે કન્યાના દાંત રંગવામાં આવતાં. આથી દાંતની પીળાશ અદશ્ય થઈ જતી અને દાડમના દાણા જેવા દાંત મોંનું સૌંદર્ય વધારતા. આ રિવાજ આજે તો સાવ વિસરાઈ ગયો છે. રાજપૂત ગરાસિયા સ્ત્રીઓ દાંત પર સોનાની રેખું જડાવે છે. તેઓ મલકાઈને વાત કરે છે ત્યારે દાંતની રેખુ એનું આગવું વ્યક્તિત્વ ઊપસાવે છે. આમ લોકજીવનમાં વસ્ત્રાભૂષણ અને સૌંદર્યપ્રસાધનની આગવી સૂઝ-સમજ અને કળાનું અનેરું દર્શન થાય છે. ■■■





# લોકઉત્સવો અને પર્વોની સાંસ્કૃતિક પરંપરા



મહાકવિ કાલિદાસે અભિજ્ઞાન શાકુંતલમાં સાચું જ કહ્યું છે કે, 'ઉત્સવ પ્રિયાઃ ખલુ જનાઃ' માનવીને ઉત્સવ અત્યંત વહાલો છે. વિવેકયુક્ત ઉત્સવ ધર્મરક્ષક અને ભાવનાપોષક છે. માનવજાતને સાર્થક કરે એનું નામ ઉત્સવ. ઉત્સવ એટલે આનંદ અને ઊર્મિનો ઊભરો. દુનિયાની કોઈ પણ પ્રજા ઉત્સવવિહોણી નથી. લોકજીવનનું દૈવત એના સાંસ્કૃતિક લોકઉત્સવમાં દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતની સાંસ્કૃતિક એકતાનાં મૂળ લોકઉત્સવોમાં જ પડેલા છે.

**લોકોઉત્સવમાં ત્રણ સ્વરૂપો :** વ્રત, પર્વ અને તહેવાર એ લોકઉત્સવનાં ત્રણ વિભિન્ન સ્વરૂપો છે. સંયમપ્રધાન વ્રતો આધ્યાત્મિક ભાવનાથી ભરેલાં છે. માનવમાત્રના કલ્યાણ અર્થે યોજાયાં છે. જ્યારે પર્વ એ ઉત્સવનો બીજો પ્રકાર છે. વ્રતો લોકનારીઓ એકલી પણ કરે છે અને સમૂહમાં પણ કરે છે. જ્યારે પર્વની ઉજવણી હરહંમેશ સામૂહિક સ્વરૂપે જ થતી જોવા મળે છે. તેથી જ મેળા અને પર્વોનો સંબંધ તીર્થસ્થળોની સાથે વધુ નિકટનો હોવાને કારણે જ એની આગવી વ્યાપકતા અને ભવ્યતા જોવા મળે છે. લોકઉત્સવનો ત્રીજો પ્રકાર તે તહેવારો છે. વ્રતો અને પર્વો કરતાં તહેવારોમાં ભોજન, હાસ્ય અને મનોરંજનની માત્રા વધુ જોવા મળે છે. લોકસમાજમાં વ્યાપક બનેલાં વ્રતો, પર્વો અને તહેવારો વચ્ચે ભેદરેખા આંકવી અત્યંત મુશ્કેલ બને છે. પર્વો લોકોની સમૂહશ્રદ્ધાથી પ્રચલિત થયાં છે. તહેવારો પ્રકૃતિ અને પરિસ્થિતિ પ્રમાણે માનવહૃદયમાં ઊભરાતા આનંદોલ્લાસમાંથી સ્વયં પ્રગટ થયા છે; પણ ત્રણેયમાં એક-બીજાના અંશો ઓતપ્રોત થયેલા જોવા મળે છે. એથી આપણે અહીં બધાને લોકઉત્સવો કે તહેવારો તરીકે ઓળખીશું.

**આનંદ સાથે સંયમનું સંયોજન :** લોકઉત્સવની પ્રણાલિકા ઋતુઓના રંગો સાથે ગાઢ સંબંધ ધરાવે છે. હોળી અને વસંતપંચમી એ ઋતુઓનો રંગોત્સવ છે. દિવાળી એ નવી ફસલનો ઉત્સવ છે. દશેરા એ પ્રસંગનો ઉત્સવ છે. રક્ષાબંધન અને ભાઈબીજ એ ભાવનાનો ઉત્સવ છે. મેળા એ ફુરસદના ઉમંગનો ઉત્સવ છે. જન્મ, લગ્ન અને મૃત્યુ પ્રસંગના ઉત્સવો એ કૌટુંબિક કે જ્ઞાતિના ઉત્સવો છે. જ્યારે નવરાત્રિ, જન્માષ્ટમી એ શક્તિ કે ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરવાના ઉત્સવો છે. આમ ધર્મની સાથે જોડાયેલા લોકઉત્સવો માનવીનો થાકોડો ઉતારીને એના હૈયાને હળવુંફૂલ બનાવી દે છે. લોકજીવન પર ઉત્સવોનો આ ઉપકાર કેટલો છે? લોકઉત્સવોને ધર્મનો રંગ લાગ્યો હોવાથી ઉત્સવોનો આનંદ મર્યાદાની લક્ષ્મણરેખા કદી ઓળંગતો નથી. ધર્મસંસ્કારોને કારણે લોકસમાજમાં આનંદની સાથે સાથે આપોઆપ સંયમ આવે છે.

**ઉત્સવ અળગા પડેલાને એક કરે છે :** લોકઉત્સવો લોકજીવનનું મહત્ત્વનું અંગ બની રહ્યા છે. આ ઉત્સવો નાત-જાત, ગરીબ-તવંગર કે ઊંચ-નીચના ભેદભાવ વગર સૌ સાથે મળીને



ઊજવે છે. કોઈ કારણસર અળગા પડેલાને એક કરે છે, સમૂહમાં ખેંચી લાવે છે. એકલા પડેલા માનવીના હૃદયમાં રમતા દુઃખને ખંખેરી નાખે છે. જૂના વેર-ઝેર, કલેશ અને રાગદ્વેષ ભૂલી જઈ સૌ એક બની ઉત્સવનો આનંદ માણે છે. ઉત્સવો વ્યક્તિ અને કુટુંબ વચ્ચેની કડીને વધુ મજબૂત બનાવે છે.

**કળાભાવના ખીલવતા ઉત્સવો :** લોકઉત્સવ એકલો આનંદ જ નથી આપતા પણ માનવીને ઈશ્વર તરફ અભિમુખ કરે છે અને લોકજીવનમાં કળાભાવનાને ખીલવે છે. ઉત્સવો પ્રસંગે શેરીઓ સ્વચ્છ બને છે. ઘરનાં આંગણાં સોહી ઊઠે છે. દેવોને શણગારો ચડે છે. કળામય રીતે દીપ પ્રગટાવાય છે. ઘેરઘેર રંગોળી, સાથિયા ને પ્રતીકચિત્રો આલેખાય છે. ઘર અને બળદોને ભાતીગળ ભરતચિતરથી શણગારવામાં આવે છે. ચોકમાં કે શેરીઓમાં ગરબા, રાસ, હીંચ, હમચી જેવાં નૃત્યો યોજાય છે.

**નવા અન્નનો ઉત્સવ હોળી :**

**'ગામને પછવાડે લીલી લીંબડી રે લોલ**
**લીંમડીનાં મોટેરાં પાન મુજા વાલમજી લોલ**
**ફાગણ મહિને હોળી હેલો રે લોલ.'**

ફૂલફટાયો ફાગણ એ શૃંગાર, મસ્તી અને ઋતુસૌંદર્યનો લોકત્સવ છે. ઋતુપરિવર્તનનો રંગોત્સવ એટલે હોળીનો તહેવાર. ફાગણ એ ઋતુસંધિનો મહિનો ગણાય છે. આ માસમાં શિશિર અને વસંતનું મિલન થાય છે. આપણા કૃષિપ્રધાન દેશમાં બે પાક લેવાય છે. એક દિવાળી પર અને બીજો હોળી પર. હોળી પ્રસંગે ખેતરો અને ખળાં નવાં ધાન્યથી છલકાઈ ઊઠે છે. હોળીની સાથે ભક્ત પ્રહલાદ અને હોળિકાની પૌરાણિક કથા ભલે ગૂંથાઈ ગઈ હોય પણ હોળી એ તો 'નવાન્નેષ્ટિ' નામના પ્રાચીન યજ્ઞનું પરિવર્તિત સ્વરૂપ જ છે. આર્ય પ્રણાલિ અનુસાર દેવોની સમક્ષ



ભોગ ધરાવ્યા વિના કોઈ વસ્તુ ઉપયોગમાં લેવાતી નથી. નવાન્નેષ્ટિ એટલે શેકેલા અનાજની અગ્નિમાં આહુતિ આપવી. સંસ્કૃતમાં શેકેલા અન્નને 'હોલક' કહે છે એ હિન્દીમાં હોલી કહે છે. વિદ્વાનો માને છે કે હોળીનો યજ્ઞ નવા પાકના ધાન્યનો દેવોને બલિ આપવાના ઉદ્દેશથી કરવામાં આવે છે. 'વ્રતરાજ'માં નોંધાયું છે કે, 'દુષ્ટોનો વિનાશ કરવા તેમ જ સર્વ રોગોની શાંતિકાજે ફાગણ સુદ પૂનમે બ્રાહ્મણો જે હવન કરે છે એ જ હોળી છે.' હોળી એટલે વસંતઉત્સવ પણ ખરો જ. વસંતના યૌવનનો ઉલ્લાસ તો હોળી પ્રસંગે જ જોવા મળે છે. પ્રાચીન કાળમાં વસંતના આગમનને વધામણાં આપવાં જે યજ્ઞ કરવામાં આવતો તેની ઉજવણી હોલિકોત્સવના પ્રતીકરૂપે શરૂ થઈ હોવાનું મનાય છે.

ફાગણ સુદ પૂનમના દિવસે ગુજરાતના ગામેગામો હોળી પ્રગટાવવામાં આવે છે. ગામ લોકો હોળીમાતાનાં દર્શન કરી હોળીમાં ધાણી-ચણા ને ખજૂર નાખે છે. નવા પરણેલા વરરાજા હોળી ફરતાં પાંચ આંટા ફરી પાણીની ધારાવાળી કરી હોળીમાં નાળિયેર હોમે છે. ખેડૂતો હોળીની ઝાળે કડબનો પૂળો અડાડીને ઘેર લઈ જાય છે. એમ કહેવાય છે કે, આથી જાનવરોમાં રોગચાળો આવતો નથી. અનુભવીઓ હોળીનો પવન જોઈ, આવતા વરસના વરસાદના વરતારા કાઢે છે. જુવાનડા હોળી ફરતા ઊભા રહી દુહાને રામાવળાની રમઝટ બોલાવે છે તો કોઈ હોળી કૂદવાની શરતો બકે છે. હોળી પ્રસંગે સૌરાષ્ટ્રના કારડિયા રાજપૂતો આંબલી કાઢવાની રમત રમે છે. મેર લોકો પણ આ પ્રસંગે મર્દાનગી ભરી રમતો રમે છે.

**ખેડૂતોનો માનીતો ઉત્સવ-અખાત્રીજ :** વૈશાખ સુદ ત્રીજના દિવસે આવતી અખાત્રીજ એ ગુજરાતના ખેડૂતોનો માનીતો લોકઉત્સવ છે. આ દિવસે ખેડૂતો પોતાના બળદો અને ઢોરને શણગારે છે અને ખેતરમાં હળ હાંકી નવા વરસનું મુહૂર્ત કરે છે. આ પ્રસંગે ગામને પાદર ખેડૂતો સાંતી દોડાવે છે. જેનું સાંતી આગળ આવે એને ગામના મુખી પાઘડી બંધાવે છે. અખાત્રીજ એટલે અક્ષયતૃતીયા. આ દિવસે શુભકાર્ય મુહૂર્ત જોવાનું જ હોય જ નહીં. કારણ કે :



**પૂનમનો પડવો ને અમાસની બીજ:**
**વણમાગ્યું મુહૂર્ત તેરશ ને ત્રીજ.**

પંચમહાલ, સાબરકાંઠા ને ડાંગના આદિવાસીઓ વસંતનો ઉત્સવ અખાત્રીજ સુધી ઊજવે છે. ગુજરાતના કાયસ્થો આ દિવસે બાજોઠ ઉપર મહાવત સહિતનો માટીનો હાથી મૂકી ઘઉંની કુલેર અને શાકભાજી ધરાવીને ઉજાણી કરે છે ને ઉત્સવ ઊજવે છે. શ્રદ્ધાળુઓ બ્રાહ્મણોને દાન આપે છે. અખાત્રીજના દિવસે પવન જોઈને અનુભવીઓ વરસ અને વરસાદના જોગ જુએ છે. એની સાખીઓ લોકજીવનમાં ખૂબ જ જાણીતી છે :

**ઉત્તર દરિયા અમૃતભરિયા,**
**નદીએ નીર ન માય;**
**અખાત્રીજની પહેલી ઘડી,**
**ઉત્તર વાયુ સુ વાય.**

**નાગપાંચમ :** આર્ય અને નાગજાતિઓના સમન્વયને અમરત્વ આપતો શ્રાવણ વદ પાંચમનો ઉત્સવ ગુજરાતભરમાં નાગપાંચમ તરીકે ઊજવાય છે. રાત-દિવસ અસૂરસવાર સીમશેઢે રખડતા ખેડૂતો અને માલધારીઓ માને છે કે નાગદાદા પોતાનું અને પોતાનાં ઢોરઢાંખરનું રક્ષણ કરે છે.

નાગની સાથે લોકનારીઓની શ્રદ્ધા પ્રબળ રીતે જોડાયેલી જોવા મળે છે. આ દિવસે ઘેરઘેર નાગ-દાદાની પૂજા કરવામાં આવે છે. નારીઓ નાગપંચમીનું વ્રત કરી પાણિયારે નાગનાગણીઓનાં જોડાં કે નવકુળ નાગનું આલેખન કરે છે. ઘીનો દીવો કરી બાજરાના લોટની કુલેર અને ફણગાવેલા મગનો પ્રસાદ કરે છે. ગામને પાદર ચરમાળિયાના દહેરે જઈને તલવટ (ખાંડેલા તલના લાડુ) ધરાવે છે. વઢવાણ પાસે ચોકડી ગામમાં અને થાનમાં વાસુકીનાગના મેળાઓ ભરાય છે. ભૂજમાં આ દિવસે ભુજંગદેવની સવારી નીકળે છે.

**શીતળા સાતમ :** અખંડ સૌભાગ્ય અર્થે તેમ જ સંતાનના ક્ષેમકુશળ માટે સ્ત્રીઓ શ્રાવણ વદ સાતમના દિવસે શીતળામાની પૂજા કરે છે. લોકજીવનમાં શીતળામાની પૂજા મધ્યકાળથી થતી આવી છે. શીતળા સાતમ એ શીળીસાતમના નામે પણ જાણીતી છે. આ દિવસે સ્ત્રીઓ ચૂલા ઠારી નાખી, લીંપીગૂંપી અંદર આંબો (કપાસના છોડવા) રોપે છે.

આ દિવસે ગામની ગોરાણી કે રાવળાણી માટીમાંથી શીતળામાની મૂર્તિ બનાવી એને કોડિયુંની આંખો કરી જુવાર અને ચણાની દાળના મંડન કરે છે. પછી ચૂંદડી કે પામરી ઓઢાડી તળાવની પાળે પીપળા કે બોરડીના ઝાડ નીચે અથવા મંદિરના ચોકમાં લઈને બેસે છે. ગામની નારીઓ માથાબોળ નાહીને નીતરતી લટે કુલેર, નાળિયેર ને ઘીનો દીવો લઈ શીતળામાની પૂજા કરવા જાય છે. આ પ્રસંગે ગામની ગોરાણી પાસે શીતળામાની અને સદડિયાની વાર્તા સાંભળે છે.




**ગોકુળ આઠમ :** શ્રાવણ વદી આઠમ એ જ ગોકુળ અષ્ટમી. આ તહેવાર જન્માષ્ટમીના નામે વધુ જાણીતો છે. જન્માષ્ટમી એટલે લોકનાયક ભગવાન શ્રીકૃષ્ણની જન્મજયંતી. કૃષ્ણ જન્મનો ઉત્સવ આહીરો સૌરાષ્ટ્રમાં આવ્યા ત્યારથી આરંભાયો છે. ગોપસંસ્કૃતિનો આ ઉત્સવ રાધાકૃષ્ણની રસમસ્તીનું સ્મરણ કરાવે છે.

જન્માષ્ટમીનું પરબ આવતાં લોકો જીવનનો થાક વીસરી જઈને મોકળા મને આનંદ મનાવે છે ને ગાય છે. એમાંયે જો મેહુલો મન મૂકીને વરસી ગયો હોય તો પછી પૂછવું જ શું? ચોરે ને ચૌટે દાંડિયારાસ, ગરબા ને ગરબીઓની રમઝટ બોલે છે. વચ્ચે ઢોલી ઘડીકમાં હીંચ તો ઘડીકમાં ચલતી વગાડે છે. રાસડાની રમઝટ બોલે ત્યારે ધરતી ધ્રોફટ ધ્રૂજવા માંડે છેઃ

**'એક કણબણ બાળકુંવારી,**
**ધોળાં વસ્તર પે'રે બાઈ,**
**કાનજી મા'રાજે હઠ લીધી,**
**ઈ કણબણ પરણાવો બાઈ.'**

જન્માષ્ટમી એ રબારી અને ભરવાડનો મોટો ઉત્સવ ગણાય છે. શ્રીકૃષ્ણ કે ઠાકોરજીના મંદિરે મેળો ભરાય છે. દૂરદેશાવરથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને ભરવાડ, ભરવાડ સ્ત્રીઓ અને રબારીઓ મેળો મહાલવા ઊમટી પડે છે.

આ દિવસે સ્ત્રીઓ આઠમનો ઉપવાસ કરે છે. રાત્રી વેળાએ શ્રીકૃષ્ણનાં મંદિરોમાં કૃષ્ણજન્મનો ઉત્સવ ઊજવાય છે. મંદિરમાં પારણું બાંધવામાં આવે છે. ભક્તો ભેગા થઈને ભજન કરે છે. રાતના બાર વાગ્યે શ્રીકૃષ્ણના જન્મ પ્રસંગે સ્ત્રીઓ કૃષ્ણ જન્મનાં ગીતો ગાઈ ભગવાનને વધામણી આપે છે. આ પ્રસંગે પંચાજીરી ને નાળિયેરનો પ્રસાદ વહેંચાય છે.

**શક્તિની ભક્તિનો ઉત્સવ-નોરતાં :** લોકજીવનમાં શક્તિપૂજાનું સ્થાન ઘણું મહત્ત્વનું રહ્યું છે. નવરાત્રી એટલે શક્તિની ભક્તિનો ઉત્સવ. નવરાત્રીનો ઉત્સવ લોકજીવનમાં નોરતાંના નામે જાણીતો છે. નોરતાં એટલે દૈવીશક્તિનો આસૂરી શક્તિ પરના વિજયનો ઉત્સવ. નવરાત્રી એ નવાં ધનધાન્યનો પણ ઉત્સવ છે. ધાન્ય એ જીવનની શક્તિ ગણાય છે. તેથી નવરાત્રીને કૃષિઉત્સવ પણ કહી શકાય.

નોરતાં એ માતૃશક્તિની પૂજાનો ધાર્મિક લોકઉત્સવ છે. શક્તિ એ નારી છે. નારી સૂર્યની જેમ શક્તિનું આદ્યસ્વરૂપ છે. સ્ત્રી સર્જક છે. સંવર્ધક છે, સંયોજક છે, સુશોભક છે તેથી સ્ત્રીશક્તિ માતા સ્વરૂપે પૂજનીય અને વંદનીય બની રહી છે. માતા જન્મ આપે છે એટલું જ નહીં પણ આસૂરી તત્ત્વોથી રક્ષણ આપે છે. લોકમાતા દરેક સ્વરૂપમાં દાતા છે. માતા જ માનવીને જીવવા માટેની ઉષ્મા, પ્રેરણા, આરોગ્ય, ઘી, દૂધ અને ધનધાન્ય આપે છે, એવી લોકશ્રદ્ધા જાણીતી છે.

નોરતાંની નવ દેવીઓ ગણાય છે. પહેલા નોરતાની શૈલપુત્રી, બીજાની બ્રહ્મચારિણી, ત્રીજાની ચંદ્રઘંટા, ચોથાની કુષ્માંડા, પાંચમાની સ્કંદમાતા, છઠ્ઠાની કાત્યાયની, સાતમાની કાલરાત્રી,

આઠમાની મહાગૌરી અને નવમાની સિદ્ધિદાત્રી. આ નવે દિવસ નવ કુમારિકા દેવીઓની પૂજા થાય છે. નવરાત્રીના દિવસો દરમિયાન ભાવનાં પ્રતીકો દ્વારા નવદુર્ગાનું સ્થાપન, પૂજન અને વ્રત કરવામાં આવે છે. દુર્ગાદેવીનું સ્થાપન યંત્ર દ્વારા, છિદ્રોવાળા ગરબામાં ઘીનો દીવો પ્રગટાવીને, બાજઠ ઉપર કેળનાં પાન કે પોયાં બાંધી, ફરતું રેશમી વસ્ત્ર વીંટી માંડવીના શિખર માથે અરીસો બાંધી, કૂંડામાં માટી નાખી ઘઉં કે જવના જવારા વાવી એમ ચાર પ્રકારે કરવામાં આવે છે. જવારા એ શરીરની પોષણશક્તિનું પ્રતીક છે. જ્યારે ગરબામાં મૂકેલો અખંડ દીપ એ માનવીમાં રહેલા કર્મોના સાક્ષીરૂપ આત્માનું પ્રતીક છે.

નોરતાંના નવે દિવસે વ્રત, ઉપવાસની સાથે સાથે ગરબા અને ગરબીઓથી ગુજરાતનાં ગામડાં ગૂંજી ઊઠે છે. તેથી જ ગરબા ગુજરાતનું આગવું સંસ્કાર અને કલાધન ગણાય છે. નોરતાં પ્રસંગે ગામડામાં રાજપૂત કોળી, કણબી વગેરે લોકો માતાજી, રામ-રાવણ, હનુમાનજી, ગાંધારી, ગાંગલી ઘાંચણ વગેરેના વેશો કાઢી ગામલોકોનું મનોરંજન કરે છે. પુરુષો ગામના ચોકમાં બૂંગિયા-ઢોલના અવાજ સાથે લાકડી અને તલવારો સમણે છે. આમ નવ નોરતાંનું પર્વ લોકો શ્રદ્ધા અને ભક્તિપૂર્વક ઊજવીને વિધવિધ પ્રકારે આનંદ માણે છે.

**વિજયનો ઉત્સવ- દશેરા :** મહિષાસુર રાક્ષસ પર દેવી દુર્ગાના વિજયનો ઉત્સવ એ જ દશેરા. આ તહેવાર વિજ્યાદશમીના નામે પણ જાણીતો છે. રામાયણ કહે છે કે, ભગવાન રામચંદ્રજીએ દશેરાના મુહૂર્તે રાવણ ઉપર ચડાઈ કરીને વિજય મેળવ્યો હતો. રામ અને રાવણનો સંઘર્ષ એ તો સનાતન સંઘર્ષ છે. અજ્ઞાન ઉપર જ્ઞાનના, અસત્ય પર સત્યના, પાપ ઉપર પુણ્યના અને દુરાચાર ઉપર સદાચારના વિજયનું પ્રતીક એટલે જ દશેરાનો ઉત્સવ. આમ દશેરા માનવીને દુર્વૃત્તિઓનો ત્યાગ કરી સદ્‌વૃત્તિઓનું આચરણ કરવાની પ્રેરણા આપે છે.

દશેરા એ આલમની અઢારે વર્ણનો ઉત્સવ છે. બ્રાહ્મણો દશેરાના દિવસે સરસ્વતીનું પૂજન કરી વિદ્યારંભ કરે છે. ક્ષત્રિયો પોતાનાં હથિયારો અને પશુઓનું પૂજન કરે છે. પ્રારંભમાં દશેરા એ કૃષિમહોત્સવ હતો. પાછળથી એનું સ્વરૂપ બદલાયું અને તે ક્ષાત્રમહોત્સવ બન્યો.

પ્રાચીનકાળમાં દશેરાના ઉત્સવની ઉજવણીના એક ભાગરૂપે રાજા-મહારાજાઓની સવારી નીકળતી. રાજાઓ શત્રુઓના મુલક ઉપર ચડાઈ કરી સીમોલ્લંઘન કરવા નીકળી પડતા. આજે કેટલાંક ગામડાંમાં ક્ષાત્રત્વના સંસ્કારના આ અવશેષો જળવાઈ રહ્યા છે. ક્યાંક ક્યાંક ગામડાના લોકો નવરાત્રી પ્રસંગે વાવેલા જવારા પાઘડીમાં ખોસી રંગબેરંગી કપડાં પહેરી હાથમાં હથિયારો લઈને સીમોલ્લંઘન કરવા નીકળી પડે છે. આ દિવસે ક્ષત્રિયો શમી (ખીજડા) વૃક્ષનું પૂજન કરી તેનાં પાંદડાં સોનું ગણીને અને વૃક્ષના થડની માટીને સુવર્ણ માટી માનીને ઘેર લઈ આવે છે. દશેરા પ્રસંગે ઘોડા દોડાવવાનો રિવાજ તો ગુજરાત અને સૌરાષ્ટ્રમાં હજુય જાણીતો છે.

**પ્રાચીન લોકઉત્સવ-દિવાળી :** દિવાળી એટલે ઝગમગતા દીવડાઓનું પર્વ. આ પર્વ સંસ્કૃતમાં 'દિપાવલી' અને પ્રાકૃતમાં 'દીવલિયા'ના નામે જાણીતું છે. દિવાળી એ ભારતવર્ષનો અતિ પ્રાચીન લોકઉત્સવ છે. પ્રારંભમાં આ ઉત્સવનું સ્વરૂપ ઋતુ-ઉત્સવના રૂપમાં રહ્યું હતું. સિંધુ સંસ્કૃતિના યુગમાં આ ઉત્સવ નૈસર્ગિકરૂપે ઊજવાતો. સમય જતાં એ કૃષિ ઉત્સવ બન્યો. ત્યાર પછી



એણે લોકઉત્સવનું સ્વરૂપ ધારણ કર્યું. ધાર્મિક ભાવના તો એમાં મોડેથી ભળી.

દીપોત્સવીનો તહેવાર એ ઐશ્વર્યની અધિષ્ઠાત્રી દેવી મહાલક્ષ્મીની પ્રસન્નતા માટેની પૂજાનું પણ પર્વ છે. શ્રી, શક્તિ અને સરસ્વતી એ ત્રણે મહાશક્તિઓનું આ પર્વ છે. દિવાળીનો ઉત્સવ ધનતેરસથી આરંભાય છે. ધનતેરશના દિવસે ધન (લક્ષ્મી)ની પૂજા કરવામાં આવે છે. દેવોના વૈદ્ય ધન્વંતરીનો આ જન્મદિવસ ગણાય છે. આ દિવસે સ્ત્રીઓ વહેલી ઊઠીને વડનાં પાંદડાંના પડિયા બનાવી અંદર દીવા પ્રગટાવી નદીઓમાં તરતા મૂકે છે. ધનતેરસે ગાયોના ધણની પૂજા અને દિવંગત પિતૃઓનું શ્રાદ્ધ કરવામાં આવે છે.

કાળી ચૌદસના દિવસે ખેડૂતો ઉકરડા ભરીને ખેતરમાં નાખે છે. શક્તિના પૂજકો અને ભૂવાઓ ભૂતને બાકળાં નાખવા જાય છે. ભૂવા રાતવેળાના સ્મશાનમાં જઈને સાધના કરે છે. નવા ભૂવાની સ્થાપના કરવામાં આવે છે. આ દિવસે આંખોમાં મેશ આંજવાનું મહત્ત્વ ઘણું મોટું છે. એના માટે એક કહેવત જાણીતી છેઃ

**'કાળી ચૌદસનો આંજ્યો,**
**ઈ નો જાય કોઈથી ગાંજ્યો.'**

ધનતેરસથી આરંભાતો આ લોકઉત્સવ દિવાળીએ તો પુરબહારમાં ખીલી ઊઠે છે. દિવાળીની સમી સાંજના કુંભાર ચાકડા પર મેરાયાં ઉતારે છે. ગામના છોકરાંઓ મેરાયાંમાં કપાસિયા નાખી તેલવાળો કાકડો પ્રગટાવી પોતાના ઢોરને મેરાયું બતાવે છે. કહેવાય છે કે એનાથી ઢોરમાં રોગચાળો આવતો નથી. કૃષિપ્રધાન સંસ્કૃતિનો આ સંસ્કાર છે. આ દિવસે વણઝારા અને ઠાકોર પોતાનાં ઢોરનાં શીંગડાં અને શરીર રંગે છે.

દિવાળીની સવારે ઘર આંગણાં સાફ થાય છે. રૂપાળી રંગોળી પુરાય છે. રાતના ઘરની બહાર દીવડા પ્રગટાવી લક્ષ્મીજીનું સ્વાગત કરાય છે. મંદિરો અને પીરના સ્થાનકે મેંદી (દીપમાળ) પ્રગટાવવામાં આવે છે. બેસતા વર્ષની વહેલી સવારે ગામડાની સ્ત્રીઓ ઘરમાંથી અળસ કાઢે છે. હાથમાં કાળું ફૂટેલું હાંલ્લું કે તાવડીના કટકા લઈ-

'અળસ જાય ને લક્ષ્મી આવે, અળસ જાય ને લક્ષ્મી આવે.'

એમ બોલતી બોલતી ઉકરડે નાખવા જાય છે. એમાં અળસ એટલે આળસ ને દરિદ્રતા જાય ને પુરુષાર્થ વડે ઘરમાં મહેનતની કમાણીની લક્ષ્મી આવે તેવી ભાવના વ્યક્ત થાય છે. આ દિવસે કુટુંબીઓ અને ગામલોકો પરસ્પર મળે છે અને નવા વર્ષના અભિનંદન પાઠવે છે. આમ દિવાળીનો ઉત્સવ માનવહૈયાંને જોડીને એમાં અંતરની અમીરાત પ્રગટાવનારો બની રહે છે.



**ઈન્દ્રરાજાની છડીનો લોકઉત્સવ :** ઈન્દ્ર એ વર્ષાના અધિષ્ઠાતા દેવ ગણાય છે. ભરૂચ જિલ્લાના ભોઈ લોકો મેઘરાજા ઈન્દ્રને દેવ માનીને તેમને પૂજે છે. અષાઢ સુદ દશમના દિવસે ઈન્દ્રરાજાની છડીનો ઉત્સવ ઊજવે છે. આ પ્રસંગે કુંભાર લોકો અબીલ, ગુલાલ, શ્રીફળ, ફૂલહાર અને ધૂપ-દીપ કરી વિધિસર રીતે મેઘરાજાની મૂર્તિ બનાવવાનો પ્રારંભ કરે છે. આશરે ૨૦થી ૨૫ મણ વજનની ૬ ફૂટ ઊંચી મૂર્તિ બનાવીને :

**'રાજા તો મેઘરાજા ઓર રાજા કાયકા? દૂધ તો ગાયકા ઓર દૂધ કાયકા?**
**ફૂલ તો કપાસકા ઓર ફૂલ કાયકા? બળ તો આપકા ઓર બળ કાયકા?'**

એમ બોલતાં બોલતાં મેઘરાજાનું આહ્વાન કરી મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ત્યાં અખંડ ધૂપ-દીપ પ્રગટાવવામાં આવે છે.

દિવાસાના દિવસે ખુલ્લી મુકાયેલી ઈન્દ્રદેવની મૂર્તિનો દશમનો દિવસે વિસર્જનનો વરઘોડો કાઢવામાં આવે છે, જે છડીને નામે જાણીતો છે. છડીના આ ઉત્સવમાં નાતજાતના ભેદભાવ વિના લોકો જોડાય છે અને 'ઈન્દ્ર મહારાજકી જય'ના નારાથી વાતાવરણને ભરી દે છે. એવી લોકમાન્યતા જાણીતી છે કે આ પ્રસંગે માંદા અને બાળપ ન લેતાં બાળકને ઈન્દ્રદેવની મૂર્તિ સાથે અડકાડવાથી અને આ દેવનો દોરો બાંધવાથી એના રોગ-દોષ દૂર થઈ જાય છે. આ વરઘોડો ફરતો ફરતો વાજતે-ગાજતે નદીકાંઠે જાય છે અને ઈન્દ્ર મહારાજની મૂર્તિને જળમાં પધરાવે છે. આ પ્રસંગે શ્રાવણ વદ સાતમથી દસમ સુધી મેઘરાજાનો મેળો ભરાય છે.

**મેઘરાજાને મનાવવાનો ઉત્સવ :** પ્રાચીન સમયમાં વર્ષાઋતુમાં વરસાદ વરસતો નહીં ત્યારે યજ્ઞયાગ કરાવવામાં આવતા, વરસાદને મનાવવા માટે વિધવિધ ઉપાયો લોકજીવનમાં જાણીતાં છે. ગુજરાતમાં વસતા હળપતિ, મારવાડી, દેવીપૂજક, રાવળ વગેરે જાતિની સ્ત્રીઓ વરસાદ વરસતો નથી ત્યારે ઈન્દ્રદેવ (મેઘરાજા)ની માટીની મૂર્તિ બનાવી પાટલા પર બેસાડી એને પરવળ, ગીલોડી કે કારેલાંના વેલા ઓઢાડી ગાતી ગાતી ઘરોઘર ફરે છે :

**'તારી ધરતી ધણિયાણી જુએ વાટ મેવલિયા તમે વરહો રે વરહો રે આજ મેવલિયા**
**તારી ખેડુના હાળી જુવે વાટ મેવલિયા તમે વરહોને દુનિયાના દેવ મેવલિયા.'**સ્ત્રીઓ જે ઘેર જાય છે તે ઘરની સ્ત્રીઓ મેઘરાજા પર પાણીના બેડાં રેડે છે. આથી વરસાદ વરસે છે એવી લોકશ્રદ્ધા જાણીતી છે.

**હળોતરાં :** હળોતરાં એ ઉત્તર ગુજરાતના ખેડૂતોનો આગવો લોકઉત્સવ છે. લેઉવા, આંજણા ને પાટીદારો હળોતરાંને હળજોતરાં કે હળોત્રા તરીકે ઓળખે છે. આ ઉત્સવ કાઠિયાવાડના ખેડૂતોના અખાત્રીજના ઉત્સવ સાથે ખૂબ જ મળતો આવે છે.

અષાઢ મહિનામાં મેઘરાજા મન મૂકીને વરસીને ધરતીને ભીંજવી જાય એ પછી આ ઉત્સવ ઊજવાય છે. વરસાદથી હર્ષઘેલા બનેલા ખેડૂતો ગામના મુખી કે નાતપટેલને લઈને હળોતરાનું મુહૂર્ત જોવરાવવા ગામના ગોરમહારાજને ત્યાં જાય છે. મહારાજ જે મુહૂર્ત જોઈ આપે તે મુહૂર્ત પ્રસંગે ખેડૂતો બળદોને ઘૂઘરમાળ બાંધે છે. સાંતી અને બળદોને પણુંસિયા (કાચા સૂતરના દોરા) બાંધી સ્ત્રીઓ પૂંખણિયું તૈયાર કરે છે. તેમાં રાખ ને ઘઉંના બે લાડવા, જુવારના ચાર કણસલાં, માટીના કોરા વાસણમાં દોરા બાંધેલી સાત ઠીંકરિયું અને રૂપિયો લઈ ખેડૂત પત્ની સાંતીને બંધાવે

છે, પછી જુવાર, બાજરી, મગ, ચોખા, તલ, કપાસિયા, ગુવાર વગેરે સાત ધાન્યો લઈ બળદોને ખવરાવે છે અને ખેડૂતના ખેસે બાંધે છે. પછી ખેતર જવા નીકળે છે. બપોરના ખેડૂત સ્ત્રીઓ કંસાર, ખીચડી વગેરે બનાવી ગાતી ખેતર જવા માટે નીકળે છે:

**'આંધી કાળી કાંઠીનો મેહ વરસ્યો,**
**હાંજી વરસ્યો દાદાજીને દેશ,**
**હાંજી ક્યા ભાઈએ હળ જોતર્યાં?'**

આ વખતે સૌ કુટુંબીઓ ભેગા થઈ ખેતરના ખોળે બેસીને જમે છે. સ્ત્રીઓ સાતેય ધાન લઈને ખેતરમાં ચાસ પૂંખે છે અને ખાંડ તથા લોટ લઈ કીડીઓના નગરાં (દર) પૂરે છે. ગીતો ગાય છે ને આનંદ કરે છે.

**અન્ય લોકઉત્સવો :** ગુજરાતના લોકજીવનમાં વર્ષ દરમિયાન નાના-મોટા અનેક ઉત્સવો ઊજવાય છે. જળઝીલણી અગિયારસ એ નવા જળને વધાવવાનો લોકઉત્સવ છે. ભાદરવા સુદ અગિયારસે ઠાકોરજીની પાલખી વાજતે-ગાજતે તળાવે લઈ જવામાં આવે છે. આ પ્રસંગે જુવાનિયા ગરબી અને ઝીલણિયાં ગાય છે.

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં આવેલા વરદાયિની માતાના મંદિરે આસો સુદ નોમના દિવસે પલ્લી મહોત્સવ ઊજવાય છે. પલ્લી મહોત્સવ એ પંચબલિની પૂજા સૂચવે છે. ધાર્મિક એકતા અને અસ્પૃશ્યતા નિવારણની આલબેલ પોકારતા પલ્લીના ઉત્સવની વિધિ પણ અનોખી છે. આસો સુદ આઠમની રાતે શમી વૃક્ષનું લાકડું લાવવામાં આવે છે. સુથાર તેમાંથી પલ્લી (લાકડાનો રથ) બનાવે છે. વાળંદ પલ્લીને સોટા બાંધે છે. કુંભાર આવીને એના પર કૂંડાં છાંદે છે. વહોરાઓ કૂંડાંમાં કપાસિયા પૂરે છે. બ્રાહ્મણો નવચંડી યજ્ઞ કરે છે. પાંચ કૂંડાંમાં પ્રગટાવેલી પલ્લી ખભે ઊંચકીને ભાવિક ભક્તો ગામમાં ફરે છે. બાધા-માનતાવાળા લોકો પલ્લીનાં દર્શન કરવા રૂપાલ ગામમાં ઊમટે છે. પલ્લીના મેળે આવેલા લોકો માતાજીને શ્રીફળ અને તોરણ ચડાવે છે.

શ્રાવણ વદ સાતમથી દસમ દરમિયાન સુરત અને ભરૂચ જિલ્લામાં ઘોઘારાયની છડીનો ઉત્સવ ઊજવાય છે. આ પ્રસંગે ખારવાઓની છડી પણ નીકળે છે. આ છડી ૨૫થી ૩૦ ફૂટ ઊંચા વાંસની ટોચ પર નેતર કે વાંસનું ચમ્મર બાંધીને બનાવવામાં આવે છે.

સૌરાષ્ટ્ર વિસ્તારના સાગરકાંઠે આવેલા કતપર ગામના કોળી લોકો દરિયાખેડુ પ્રજા છે. ચોમાસાની ઋતુમાં તેઓ ઘેર હોય છે ત્યારે દરિયાપીરનો ઘોડો કાઢે છે. પીરના ઘોડાનો ઉત્સવ ઊજવ્યા વિના તેમનામાં લગ્નનો ઉત્સવ ઊજવી શકાતો નથી. ઢોલ, શરણાઈ ને નગારા સાથે ઘોડાને પીરના ઉકરડે લઈ જવામાં આવે છે. આ પ્રસંગે કોળીની નાત ભેગી થઈને સામાજિક પ્રશ્નો પણ ઉકેલે છે.

સૌરાષ્ટ્રના રબારીઓમાં મમાઈમાતાનું માહાત્મ્ય ઘણું મોટું છે. મમાઈમાતાના નોખાં નોખાં સ્થળે પાંચ મઠ આવેલા છે. દર વર્ષે માતાના સ્થાનકે પુંજનો ઉત્સવ ઊજવાય છે. ભૂવો માતા પાસે પુંજ કરવાની આજ્ઞા માગે છે. આજ્ઞા મળતાં પાંચ ટુકડીઓ હાથમાં મોરપીંછ લઈને સરજુ ગાતી ગાતી નોતરાં દેવા નીકળે છે. આસો સુદ આઠમની સાંજે પુંજના સ્થળે દસ-વીસ હજાર રબારીઓ ભેગા થાય છે. ભૂવાઓના સામૈયાં થાય છે. રાસ, ગરબા ને દાંડિયારાસની ઝૂક બોલે છે.

ગુજરાતમાં ખાસ કરીને ભાલ, નળકાંઠા અને સૌરાષ્ટ્રનાં ગામોગામ કારતક સુદ અગિયારસના



દિવસે તુલસીવિવાહની ઉજવણી કરવામાં આવે છે. જે કુટુંબ તુલસીવિવાહ કરતું હોય ત્યાં પાલખીમાં ભગવાન શ્રીકૃષ્ણની જાન આવે છે. સૌભાગ્યવતી નારીઓ તુલસીવિવાહનો પ્રસંગ ઉલ્લાસભેર ઊજવે છે. આ મોસમમાં શેરડીનો પાક તૈયાર થાય છે. શેરડીનો સાંઠો ભગવાનની પાલખીને છબાવ્યા પછી જ ખાવાનો લોકરિવાજ આજેય ગામડાઓમાં જોવા મળે છે.

જન્માષ્ટમીના ઉત્સવે વડોદરાના નવાપરા વિસ્તારના દેવીપૂજકો કાનુડાના ઉત્સવ તરીકે ઉજવે છે. કાનુડાની મૂર્તિ બનાવી કાગળના શણગારેલા મંદિરમાં મૂકી હરખઘેલા બની ગાય છે, નાચે છે અને નોખા નોખા વેશ કાઢી ભવાઈ કરે છે. બીજે દિવસે વાજતેગાજતે આ મૂર્તિને જળમાં પધરાવી દે છે. ધંધૂકા તરફના કોળી લોકો ધામધૂમથી વરઘોડો કાઢીને ગોકળિયાની મૂર્તિએ પાણીમાં પધરાવે છે.

**આદિવાસીઓના ઉત્સવો :** ડાંગના આદિવાસીઓ વાઘબારસથી દિવાળીનો તહેવાર ઊજવે છે. દિવાળીની દેવપૂજા કરીને પછી બોલાવો કાઢે છે. બોલાવાનો કરંડિયો એક ગામથી બીજા ગામ જાય છે. 'અડધો જાય બડધો જાય, જતી જાય, જારે ગાંગલી ઘાંચણને ઘેર' એમ બોલીને કરંડિયો દેવસ્થાનકે પહોંચાડે છે.

ડાંગી આદિવાસીઓ પાદરમાં ઈંડું મૂકી તેના ઉપર ગાયોનું ધણ દોડાવીને આવતા વર્ષની રોગચાળા અંગેની આગાહી કરે છે. બળદોને શણગારીને ગાડાં દોડાવવાની હરીફાઈઓ કરે છે.

દિવાળીના બીજે દિવસે દિવંગત સગાઓને યાદ કરી રડે છે.

પંચમહાલના આદિવાસીઓ ઘરમાંથી ‘ખોખોહલો’ કાઢે છે. ખોખોહલોની હાંડલી ખેતરમાં ફેંકી આવે છે. દિવાળીના દિવસે ‘ગોહરી’ એટલે કે ગાયોનું ધણ જોવા જાય છે. ગામના પાદરમાં જુવાનિયા ઊંધાં સૂઈ જાય છે. તેમના શરીર પરથી ગાયોનાં ધણ પસાર થાય છે. સ્ત્રીઓ જુવાનોના રક્ષણ માટે માતાનાં ગીતો ગાય છે.

દિવાસો એ ગુજરાતના દૂબળાઓનો તહેવાર છે. આ તહેવારે દૂબળાઓની કન્યાઓ ઢીંગલા-ઢીંગલીનાં લગ્નનો ઉત્સવ ઊજવે છે. લગ્ન પછી ઢીંગલા-ઢીંગલીને કેળના થડિયા પર બેસાડીને પાણીમાં વહેતાં મૂકવામાં આવે છે. આ પ્રસંગે તેઓ ગાય છેઃ

**‘નદી તારી માસી રે ઢીંગલી,**
**દરિયો તારો દાદો રે ઢીંગલી.’**



નાચગાનથી આખો આ પ્રસંગ ઊજવાય છે. તેથી તો કહેવાય છે કે ‘મારવાડીની હોળી ને દુબળાનો દિવાસો.’ પંચમહાલના ભીલો દિવાસાના દિવસે મૃત્યુ પામેલા કુટુંબીજનોને ઘી-ગોળના નૈવેદ્ય કરે છે.

સુરત જિલ્લાના ગામીતો ધરતીને નવયૌવન બક્ષનાર વસંતનો ઉત્સવ ઊજવે છે. પ્રકૃતિના પરિવર્તનને ગીત, નૃત્ય દ્વારા વધાવે છે. પ્રથમ દેવની પૂજા કરે વસંતનો ઉત્સવ ઊજવે છે. આ ઉત્સવનાં ગીતો ‘લોલ’ના નામે જાણીતાં છે. લોલ છેક હોળી સુધી ગવાય છેઃ

**‘પોપટ ફોલી ખાઈવો, પોપટ ફોલી ખાઈવો,**
**પોપટ ચાંચ રંગેલી, કયા રંગારા રંગીલી,**
**ખાખરા હિંગોળા કાઢ્યો, પોપટી ફોલી ખાઈવો.’**

(પોપટની ચાંચ રાતીચોળ થઈ ગઈ છે. પોપટની ચાંચ કયા રંગારાએ રંગી છે? એ તો કેસૂડાનાં ફૂલો ખાઈને રાતીચોળ થઈ ગઈ છે.)

પંચમહાલ અને વડોદરા વિસ્તારની આદિવાસી કન્યાઓ એક-બીજાની કેડ્યમાં હાથ પરોવી આલેણિયાં ગીતો ગાઈ વસંતને વધાવે છે. ડાંગી સ્ત્રી-પુરુષો વસંતના દિવસોમાં નદીના ધરામાં

સમૂહસ્નાનની મોજ માણે છે અને માછલીનો શિકાર કરે છે.

આદિવાસી ગામીતો અનાજની લણણી વખતે ઉંદરા કાઢવાનો ઉત્સવ ઊજવે છે. 'પચવી'એ ડાંગીઓનો નાગપૂજાનો ઉત્સવ છે. ચોમાસામાં નવા ઊગેલાં ખાદ્યધાન્યો ખાવાનું શરૂ કરવાનો ઉત્સવ છે. 'પોળા' એ 'ગાડાં' ચલાવવાનો પ્રારંભ કરવાનો ઉત્સવ છે. દશેરા એ અનાજની દેવી કનસરીની પૂજા અને ઉજાણીનું પણ પર્વ છે.

**કન્યાઓનાં લોકવ્રતો :** વ્રત એટલે ઉપવાસ અથવા ઉપવાસપૂર્વક ઈષ્ટદેવનું આરાધન. આપણે ત્યાં શાસ્ત્રીય અને લોકવ્રતો પ્રચલિત છે. ગુજરાતની કુંવારી કન્યાઓ બીજમાવડી, મુનિવ્રત, ગોર્યમાનું વ્રત, મેઘરાજાનું વ્રત, ધણકો ને ધણકીનું વ્રત, ગાયનું વ્રત, સૂરજપાંદડું વ્રત, શ્રાવણિયા સોમવારનું વ્રત, તુલસીવ્રત, ભાઈબીજ, પોષીપૂનમ, અહલી-પહલી, મોળાક્ત, એવરત-જીવરત, વીરપહલી, નાગપાંચમ, શીતળાસાતમ, કાંઠાગોર્ય, પુરુષોત્તમમાસ, ધરોઆઠમ વગેરે વ્રતો કરે છે. જ્યારે પરણેલી સ્ત્રીઓ વડપૂજન, બોળચોથ જેવાં વ્રતો કરે છે. કુંવારી વ્રતધારી કન્યાઓ ગોર્યમા પાસે શું માગે છે?

**'ઢીંગલિયાળી ધીડી માગે, પાઘડિયાળો પુતર માગે,**
**દેરિયા જેઠલાની જોડ્ય માગે, દૂઝણિયું ઝોટડિયું માગે.'**

આમ લોકજીવનના સાંસ્કૃતિક ઘડતરમાં ઉત્સવો અને વ્રતોનો ફાળો મૂલ્યવાન રહ્યો છે. ■■■



# પ્રાચીન ગુજરાતનાં ખાનપાન

ગાંઠિયા તો ઘોઘાના, ઘારી તો સુરત શહેરની, પેંડા તો ભાવનગરના, હલવો તો મુંબઈનો, દેવડા (ગળ્યા સાટા) તો પાટણના, ખાજલી તો પોરબંદરની, અડદિયો તો કચ્છનો, હલવાસન તો ખંભાતનું, ઘી તો ખંભાળિયાનું, ગોટા તો ડાકોરના, જામફળ તો ધોળકાના - ઘારી, ગોટા, પેંડા, હલવાસન ને અડદિયાનું નામ વાંચતાં-વેંત જ આપણા મોંમાં પાણી છૂટવા માંડે છે. મારે અહીં સ્વાદના વીરડા વછૂટે એવા ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડના પ્રાચીન ખાનપાનની બત્રીસ જાતનાં પકવાન અને તેત્રીસ જાતનાં શાકપાનની રસપ્રદ વાતો કરવી છે.

ગુજરાતમાં વૈષ્ણવ અને સ્વામીનારાયણ સંપ્રદાયમાં બેસતા વર્ષે ભગવાનને છપ્પનભોગની સામગ્રી ધરાવવામાં આવે છે. આ છપ્પનનો આંકડો શા માટે? એના માટે એમ કહેવાય છે કે ભગવાન હંમેશાં છપ્પન પાંખડીઓવાળાં કમળ વચ્ચે સિંહાસન પર બિરાજે છે જેના ત્રણ પડ હોય. પ્રથમ પડમાં આઠ, બીજામાં સોળ, અને ત્રીજામાં બત્રીસ પાંખડીઓ હોય છે. દરેક પાંખડી પર બેસીને એકેક સખી કે એકેક ભક્ત ભગવાનને એકેક વાનગી ખવડાવે છે. આ પ્રકારે છપ્પન પ્રકારના નીચે મુજબનાં ખાનપાન ભગવાનને અર્પણ થાય છે. દહીંથરું, ઘઉં અને મેંદાના સક્કરપારા, છૂટી બુંદી, મોતીચૂરના લાડુ, ગુંદિયા અડદિયા ચોખાના લાડુ, દરના ઘાસના લાડુ, મગના લાડુ, સેવિયા લાડુ, લક્કડિયા અને પાંદડિયા સાદા, ગગન, સાદો અને



પિસ્તાનો. મોહનથાળ, બદામ મેસૂબ ઘેબર, પિસ્તાનો મેસૂબ ઘેબર, કાજુનો મેસૂબ, સિંગદાણા અને નાળિયેરનો મેસૂબ ઘેબર, બરફી ચૂરમું, ગોળના લાડુ, ખાંડના લાડુ, મઠડી, પેંડા, બરફી, ખાજલી, ગુલાબજાબું, મગસ, મેંદાનો અને દૂધીનો હલવો, જલેબી, બિરંજ, ચંદ્રકળા, ગુંજા, બીલા, લાપસી, સક્કરગુંજા, માલપૂઆ, રવાના લોટનો શીરો, ચણાના લોટનો શીરો, શિખંડ, બાસૂદી, દૂધપાક મેવાટી, પકવાન, મગનું શાક, મઠનું શાક, ચણાનું શાક, વટાણા ને વાલનું શાક, ચણાની, મગની, વાલની દાળ, દહીંવડા, રાયતું, મગભાત, રોટલા, રોટલી, માખણ, કાચરી, પાપડ, કચોરી, પેટિસ, સેવ, કાજુકતરી, દાંઠા, લીલાં શાકભાજી, ભજિયાં, ગાંઠિયા, બટાટાવડાં અને પુરી ઈત્યાદિ.

'અમરકોશમાં આ ખાનપાન માટે પૂપ, અપૂપ અને પિષ્ટિક શબ્દો મળે છે. એનો અર્થ રોટલો, ભાખરો, ઢેબરુ, રોટલી, ફૂલકું - ફૂલાવેલું, ભાઠે શેકેલી બાટી, ઘઉં, ચણાના લોટની તળેલી નાની પૂરી, લોઢીમાં લોટનું ખીરું નાખી તેલની ધાર દઈ તળેલો પુડો, પૂડલો. ઘઉંના લોટનો ગળ્યો માલપૂઓ, જરા જાડી તેલ કે ઘીની ધાર નાખી કરેલું ઘઉંનું થેપલું, નાની થેપલી, જુવાર, બાજરી કે ઘઉંના લોટની કૂતરાને નાખવાની ચાનકી. દિવાળીના તહેવારે ચણાની ખાસ પ્રકારની વાની ફાફડા, વાનવા, અડદ, મગ, મઠનો પાતળો વણેલો શેકીને કે તળીને વાપરી શકાય તે પાપડ. ચોખાને પકવી વણીને રાખી મૂકી જોઈએ ત્યારે તળીને વપરાતું ખિચિયું વગેરે.

જૂનાકાળે થતાં જમણવારનાં આયોજનો, પીરસવાની પદ્ધતિઓ, નાતભોજન, શ્લોકને અંતે હર હર હર મહાદેવ હર બોલીને થતાં સમૂહ ભોજન અંગે 'વર્ણકસમુચ્ચય'માંથી અઢળક માહિતી મળે છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા નોંધે છે કે 'વર્ણકસમુચ્ચય'માં વર્ણવેલી અનેક ખાદ્યપેય વાનગીઓના કેટલાંક પરંપરાગત વર્ણનો છે. કેટલીક વાનીઓ દવા તરીકે ઉપયોગમાં આવતી વસ્તુઓ છે.

આ ગ્રંથ પરથી મળતી માહિતી અનુસાર ભોજનનું સ્થળ મંડપ બાંધીને શણગારવામાં આવતું. તેમાં ગાદી, ચાકળા ચુંડિયાં, ચોકીવટ વગેરે ગોઠવવામાં આવતાં. બેઠકો પર જમનાર બેસી જાય પછી ત્રાટ, વાટાં, વાટી, કચોલાં વગેરે સાધનો મૂકવામાં આવતાં. ત્યાર બાદ વિવિધ વાનીઓ પીરસાતી. પીરસનાર સ્ત્રીઓ હતી. મોટી ન્યાતોમાં કે ભોજન સમારંભોમાં સામાન્ય રીતે સ્ત્રીઓ પીરસતી નથી. જ્યારે વર્ણકમાં પીરસનારીઓનાં વર્ણનો છે તે પરથી લાગે છે કે આ ભોજન સમારંભો ન્યાતનાં ભોજનો કરતાં નાનાં, કદાચ કુટુંબોના ભોજન સમારંભો હશે. ઉત્તર ગુજરાતના નાયક ભવાઈ કલાકારોની નાતમાં લગ્ન કે બારમાના દા'ડા પ્રસંગના ભોજન સમારંભમાં વહુવારુઓ અને દીકરીઓ આજેય ભોજન પીરસે છે.

'વર્ણકસમુચ્ચય'માં વાનીઓ પીરસવાનો વિશિષ્ટ ક્રમ પણ જોવા મળે છે. વિવિધ વર્ણકમાં જણાવ્યા પ્રમાણે સૌથી પ્રથમ લીલો તેમ જ સૂકો મેવો પીરસવામાં આવતો. ત્યાર બાદ મિષ્ટાન્ન, ભાત, દાળ, વડાં, વડી, શાક, પાપડ, સારેવડાં, વાણા, કૂર, કરંબા અને ધોલ આપવામાં આવતાં. 'જમણવાર પરિધાનવિધિ', મિષ્ટાન્ન પછી વડાં ત્યાર બાદ દાળ-ભાત, શાક પીરસવાનું નોંધે છે. 'ભોજનવિચ્છતિ' વિવિધ વર્ણકની રીત દર્શાવે છે. તેમાં શાક પછી વડાં, ત્યાર બાદ પલેહ, પાણી અને ધોળની વાત છે. વીરભોજન વર્ણક 'ભોજનવિચ્છતિ'નું અનુકરણ કરે છે 'ભોજનભક્તિ' વડાં કે વડીનો ઉલ્લેખ કરતું નથી. 'અહોશ્યાલડ બોલી'માં ભોજન પછી ફળોનાં નામ આવે છે. ભોજન પૂર્ણ થયા બાદ મુખવાસની પદ્ધતિ સામાન્ય હતી. આના પરથી જણાય છે કે, ગુજરાતમાં

ભોજન પીરસવાની જુદી જુદી પદ્ધતિઓ પ્રચલિત હતી.

જૂનાકાળે મિષ્ટાન્નમાં ખાજાં, લાડુ, ખલખંડ, ભલપાંડ, મરકી, સુણલી, ઘારી, સાકુલી, રોટી, બાટી, વેડમી, લેપનશ્રી, ખાજલી, ઘેબર, ઘારડી, ગુલપાપડી, ગુંદપાક, મહિસુફ, સક્કરપારા, કૌંચાપાક, આદાપાક, પિપરિપાક, લાપસી, મગદ, તીલસાંકળી, ખરંગા, સાકરના કુજા, સાકરના હારડા અને જલેબી જાણીતાં હતાં. સાકરના હારડા હોળી પ્રસંગે બાળકોને આપવાનો રિવાજ આજેય ગામડાંઓમાં જાણીતો છે. જ્યારે જલેબી માટે શ્રી પી. કે. ગોડ ન્યૂ ઈન્ડિયન એન્ટિક્વેરી વો. ૬માં નોંધે છે કે જલેબી અરબી ‘ઝલ્લબિયા’ પરથી આવેલો શબ્દ છે અને તેના ઉલ્લેખો પંદરમી સદીથી પ્રાપ્ત થાય છે.

ખાજાની લોકપ્રિય બનાવટ માટે પાટણ અને આગ્રાના કંદોઈ જાણીતા હતા. ખાજાના એકવડાં, ચુવડાં, સપ્તપુડા જેવા વિવિધ પ્રકારોનાં વર્ણનો મળે છે.

ખાજાની માફક લાડુના પ્રકાર અને તેની બનાવટની રીત પણ વર્ણકોમાંથી મળે છે. લાડુની અડદના, આસંધિના, ઉસડના, કરકરટીના, કરહંડના, કસમસિયા, કંસારિયા, કેસરિયા, ગુંદના, ટોપરાના, તંદુલનાં, તલના, તાજખાની, દલ, દલિયા, દૂધના, દોઠાના, મગદિયા, મગિયા, મેથીના, મોતિયા, રવાના, સિંહ કેસરિયા સેવૈયા જેવી અનેક જાતો વર્ણવી છે. એટલું જ નહીં પણ લાડુ શેકવાની, તેમાં ભેળવવામાં આવતી ખાંડનું પ્રમાણ, સ્વાદ માટે મસાલા ને સુગંધ માટે કપૂર વગેરેની માહિતી પણ આપવામાં આવી છે. આસંધિ અને મેથીના લાડુ ઔષધ તરીકે વપરાતા. દૂધના લાડુ પેંડાનો એક પ્રકાર પણ હોઈ શકે.

ડૉ. સાંડેસરા નોંધે છે કે ,‘માડા’ એ સંસ્કૃતમાં મંડકા નામે જાણીતો એક પ્રકાર છે. ગુજરાતના કેટલાક ભાગોમાં ‘માડારોટલી’નો પર્યાયવાચી શબ્દ છે. કેટલીક જ્ઞાતિઓમાં ‘માડા ખાંડ’ની રસોઈ આજે પણ થાય છે. માડા ઘઉં અને મેંદામાંથી બનાવવામાં આવતા. ‘પૂરણમાડા’ એ વેડમી તથા પુરણપોળીના પર્યાયવાચી શબ્દો છે. જ્યારે ‘પુડા’ અડદ, મગ અને ચોળીમાંથી સ્વાદે ખારા અને ગળ્યા બનાવવામાં આવતાં. લપનશ્રી અથવા લાપસીની બનાવટનું પણ વર્ણન અહીં મળે છે.

આજે આપણે શિયાળામાં વસાણાપાક બનાવીએ છીએ એવા શક્તિવર્ધક આદાપાક, કોહલાપાક, દૂધપાક, નાળિયેરપાક, પિપરીપાક, ગુંદરપાક અને શેલડીપાક બનતાં. શેલડીપાક કદાચ દક્ષિણ ગુજરાતમાં બનતી ‘દૂધેરી’ હોવાનો સંભવ છે. શેરડીનો રસ અને ચોખાની બનાવટ આમાં વપરાય છે.



ભોજનમાં વપરાતા ચોખામાં સાઠી અર્થાત્ સાઠ દિવસે પાકતા ચોખા જાણીતા હતા. ઓસાવીને રાંધેલા ચોખા કૂર કહેવાતા. ડાંગર અર્થાત્ શાલીમાંથી હાથે ખાંડીને ચોખા તૈયાર કરાતા. એમાં પણ કનડુ, કમોદ, કરડિયા, કલમ, કુંકણી, કુંઆરી, કૌમુદી, ખરસુ, જીરાસાળ, દેવજીરા, પીળીસાલી, વાગડી, વાસરુ, સાલિયા, સુગંધ જેવી અનેક જાતો ખોરાકમાં વપરાતી. ચોખાની બીજી એક બનાવટ ‘કરંબા’ હતી. કરંબામાં કર્પૂર, એલચી નાખવામાં આવતાં અને તેમાં દહીંનું મિશ્રણ થતું. ઉનાળામાં રાયતારૂપે વપરાતા કરંબામાં રાઈ અને સિંધાલૂણ નંખાતું.

ચોખાની સાથે મગ, અડદ, ચણા, તુવેર,



ઝાલર (વાલ) વટાણા અને મસૂરની દાળ પીરસવામાં આવતી. કઢીમાં હિંગના વઘારનો ઉલ્લેખ પણ જૂના કાળે મળે છે. શાકભાજીમાં ડોડી, ટિંડોરા, ચીભડાં, ગવારફળી, મોગરી, કંકોડા, કારેલાં, ઘીસોડા, સુવાની ભાજી, તાંદળિયાની ભાજી, મેથીની ભાજી, ફાંગીની ભાજી અને વડીની બનાવટમાં મુગવડી, ઉડદવડી, ચુલાની વડી, છમકાવડી વગેરે વડીઓ ખવાતી.

ઢોકળાં, ઈડલી અને ખાંડવી ગુજરાતની અતિ પ્રાચીન વાનગી ગણાય છે. ઈંડિયન લિંગ્વિસ્ટકસમાં ડૉ. પી. કે. ગોડ નોંધે છે કે, ગુજરાતમાં ઈડરી (ઈડલી) બારમી સદીથી જાણીતી હતી એમ લક્ષ્મણગણિના 'સુપાસનાથચરિય'માં આવતા ઉલ્લેખ પરથી મળે છે. વર્ણકોમાં આવતા ઉલ્લેખો અનુસાર ગુજરાતમાં આજથી પાંચસો વર્ષ પૂર્વે ઈડલી બનતી હતી. અડદ અને મગના ઢોકળાં એ કારણે જાણીતાં હતાં.

'વાણા નામે ઓળખાતી વસ્તુના દ્રાખવાણાં, સાકરવાણાં, દાડિમવાણાં, આંબલીવાણાં જેવા ભેદો છે. વાણાં કદાચ સુકવણીને કહેતા હશે? 'અમરકોશ'ના શુષ્કેવાનં; જેવા અર્થ પરથી સુકવણીને સંસ્કૃતમાં વાન કહેતા, એમ સમજાય છે. 'પલેવ' નામનો ખાદ્યપદાર્થ સત્તરમી સદીના વર્ણકોમાં મળે છે. એ પુલાવ જેવી બનાવટ હશે એમ ડૉ. ઉમાકાન્ત શાહનું માનવું છે. એ કાળે ભોજનને અંતે દહીંનું ઘોળવું કે છાશ આપવામાં આવતી. ખાનપાનના શોખીન લોકો પીવાના પાણીમાં પણ સ્વાદ લાવવા કર્પૂર, એલચી, કરાહ, કાથો, કેવડો, ખાંડ, ચંદન, દ્રાક્ષ, સાકર વગેરેનો ઉપયોગ કરતા. ભોજન બાદ મુખવાસમાં તાંબૂલ અર્થાત્ પાન આપવાનો રિવાજ હતો. ગુજરાતમાં અડાગરા, કપૂરવેલિયાં, ચેઉલી, નાગરખંડ, નાગરવેલ, રાજોગર, માંગરોલી અને શ્રેષ્ઠિવેલિયા જેવા પ્રકારનાં પાન તથા ચૂનો, કાથો ને સોપારી વપરાતાં. સોપારીની કીલી કુચીગર, ચીકણી, ચેઉલી, તબકી, તાનુરા, નીલી, ભમગરા, મડાવાં, લાલિયા, વાંકડી વપરાતી. પાનમાં ખાંડેલી સોપારી, ઈલાયચી, લવિંગ, તમાલપત્ર, ઉદયભાસ્કર, કર્પૂર, કરહાડઉ નાખીને એને સુગંધિત બનાવીને મુખવાસમાં મહેમાનોને અપાતું. આજથી પાંચસો વર્ષ પૂર્વે આપણાં ખાનપાન કેવાં હતાં તે આના પરથી સમજાય છે. ■ ■ ■



# ગુજરાતી લોકસાહિત્યનો અમૂલ્ય વારસો



દેશ અને દુનિયાના બધાય ભાગોમાં વસતી પ્રજા પાસે પોતપોતાની ભાષામાં બોલીના વળોટ-પાશવાળું એવું પરંપરાગત મુખપાટીનું કંઠસ્થરૂપનું સાહિત્ય હોય જ છે. એવા પરંપરાગત મુખપાટીના સાહિત્યને આજે આપણે 'લોકસાહિત્ય' નામાભિધાનથી ઓળખીએ છીએ. બીજી રીતે કહીએ તો પ્રકૃતિના ખોળે જ્યાં લોકજીવન છે ત્યાં લોકસંસ્કૃતિ છે. જ્યાં લોકસંસ્કૃતિ છે ત્યાં લોકસાહિત્યનો વિશાળ સાગર લહેરાતો જોવા મળે છે. લોકસાહિત્ય એટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ. એ સ્મૃતિગ્રંથના સીમાડા નિર્બંધ રીતે વિસ્તર્યા છે. લોકો જે શબ્દોમાં ગાય છે, હસે છે, રોવે છે ને રમે છે એ બધાને લોકસાહિત્યમાં સમાવી શકાય. આમ લોકસાહિત્યની વ્યાપકતા માનવજન્મથી માંડીને મૃત્યુ સુધીની છે. બાળક, જુવાન અને ઘરડાં નરનારીઓની એ મહામૂલી સંપત્તિ છે. એક કાળે ગામડિયાઓના સાહિત્ય તરીકે ઉવેખાયેલા લોકસાહિત્યને પુન:પ્રતિષ્ઠા અપાવવાનો સંનિષ્ઠ પ્રયત્ન 'ધ સ્ટડી ઑફ ફોકસોંગ્સ'માં ઈવલિન માર્ટીનેંગોએ આ કથન દ્વારા કર્યો છે. "The Folk tale is a father of all fiction and the Folk Song is mother of all Peotry." વિશ્વના સમસ્ત કથાસાહિત્યનો જન્મ લોકસાહિત્યમાંથી અને સમસ્ત શિષ્ટ કાવ્યોની ઉત્પત્તિ લોકગીતોમાંથી થઈ છે.

''રઢિયાળી રાત'' પ્રથમ ભાગના પ્રવેશકમાં ઝવેરચંદ મેઘાણી લખે છે કે, પ્રકૃતિમાતાએ ઓઢાડેલી એ નવરંગ ચૂંદડીમાંથી ગુજરાતનું લોકજીવન અલૌકિકરૂપે દીપી ઊઠ્યું. કુદરતનો લાડવાયો આ ગુજરાતી લોકસમાજ ભાતભાતના રસથી ભીંજાઈને એવો ધન્ય બની ગયો કે ગાવા માટે તલસી ઊઠ્યો. એની કુંજોમાં જેમ પંખીઓ ટૌક્યા વિના ન રહી શક્યાં, તેમ ગુજરાતનાં મનુષ્યો પણ ગાયા વગર ન જંપી શક્યાં. એના દરજીએ ને મોચીએ સીવતાં સીવતાં ગાયું. ધોબીએ નદીની ભેખડોમાંથી પડછંદા જગાવી પોતાના વસ્ત્રના ઘાએ ઘાએ ગીતના તાલ બાંધ્યા, વણકરે સાળોના ખડખડાટ સાથે પોતાના સ્વરો મેળવ્યા, ઘાંચીએ પોતાના બળદને પણ રાગે ચડાવી પરોણાનો પ્રહાર કે જીભનો ડચકારોયે કર્યા વિના એ થાકેલા પશુને પ્રોત્સાહિત કર્યાં. ટીપણી ટીપનારે ગાતાં ગાતાં એવા હુલ્લાસથી ટીપ્યું કે સો સો વરસ સુધી એ ધ્રાબાઓની કાંકરીઓ નથી ખરી. ખાણ ખોદનારાઓએ ત્રિકમના ઘા દેતાં દેતાં ગીત લલકાર્યાં. મજૂરોએ સૂંડલા સારતા સારતા સૂરો છેડીને માથાનો ભાર હળવો કર્યો. ગાડાવાળાએ પૈડાના કિચૂક કિચૂક અવાજ સાથે અવાજ મેળવ્યા એ રીતે લોકસમાજના ઉદ્યમો અને ધંધાઓ પણ સંગીતાલયો બની ગયાં. લોકોનું જીવન હળવુંફૂલ બની ગયું''

લોકસાહિત્યમાં બે શબ્દો છે. 'લોક' અને 'સાહિત્ય'. 'લોક' અને 'લૌકિક' શબ્દ વેદના વખતથી આપણે ત્યાં વપરાતા આવ્યા છે. લૌકિક શબ્દ એ કંઈક અંશે ઉપેક્ષાના અર્થમાં પ્રયોજાયો છે. વેદથી ઈતર બધી જ વાતો લૌકિક ગણાઈ, પણ લોકસાહિત્યના લોકનો અર્થ

માનવજીવનનો સમૂહ જે ખેતી અને તેને આનુષંગિક ધંધા સાથે સંકળાયેલો છે અને જે પુરાણી પરંપરાના પ્રવાહમાં જીવે છે. તેમાં રાજા, રજવાડાં, ઠાકોર, તાલુકદારથી માંડીને વાણિયા, બ્રાહ્મણ, સઈ, સુથાર, દરજી, મોચી, તેલી, તંબોળી, સંતો,બહારવટિયાથી લઈને પ્રકૃતિના ખોળે વસતી તમામ વનવાસી જાતિઓ સમાઈ જાય છે. આ બધી જ કોમોમાં કંઠસ્થ પરંપરાથી સચવાયેલું સાહિત્ય તે લોકસાહિત્ય. આ લોકસાહિત્યને ઝવેરચંદ મેઘાણીએ લોકોર્મિનું, સંઘોર્મિનું સાહિત્ય ગણાવ્યું છે. એને 'ધરતીનું ધાવણ' કહ્યું છે. ડુંગરાની ગાળિયું ને જંગલ ઝાડિયુંમાં વસતા લોકોની પ્રાથમિક અભિવ્યક્તિઓથી માંડીને આધુનિક સાહિત્યના સીમાડા સુધી પહોંચનાર અભિવ્યક્તિઓ લોકસાહિત્યમાં સમાઈ જાય છે. લોકસાહિત્ય એ કોઈ એકલદોકલ વ્યક્તિનું સર્જન નથી, લોકસમૂહનું સહિયારું સર્જન છે. તેમાં સમગ્ર લોકજીવનનું તેના

સાંસ્કૃતિક, પ્રાકૃતિક પરિવેશ સહિત નિરૂપણ થયેલું જોઈ શકાય છે. આ પ્રકાર, પરંપરાનું સાહિત્ય ગુજરાતીમાં પણ ભર્યુંભાદર્યું છે. એની પંરપરા પ્રાચીન છે. મુખપાટીએ સચવાઈ કંઠોપકંઠ પ્રકારે ઊતરી આવ્યું છે. દેશ જ પ્રજાનું સાંધિક પ્રદાન હોવાથી તેમાં તળપદી પ્રજાઓનાં સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય ઉપરાંત કૌટુંબિક પરંપરા અને રીતભાતનું હાર્દ રજૂ થાય છે. વળી તળપદ દેશ જ પ્રજાનું તે હોવાથી તેમની અંગત સૂઝબૂઝ પ્રમાણે ઉત્તમ પ્રકારનું સૌંદર્ય વર્ણિત થયેલું જોઈ શકાય છે.



સૌરાષ્ટ્રનો પાળિયો



લોકસાહિત્ય માટે આવી ઘણી વ્યાખ્યાઓ અપાઈ છે, જેમ કે 'લોકો દ્વારા, લોકો માટે જીવંત લોકબોલીમાં રચાયેલું કંઠસ્થ સાહિત્ય' પણ લોકસાહિત્યની ભાષામાં એને માટે કંઈ કહેવાનું હોય તો હું આમ કહુંઃ ''બરોબર ઊતરતો ઉનાળો ને બેહતું ચોમાહું હોય, જેઠ અને અષાઢ મહિનાની ગડાહાંધ હોય. ખેડૂતો આંખ્યું માથે હાથનાં નેજવાં કરી આભલા ભણી મીટું માંડતાં હોય, ઈમાં આથમણા આભમાં ગાયની ખરી જેવડી નાનકુડી એવી વાદળી દેખાય, ઈ વધીને હાથીના બસડારોખી થાય. ઈ વધતી વધતી ડુંગર જેવડી થાય, વાયરે વીંટાઈને આવી વાદળિયું એક-બીજીને ભેટે, પણ કેવી રીતે ? નાનપણમાં ઘાઘરી-પોલકાં પહેરી ઢીંગલેપોતિયે રમતી બે સહિયરું મોટી થઈ, પરણીને પછી સાસરે વઈ ગઈ હોય. બારબાર વરહનાં વહાણાં વાઈ ગ્યાં હોય ને પછી એક દિવસ પિયરના પાદરના વડલા હેઠ કાર્યમીક ભેગી થઈ જાય ને ગડગડતી દોટ મેલી એક-બીજીને બાથમાં લઈ ભેટે ને પાંહળિયુંની કડેડાટી બોલી જાય, ઈમ બારબાર મઈનાની વિજોગણ વાદળિયું એકબીજીને ભેટતી હોય. વીજળી સમવરળક સમવરળક સળાવા કરતી ધરતીનાં ઓવારણાં લેતી હોય. આભમાં મેઘાડંબર જોઈને મોરલા ડોકની સાંકળના ત્રણ ત્રણ કટકા કરીને 'મે આવ' 'મે આવ' કરતા મલ્હાર રાગ ગાતા હોય... બરાબર ઈ વખતે મેઘરાજા તરસી ધરતી માથે સરવડું નાખે ત્યારે ભીંજાયેલી ધરતીની માટીમાંથી ફટકેલી ફોરમ(મહેક) વછૂટે. ઈ સૂંઘતા જ માનવીના અંતરના બત્રીસે કોઠે આનંદના દીવડા પ્રગટી જાય હો ભાઈ. ઈમ ગામડાના અભણ ઊર્મિશીલ માનવીના અંતરમાંથી કુંવારી વણબોટી કલ્પનાઓ મઢયાં ગીતો, કથાઓ, કહેવતોનાં જે ઝરણાં ફૂટે ને લોકહૈયામાં આનંદનો અબીલ-ગુલાલ ઉડાડે એનું નામ લોકસાહિત્ય.''

લોકસાહિત્યના સ્વરૂપની વાત કરીએ ત્યારે એના પ્રકારો પ્રતિ પણ નજર કરી લઈએ.



ગદ્ય અને પદ્ય એના બે મુખ્ય પ્રકારો. ગદ્યમાં ગણાતી લોકવારતાઓમાં પ્રેમકથાઓ, વીરતા ને બલિદાનની શૌર્યકથાઓ, નાગકથાઓ, અશ્વકથાઓ, વૃક્ષકથાઓ, ઓઠાં, વ્રતકથાઓ, દૃષ્ટાંતકથાઓ, કહેવતકથાઓ, ઠગકથાઓ, ચતુરાઈની કથાઓ, દંતકથાઓ, ઈતિહાસકથાઓ, ભૂતપ્રેતની કથાઓ, કામણટુમણની કથાઓ અને સરોવરકથાઓ જેવા અનેક પ્રકારો જોવા મળે છે. ગુજરાતીમાં તળપદ કંઠસ્થ ધારાની લોકવારતાનો ઉદ્ભવકાળ આશરે ૪૦૦૦થી ૪૫૦૦ વર્ષ જેટલો પ્રાચીન છે. લોથલના ટીંબામાંથી એક મૃતભાંડ એવું મળ્યું છે, જેના પર 'ચતુર કાગડો અને હરણ'ની તળપદી વારતા ચિત્રિતરૂપે દર્શિત થઈ છે. અરધા ભરેલા કુંજામાંથી હરણ પાણી પી શકતું નથી, તો ચતુર કાગડો કુંજામાં કાંકરા નાખી પાણી ઊંચું લાવીને પીએ છે. આ વારતા સળંગરૂપે કુંજા પર ચિત્રિત છે. શિષ્ટ સંસ્કૃતિમાં આ વારતા પાછળથી સંસ્કૃતિબંધે સચવાઈ છે એમ શ્રી ખોડીદાસ પરમાર નોંધે છે. વૈદિક સાહિત્ય પણ કંઠ પરંપરાએ સચવાયું છે. તેમાં 'યમયમી સંવાદ', 'પુરુવા ઉર્વશી સંવાદ', 'વિશ્વામિત્ર અને નદીઓ' એ નદીનો સંવાદ વગેરે તળપદ ધારાની લોકવારતાને મળતી વારતાઓ છે. ગિજુભાઈની બાળઘરની વારતાઓમાં સોનબાઈને પરણવા માટે સગા ભાઈ તૈયાર થાય છે. જે 'વધ વધ રૂખડા વધી જજે'માં જોઈ શકાય છે. આ પ્રકારની પ્રાચીન પરંપરિત લોકવારતાઓ હજારો વર્ષોથી ચાલી આવતી પરંપરાની કથાઓ છે. આ વારતાઓ દ્વારા દેશના લોકોની રહેણીકરણી તેમની શ્રદ્ધાઓ, વ્યવહાર અને સામાજિક રીતરિવાજોની પ્રાચીનકાલીય ઝાંખી જોવા મળે છે. કહેવતોમાં પણ લોકકથાઓના કણો વિલસતા જોવા મળે છે.

લોકસાહિત્યના પદ્ય પ્રકારોમાં લોકગીતો, ગરબા, ગરબી, રાસડા, લગ્નપ્રસંગે ગવાતાં પ્રભાતિયાં અથવા પ્રોબિયાં, માંડવાનાં ગીતો, માયરાં, ફૂલેકા, ચૉરી અને સાંજીનાં ગીતો, ઉકરડી અને પોંખણાંનાં ગીતો, ફટાણાં, હરિયાળી અને કન્યાવિદાયનાં ગીતો, છઠ્ઠીના, સીમંતના અને રાંદલ તેડતી વખતે ગાવાનાં ગીતો, કથાગીતો, ગોર્યમાનાં ગીતો, દુહામાં યે છકડિયા, દુમેળિયા ને દોઢિયા, શેરીનાં ગીતો, જોડકણાં, નાચણિયાં ને કૂદણિયાનાં ગીતો, ચારણી ગીતોમાંયે ઋતુગીતો, શૌર્યગીતો, છંદ, દુહા, સોરઠા, કુંડળિયા, આદિવાસીઓનાં લગ્નગીતો, મેળાનાં ગીતો, હોળીગીતો, ઉત્સવગીતો, ભવાઈમાં આવતા સવૈયા, રેખતા, ઝકડી, બાજંદા અને પાંચકડાં, વ્રતગીતો, દક્ષિણ ગુજરાતનાં ખાંયણાં, હાલરડાં, વિલાપગીતોમાં મરશિયાં, છાજિયાં, રાજિયાં અને આઝા. વરઘોડા વેળાએ લાંબા સાદે ગવાતાં સલોકા, હોળી પ્રસંગે ગવાતાં રામવળા ને ચંદ્રવળા, માતાજીનાં મનામણાં માટે ગવાતી આરણ્યું, સરજું, સાવળ્યું, ભજનોમાં સંધ્યા, આરતી, આરાધ, આગમ, પદો, ચોપાઈ સ્તવનો, સાખીઓ, પ્યાલા આંબો, બારમાસી, રામગરી, ધોળ, કીર્તન, ચાબખા, પદ, ભેત, કાફી વગેરે અસંખ્ય પ્રકારો મળી આવે છે. પ્રત્યેક ગાવાના પ્રસંગો, સમય, રાગ, ઢંગ, બધું જ જુદું જુદું હોય છે.


લોકકથાના કલાસ્વરૂપ અને ભાષાવૈભવ ભણી નજર કરીએ તો શબ્દ વીણી વીણીને યોજેલા આ મિતભાષી વર્ણનો લોકભાષાની કલામય સમૃદ્ધિનું ભાન કરાવે છે. લાંબાં વર્ણનોમાં શબ્દાડંબરની અંદર સજીવ ઝીણવટ, મસ્ત રૂપકો, પદ્યાત્મક ગદ્યનો રણકાર અને તોલદાર શબ્દ પ્રયોગો આપણને લોકવાણીની પ્રભુતાનું દર્શન કરાવે છે, એમ કહેતાં મેઘાણી વીરોજીની લોકવારતામાં

રાજપૂતાણીનું વર્ણન આપે છે. દષ્ટાંત ટાંકે છે. રાજપૂતાણીએ સોળ શણગાર સજ્યાં, પણ એ રાજપૂતાણી કેવી?

*'હાલે ત્યાં કંકુકેસરનાં પગલાં પડે,*
*બોલે ત્યાં બત્રીસ પાંખડીનાં ફૂલડાં ઝરે,*
*પ્રેમના બાંધ્યા ભમરા ગુંજારવ કરે,*
*એવી હામકામ લોચના,*
*ત્રાઠી મૃગલી જેવાં નેણ,*
*ભૂખી સિંહણના જેવો કેડ્યનો લાંક,*
*જાણે ઊગતો આંબો,*
*રાણ્યનો કોળાંબો,*
*બહારવટિયાની બરછી,*
*હોળીની ઝાળ,*
*પૂનમનો ચંદ્રમા,*
*જૂની વાડ્યનો ભડકો,*
*અને ભાદરવાનો તડકો.*
*સંકેલી નખમાં સમાય,*
*ઉડાડી આભમાં જાય,*
*ઉગમણા વા વાય તો આથમણી નમે,*
*આથમણા વા વાય તો ઉગમણી નમે,*
*ચારે દિશાના વા વાય તો ભાંગીને ભૂકો થાય.'*

લોકવારતામાં વારતાકથન શબ્દોની ઝાકઝમાળ દ્વારા શ્રોતાઓના ચિત્તમાં એક ચિત્ર ઊભું કરી દે છે. બંધાણી ડાયરાની વાતનો ઠા ને ઠસ્સો તો જુઓ ! ગામડું ગામ. બંધાણી દરબારની ડેલી. ડેલીના ખાનામાં ડાયરો જામ્યો છે. પછી જમાવાનો સમય થાય ત્યારે લોકકવિ ગાડાના પૈડા જેવા બાજરાના રોટલાનું વર્ણન કરે છે : 'મંગલપુર ગામનો બાજરો હોય, દિધડિયા ગામના કુંભારે બનાવેલી તાવડી હોય, ગોલાસણીની વીડમાંથી વીણી લાવેલાં અડાયાં છાણાં હોય અને પછી મેરુપરની રજપૂતાણીએ મધરાતે ઊઠીને બાજરાને દળ્યો હોય ને એમાંથી ધોબોક લોટ કથરોટમાં નાખીને પિંડો બનાવી, મા પહેલા ખોળામા દીકરાને હેતથી હુલાવતી હોય ઈમ ઘડી, તાવડીમાં નાખીને ત્રાંબિયા જેવો શેડવ્યો હોય ને પછી તાવણ્ય મૂકી હોય તો ત્રણધર્યે જેની ફોરમ જાય ઈ ભગરી ભેંસનું ઘી મહીં ભર્યું હોય, વિજાણંદ જેની ગોત્યે નીકળેલો ઈ નવચંદરી ભેંસનું દૂધ તાંહળી ભરીને મૂક્યું હોય, જોડે રીંગણાનો ઓળો ને આથેલા મરચાં હોય તો ખાનારને સરગના સંધાય સુખ મળી જાય.

જ્યારે વ્રતકથાઓની એક વિશિષ્ટ શૈલી છે. ડોલનશૈલી જેવી આ શૈલી ગદ્યને કેવું કર્ણપ્રિય બનાવી દે છે! ઉ.ત. 'બરાજાદી જેઠાણીએ જવાબ આપ્યો : ''જા બાઈ જા. એ મારું કામ નઈ, એ તો રાંડીમૂંડીનાં કામ, નવરી નિશાણીનાં કામ, બાળીભોળીના કામ કે કાંઠાકૂબલા કરતી ફરે અને ફરતી ફરે. મારે તો ધણી રાજમાંથી આવે, દીકરો નિશાળેથી આવે. વહુ પિયરથી આવે



અને દીકરી સાસરેથી આવે. મારે તો ઘૂમતાં વલોણાં, ઝૂલતાં, પારણાં, કેડ્યમાં કીકો, કપાળમાં ટીકો, વાડે વછેરાં, પરવાડે પાડાં, કકળતી ખીચડી અને સુવાવડી દીકરી. જા બાઈ જા મારે નવરાશ નથી.''

લોકગીતો કંઠપાટીની પરંપરાએ હજારો વર્ષોથી લોકહૈયા પર રાજ કરતાં આવ્યાં છે. લોકજીભે રમતાં લોકગીતોમાં નારી હૃદયના નિર્મળ ભાવોનું દર્શન થાય છે. આથી લોકગીતો નારીજીવન સાથે નીકટતાના નાતે જોડાયેલાં છે. એમાં સમગ્ર લોકવ્યવહાર અને લોકમાનસનું નિરૂપણ જોવા મળે છે. ગુજરાતનો કોઈ ઉત્સવ લોકગીતવિહોણો રહ્યો નથી. લોકગીતોમાં મુક્ત આનંદનો, છલકાતા ઉલ્લાસનો અને જીવનના ઉત્સવનો સૂર બુલંદપણે સંભાળાય છે. લોકજીવન, નારીજીવન કુદરતના રંગોને પણ માણી જાણે છે. સવાર પડે છે. ઉગમણા આભે ઝાળાંમળાં થતો સૂરજ ઊગે છે. ચિરપુરાતન છતાં નિત્ય નૂતન એ ચમત્કારને લોકહૃદય કેવાં વધામણાં આપે છે ?

*''સૂરજ ઊગ્યો રે સરોવરિયાની પાળે,*
*કે વાણેલાં ભલે વાયાં રે*
*ભમરા ઊડે રે કેવડિયાની ફણશે,*
*કે વાણેલાં ભલે વાયાં રે,*
*સૂતા જાગો રે રાધિકાના કંથ,*
*કે વાણેલાં ભલે વાયાં રે.''*

કુંવારી કન્યાની સગાઈ થાય છે. એના અંતરના આનંદમોરલા એક સામટા ટહુકી ઊઠે છે. સ્વપ્નામાં એને શું દેખાય છે ? સ્વામી ગુલાબના ગોટારૂપે દેખાય છે અને એની ફોરમ પોતાની સૌભાગ્ય ચૂંદડીમાંથી મહેકી ઊઠે છે.

*"આજ રે સ્વપ્નામાં મેં તો ગુલાબી ગોટો દીઠો જો.*
*ગુલાબી ગોટો ઈ તો અમારો પરણ્યો જો,*
*ફૂલડિયાંની ફોર્યું સાહેલી મારી ચૂંદડીમાં રે."*

લોકગીતોમાં સસરા માટે ડોલતો ડુંગર, રણમલ, રાજિયો, ચોરાનો ચોવટિયો, ગામનો ગરાસિયો, સાસુજી માટે સમંદરની લેર, સાંગામાંચીએ બેસનારાં, ખળખળ નદીએ નહાનારાં, દેવદર્શને જાનારાં, જેઠને માટે અષાઢી મેહુલો, ઘમ્મર વલોણું, જેઠાણી માટે વાદળની વીજળી, દૂધ-દહીંના વાટકા જમનારી, વાદડિયાં વદનારી, દિયરને માટે દરિયા માહ્યલો દેડકો, લવિંગની લાકડી જેવો, તરવરના ઘા જેવો, નણંદને માટે સોનાની થાળીમાં જમનારી અને નણદોઈ માટે જટાળો જોગી, વાડી માયલો વાંદરો જેવાં વિશેષણો વપરાયાં છે. રણમલ રાજિયા જેવા સસરાની પરાણે લાજ કાઢવાની અને સમદર લેર જેવાં સાસુને પાયે પડવાની નારીને હોંશ થાય છે, પણ એ ખાનદાન સંસ્કારી અને દરિયાવ દિલના હોય તો! શ્રી મેઘાણીભાઈ કહે છે કે, કુટુંબસંસારનાં આ નવરંગી ચિત્રોમાંથી સર્વોપરી ચિત્ર તો ભાઈ-બહેનના સ્નેહનું છે. સીમંતનો મહિમા અને જન્મસમયની મંગળવિધિ જનેતાના હૈયામાં સબળ ભાવે ગવાયેલ છે. પહેલા ખોળાનો બેટડો લઈને પિયરથી સાસરે આવતી નવોઢા નારી તો જુઓ :

*"ઘૂઘરિયાળી વેલ્યમાં નાનીવહુ આવે,*
*ખોળામાં બાવલ બેટડો ધવરાવતી આવે,*
*દૂધેભરી તળાવડી નવરાવતી આવે,*
*ખોળામાં ખારેક ટોપરાં ખવરાવતી આવે,*
*થાળભર્યો શગમોતીએ વધાવતી આવે."*

દક્ષિણ ગુજરાતમાં ખાંયણાંનો પ્રકાર ઠીકઠીક ખેડાયો છે. ત્રણ પંક્તિના ખાંયણાંમાં દીકરીના અંતરની વ્યથા આલેખાઈ છે.

*"મા એ મલાવ્યા ને બાપે લડાવ્યાં લાડ,*
*ભાઈએ ને ભાભીએ તજાવ્યાં ઉંબરા."*
*"સરોવરની પાળે, માં ને દીકરી મળિયાં,*
*ધ્રુસકે ધ્રુસકે રડિયાં કે સરોવર છલકાઈ ગયાં."*

લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય સમાંતરે ચાલ્યાં છે. લોકસાહિત્ય નેસડો, ગામડું, લોકવરણ, ખેડવાયા, અઢારે વરણ અને તેર તાંસળીમાં ફરતું, તરતું રહ્યું જ્યારે ચારણી સાહિત્ય રાજઠાકોરના રાજરજવાડાંના ઓથારે આવન-જાવન દ્વારા ચારણ, ભાટ, ઢાઢી, મીર દ્વારા ફરતું રહ્યું. ચારણી સાહિત્ય કર્તૃત્વની છાપવાળું છે. ભુજમાં તો એક કાળે રાજ્યાશ્રયે વ્રજભાષા પાઠશાળા ચાલતી. અહીં ચારણ કવિઓ ભણીગણીને તૈયાર થતા. તે રજવાડાંઓમાં રાજકવિ



તરીકે સ્થાન પામતા. આવા ચારણ કવિઓએ ચાર ચરણવાળા દોહરા, ચોપાઈ કે સોરઠામાં કેવી ચમત્કૃતિ નિપજાવી છે? સારંગના દુહામાં સારંગના કેવા ગૂઢાર્થો રજૂ કર્યા છે? એ દુહામાં સારંગના કેટલા અર્થ આપ્યા છે? સારંગ એટલે સિંહ, હરણ, કમળ, ભમરો, ચોર, રાજા, સાપ, મોર, ચંદ્ર અને ચાતક (ચકોર) પક્ષી આ રહ્યો એ રસપ્રદ દુહો :

***"સારંગ કે ઘર સારંગ ભયો,***
***(ઓર) સારંગ ભયો ઉદાસ;***
***સારંગ સે સારંગ મિલે,***
***મન ભયો ઉલ્લાસ."***

અર્થાત્ : હરણ વનમાં ચરતું હતું. ત્યાં ફરતો ફરતો સિંહ આવી પહોંચ્યો. એના પર નજર પડતાં જ હરણ ઉદાસ થયું. વનમાં નાગ વિચરતો હતો. ત્યાં મોર આવ્યો. એને જોઈને નાગ ઉદાસ થયો. ભય પામ્યો. વનની કમળ તળાવડીમાં કમળના ફૂલ ઉપર ભમરો ગુંજારવ કરતો હતો. સૂર્ય અસ્ત પામતાં કમળ બિડાઈ ગયું. ભમરો કમળમાં કેદ પુરાતાં ઉદાસ થયો. ભય પામ્યો. ચોર રાત્રે ચોરી કરવા નીકળ્યો. એવામાં રાજા રાત્રે નગરચર્યા કરવા નીસર્યા. રાજાને જોઈને ચોર ઉદાસ બન્યો. દુહાના ત્રીજા અને ચોથા ચરણનો અર્થ મેઘગર્જના થઈ. વરસાદના ફોરાં ધરતી માથે પડવા માડ્યાં ને મોરનું મન નાચી ઊઠ્યું, મોર ટહુકી ઊઠ્યો. રાત્રીના સમયે ચંદ્ર ઊગવાની રાહ જોતું ચકોર પક્ષી ઊગતા ચંદ્રને જોઈ હર્ષોલ્લાસ થયું.

આ બધા જાણ્યા અજાણ્યા ચારણ કવિઓની રચનાઓ શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'ઋતુગીતો'માં સંગ્રહિત કરી છે. ચારણી સાહિત્યના ક્ષેત્રે ઉત્તમ ગ્રંથો છેલ્લાં ૨૦૦ વર્ષમાં રચાયાં છે, જેમાં ઈસરદાનજી, બ્રહ્માનંદસ્વામી, ભાવનગરના રાજકવિ પીંગળશીભાઈ પાતાભાઈ, જામનગરના રાજકવિ માવદાનજી રત્નુ, રાજકવિ શ્રી નારાયણદાનજી બાલિયા, કચ્છના રાજકવિ કરણીદાનજી, લીંમડીના રાજકવિ શંકરદાનજી દેથા, દુલા ભાયા કાગ, ઠારણભાઈ, જીવણ રોહડિયા, ઉમા મહેડુ, મેરુભા, મેઘાણંદજી વગેરે અનેક નામો ગણાવી શકાય. ચારણી સાહિત્યમાં દુહા, છંદ, ઋતુગીતો, બારમાસી, ગીતકથાઓ, લોકકથાઓ ઉપરાંત ઉત્તમ ગ્રંથસર્જનો થયાં છે. જેની હસ્તપ્રતો અને છપાયેલા ગ્રંથો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આજે સચવાયાં છે.

આમ ગુજરાતના લોકજીવનમાં લોકસાહિત્યની લીલી વાડી ખીલેલી જોઈ શકાય છે, પણ એના સંગ્રહ અને સંપાદનનું કાર્ય ઓગણીસમી સદીથી શરૂ થયું. પશ્ચિમના વિદ્વાનોના કાર્યમાંથી પ્રેરણા લઈને આપણે ત્યાં લોકસાહિત્યનું અધ્યન આરંભાયું. કવિ શ્રી દલપતરામથી એને પ્રારંભ થાય છે. એ પછી મગનલાલ વખતચંદ, પારસી બાનુ શ્રીમતી પૂતળીબાઈ, જેમ્સ ફોર્બ્સ, એલેક્ઝાંડર કિન્લોક ફોર્બ્સ, ફરામજી બહમનજી માસ્ટર, કવિ રુસ્તમ ખુરશેદ ઈરાની, મહિપતરામ રૂપરામ નીલકંઠ, હરજીવન શુક્લ, ગણેશજી વકીલ, જીવરામ અજરામર ગોરે મોટે ભાગે લોકવારતાઓનું ખેડાણ કર્યું.

સને ૧૯૦૫માં અમદાવાદને આંગણે યોજાયેલી પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદમાં રણજિતરામ વાવાભાઈ લોકકથાઓ અને લોકગીતો ઉપર બે નિબંધો વાંચ્યા. તેમાં લોકગીતો સાથે લોકકથાઓનું સૌ પ્રથમવાર વિવેચન થયું. એ પછી ખીમજી વસનજીએ ''કાઠિયાવાડી જવાહિર'' નામનો દુહાસંગ્રહ અને રાજકોટના કાનજી ધર્મસિંહે ''કાઠિયાવાડી સાહિત્ય'' પુસ્તક પ્રગટ કર્યું. શ્રી હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીએ કાઠિયાવાડની જૂની વારતાઓ આપી, જગજીવન કાલિદાસ



પાઠકે 'મકરધ્વજવંશી મહિપ માળા' આપી. એ પછી ધીરસિંહજી વહેરાભાઈ, શ્રી કલસારકલ, તારાચંદ અડાલજા અને જેઠાભાઈ દૂબળેએ આ દિશામાં ખેડાણ આદર્યું.

ત્યાર પછી આવ્યા લોકસાહિત્યના ભેખધારી સદ્ગત શ્રી ઝવેરચંદ મેઘાણી. એક કાળે ગામડિયા ગમારનાં ગાણાંરૂપે ઉવેખાયેલા લોકસાહિત્યને એમણે શિષ્ટ સાહિત્યના ચોક વચાળે ગૌરવપૂર્ણ રીતે મૂકી આપ્યું એટલું જ નહીં, પણ લોકસાહિત્યને યુનિવર્સિટીના દ્વાર ખખડાવતું કર્યું. મેઘાણીભાઈએ પોતાની અલ્પ આયુઅવધિમાં ૮૭ જેટલા ગ્રંથો આપીને લોકસાહિત્ય સંશોધનનો રાજમાર્ગ કંડારી આપ્યો. ૨૦મી સદીમાં મેઘાણીએ લોકસાહિત્ય સંપાદનમાં રાસડા, લગ્નગીત, ગીતકથા, કિશોરકથા વગેરેનું સંશોધન સંપાદન કર્યું. એ રીતે ગિજુભાઈ બધેકાએ મિત્રો, શિક્ષકો, બાળકો વગેરેના સહકારથી 'બાળકહાણી' બાળવારતાઓનું પાંચ ભાગમાં સંપાદન કર્યું. બાળકો માટે આ એક ઉમદા કાર્ય થયું.

મેઘાણીભાઈના સમકાલીન શ્રી ગોકુલદાસ રાયચુરાએ શારદા માસિક દ્વારા લોકકથાઓ અને લોકસાહિત્ય આપવા માંડ્યું. 'સ્ત્રીજીવન'ના તંત્રી શ્રી મનુભાઈ જોધાણીએ લોકવારતાના સંગ્રહો આપ્યા. કચ્છના નાનાકડા ગામ ગુંદિયાળીના પ્રાથમિક શિક્ષક અને ત્યાર બાદ કેળવણી ખાતાના નિરીક્ષક બનેલા દુલેરાય કારાણીએ જીવરામ અજરામર ગોરના કાર્યમાંથી પ્રેરણા લઈને લોકસાહિત્ય સંશોધનની ધૂણી ધખાવી. એમના સમકાલીનોમાં જયમલ્લ પરમારને યાદ કરવા પડે. જયમલ્લભાઈએ 'ઊર્મિનવરચના' દ્વારા લોકસાહિત્યની સરવાણી વહેવડાવી અને લોકસાહિત્ય, સંસ્કૃતિ પર અનેક મૂલ્યવાન ગ્રંથો આપ્યા. એ પછી મગનલાલ બાપુજી બ્રહ્મભટ્ટ, ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. મંજુલાલ મજમુદાર, જેઠાલાલ ત્રિવેદી, શંભુપ્રસાદ દેસાઈ, ડૉ. હસુ યાજ્ઞિક, જયભિખ્ખુ, ખોડિદાસ પરમાર, જોરાવરસિંહ જાદવ, દોલત ભટ્ટ, નાગજીભાઈ ભટ્ટી, શંકરભાઈ તડવી, રેવાબહેન તડવી, ડૉ. હરિલાલ ગૌદાની, ડૉ. કુમારપાળ દેસાઈ, ડાયાલાલ બ્રહ્મભટ્ટ, વૈદ્ય મોટાભાઈ ગઢડાવાળા, નટુભાઈ ઠક્કર, કાલિદાસ સોલંકી, ગુણવંત ભટ્ટ, કેશુભાઈ બારોટ, કાનજી ભુટા બારોટ, મનસુખ સ્વામી, દેવજી બારોટ, ડૉ. ભગવાનદાસ પટેલ ઉપરાંત અનેક નાના-મોટા સંશોધકોએ લોકસાહિત્ય પર નોંધપાત્ર સંશોધન અને સંપાદન કાર્ય કર્યું છે. લોકસાહિત્ય પર પ્રમાણમાં જે કાર્ય થયું છે તેનાથી ઓછું કાર્ય ચારણી સાહિત્ય પર થયું છે, પણ બારોટોનું સાહિત્ય, સંશોધન સંપાદન માટે સંશોધકોને સાદ પાડી રહ્યું છે. શ્રી કેશુભાઈ બારોટે (જૂનાગઢ) આ દિશામાં શ્રીગણેશ માંડ્યા છે એ આનંદની વાત છે. ગુજરાતની લબ્ધપ્રતિષ્ઠિત સંસ્થા ગુજરાત લોકકલા ફાઉન્ડેશને સેવાભાવનાથી સમર્પિત થઈને લોકસાહિત્ય સંગ્રહ અને પ્રકાશનની કામગીરી એકલે હાથે ઉપાડી છે. ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્યનો વસંતીફાલ ઊતરે એ દિવસની આપણે સૌ રાહ જોઈએ. ■ ■ ■

# પ્રકૃતિના ખોળે પાંગરેલું ગુજરાતનું લોકસંગીત

લોકવિદ્યાનાં મહત્ત્વનાં અંગોમાં લોકસાહિત્યની સાથે લોકસંગીતનો સમાવેશ થાય છે. લોકસંગીતનો વિનિયોગ ગીત અને નૃત્યમાં થાય છે. ગુજરાતમાં મેઘાણીભાઈથી માંડીને આજપર્યંત લોકસાહિત્યનું સંશોધન વિવેચન થતું રહ્યું છે, પણ લોકસંગીત (ગીત, સંગીત અને નૃત્ય)નું સંશોધન નહીંવત્ જ થયું છે. લોકસંગીતની પરંપરામાં ડાયરા અને પ્રચાર માધ્યમોને કારણે ગાયક કલાકારો મોટી સંખ્યામાં બહાર આવ્યા, પણ કોઈએ લોકસંગીતની સરિતાના મૂળ અને કૂળ સુધી પહોંચવાનો પુરુષાર્થ કર્યાનું જાણમાં નથી. શાસ્ત્રીય સંગીત ઉપર સંખ્યાબંધ ગ્રંથો લખાયાં છે પણ લોકસંગીત ઉપર શ્રદ્ધેય કહી શકાય એવો એકેય ગ્રંથ ગુજરાતી ભાષામાં લખાયાનું મારા ધ્યાન પર આવ્યું નથી. લોકસંસ્કૃતિના લબ્ધપ્રતિષ્ઠ અભ્યાસી જયમલ્લ પરમાર, લોકવિદ્યાવિદ્ અને સંગીતજ્ઞ શ્રી હરકાન્ત શુક્લ તથા ડૉ. હસુ યાજ્ઞિકે અભ્યાસી લેખો દ્વારા અવાવરુ વાવના પાણી ઉલેચવાના સ્તુત્ય પ્રયત્નો કર્યાં છે, જે અભ્યાસીઓને માટે સારા રાચમાં સાંબેલારૂપ બની રહ્યા છે.

ગુજરાતના સંગીતની વાત કરીએ ત્યારે માર્ગી અથવા ગાંધર્વ-ગાન અને દેશી એમ બે પ્રવાહો જૂના કાળથી જાણીતા છે. શાસ્ત્રોના નિયમ પ્રમાણે પરંપરાથી ઉદ્ભવતું સંગીત માર્ગી, જ્યારે લોકાભિરુચિ મુજબ પ્રચલિત થયેલ સાદું સંગીત તે દેશી. પહેલાંમાં સૌંદર્યનું નૈસર્ગિક અને ગ્રામ્ય સ્વરૂપ જોવા મળે છે. જ્યારે બીજામાં બુદ્ધિપૂર્વક સપ્રમાણતા અને સુસંબદ્ધતાથી રચી કાઢેલ સૌંદર્યનું સંસ્કૃત સ્વરૂપ જોવામાં આવે છે. ડુંગરાની ગાળિયું, જંગલ-ઝાડિયું કે મેદાની પ્રદેશના ગામડાગામનાં અભણ નર-નારીઓએ પોતાના હૃદયના ભાવો અને ઊર્મિઓને અભિવ્યક્ત કરવા



માટે ઉપજાવેલું સહજ સંગીત એ લોકસંગીત છે. આમ આપણું લોકસંગીત લોકોના જીવનના વ્યવહારમાંથી નીપજ્યું છે. હાલરડાં ગાતી માતા, દૂહાથી ડુંગર ગજાવતો ગોપ, તંબૂરના તાર માથે ગળતી રાતે ભજન ગાતો ભજનિક, પરોઢિયે ઊઠીને પ્રભાતિયાંના સૂરે દળણાં દળતી બાઈઓ, કોસ હાંકતો ને રામવળા લલકારતો કોસિયો, મેળે જતાં ગીત ગાઈને વગડો ગજાવતા જુવાનિયા ને જુવતીઓ, વિલંબિત સૂરે મરશિયાં ગાતી મીરાણી કે લંઘા નારીઓનાં ગીતો લોકોને રીઝવવા માટેનાં નથી. એમાં નિજાનંદની મસ્તી છે. એમાં ગાનાર અને સાંભળનાર પોતે જ હોય છે એટલે એ રીતે જોઈએ તો લોકસંગીત લોકોને રીઝવવા હેતુપૂર્વક કોઈએ રચેલું સંગીત નથી, પણ લોકોના જીવનવ્યવહારમાંથી  નીપજેલું લાગણીનું સંવેદન છે. લોકોના જીવનમાંથી નીપજેલું, લોકો થકી, લોકો માટે જ ગવાતું તે લોકસંગીત એ કોઈ એકનું નહી પણ સૌનું છે. એમાં સંઘજીવનના પહેલ પડે છે એના ઘડતરમાં ઢાળમાં, હલકમાં ને હિલોળમાં. લોકસંગીત એ લોકજીવનની નીજી મૂડી છે. આ લોકસંગીતના પ્રવર્તનનો હેતુ લોકોત્સવનો, મનોરંજનનો છે. સંસ્કારવિધિની ઊજવણીનો છે. ધાર્મિક અનુષ્ઠાનનો છે. એમ કહેવાય છે કે, લોકસંગીત અને લોકનૃત્ય આદિકાળે બોલી કે ભાષા પૂરી શોધાઈ નહોતી ત્યારથી ચાલતાં આવ્યાં છે. પ્રકૃતિમાંથી પ્રેરણા મેળવીને માનવીએ સંગીતની શોધ કરી છે એમ મનાય છે.



શાસ્ત્રીય સંગીતમાં નાદને બ્રહ્મ તરીકે ઓળખવામાં આવે છે. આ નાદની ઉત્પત્તિની સાથોસાથ ગાંધર્વગ્રામ, સ્વરરચના, મીંડ, કંપ વગેરે તો નહીં જ આરંભાયા હોય. માનવીની નાભિમાંથી જે દિવસે નાદ પેદા થયો હશે એ દિવસે એ કોઈ સુખ કે દુઃખના આવિર્ભાવરૂપે જ હશે! ડૉ. હસુ યાજ્ઞિક નોંધે છે કે પ્રકૃતિમાંથી અને સજીવ સૃષ્ટિમાંથી માણસને જે વિવિધ ધ્વનિ એકમો મળ્યાં અને પોતાના ગળામાં અનુકરણથી એમને સિદ્ધ કરવા મથ્યો એમાંથી જ નાદ પેદા કરવાનું અને ઊંચાઈ-ઉત્કટતા વધારવા ઘટાડવાનું કૌશલ્ય એણે પ્રાપ્ત કર્યું. બીજા પ્રાણીઓનું જીવનકાર્ય અવાજથી પૂર્ણ થયું, પરતું માણસ વિશેષ બુદ્ધિશાળી, તર્ક કરી શકે અને બીજાનું અનુકરણ  કરીને પોતાનું સહજસિદ્ધ કૌશલ્ય  વધારી શકે એવું પ્રાણી!


ભારતીય આર્યધારા સાથે સંબદ્ધ  ધરાવતું લોકસંગીત ભારત યુરોપીય આર્ય લોકસંગીતની શાખા છે. વળી આ ભારતીય અને પાશ્ચાત્ય લોકસંગીતમાં પણ કેટલુંક પાયાનું સામ્ય છે. સ્વર અને તાલમાં સ્વર લગાવ અને સ્વરને સૌંદર્યમંડિત કરવાની ભાવાનુસારી રૂપમાં પ્રયોજવાની પદ્ધતિમાં યુરોપના અને ભારતના, લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત વચ્ચે કેટલુંક સમાન તત્ત્વ હોવાનું ડૉ. હસુ યાજ્ઞિક નોંધે છે.

લોકસંગીતની પ્રાચીનતાનો ઐતિહાસિક દષ્ટિએ વિચાર કરીએ ત્યારે આર્યો આપણે ત્યાં ભારતમાં આવ્યા તે પહેલાં સંગીત હતું કે કેમ એ પ્રશ્ન સહેજે ઉદ્ભવે. શ્રી જયમલ્લ પર કહે છે કે કિરાત, ગાંધર્વ વગેરે જાતિયો અનાર્ય હતી અને એ સંગીતનિપુણ જાતિઓ એ ગણાતી આવી

છે. (જો કે ગાંધર્વ જાતિ માટે એકથી વધુ મત છે.) અનાર્યોનો સંગીત સંસ્કાર આપણને મળ્યો છે કે નહીં એ સંશોધનનો વિષય રહ્યો છે. ઈતિહાસની જાણકારીને અભાવે આપણે સામગાન આગળ આવીને અટકવું પડે છે. સામવેદથી માંડીને શ્રુતિ-સ્મૃતિઓ અને ઠેઠ પુરાણકાળ સુધી ઊતરી આવીએ ત્યાં સુધીના કોઈ ગ્રંથમાં આ લોકસંગીતનો ઉલ્લેખ નથી, પણ ઈ.સ.પૂર્વેની સદીમાં ભારતીય સંગીતશાસ્ત્રનો આદિ ગ્રંથ 'ભરતનાટ્ય શસ્ત્ર' રચાયો ત્યારે એમાં ગ્રામગાન જાતિ અને ઋચા જાતિ, મૂર્ચ્છના ગાન, માર્ગી અને દેશી ગાનના ક્રમબદ્ધ વિભાગો જોવા મળે છે. એમાં લોકસંગીતનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ આવતો નથી.

શાસ્ત્રીય સંગીતકારોએ માર્ગી એટલે શસ્ત્રીય અને દેશી એટલે એ સિવાયનું બીજું બધું એવો અર્થ ઘટાવ્યો છે. ૧૩મી સદીમાં રચાયેલા 'સંગીત રત્નાકર'માં માર્ગી અને દેશી એવા બે ભેદ પાડ્યા છે. માર્ગી અર્થાત્ શાસ્ત્રીય સંગીતને નાદ સ્વરની આરાધના વડે ઈશ્વરપ્રાપ્તિ માટેનું દિવ્ય સંગીત કહેવામાં આવ્યું છે. જ્યારે દેશી અર્થાત્ લોકસંગીત માટે 'સંગીતરત્નાકર'માં કહેવાયું છે કે વાગ્ગેયકારો (વાણી અને ગીત બંને રચનાર) એ લક્ષણયુક્ત જનરંજન કરનારું જે ગાન રચ્યું તે દેશી સંગીત. તેમ છતાં કોઈ પણ શસ્ત્રીય ગ્રંથમાં લોકસંગીત એવો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. દેશી ભાષામાં રચાયેલું તે દેશી સંગીત અને લોકસંગીત તે પણ દેશી સંગીત એવું અર્થઘટન થતું રહ્યું છે.

લોકસંગીત ઈચ્છાનુવર્તી હોવાથી તેમાં શિષ્ટ સંગીતની જેમ સ્વરના વાદી, સંવાદી, ગ્રહ, અંશ, અલંકાર જેવું કશું હોતું નથી. ગરીબની ઝૂંપડી અને રાજાના મહેલ જેવું વૈષમ્ય લોકસંગીત અને શિષ્ટ સંગીત વચ્ચે જોવા મળે છે. લોકસંગીતમાં રાગો નહીં પણ રાહો હોય છે. રાહો એટલે પડેલા ચીલાઓ, જે ચીલાઓ જંગલના ચીલાઓની જેમ સ્વયંભૂ હોય છે. લોકસંગીતના રાહો સાદા સરળ અને સામાન્ય હોય છે. સામાન્ય માનવી સ્વરોના કોઈ પણ જાતના અભ્યાસ વગર ગાઈ શકે તેવા સહેલા હોય છે. લોકસંગીતમાં હૃદય ભાષા અને સંગીત સમવાહી થતાં તે વધુ અસરકારક રીતે સમજી શકાય તેવું હોય છે. ગ્રામ પ્રજા પોતાનો નિર્વ્યાજ આનંદ, મધુર પ્રેમ અને ભક્તિભાવ સરળ અને નૈસર્ગિક રીતે લોકસંગીત દ્વારા વ્યક્ત કરે છે. શિષ્ટ સંગીતને ધર્માશ્રય અને રાજ્યાશ્રય મળતા તેનો વિકાસ સતત થતો રહ્યો જ્યારે લોકસંગીતને જનસમુદાયનો આધાર મળી રહ્યો. લોકજીવને વહેલી સવારના પ્રભાતિયાથી માંડીને ભાંગતી રાતનાં ભજનો સુધી લોકસંગીતની સરવાણીઓ વહાવી, પરિણામે તાલ અને લયબદ્ધ લોકસંગીતના પ્રદેશે પ્રદેશે કંઈ કંઈ પ્રકારો સર્જાયાની નોંધ લેતાં શ્રી જયમલ્લ પરમાર કહે છે કે બંગાળે બાઉલ, ભટિયાલી, ઝુમુર અને કીર્તન આપ્યાં છે, તો પંજાબે મહિયા, હીર, ઘોરી અને ગિદ્ધા આપ્યાં ત્યારે મહારાષ્ટ્રે પોવાડા, અભંગ, લાવણી અને પદ આપ્યાં, ઉત્તર હિંદના દિલ્હીથી બનારસ વચ્ચેના પૂરબ વિસ્તારે કજરી ને શેરી આપ્યાં, ઝૂલા, સોદર ને સાવન આપ્યાં, નૌટંકી, ચૌકલિયા ને સાકા આપ્યાં. સિંધે સૂફી ને કાફી સંગીત આપ્યું. સરહદે નિમકાઈ લોભા અને સંદરાના પ્રકાર આપ્યા. તેમ છતાં સૌરાષ્ટ્રમાં લોકસંગીતનો જેટલો વિકાસ થયો છે એટલો ભારતના અન્ય પ્રદેશોમાં





ભાગ્યે જ થયો હશે!

ભારતીય લોકસંગીત પર શસ્ત્રીય રાગદારીની અસરો જોવા મળે છે. લોકસંગીતમાં બિલાવલ, આશાવરી, મારૂ, બિહાગ, કાફી, સારંગ, મલાર, ધનાશ્રી, ભીમપલાસ, સારંગ, દેશ, ભૂપાલી, પહાડી, ખમાજ જેવા રાગો અનેક ઢાળમાં ગવાય છે. લોકસંગીતની ખૂબી એ છે કે થોડાક જ સ્વરની રમતમાં એણે હજારો ઢાળ આપ્યા છે. લોકસંગીતના તાલ પણ સાદા જ. હીંચ, કેરવો કે ધમાર, ત્રિતાલ, દીપચંદી કે દાદરા. રાસમાં હીંચ અને કેરવો વિશેષ પ્રચલિત છે, જ્યારે ભજનમાં ત્રિતાલ દીપચંદી ને દાદરા. ૧૪ માત્રાનો મજાનો તાલ દીપચંદી છે. લોકસંગીતને વધુ સુંદર બનાવે છે. લોકસંગીતના સ્વરો અને સ્વરસ્થાન બહુ સ્પષ્ટ હોય છે. ઓછા સ્વરો,ભરપૂર ભાવ અને સ્વરની લાક્ષણિક કરકસર. લોકસંગીતની બીજી મજા આડમાં ગવાતાં ગીતોની છે. લય કોઈ પણ લોક કે શિષ્ટ સંગીતનો પ્રાણ છે. લોકસંગીતના લયનો સંબંધ નૃત્ય વગેરેની સાથે જોડાયેલો હોવાથી તે હંમેશ જીવંત બની રહે છે.

શસ્ત્રીય અને લોકસંગીતનો સંબંધ તપાસીએ તો જણાશે કે વીણાવાદન સાથે ગવાતું સામવેદની ઋચાઓવાળું સામગાન પણ વિસ્તૃત પટ પર પથરાયેલા લોકસંગીતના પાયા વગર ઊભું ન જ રહી શકે. શ્રી પરમાર નોંધે છે કે, સંગીતને શસ્ત્રીય રૂપ આપનારા મૂળ રચયિતાઓએ આકાશમાંથી નહીં પણ લોકસમુદાયના કંઠમાં ઘૂંટાતા સ્વરોને પકડીને એની ભૂમિકા ઉપર સામગાનની રચના કરી હશે. સંગીતમા પંડિત ઓમકારનાથજીએ પણ આ વિધાનનો સ્વીકાર કરતાં કહ્યું છે ''શિષ્ટ સંગીતનું આરંભસ્થાન લોકસંગીતમાં છે. મારાં ઘણાં વર્ષોના અનુભવ અને ચિંતન પછી કહું છું કે શિષ્ટ સંગીતના મૂળ લોકસંગીતમાં રહેલાં છે.''

લોકસંગીતમાં ભાવને અનુરૂપ સાદા રાગ, તાલ અને એવાં જ સાદા વાદ્યો હોય છે. ઢોલ, ઢોલક, શરણાઈ, બંસી, પાવો, પખાવજ, નોબત, એકતારો, મંજીરાં, ડાક, ડાકલું, ખંજરી, ઘંટ, ઘૂંઘર, લોકસંગીતમાં પ્રચ્છન્ન સૌંદર્ય ઉમેરનારાં આપણાં લોકવાદ્યો છે. લોકવાર્તાનાં કથકો ક્યારેક સંતાર (સિતાર) પણ ઉપયોગમાં લે છે. લોકડાયરાઓને કારણે લોકસંગીત આજે વધુ ને વધુ લોકપ્રિય થતું જાય છે અને ફિલ્મો સુધી પહોંચ્યું છે.

# આપણાં પરંપરિત લોકવાદ્યો



ભારતના અન્ય પ્રદેશોની સરખામણીમાં લોકસંસ્કૃતિની દ્રષ્ટિએ ગુજરાત ઘણો સમૃદ્ધ પ્રદેશ છે. ગુજરાતમાં શિષ્ટ કલાઓના પ્રમાણમાં લોકકલાઓનું પ્રભુત્વ પ્રજામાનસ પર હજારો વર્ષથી એકધારું રહ્યું છે. સંગીતની વાત કરીએ તો સિંધુતટની નર્તકીનો વિચાર ન કરીએ તો પણ ભારતીય સંગીત વેદકાળ જેટલું પ્રાચીન તો કહી શકાય. 'સામવેદ'એ ઋગ્વેદનું સંગીત-સ્વરૂપ છે. એને ગાનારા વિશિષ્ટ આવડતવાળા સંગીતકારોને 'સામગા' તરીકે ઓળખવામાં આવતા. સંગીતનો ઉપયોગ ધાર્મિક અને સામાજિક કાર્યોમાં થતો. વાદ્ય એ ગીત-સંગીતનું ઘરેણું ગણાય છે. વાદ્યોના ઉપયોગ વિના સંગીત અધુરું મનાય છે. શિષ્ટ સંગીત લો કે લોકસંગીત લો, પણ તેમાં વાદ્યનું સ્થાન ખાસ કરીને અવાજનું અનુસરણ કરનારું રહે છે. અવાજના અનુયાયી તરીકે તે સ્વરનું પૂરક અથવા તાલ માટે મદદનીશનું સ્થાન ભોગવે છે. શિષ્ટ સંગીતમાં સિતાર, સરોદ, વીણા વગેરે વાદ્યોનું સ્વતંત્ર વાદન ઘણા કાળ પછી ઉત્ક્રાંતિ પામેલ છે. તેમ છતાં કંઠ એ ભારતીય સંગીતમાં હરહંમેશ પ્રાધાન્ય ભોગવતો આવ્યો છે. ગુજરાતના લોકસંગીતમાં સ્વતંત્ર રીતે કોઈ વાદ્યનું સ્થાન હોય તો તે માત્ર પાવો અગર બંસરી છે, પણ આજે તેનો ઉપયોગ લોકસંગીતમાં પૂરક સાથીદાર તરીકે જ થાય છે. આપણાં ઘણાં ખરાં લોકવાદ્યો શિષ્ટવાદ્યોના પૂર્વજો જેવું સ્થાન ભોગવે છે. સિતાર અને સારંગી જેવાં શિષ્ટતમ વાદ્યોનાં મૂળ તંબૂરો, જંતર અને રાવણહથ્થા જેવાં લોકવાદ્યોમાં પડ્યાં છે.



વેદકાળનાં સંગીતવાદ્યો : ભારતીય સંગીત અને વાદ્યોનું પગેરું છેક વેદકાળ સુધી પહોંચે છે. વાદ્યોના આજ ઓળખાતા ચારે પ્રકારોનો ઋગ્વેદમાં ઉલ્લેખ મળે છે. તત્-તંતુવાદ્ય, વિતત્ ચર્મવાદ્ય, ઘન-આઘાતવાદ્ય અને વાયુવાદ્ય વેદકાળમાં જાણીતાં હતાં. "ભારતીય સંસ્કૃતિ"માં શ્રી ર.વ. દેસાઈ નોંધે છે કે, તંતુવાદ્યમાં વીણા, કાણ્ડવીણાનો ઉલ્લેખ છે. આથી વીણાનો ઉપયોગ થતો હશે એમ લાગે છે. ભયંકર અવાજ કરનાર ઘર્ઘર, ગોધા તથા પિન્ગા જેવાં રણવાદ્યોનો પણ ઉલ્લેખ છે. શંખ સુષિરવાદ્યમાં આવે. આ વાદ્યો ઉપરાંત નૃત્યનો ઉલ્લેખ છે. બ્રાહ્મણયુગમાં

વૃંદસંગીતનો ઉલ્લેખ છે. દુંદુભિ અને સો તંત્રીઓનું વીણાવાદ્ય પણ વર્ણવાયું છે. ઉપનિષદ-ગર્ભોપનિષદમાં આજના સપ્તસ્વરનાં નામ મળી આવે છે. હંસોપનિષદમાં નાદના પ્રકાર છે,



જેવા કે ઘંટનાદ, શંખનાદ, તંત્રનાદ, તાલનાદ, વેણુનાદ, મૃદંગનાદ વગેરે. સૂત્રકાળમાં તો વાદ્યો કેવી રીતે બનાવવાં તેનાં પણ વિસ્તૃત વર્ણન છે. શાંખાયન શ્રૌત સૂત્ર અને લાટ્યાયન સૂત્રમાં વીણાની બનાવટનાં વર્ણન છે. તાર કેમ બાંધવા, તુંબડાં ક્યાંથી મેળવવાં, દંડ કયા વૃક્ષ અગર વાંસના લેવા, ક્યાં વાદ્યને કેટલાં કાણાં પાડવાં, તંતુમાં તાર કે આંતરડાંનો ઉપયોગ કેમ કરવો, પલાશની કે નેતરની નખી કેમ બનાવવી, આરોહ - અવરોહ કેમ કરવા વગેરે વિગતે વર્ણવ્યું છે.

**સંગીતશાસ્ત્રોમાં વર્ણવેલાં વાદ્યો :** સંગીતશાસ્ત્રના આપણા પ્રાચીન ગ્રંથોમાં તંતુ, સુષિર, અવનદ્ધ અને ઘન એમ વાદ્યોના ચાર પ્રકારો દર્શાવાયા છે. હજારો વર્ષની ઉત્ક્રાંતિ પછી આજે આપણી પાસે સંગીત વાદ્યો ઉપલબ્ધ છે. એકતંત્રી વીણા, નુકલવીણા, ત્રિતંત્રિકા, ચિત્રા, વિપર્ચી, મત્તકોકિલ, આલાપિની, પિનાકી, નિઃશંક વીણા, મહતી વીણા, કિન્નરી જેવાં તંતુવાદ્ય, મૃદંગ, દુંદુભિ, ભેરી, પટહ, મરદલ, હુડુક્ક, કરટા, ઘટ, ધડસ, ઢક્કા, કુડુક્કા, કુડુવા, ડમરું, ડક્કા, મણિડક્કા, ડુક્કુલી, રૂંઝા, ઝલ્લરી, ભાણ, સ્ત્રીવલિ, નિઃસાણ, તુંબકી જેવાં આનદ્ધ વાદ્ય, ઘંટા, ક્ષુદ્ર, જયઘંટા, કસ્રા, શુક્તિ, પટ્ટ જેવાં ઘનવાદ્ય અને વેણુ, પાવ, પાવિકા, મુરલી, મધુકરી, કાહલા, તંડુકિની, ચુકડા, શૃંગ, શંખ, તુરી જેવાં સુષિરવાદ્યોનો ઉલ્લેખ સંસ્કૃત સાહિત્યના ગ્રંથોમાંથી સુપેરે સાંપડે છે.

**મધ્યકાળનાં વાદ્યો :** મધ્યકાળમાં મંગલ પ્રસંગે, નૃત્ય વખતે, વસંતને વધાવવાના ઉત્સવ ટાણે, આનંદ અને યુદ્ધના પ્રસંગે વપરાતાં આનંદમર્દલ, આનંદપૂર્યાણિ, મુદ્દલ, ત્રાંસાં, રણકાહલ, જયઢક્ક, વીરમૃદંગ, પણવ, ઘંટા, ઝાલર, રણતૂર, રણશિંગું, પુષ્પભેરી, મદનભેરી, શંખ, શરણાઇ, રુદ્રવીણા, સરસ્વતીવીણા જેવાં વાદ્યોનું વર્ણન ડૉ. ભોગીલાલ સાંડેસરા સંપાદિત "વર્ણકસમુચ્ચય" ગ્રંથમાંથી મળે છે. આ વાજિંત્રોના વર્ણનમાં કેટલીકવાર તે વગાડવાની પદ્ધતિ અથવા તેમાંથી થતા ધ્વનિનો ઉલ્લેખ આવે છે. આમાંનાં ઘણાં વાદ્યોનો વપરાશ આજે પણ જોવા મળે છે.

**પ્રાચીન ગ્રંથોમાં વિધવિધ પ્રકારનાં વાજિંત્રો :** "વસ્તુરત્નકોશ"માંથી ૩૬ પ્રકારનાં વાજિંત્રોનાં નામો આ પ્રમાણે પ્રાપ્ત થાય છે. (૧) ભેરી (૨) મૃદંગ (૩) પટહ (૪) મરુજ (૫) કસાલ (૬) તાલ (૭) લઘુતાલ (૮) શંખ (૯) તૂર્ય (૧૦) ભૂંગલ (૧૧) ઘર્ઘરી (૧૨) તુલૂરી (૧૩) વંશ (૧૪) વીણા (૧૫) પણવ (૧૬) દંડ (૧૭) ડમરુ (૧૮) કાહલ (૧૯) ગર્ગરી (૨૦) દુહિલિ (૨૧) ભરહ (૨૨) કુંડલિકા (૨૩) કકચ (૨૪) રાવણ (૨૫) કર (૨૬) ત્રિકરિક (૨૭) ત્રિવલ (૨૮) ભ્રાતૃણી (૨૯) હંડક (૩૦) તંત્યં (૩૧) કરડ (૩૨) નાગક (૩૩) દદકુંડ (૩૪) નવસરલી (૩૫) વીણાત્રયં (૩૬) લઘુમલી વગેરે.

જ્યારે વ્રજભાષાના બહુ જાણીતા ગ્રંથ ''પ્રવીણસાગર''માં પણ ૩૬ પ્રકારનાં વાજિંત્રોની યાદી આપી છે. ઉ.ત. (૧) મંડળ (૨) બીન (જંતર) (૩) રવાજ (૪) અનોપ (૫) તંબૂર (૬) ઉપંગ (૭) બર (૮) બસુ (૯) સુરદ (૧૦) પિનાક (૧૧) કુમાયચ (૧૨) પુંગી (૧૩) સારંગી (૧૪) બંસી (૧૫) પરઆહ (૧૬) બાંસ (૧૭) કાનુટક (૧૮) તાલ (૧૯) પિંગી (૨૦) રણતૂર (૨૧) ભેરી (૨૨) શરણાઇ (૨૩) પાવો (૨૪) રણશિંગું (૨૫) શંખ (૨૬) શીંગી (૨૭) કરનાટ (૨૮) પણવ (૨૯) આનક (૩૦) મુરંજ (૩૧) ડફ (૩૨) ડાક (૩૩) ડમરુ (૩૪) જલતરંગ (૩૫) ઝાંઝ (૩૬) મંજિરાં ઇત્યાદિ.

સંગીતશાસ્ત્ર વિશે પ્રચુર પ્રમાણિક સામગ્રી આપનાર ગ્રંથ ''ભરતનાટ્ય શસ્ત્ર'' છે. આ ગ્રંથના ૨૮ થી ૩૩ અધ્યાયમાં ''આતોદ્યવિધાન''માં વાદ્યનિર્માણ માટે વિપુલ ચર્ચા કરવામાં આવેલી છે. એક માન્યતા મુજબ ભગવાન શંકર સદાશિવ કે જે પછીથી નટરાજ, અર્ધનારી નટેશ્વરરૂપે વિખ્યાત થયા તેમની પાસેથી સ્વર અને સૂર બંનેનો ઉદ્‌ગમ થયેલો છે. સંસારને દુઃખાક્રાન્ત જોઇને સદાશિવે ગીત અને વાદ્ય પ્રકાશિત કર્યાં એમ કહેવાય છે.



**લોકવાદ્યોની વિશેષતા :** શિષ્ટ સંગીતનાં વાદ્યો શાસ્ત્રીય સંગીતની જેમ પ્રગતિ અને વિકાસ પામેલાં વાદ્યો છે. વાજિંત્રની બનાવટ, તેનું માપ, તેનું ગણિત, તેનો સ્વર બહાર લાવી મોટા કરવાની પ્રક્રિયામાં સદીઓના અનુભવનો નીચોડ અને ઉત્ક્રાંતિ જોવામાં આવે છે. પ્રાચીન સંગીત ઉપર લખાયેલાં શાસ્ત્રોમાં તંતુવાદ્યના પ્રકારોમાં બાર ઉપરાંત પ્રકારો જોવા મળે છે. આમાંના કેટલાક પ્રકારો આજે અસ્તિત્વમાં છે, જ્યારે કેટલાક પ્રકારો કાળે કરીને લુપ્ત થઇ ગયા છે. લોકસંગીતમાં જે વાદ્યો જોવામાં આવે છે તે જૂના કાળથી જે સ્થિતિમાં હતાં તે જ સ્થિતિમાં આજે પણ જોવા મળે છે. લોકવાદ્ય સંગીતમાં કોઈ શાસ્ત્રીય પદ્ધતિ કે શોધખોળને બહુ અવકાશ હોતો નથી અને હોય તો પણ તે લાંબે ગાળે લોકમાનસ અપનાવે તો જ ટકી શકે છે. લોકસંગીતમાં સામાન્ય રીતે તાલનું મહત્ત્વ હોવાથી અને ખુલ્લામાં તેનું આયોજન થતું હોવાથી ખાસ કરીને ખુલ્લામાં સાંભળી શકાય તેવાં નવાં વાદ્યોને વિશેષ સ્થાન મળે છે.

''ગુજરાતના સાંસ્કૃતિક પ્રવાહો''માં સ્વ. શ્રી હરકાન્ત શુકલ નોંધે છે કે, ગુજરાતનું લોકસંગીત એ તેની પ્રાચીન લોકસંસ્કૃતિનું એક અંગ છે. ગુજરાત એ બહુધા દરિયાકાંઠાનો પ્રદેશ હોવાથી અને પશ્ચિમ હિંદનું પ્રાચીનકાળમાં નાકું હોવાથી અનેક જાતિઓ અને જૂથોએ આ દેશમાંથી જ નહીં, પણ મધ્ય એશિયામાંથી આવીને પ્રાચીનકાળમાં અહીં વસવાટ કરેલો છે; એટલું જ નહીં પણ તેઓ પોતાની સાથે લોકસંગીતની સૂરાવલિઓ પણ લાવ્યાં છે, પરિણામે પ્રાચીન લોકસંગીતનો અભ્યાસ કરવામાં આવે તો જણાય છે કે આ લોકવાજિંત્રો અને લોકસંગીતનું જે સ્વરસપ્તક છે તે શિષ્ટ સંગીતના સ્વરસપ્તક કરતાં કેટલીક રીતે જુદું પડે છે. તેના કેટલાક રાગો અને સ્વરાવલિઓ તો મધ્ય એશિયાના લોકસંગીતને સવિશેષ મળતી આવે છે. કોકેસસની આજુબાજુના પ્રદેશો ઈરાક, અરબસ્તાન, ઈરાન અને સિંધ વગેરે દેશોમાંથી ઊતરી આવેલી કેટલીક જાતિઓ પોતાની સાથે સ્વરો અને સંસ્કારો ગુજરાતમાં લાવેલ છે, જેની અસર ગુજરાતના લોકસંગીતમાં ઠીક ઠીક જોવામાં આવે છે.

**કલામઢ્યાં સાદગીપૂર્ણ લોકવાદ્યો :** લોકવાદ્યોનો અવાજ જેટલો આપણને આકર્ષે છે એટલી જ એની બનાવટની સરળતા, સાદગી અને કલામયતા આપણું ધ્યાન ખેંચે છે. પ્રકૃતિએ આપેલ વાંસ, ઘાસ, બરુની સોટી, બિયાનું લાકડું, માટી, વાંસની સોટી, લાકડાની દાંડી, મીણ, દૂધી, વાંસની ચીપો, તુંબડાં, ઘોડાના પૂંછડાના વાળ, જાનવરોનાં આંતરડાંની તાંત, ચામડું, નાગરમોથના રેસા, રેશમની દોરી, નાળિયેરની કાચલી વગેરે ઉપાદાનનો આશ્રય લઈને કુંભાર, ડબગર, કંસારા જેવા કારીગરો, કલાધરો અને હરિજન, તૂરી, મીર, લંઘા, ભોપા, રાવળદેવ, જોગી અને ઢાઢી જેવા લોકજાતિના કલાકાર - કસબીઓએ જાતજાતનાં અને ભાતભાતનાં લોકવાદ્યોનું સર્જન કર્યું છે. આ જ વાજિંત્રો વગાડીને તેઓ આજપર્યંત પેટિયું રળે છે.

**લોકવાદ્યો સંબંધી લોકમાન્યતાઓ :** વાદ્યો તરફની લોકસમાજની માન્યતાઓ પણ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. ''ગુજરાતનાં લોકવાદ્યો''માં શ્રી ઈન્દ્રશંકર રાવળે આ અંગે ઠીક ઠીક રસપ્રદ માહિતી આપી છે. તે અનુસાર લોકસમુદાય વાદ્યોને દૈવી, અતિ પવિત્ર અને માનપ્રદ માને છે. આવાં વાજિંત્રો બનાવતી વખતે કારીગર શુભ ચોઘડિયું, ઉત્તમ વાર વગેરે નક્કી કરે



છે અને પછી જ તે બનાવવાનો પ્રારંભ કરે છે. વાજિંત્રોનું નિર્માણ ચાલતું હોય તેટલો સમય બનાવનારે બ્રહ્મચર્ય પાળવું પડે છે. વાજિંત્રો પર કોઈ અશુભ ઓછાયો ન પડે તેની કાળજી રાખવી પડે છે. જ્યારે વાજિંત્ર તૈયાર થાય છે ત્યારે તેને ભોગ ચડાવવો પડે છે. તેને દેવને પારે રજૂ કરવું પડે છે. વાજિંત્ર વડે રમત કરી શકાતી નથી. અપવિત્ર શરીરે તેને અડકાતું નથી. સૌરાષ્ટ્રના ચારણો જંતરને ભગવાન રુદ્રનું સ્વરૂપ માને છે. તેના વાદન પૂર્વે અને અંતે નમસ્કાર કરે છે. આદિવાસીઓ દેવાહાડોવ્હી નામનું દૂધીમાંથી બનાવેલું વાદ્ય દેવપૂજનમાં વાપરીને ઘરના પવિત્ર ખૂણામાં સાચવી રાખે છે. એ જ પ્રમાણે ગુજરાતના સીદીઓ મલંગાને ઘરના કે દરગાહના પવિત્ર ખૂણામાં સાચવી રાખે છે અને વારતહેવારે તેને ધૂપ કરે છે. આમ, લોકવાદકો પોતાના વાજિંત્રને પવિત્ર અને પૂજનીય માને છે. આથી વાજિંત્ર તૂટી જાય તો જ્યાં ત્યાં ફેંકી દેવાને બદલે નદી - સરોવરના જળમાં પધરાવી દે છે.

**લોકવાદ્યોનું વર્ગીકરણ :** ભારતમાં પ્રાચીનકાળથી જે વાદ્યો વપરાતાં આવ્યાં છે તેની રચના, વગાડવાની પદ્ધતિ અને તેના વર્ગીકરણનો વિચાર પણ આપણા સંગીતાચાર્યોએ કરેલો છે. ભારતીય સંગીતના પ્રાચીન ગ્રંથોમાં (૧) તત્-તંતુવાળા (૨) અવનદ્ધ ચામડું મઢેલાં (૩) ઘન-સામસામે અથડાવીને વગાડવામાં આવતાં અને (૪) સુષિર-ફૂંક વડે વાગતાં એમ ચાર પ્રકારો વર્ણવાયા છે. કેટલાક સાજિંદાઓ વાદ્યોના સાડા ત્રણ પ્રકારો ગણાવે છે. તેમના મત



મુજબ પ્રથમ ત્રણ વાદ્યો પૂર્ણ છે જ્યારે ઘનવાદ્યો ધાર્યા મુજબના સ્વરોમાં ફેરવી શકાતાં ન હોવાથી તેને અપૂર્ણ-અર્ધવાદ્ય ગણે છે. તેમ છતાં ભરતમુનિએ આપેલું વાદ્યોનું વર્ગીકરણ આજે તો વિશ્વ આખામાં સર્વસ્વીકૃત ગણાયું છે. અહીં લોકવાદ્યોના ચારેય પ્રકારના વર્ગીકરણનું વિહંગાવલોકન કરી લઈએ :

**(૧) તંતુવાદ્ય :** એકતારો : લોકસંગીત અને શિષ્ટ સંગીતના સૌથી પ્રાચીનતમ વાદ્યને આપણે એકતારા તરીકે ઓળખીએ છીએ. ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારતવર્ષમાં આ વાદ્ય લોકસંગીતની વચમાં વિહરતું જોવા મળે છે. એમ કહેવાય છે કે, સંગીતમાં એકતારાનો ઉદ્ભવ થયો તેની સાથે સંગીતનું ગણિત અને શાસ્ત્ર પણ ઉદ્ભવ્યું. એકતારામાં સહુ પ્રથમ એક જ તાર હતો એટલે તે એકતારો કહેવાયો. સમયાંતરે તેમાં બે તાર થયા, જેમાં એક ષડ્જમાં અને બીજો પંચમમાં મળતા રામસાગર-તંબૂરમાં ષડ્જ અને પંચમનો સ્વરસંવાદ સાંભળવા મળે છે.

**રાવણહથ્થો :** ગુજરાતના લોકસંગીતમાં ગજથી વાગતાં વાજિંત્રમાં એકમાત્ર રાવણહથ્થો છે. રાવણહથ્થો ભારતનું અત્યંત પુરાણું વાદ્ય મનાય છે. સંસ્કૃત ગ્રંથોમાં તેને ''રાવણ હસ્ત વીણા'' કહેવામાં આવે છે. રાવણે પોતાના આંતરડાંના તાર બનાવી આ વીણા વગાડીને ભગવાન શિવને પ્રસન્ન કર્યા હતા. રાવણ જ્યારે સાધુના વેશમાં સીતાનુંહરણ કરવા ગયો ત્યારે તેના હાથમાં જે વાજિંત્ર હતું તેનો ''રાવણ હસ્ત વીણા'' તરીકે ઉલ્લેખ થયો છે. કાળાંતરે તેનું નામ રાવણહથ્થો પડી ગયું એમ મનાય છે.

રાવણહથ્થો અત્યંત સાદું લોકવાદ્ય છે. નીચેના ભાગમાં નાળિયેરની કાચલી ઉપર ચામડું મઢી તેમાં નાનકડો દંડ રાખવામાં આવે છે. ચામડા પર લાકડાની ઘોડી રાખી તેના પર પાતળા તાર રાખી, તારની મેળવણી કરી, ઘોડાના વાળના ગજથી તેને વગાડવામાં આવે છે. આ વાદ્ય ગુજરાત ઉપરાંત રાજસ્થાન અને માળવામાં પણ જોવા મળે છે. ગુજરાતનો રાવણહથ્થો ત્રણથી ચાર તારનો અને પ્રમાણમાં નાનો હોય છે, જ્યારે રાજસ્થાનનો રાવણહથ્થો સાતથી દસ તારનો અને મોટો હોય છે. તૂરી, બારોટ, ભોપા, જોગી, રાવણહથ્થા પર લોકગીતો, બહારવટિયાના રાસડા અને ભજનો ગાય છે. ગુજરાતમાં રાવણહથ્થો વગાડનારા કલાકારોની સંખ્યા પ્રમાણમાં ઘણી સારી છે. ઢસાના શ્રી ડાહ્યાભાઈ ભાટ અને અમદાવાદના શ્રી ગણેશ ભરથરી તો પરદેશમાં જઈને કાર્યક્રમો આપી આવ્યા છે.

**જંતર :** જંતર એ સૌરાષ્ટ્ર અને કચ્છના ચારણોમાં દૈવી વાદ્ય તરીકે વિશેષ જાણીતું હતું. લોકવાજિંત્રના વૃંદગાનમાં જંતરનું સ્થાન મહત્ત્વનું મનાતું. શેણી- વિજાણંદની જાણીતી લોકકથામાં વિજાણંદ જંતર બહુ સારું વગાડતો. જંતર વાદ્યને વિરહનું કરૂણ ગાન વિશેષ ભાવે છે એમ અમારા તખતદાન રોહડિયા કહે છે.

જંતર એ રુદ્રવીણાનું અત્યંત પ્રાકૃત સ્વરૂપ છે. બીનની માફક તેને બે તુંબડાં, દાંડી, ખૂંટી વગેરે હોય છે. વીણાની જેમ તેને નખલીથી વગાડવામાં આવે છે. તેના પર મીણથી ચોડેલા પડદા હોય છે. આજે જંતરના જાણતલ અને બનાવનાર ગુજરાતમાં કોઈ રહ્યા હોવાનું જાણમાં નથી. ગુજરાતનું જંતર જોધપુર રાજમહેલના સંગ્રહસ્થાનમાં આ લેખકે સૌ પ્રથમ વાર જ નિહાળ્યું હતું.

**સુરંદો :** સારંગીને મળતું સુરંદો કે સુરિંદો નામનું વાદ્ય ઊંટ ચરાવનારા કચ્છી સાવલાણી જતોમાં પ્રચલિત છે. છ તાર ધરાવતો સુરંદો ઉત્તર ભારતમાં અને સિંધ પાકિસ્તાનમાં પણ

લોકવાદ્ય તરીકે જાણીતો છે. સુરંદાનો આકાર કળા કરેલા મયૂર જેવો હોય છે. આ વાદ્ય જત લોકો જ બનાવે છે. તેના પર કલાત્મક કોતરકામ કરી મોતી અને ઊનના ફૂમતાંથી તેને શણગારે છે. સુરંદો મૂકવાની કોથળી પણ રંગબેરંગી મનોહર ભરત ભરેલી હોય છે. સુરંદાના જુદા જુદા તાર જિબાન અઘોર ટીપ, નીરા અને ધીમ તરીકે ઓળખાય છે.  ગજ વડે તેના પર સિંધી રાગરાગિણીઓ વગાડવામાં આવે છે. ગુજરાત લોકકલા ફાઉન્ડેશન સાથે જોડાયેલા સુરંદાના કલાકાર શ્રી સીદીકભાઈ જત યુકે, ફ્રાન્સ તથા દિલ્હી, બેંગ્લોર વગેરે નગરોમાં અનેકવાર કાર્યક્રમો આપી ચુક્યા છે. થોડાં  વરસો પૂર્વે તેમનું અવસાન થયું.

**(૨) અવનધ્ધવાદ્ય :** ગુજરાતના લોકસંગીતમાં જો કોઈ મહત્ત્વનું વાદ્ય હોય તો તે ઢોલ છે. ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારતવર્ષમાં અને પરદેશમાં પણ આ વાદ્યનું અસ્તિત્વ જોવા મળે છે. ઢોલ રણવાદ્ય ગણાય છે એમ મંગલવાદ્ય પણ ગણાય છે. સંગીતશાસ્ત્રમાં વાદ્યયંત્રોના નિર્માતા તરીકે ''સ્વાતિ'' નામના મુનિનું નામ જોડવામાં આવ્યું છે. (ભરતનાટ્યશાસ્ત્ર ૧/૫૦) આમાંય વળી પુષ્કર (ઢોલનું ચામડું કે જેના ઉપર થપાટ મારવામાં આવે છે) વાદ્યની ઉત્પત્તિ





વિશે ભરતનાટ્યશાસ્ત્ર (અધ્યાય ૩૩)માં એક રોચક વાત બતાવી છે કે, એક વાર સ્વાતિ નામના મુનિએ કમળનાં પાંદડાં પર વરસાદના છાંટા પડતા જોયા અને તેનાથી થતા ધ્વનિ ઉપરથી સ્વાતિ મુનિને ચામડાથી મઢાતા વાદ્ય (પુષ્કર-ઢોલ)ના નિર્માણનો વિચાર આવ્યો. આ ઢોલ આજે તો લોકજીવનમાં ખૂબ જ પ્રચલિત બન્યો છે. શ્રી જયમલ્લ પરમાર કહે છે કે, સંઘગાન કે સંઘનૃત્યમાં હજુ ઢોલથી વધુ સારું સાધન વિશ્વમાં શોધી શકાયું નથી. લોકોને જાગૃત કરવા બૂંગિયો વાગે, નૃત્ય વખતે હીંચ, ચલતી, ટીટોડો કે મટકીનો, લગ્ન જેવા મંગળ પ્રસંગે ફુલેકાનો, માયરાનો, ચોરીનો, મંગળફેરાનો, કન્યા વિદાયનો, જાંગીનો એમ ત્રીસ-પાંત્રીસ પ્રકારે ઢોલ વાગે છે. ઢોલના આ બધા જ તાલ રાધનપુરના અણદાભાઈ ઢોલી આજે ય કુશળતાપૂર્વક વગાડી જાણે છે.

ડમરું, ડાકલું અને ડુગડુગી : ડમરું ગુજરાતમાં ડાકલા તરીકે ઓળખાય છે. અત્યંત પ્રાચીન ગણાતા ડમરું બાબતમાં પૌરાણિક કથા એવી છે કે, ભગવાન શંકરે જ્યારે ગજાસુરનો નાશ કરવા માટે તાંડવ નૃત્ય કર્યું ત્યારે તાંડવની ભીષણતા લાવવા આ વાદ્યનો ઉપયોગ કર્યો હતો, એમ કહેવાય છે ડમરુંના બોલમાંથી શબ્દની ઉત્પત્તિ થઈ હતી એમ અમરકોશના કર્તા અમરસિંહ માને છે.

આજે ગુજરાતમાં ભૂત-પ્રેત કે ઝૉડ-ઝપટિયું કાઢવા માટે ભૂવાઓ ધૂણે છે ત્યારે રાવળ, જોગી કે દેવીપૂજકો ડાક વગાડે છે. જુદી જુદી દેવી માટે ડાક ઉપર જુદા જુદા તાલ વાગે છે. ડાકલાનો અવાજ રૂંવાડાં ખડાં કરી દેનારો, ભયપ્રેરક હોય છે. એનો અવાજ સાંભળતાં જ ભૂવાઓ અને

સાંભળનારમાંથી કેટલાક ભાવાવેશમાં આવી જાય છે.

મદારી લોકો ડુગડુગી વગાડે છે તે પણ આ ડમરુનો જ પ્રકાર છે. ડુગડુગીના મધ્યમાં બાંધેલી કાંકરિયો વારાફરતી ડુગડુગીના ચામડાના સોઢા ઉપર અથડાતાં તેમાંથી અવાજ નીકળે છે. જ્યારે ડાકલાના અવાજનું નિયંત્રણ ડાકલાની દોરી ઉપર હાથ વડે વધુ-ઓછું દબાણ આપવાથી થાય છે.

તબલાં : અવનદ્ધ વાદ્યોમાં તબલાં મહત્ત્વનું વાદ્ય મનાય છે. ગામડાંમાં ગળતી રાતે દોકડ અને કાંસીજોડાંના તાલે ભજનની ઝૂક બોલે છે. મેળામાં ફરતાં ભજન થાય ત્યારે ભક્તો તબલાં કેડયે બાંધીને વગાડે છે.

એટા જિલ્લાના પરિયાળી ગામમાં જન્મેલા અને હિજરી સન ૭૨૫માં દિવંગત થયેલા કવિ, સંગીતકાર અમીર ખુશરોએ પખાવજ (મૃદંગ)ના બે ભાગ પાડી હાલનાં તબલાંની શોધ કરી. તબલાંને જમણા હાથે અને બાંયાને ડાબા હાથે વગાડાય છે. જમણા હાથે વગાડીએ તેને માદી



અને ડાબા હાથે વગાડીએ તેને નર કહેવાય છે. બાંયાને ડગ્ગા નામે પણ ઓળખવામાં આવે છે. તબલાં ગામડામાં નરઘાં અને કાઠિયાવાડમાં દોક્ડ તરીકે ઓળખાય છે.

ચોઘડિયાં, નગારું અને નિશાન ડંકા : ગુજરાતમાં ચોઘડિયાં, નોબત, ટકોરખાનું વગેરે નામે ઓળખાય છે. જૂનાં જૈન દેરાસરો, રામજી મંદિરો, વૈષ્ણવ અને સ્વામીનારાયણ સંપ્રદાયનાં મંદિરો ઉપરાંત બાદશાહના મકબરા ઉપર આઠેય પહોર પ્રહરવાર નિશ્ચિત રાગોમાં નોબત - શરણાઇની જુગલબંધી સાંભળવા મળે છે. લંઘા ચોઘડિયાં વગાડવામાં કુશળ ગણાય છે. કચ્છના સુલેમાન જુમ્માની નોબતની સોબત રાષ્ટ્રિય કક્ષાએ માનપાન પામી હતી. જૈન દેરાસરોમાં ભોજક લોકો ચોઘડિયાં વગાડે છે.

ગુજરાતમાં ગામેગામ રામજીમંદિરે વાગતાં નગારાંની પરંપરા આપણે ત્યાં ઘણી પ્રાચીન છે. નગારું જૂના કાળે દુંદુભિ તરીકે ઓળખાતું તેનો ઉલ્લેખ ઋગ્વેદમાંથી મળે છે. ચૌદ વર્ષનો વનવાસ ભોગવીને ભગવાન રામચંદ્રજી અયોધ્યા પાછા ફર્યા ત્યારે કુશળ વાદકોએ શંખ અને દુંદુભિ વગાડીને ઉલ્લાસભેર તેમનું સ્વાગત કર્યું હતું. મોટા નગારાને આડંબર, લંબર કે આલંબર તરીકે ઓળખવામાં આવે છે. એના બોલને 'ધિવતક' કહેવાય છે. તાજિયાના જુલુસમાં મુસ્લિમો પણ મોટું નગારું વગાડે છે.

રાજા-રજવાડાંની સાથે નિશાન - ડંકા પણ ગયા. જૂના કાળે રાજાઓની સવારી વખતે આગળ ડંકા - નિશાનની જોડી રહેતી. તેમાં બે મોટાં એક સરખા માપનાં ત્રંબાળું નગારાં, ઊંટ કે ઘોડાની બે બાજુ એકેક ગોઠવીને વગાડવામાં આવતાં. ઉપર બેઠેલ નગારચી એકેક ડંકા અને બંને દાંડી એક નગારામાં એક સાથે એક તાલમાં કડીંગધીંગ, કડીંગધીંગ વગાડી સવારીમાં રંગત જમાવી દેતો. આજે તો શિહોરના દરબારગઢમાં આવેલાં ભીંતચિત્રોમાં ઊંટનગારાંનું ચિત્ર જોઈને સંતોષ માનવાનો રહે છે.


ત્રાંસાં, ખંજરી અને ડફ : ત્રાંસાં એ નગારાંનો એક પ્રકાર છે. તેનો એક ભાગ ત્રાંબાના તગારા જેવો હોય છે. તેની ઉપર ચામડું મઢવામાં આવે છે. તેનું ઊંડાણ છીછરું હોવાથી તે તીક્ષ્ણ સ્વરો આપે છે. ઢોલી ત્રાંસાંને વાંસની પાતળી સોટી વડે વગાડે છે. લગ્ન પ્રસંગે ઢોલની સાથે વગાડાતું આ વાદ્ય તેનું પૂરક ગણાય છે.

ખંજરીનું પ્રાચીન નામ કંજિરા છે. આ ગોળાકાર વાદ્યના એક ભાગ પર ચામડું હોય છે અને બીજો ભાગ ખુલ્લો હોય છે. આ વાદ્યની પટ્ટીમાં નાના ઝાંઝ નાખવામાં આવેલા હોય છે. જે તાલની સાથે વાગે છે. આ વાદ્યનો ઉપયોગ ભજન ગાવામાં થાય છે. ઉત્તર ભારતમાંથી આ વાદ્ય આપણે ત્યાં આવ્યું છે.

ડફનું સંસ્કૃત નામ ''ઝલ્લરી'' છે. રાજસ્થાનથી આવેલું આ વાદ્ય ઉત્તર ગુજરાતમાં દાયરો કે ઘેરોના નામથી ઓળખાય છે. હોળી ને મેળા પ્રસંગે વણઝારા અને રાજસ્થાની લોકો ડફ વગાડીને ગીતો ગાય છે ને નૃત્ય કરે છે.

**(૩) સુષિરવાદ્ય :** ગુજરાતના લોકસંગીતમાં અને ખાસ કરીને લોકનૃત્યોમાં તંતુવાદ્યો કરતાં સુષિરવાદ્યો મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ વાદ્યોમાં મોરલી, પાવો, જોડિયોપાવો, વેણુ, શરણાઇ, શંખ, ભૂંગળ, શીંગી, મહુવર અને કાની મુખ્ય ગણાય છે.

વેણુનો ઉદ્ભવ નૈસર્ગિક ગણાય છે. પ્રાચીનકાળમાં સુકાઇ ગયેલા વાંસ કે



વૃક્ષની ડાળીઓમાં ભમરાઓ દર કરવા કાણાં પાડતાં અને પવનના સુસવાટા થતા ત્યારે અનેક જાતના સ્વરો આપોઆપ ગુંજી ઊઠતા. આ પાવો અર્થાત્ વેણુનું સંગીત શ્રી કૃષ્ણની બાળલીલા સાથે સંકળાયેલું છે. સુષિરવાદ્યોમાં વેણુને અત્યંત સહજ અને સુમધુર વાદ્ય ગણવામાં આવે છે. વેણુ વડે શ્રી કૃષ્ણે વ્રજનાં નર-નારીઓ અને પશુઓ સુદ્ધાંને મુગ્ધ કર્યાં હતાં. આ પાવો ગામડાંમાં ગાયો ચરાવતા ગોવાળિયામાં અને જોડિયોપાવો ઊંટ ચરાવનાર જતો પાસે આજે ય સાંભળવા મળે છે. કચ્છમાં આવેલ નાના લુણા ગામના મુસાભાઈ જત (કચ્છ)ના ઈસ્માઈલ જત જોડિયાપાવાના અને ભોરિંદાના બાજંદા કલાકાર ગણાય છે.

મોરલી, શરણાઈ, શંખ અને ભૂંગળ : વાંસની બે પોલી ભૂંગળીઓ અને તુંબડામાંથી બનાવતી મોરલી એ નાગ પકડીને રમાડતા મદારી અને નાથબાવાનું લોકવાદ્ય છે. મહુવરનો ઉલ્લેખ ૧૭મી

સધીના જૈન ગ્રંથોમાં પુંગીના નામે થયેલો જોવા મળે છે. વગાડતી વખતે પુંગીની એક ભૂંગળી સતત સૂર આપે છે. બીજી ભૂંગળીના સાત છિદ્રો ગીતવાદનનું કામ કરે છે. વચલી તુંબડીમાં હવા સંગ્રહાય છે. મોરલીના સ્વરોનો સંવાદ એટલો બધો જોરદાર હોય છે કે સર્પ જેવા ભયંકર ઝેરી પ્રાણીને પણ તેના અવાજથી વશ કરવામાં આવે છે, એમ મનાય છે.

**શરણાઈ :** લોકનૃત્યો માટે ઢોલ સાથે શરણાઇ મહત્ત્વનાં વાદ્યો ગણાય છે. ગામડાંમાં લગ્ન પ્રસંગે ઢોલ-શરણાઈનો ઉપયોગ થાય છે. રાસ-ગરબામાં શરણાઈ વપરાય છે. શરણાઈનો અવાજ કર્કશ હોવાથી અને તેના સૂરો ઊંચા પડતા હોવાથી લોકગીતો ગાવાની સાથે એનો ઉપયોગ થતો નથી. ક્યારેક નીચા સૂરની શરણાઇનો ઉપયોગ થતો જોવા મળે છે. ઉત્તર ભારતમાં, મહારાષ્ટ્ર અને દક્ષિણમાં શિષ્ટ સંગીતમાં શરણાઈનો ઉપયોગ સુપેરે થતો જોવા મળે છે.

શંખ : શંખ એ અત્યંત પ્રાચીન ગણાતું સુષિરવાદ્ય છે. આજે તો મંદિરોમાં આરતી વખતે તેનો ઉપયોગ થતો જોવા મળે છે. જૂના કાળે યુદ્ધ વખતે શંખ અને ભેરી યુદ્ધમાં વાજિંત્રો તરીકે વગાડવામાં આવતાં. શ્રી કૃષ્ણનો પાંચજન્મ શંખ સુપ્રસિદ્ધ છે.

**ભૂંગળ :** ભૂંગળ એટલે ભૂંગળું. એનું પ્રાચીન નામ નાળી, નાળિકા છે. ભૂંગળ એ રણશિંગાનું મૂળ સ્વરૂપ છે. ગુજરાતમાં ભવાઈ અને ભજનમાં ભૂંગળનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે. ભવાઈ કરનારા નાયકો એને માતાજીએ દીધેલું દૈવીવાદ્ય માની તેને પૂજે છે. જૂના કાળે રાજવીઓની વિજયયાત્રામાં, ફૂલેકાં કે સરઘસમાં પણ ભૂંગળ વપરાતી અનેક જૈન ગ્રંથોમાં ભૂંગળ અને નાળીના ઉલ્લેખો મળે છે. આજે વિસનગરમાં અને અમદાવાદમાં તાંબા-પિત્તળની ભૂંગળ બને છે. તે મૂળે શિંગડામાંથી બનતી અને યુદ્ધ પ્રસંગે વગાડાતી એમ હરકાન્ત શુકલ નોંધે છે.

રણશિંગુ અને નાગફણી : ગુજરાતમાં શિંગડાંનાં વાજિંત્રો ઓછાં વપરાય છે પણ તે શીંગી જેવાં વાજિંત્રો રણશિંગું અને નાગફણીના પૂર્વજો મનાય છે. રણશિંગું અને નાગફણી શિવમંદિરો સિવાય ભાગ્યે જ બીજે ક્યાંક જોવા મળે છે.

**(૪) ઘનવાદ્ય :** લોકવાદ્યનો ચોથો પ્રકાર ઘનવાદ્યોનો ગણાય છે. આ પ્રકરણમાં માણ, મંજિરાં, ઝાંઝ, કરતાલ, કાંસીજોડાં, ઝાલર, ઘંટ, ઘંટડી, દાંડિયા, થાળી, ઘૂઘરા વગેરેનો સમાવેશ થાય છે.

મંજિરાં : ગુજરાતના લોકસંગીતમાં ખાસ કરીને ભજનોના સંગીતમાં તાલબદ્ધત્તા લાવવા માટે મંજિરાં વપરાય છે. મધુરા અવાજના મંજિરાં અનેક પ્રકારે વગાડી શકાય છે. રાજસ્થાની બાઈઓ રણુજાના મેળામાં અંગ માથે ૧૩ મંજિરાં બાંધી રામદેવપીરનાં ભજન ગાતી ગાતી મંજિરાંના તેર તાલ વગાડે છે અને નૃત્ય કરે છે. ભજન, લોકસંગીત અને લોકનૃત્યોમાં ચલતીના તાલમાં નરઘાં, ઝાંઝ અને મંજિરાંનો રણકાર અનેરી લયકારી ઊભી કરે છે. ગુજરાતમાં મંજિરાંના માણીગર સાધુ વીરદાસ સૌરાષ્ટ્રના બિલખા ગામમાં થઈ ગયા. એ મંજિરાના ઉત્તમ કલાકાર હતા. મંજિરાંનાં નાના-મોટા કલાકારો ગામડે ગામડે આજેય જોવા મળે છે.

**કરતાલ :** કરતાલની વાત આવે ત્યારે ભક્તકવિ નરસિંહ મહેતાની યાદ આવે. તેઓ કરતાલ વગાડી ભજન - કીર્તન કરતા. આજે ક્યાંક ક્યાંક કીર્તનકારો કરતાલનો ઉપયોગ કરતા જોવા મળે છે. રાજકોટનું સર્વોદય રાસમંડળ તો કરતાલનો કલાપૂર્ણ રાસ પણ રજૂ કરે છે.

માણ : ઘટ એ ગુજરાતનું પ્રાચીન અને પ્રચલિત વાદ્ય છે. ઘટવાદ્ય એટલે માટલું, જેનું મોઢું

ચામડાથી બંધ કરી તેની બાજુમાં થાપ મારવાથી તબલા જેવો અવાજ નીકળે છે. દક્ષિણ ભારતમાં અનેક નિષ્ણાતો શિષ્ટ સંગીતમાં એનો ઉપયોગ કરે છે.

ઘટવાદ્યમાંથી આપણે ત્યાં માણવાદનની પરંપરા ઊતરી આવી. પંચધાતુની સાંકડા મોઢાની માણ પર આખ્યાન કરવાની પરંપરા પ્રેમાનંદકાળ જેટલી પુરાણી મનાય છે. આજે તો આખ્યાનકારો અને આખ્યાન પરંપરા લોકજીવનમાંથી લગભગ લુપ્ત થઇ ગઇ છે. રાષ્ટ્રિય ખ્યાતિ પામેલા વડોદરાના માણભટ્ટ શ્રી ધાર્મિકલાલ પંડ્યા માણવાદન માટેનું તાલીમ કેન્દ્ર ચલાવી આ પરંપરાને જીવતી રાખવા મથામણ કરી રહ્યા છે.

**રણવાદ્યો :** જૂના સમયમાં યુદ્ધકાળે સૈનિકોને શૂરાતન ચડાવવા માટે જે વાદ્યો વપરાતાં એ રણવાદ્યો તરીકે ઓળખાતાં. પ્રાચીન યુદ્ધમાં સેના ચડાઇ કરતી ત્યારે યુદ્ધનગારું અને શંખ વાગી ઊઠતાં. સેનાની પાછળ સૌથી છેલ્લું ઊંટનગારું આવતું. યુદ્ધના વાદ્યોમાં વીરમૃદંગ, પટહ, પણવ (નગારું) રણતૂર, રણશિંગું, શરણાઇ વગેરે ગણાવી શકાય. યુદ્ધમાં વિજયસૂચક વાદ્ય જયઢક્ક તરીકે ઓળખાતું. આજે હાલમાં વપરાતો ડંકો શબ્દ ઢક્ક ઉપરથી ઊતરી આવ્યો છે.

રામાયણ-મહાભારતમાં અનેક પ્રકારની વીણા અને દુંદુભિ, પટહ, મૃદંગ, ભેરી, પણવ જેવાં વાદ્યોના ઉલ્લેખો મળે છે. ગીતાના પહેલા અધ્યાયમાં શ્લોક- ૧૨થી ૨૦માં રણસંગ્રામમાં વપરાતા શંખ અને શંખ - ધ્વનિનો અવાજ શત્રુઓને ડરાવવામાં થતો એવો મહત્ત્વનો ઉલ્લેખ મળે છે. આ શંખ વિશાળ અને સુવર્ણમંડિત હતા. સુવર્ણની સાંકળી સાથે જડી એને પ્રખર યોદ્ધાઓ ઉપવિતની પેઠે અંગ પર પહેરી રાખતા. જરૂર પડયે ઉપાડીને બજાવતા. ભીષ્મપિતાએ દુર્યોધનના હતાશ મનમાં આશાનો સંચાર



કરવા સિંહનાદ કરી શંખ વગાડ્યો હતો. શંખનાદના ભયાનક પડઘા આભ અને પૃથ્વીના પટ પર પડતા. અર્જુન પાસે દેવદત્ત, યુધિષ્ઠિર પાસે અનંતવિજય, નકુળ અને સહદેવ પાસે સુઘોષ અને મણીપુષ્પ શંખ હતા એવા ઉલ્લેખો મળે છે.

"અકબરે દરબારી" ગ્રંથની નોંધ મુજબ અકબરના સમયમાં સેનામાં દમ્મામા નામના ડફ જેવાં વાજિંત્રોની ઓછામાં ઓછી ૧૮ જોડી રાખવામાં આવતી. નગારાંની ૨૦ જોડી રહેતી. ઢોલ ઘણાં રાખવામાં આવતાં. ઓછામાં ઓછાં ચાર એક સાથે વગાડાતાં. સોના-ચાંદીમાંથી બનાવેલાં કર્ણા નામનાં વાજિંત્રો ચારની સંખ્યામાં રહેતાં. નવ હિંદી અને ઈરાની શરણાઈઓ વાગતી. આ ઉપરાંત નફીર, રણશિંગડાં-ઝાંઝ વગેરે રણવાદ્યો પણ યોગ્ય સંખ્યામાં રાખવામાં આવતાં.

**આદિવાસી લોકવાદ્યો :** ગુજરાતમાં લોકસંસ્કૃતિની પૂર્વેની સંસ્કૃતિ આદિવાસીઓની ગણાય છે. આ આદિવાસીઓ પાસે પણ મેદાની અને મહેફિલનાં એમ બે પ્રકારનાં લોકવાદ્યો જોવા મળે છે. એમાં તંતુવાદ્યોમાં ઘાંગલો, ચોનકું, સિતારી, ચેહક્યા, ખાંગલો, મલંગો, અંબાડાની થાળી, કીંગરી, અવનદ્ધ વાદ્યોમાં ઢોલ, માદળ, તૂર, ઢાકો, વહાવી, ઢૂનક, નગાર, દાયરો, કુંડી, ભોંયતૂર, ઘનવાદ્યોમાં કરગેસ, થાળી, દાંડિયા, ખપાટ અને સુષિર વાદ્યોમાં ડોબરું, નરહિલો, પાવરી, વાહલી, રોબી અને કાહડાની નોંધ આ વિષયના અભ્યાસી શ્રી ઈન્દ્રશંકર રાવળે આપી છે. આદિવાસી સુષિરવાદ્યોમાં તાડપું અત્યંત નિરાળું વાદ્ય છે. તેમાંથી નીકળતા સ્વરો ભાંગતી રાતના વાતાવરણને ભર્યુંભર્યું બનાવી દે છે. આપણા આદિવાસીઓનાં નૃત્યોના પ્રકારો જે વિશિષ્ટ જાતના રહ્યાં છે તેમ તેનું લોકસંગીત અને લોકવાદ્યો પણ વિશિષ્ટ પ્રકારનાં રહ્યાં છે.

ગુજરાતના લોકસંગીતમાં લોકવાદ્યોના ઉપર વર્ણવેલા ચાર પ્રકારો આજે તેના પ્રાચીન સ્વરૂપમાં જોવા મળે છે, પણ તેના વગાડનારા ધીરે ધીરે ઓછા થતા જાય છે.

લોકજીવનમાંથી જંતર સાવ ગયું. રણશિંગું અને નાગફણી મંદિરોમાં પુરાઈ રહ્યાં. માણભટ્ટોની પરંપરા આથમવા આવી છે. સંગીતના ગ્રંથો કહે છે કે, સ્વાતિ મુનિએ ત્રણ મુખવાળું મૃદંગ બનાવેલું, પણ સોમનાથના પ્રાચીન શિવાલયમાંથી ચતુર્મુખ મૃદંગનું શિલ્પ મળી આવ્યું છે. આજે આપણી પાસે નથી રહ્યું ત્રિમુખી મૃદંગ કે નથી રહ્યું ચતુર્મુખી મૃદંગ. આ બધાં પરંપરિત પુરાણાં લોકવાદ્યોનું સંગ્રહસ્થાન ઊભું થાય એ અત્યંત જરૂરી છે. લોકવાદ્યોની તાલીમ માટે તાલીમ કેન્દ્ર અને તેને બનાવવા માટેનું ઉદ્યોગ કેન્દ્ર ઊભું થાય એ આવશ્યક છે. આના માટે એક સંશોધન કેન્દ્ર પણ ઊભું કરી શકાય, જેના દ્વારા લોકવાદ્યો, આદિવાસી વાદ્યો, પ્રાચીન રણવાદ્યો અને તેને વગાડવાની રીત, પદ્ધતિ વગેરેનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી કેટલાં વાદ્યો ભારતીય છે અને કેટલાં બહારથી આવ્યાં છે તેનો રસપ્રદ અને તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

# ગુજરાતનાં લોકનૃત્યો

લોકનૃત્યો એ આપણી સંસ્કૃતિનું મહત્વનું અંગ પરિપાક છે. વર્ષો પૂર્વે નદી કિનારે જ્યારે સંસ્કૃતિનું પારણું બંધાયું ત્યારે લોકનૃત્યોનો પણ જન્મ થયો હશે એમ કહી શકાય. પ્રકૃતિની ગોદમાં મસ્ત બનીને વિહરતા આદિમાનવના અંતરમાં આનંદની લાગણી કૉળી ઊઠતી ત્યારે એ હરખઘેલો બનીને નાચવા કે ગાવા માંડતો. આમ ધરતી સાથે અંતરની પ્રીત બાંધીને બેઠેલા માનવીના આનંદની અભિવ્યક્તિ અને ઊર્મિઓના આવિર્ભાવમાંથી જન્મ્યાં છે આપણાં ભાતીગળ લોકનૃત્યો. આમ નૈસર્ગિક વાતાવરણમાં જન્મેલાં લોકનૃત્યો એ માનવીના પરમ આનંદની અનુભૂતિની નીપજ હોવાથી લોકહૈયાં પર અજબ ગજબનું કામણ કર્યું છે. ગુજરાતના ગરવા લોકજીવનમાં લોકનૃત્યોનો ભંડાર ભરપૂર ભર્યો પડ્યો છે. લોકનૃત્યોની સાથે લોકગીતો અને લોકવાદ્યો પણ જોડાયેલાં છે.



**લોકઉત્સવ અને ધાર્મિક પરંપરા સાથે જોડાયેલાં લોકનૃત્યો :** ગુજરાતની સાંસ્કૃતિક લોકકળાના વારસારૂપ લોકનૃત્યો, લોકઉત્સવો અને ધાર્મિક પરંપરાઓ સાથે જૂના કાળથી જોડાયેલાં છે.



જોબનિયાને હેલે ચડાવતા લોકમેળાઓ હોય, ઋતુઓના રંગોત્સવની છાબ લઈને આવતો હોળીનો તહેવાર હોય, ગોકુળઆઠમ અને નોરતાં જેવા વાર, પરબ હોય, રાંદલ તેડ્યાં હોય કે પછી લગ્ન જેવા મંગલ પ્રસંગની રંગેચંગે ઉજવણી થતી હોય ત્યારે લોકહૈયાં આનંદવિભોર બનીને નાચે છે, ગાય છે. જીવનનો થાક ખંખેરીને હળવાફૂલ થઈ જાય છે. લોકનૃત્યોનો સંબંધ સામાજિક ઉત્સવ સાથે જેટલો સંકળાયેલો છે તેટલો જ લોકજીવનની ધાર્મિક પરંપરા સાથે પણ જોડાયેલો છે.




**લોકનૃત્યોનું વૈવિધ્ય :** ગુજરાતમાં લોકજાતિઓ, લોકબોલીઓ અને વસ્ત્રાભૂષણોનું વૈવિધ્ય જેટલું જોવા મળે છે એટલું વૈવિધ્ય એનાં લોકગીતો, લોકઉત્સવો અને લોકનૃત્યોમાં પણ જોવા મળે છે. કેટલાક પ્રદેશોમાં ગોળાકાર, કેટલાકમાં અર્ધગોળાકાર, ક્યાંક બબ્બેની હરોળમાં તો ક્યાંક એકએકની હરોળમાં સ્ત્રીપુરુષો ભેગાં મળીને ને ક્યાંક ક્યાંક જુદાં જુદાં ગીત સાથે કે ગીત વગર નૃત્યો કરે છે. જ્યારે કેટલીક જગ્યાએ ઢોલ, શરણાઈ, મંજીરા અને તાલીઓના તાલ સાથે નૃત્યો કરે છે. આમ વિવિધ જાતિનાં લોકનૃત્યોમાં સામ્ય હોવા છતાં વિવિધ પંથકોની બોલી, ઉત્સવો, વાદ્યો અને વસ્ત્રાભૂષણોને કારણે સ્થાનિક રંગોની છાંટ સાથે લોક નૃત્યોમાં ભારે વિવિધતા જોવા મળે છે. ગુજરાતના ગામડે ગામડે જોવા મળતાં લોકનૃત્યોના માણીગર બનીએ ત્યારે જ એના કળા-સૌંદર્યનો સાચો ખ્યાલ આવે છે.

**સૌરાષ્ટ્રનું ટિપ્પણી નૃત્ય :** આપણા ટિપ્પણી નૃત્યએ દેશભરમાં ઘણી મોટી ખ્યાતિ મેળવી છે. ટિપ્પણી



એ સૌરાષ્ટ્રની રળિયામણી ધરતી માથે આવેલા ચોરવાડ પંથકમાં રહીને કાળી મજૂરી કરનાર કોળી જાતિની સ્ત્રીઓનું શ્રમહારી નૃત્ય છે. સંગીત અને નૃત્ય દ્વારા કઠિન પરિશ્રમને હળવોફૂલ બનાવી દેવાની લોકનારીની કોઠાસૂઝમાંથી આ કળામય ટિપ્પણી નૃત્ય જન્મ્યું છે.



જૂના વખતમાં ચૂનાબંધ ઘરનાં ઓરડામાં, અગાશીમાં કે મકાનના પાયામાં ચૂનાનો ધ્રાબો ધરબાતો. આ ધ્રાબાને પાકો કરીને ''છો લીસી'' બનાવવા આ ધ્રાબો ધરબવા માટે વપરાતું સાધન તે ટિપ્પણી. લાંબી લાકડીના છેડે લાકડાનો ચોરસ કે લોઢાનો ગોળ ગડબો લગાડેલી ટિપ્પણીઓ હાથમાં લઈને સામસામે કે ગોળાકારમાં ઊભી રહીને બહેનો હલકભર્યા કંઠે ગીત ઉપાડે છે :

***વાંસલડી વાગે ને મારું મન હરે,***
***ત્યાંથી મારું જોબનિયું ભરપૂર રે,***
***આંખલડીનો ચાળો કાનુડો બહુ કરે.***

ગીતની સાથે ઝાંઝ, મંજીરા, ઢોલ અને શરણાઈની રમઝટ સાથે ટિપ્પણીની ઝૂક પડે. શરણાઈવાળો સિંધુડો રાગ છેડે પછી તો ગીત, સંગીત અને નૃત્યની છાકમછોળ ઊડે. ટિપ્પણીની પાવડીઓ કટકા થઈને ઊડતી જાય. નવી આવતી જાય. ભજનથી આરંભાયેલી ટિપ્પણી વહેલી સવારે પ્રભાતિયાં સૂરથી પૂરી થાય.

વિવિધ જાતની પાંચ-છથી માંડીને પંદર-વીસ ચાલમાં ચાલતી ટિપ્પણીમાં નૃત્ય કરનારીઓનો જોમ, જુસ્સો, અતૂટ તાલબદ્ધતા, ત્વરિત, ચંચળ અંગમરોડ ને વિદ્યુતગતિ એ આ લોકનૃત્યની વિશિષ્ટતા છે. સૌરાષ્ટ્રમાં ચોરવાડની કોળી બહેનો ઉપરાંત રાજકોટની ભીલ બહેનોએ ટિપ્પણીમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

ગોહિલવાડના કંઠાળ્ય પ્રદેશની ખારવણ બહેનોની ટિપ્પણીમાં મસ્તી અને કરુણતા જોવા મળે છે. જામનગરની સીદી બહેનોની ટિપ્પણીમાં મસ્તીમઢ્યો ઉછરંગ જોવા મળે છે. જ્યારે કડિયા, કુંભાર ને ઉભડ જાતિની સ્ત્રીઓની ટિપ્પણીમાં ધીરગંભીર



ગીતોનો અસ્ખલિત પ્રવાહ વહેતો જોવા મળે છે.

આજે તો સિમેન્ટ અને લાદીનો યુગ આવતાં ચૂનાની છો અદ્રશ્ય થઈ એની સાથે ટિપ્પણી નૃત્યનો યુગ પણ આથમી ગયો છે. છતાં ટિપ્પણી નૃત્યના એક પ્રકાર તરીકે જીવી ગઈ છે.



**રાંદલનો ઘોડો ખૂંદવો :** ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, ખંભાતબારુ, ભાલ-નળકાંઠા, વઢિયાર, ખાખરિયા ટપ્પો અને કાઠિયાવાડ બાજુ સૂર્યપત્ની રન્નાદેની પૂજાનો મહિમા ઘણો મોટો છે. ઘણી જાતિઓમાં લગ્ન, સીમંત વગેરે સામાજિક પ્રસંગે રાંદલ તેડવાનો રિવાજ છે. જેને ઘેર રાંદલ તેડ્યાં હોય તેને ત્યાં બ્રાહ્મણને બોલાવીને બાજોઠ પર બે લોટા અને નાળિયેરના ગોટા મૂકી, કોડીની આંખ્યું કરી કપડાં, ઘરેણાં વગેરે પહેરાવી રાંદલ માની સ્થાપના કરવામાં આવે છે.

આ પ્રસંગે કુટુંબની સ્ત્રીઓ અને રાંદલની ભૂઈ(ભૂમિગત પૂજકો) અથવા ગામના ગોરમહારજ રાંદલનો ઘોડો ખૂંદવા આવે છે. ભૂઈ આવીને ઈંઢોણી પર પિત્તળનો જળ ભરેલો લોટો મૂકી ત્રાંબાની વાટકીમાં દીવો પ્રગટાવી લોટા પર મૂકીને લોટો માથે મૂકે છે અને ધીમે ધીમે નાચે છે. આ વખતે ફરતી ફરતી સ્ત્રીઓ ઘોડાની જેમ બબ્બે પગે કૂદતી કૂદતી તાળીઓ પાડતી પાડતી ગોળ ગોળ ફરે છે ને રાંદલનો ઘોડો ખુંદતી ગાય છે :

***લોટા તેડાવ્યા રાંદલમાના,***
***મારા આંગણિયાં સોહાય;***
***ઘોડલા ખૂંદશે રે રાંદલમા,***
***મારી આશા પૂરણ થાય.***
***સામસામા રે ઓરડિયા,***
***સામે કાંઈ સુથારીનાં હાટ***
***ઘડજો ઘડજો રે બાજોઠિયા,***
***મારા રાંદલમાને કાજ..***
***રૂડા રાંદલને પધરાવું,***
***આજ મારા આંગણિયા સોહાય.***

રાંદલનો ઘોડો ખૂંદવો એને હમચી ખૂંદવી એમ પણ કહે છે. આ વખતે મા રાંદલને રાજી કરવા હમચી ગીતો ગવાય છે.

**જાગનૃત્ય :** કેટલીક જ્ઞાતિમાં લગ્ન, જનોઈ કે સીમંત પ્રસંગે માતાજીનો ઉત્સવ કરવામાં આવે છે. આ પ્રસંગે માતાના જાગ તેડે છે. માતાજીને બેસાડયાં પછી પાંચમે કે સાતમે દિવસે માતાજીને વળાવતી વખતે બાજોઠના ચાર ખૂણે ખપાટું બાંધી તેના ચારેય છેડાને ઉપરથી ભેગા કરીને બાંધી દેવામાં આવે છે. બાજોઠ ફરતી ચૂંદડી બાંધી અંદર માતાજીની સ્થાપના કરવામાં આવે છે. જેના ઘેર આ ઉત્સવ હોય તે ઘરની સ્ત્રી આ જાગ માથે મૂકી વાજતે-ગાજતે માતાજીના

મઢે જાય છે. આ વખતે સ્ત્રીઓ ગામના ચોકમાં ઢોલના તાલે તાલે માતાજીના ગરબા ગાય છે અને માથે જાગ મૂકેલી સ્ત્રી ગરબાની વચમાં પગનાં ઠેકા સાથે જાગ નૃત્ય કરે છે. જાગ બરાબર ચગે ત્યારે જોનારને અવર્ણનીય આનંદની અનુભૂતિ થાય છે.

અમદાવાદમાં વસતી ઠાકોર જ્ઞાતિની સ્ત્રીઓ નોરતામાં માથે ફૂલમાંડવી લઈને માતાના માઢ રમે છે. નવરાત્રિ પ્રસંગે ગામડાંમાં જાગમાં જવારા કે માતાજીનો ઘટ મૂકી જાગ રમાય છે. આ રિવાજ બનાસકાંઠાના રાધનપુર ને થળાધરીની કોળણ બહેનોમાં પણ જોવા મળે છે.

**રાસ અને રાસડા :** રાસ એ સૌરાષ્ટ્રનું એક આગવું નૃત્ય છે. રાસે રમનાર અને રાસ જોનાર બંનેને આનંદથી તરબોળ કરતું આ નૃત્ય ઐતિહાસિક દ્રષ્ટિએ મહાભારતમાં હલ્લીસક ક્રીડા કે દંડરાસક તરીકે વર્ણવાયેલું છે તે જ આ રાસ કે દાંડિયા રાસ. રાસ એ ગોપ સંસ્કૃતિનું આગવું અંગ ગણાય છે. પ્રાચીનકાળમાં ગોપ-ગોપીઓ સાથે મળીને કૃષ્ણલીલાના રાસ રમતાં. પાછળથી જુદી જુદી જાતિઓ આ રાસમાં પોતાની વિશેષતાઓ ઉમેરતી ગઈ. મુસ્લિમ કાળમાં રાસના નૃત્ય પ્રકારો સાવ લોપાઈ ગયા, પણ ચૌદમી - પંદરમી સદી પછી નરસિંહ - મીરાંની અસરને કારણે અને વૈષ્વણ ધર્મના સંસ્કારે કૃષ્ણના રાસને સજીવ કરવા પ્રેર્યાં.

**દાંડિયા રાસ :** સૌરાષ્ટ્રના નૃત્ય પ્રકારોમાં સૌથી વધુ ધ્યાન ખેંચતો જો કોઈ પ્રકાર હોય તો તે દાંડિયા રાસનો છે. શરદપૂનમ, નોરતા, જળજીલણી અગિયારસ, સાતમ - આઠમ પ્રસંગે, ગુરુની પધરામણી વખતે ફૂલેકાં કે સામૈયાં વખતે ગામના જુવાનિયાઓ દ્વારા હાથમાં રંગત



ફૂમતાંવાળા લાકડાના કે પિત્તળના દાંડિયા લઈને હીંચ, કેરવો વગેરે તાલમાં દાંડિયા લેવાય છે. નરઘા, પાવો, ઝાંઝ, શરણાઈ વગેરે વાદ્યોની સાથે ગીતના તાલે તાલે રાસની રમઝટ બોલે છે. દાંડિયા રાસમાં દોઢિયા, પંચિયા, અઠિયા, બારિયા, ભેટિયા, નમન, મંડલ વગેરે લેવાય છે. રાસે રમતાં રમતાં ગીતને અનુરૂપ સ્વસ્તિક, ત્રિશૂળ, ધજા જેવા માતાજીના પ્રતીકો રચાતાં જાય છે. કાન ગોપીનું ગીત હોય તો કૃષ્ણ બંસી વગાડતા હોય તેવા કે વલોણાં જેવા આકાર - પ્રકારો રચાતા જાય છે.

દાંડિયા રાસ મોટે ભાગે પુરુષો લે છે. હવે તો સ્ત્રીઓમાં પણ તે પ્રચલિત થવા લાગ્યા છે. નળકાંઠાના પઢારો કાઠિયાવાડના કોળી, આયરો, કણબી,રજપૂતો રાસમાં અવળાં-સવળાં ચલન લઈ બેઠક લઈ, ફૂદડી લગાવે છે ત્યારે રાસમાં પ્રચ્છન્ન છટા ખીલી ઊઠે છે.

જન્માષ્ટમી પ્રસંગે ભરવાડ સ્ત્રી-પુરુષો સાથે મળીને રાસે રમે છે. રાસ, દાંડિયા સાથે અને દાંડિયા વિના પગના ઠેકા અને હાથના હિલોળા સાથે લેવાય છે. ભરવાડ અને રબારીના દાંડિયારાસમાં ઘણી વાર ગીતો નથી ગવાતાં, પણ ઢોલ અને શરણાઈમાં વાગતાં હીંચ અને ચલતીના તાલે રાસ રમાય છે. આમ રાસમાં વિવિધ જાતિઓની વ્યવસાયલક્ષી લાક્ષણિકતાઓ અને સ્વભાવલક્ષી વિવિધતા ઉમેરાવાને કારણે તેમાં ઘણું બધું વૈવિધ્ય દાખલ થયું છે. શૂરાઓના ઢાલ-તલવાર રાસમાં ક્ષાત્ર સંસ્કારની ઝાંખી જોવા મળે છે.

**ગોફગૂંથન-સોળંગા રાસ :** ગોફગૂંથન-સોળંગા રાસ એ સૌરાષ્ટ્રના કોળી અને કણબીઓનું જાણીતું નૃત્ય છે. આ નૃત્ય એક વિશિષ્ટ પ્રકારનો મનોહર રાસ છે. આ નૃત્યમાં વણેલી સુંદર





મજાની દોરીઓનો ગુચ્છ અદ્ધર બાંધેલી કડીમાંથી પસાર કરી તેનો એકેક છેડો રાસધારીઓના હાથમાં અપાય છે. પ્રારંભમાં ગરબી લઈને પછી દાંડિયારાસ ચગે છે. રાસની સાથે બેઠક, ફૂદડી ને ટપ્પા લેતાં રાસે રમે છે. તેની સાથે સાથે રંગીન દોરીની મનોહર ગૂંથણી ગૂંથાતી જાય છે. ગૂંથણી પૂરી થયા પછી અવળાં ચલનથી રાસની રમઝટ સાથે દોરીની ગૂંથણીને ઉકેલવામાં આવે છે. આ રાસમાં કોળીઓની છટા, તરલતા અને વીજળી વેગ આપણું મન હરી લે છે.

**મેર લોકોના દાંડિયા રાસ અને ચાબખી :** મેર લોકોના દાંડિયા રાસ આપણું ધ્યાન ખેંચે છે. દાંડિયા રાસ શરૂ કરતાં પહેલાં કપડાં પર ગુલાલ છાંટી દાંડિયા રાસની રમઝટ બોલાવતા ધરણી ધ્રુજાવે છે ત્યારે તેમના બાહુબળ અને લડાયક ખમીરનું સાચું દર્શન થાય છે.

મેર લોકોના દાંડિયા સાદા નહીં, પણ જાડા પરોણાના હોય છે. તેમના દાંડિયા રાસ ઢોલ ને શરણાઈના તાલે તાલે ચાલે છે. તેમાં સમૂહ ગીતો હોતાં નથી. મેરના દાંડિયા એટલા જોરથી વીંઝાતા હોય છે કે નબળા-પાતળા આદમીના દાંડિયા સાથે મેરનો દાંડિયો વીઝાય તો એની

આંગળી ઊડીને અર્ધો એક ખેતરવા દૂર જઈને પડે. મેરની દાંડિયા વીંઝવાની છટા એ તલવારના ઝાટકાની કલામય છટા છે. દાંડિયા રાસમાં લેવાતી ફૂદડીઓ એ મેર લોકોના દાંડિયા રાસનું આગવું આકર્ષણ છે.

મેર લોકો દાંડિયાથી રાસ લે છે તે રીતે હાથની તાળીઓથી પણ તાલી રાસ લે છે. આ પ્રસંગે ઘરડાં, બુઢ્ઢા ને જુવાનિયા નૃત્યના બંધન વિના મનમાં આવે તેમ મુક્ત રીતે કોઈ પણ જાતના બંધન વગર નાચે છે. નૃત્યનો આ પ્રકાર ચાબખીને નામે જાણીતો છે.

મેરના દાંડિયા રાસમાં મોરલી, પાવા, કરતાલ, મંજીરાં, ઝાંઝ, ઘૂઘરા વગેરે લોકવાદ્યોનો ઉપયોગ કરવામાં આવે છે ક્યારેક વળી ઢોલ, રાવણહથ્થો, ઢોલક, ડફ ખંજરી વગેરેનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

**રાસડા :** લોકજીવનમાં જાણીતા એવા રાસ અને રાસડા વચ્ચેનો ભેદ સમજવો જરૂરી છે. સૌરાષ્ટ્રમાં રાસ મોટે ભાગે પુરુષો લે છે. રાસને હલ્લીસક પણ કહી શકાય. જ્યારે રાસડા એ તાલરાસકનો પ્રકાર છે. રાસમાં નૃત્યનું તત્ત્વ આગળ પડતું હોય છે, જ્યારે રાસડાંમાં સંગીતનું તત્ત્વ મોખરે રહે છે. સ્ત્રીઓમાં આજે એક તાલીના અને ત્રણ તાલીના રાસડા વધુ જાણીતા છે. રાસડા એ ગરબાની જેવો જ પ્રકાર છે. રાસ અને ગરબી પુરુષપ્રધાન છે, જ્યારે રાસડા નારીપ્રધાન છે.

વ્રતોત્સવ પ્રસંગે, મેળાઓમાં, જન્માષ્ટમી, શરદપૂનમ પ્રસંગે સ્ત્રીઓ રાસડાની રંગત જમાવે છે. રાસડામાં નારીહૃદયના ભાવો સરસ રીતે અભિવ્યક્ત થાય છે. રાસડાના ગીતનું વસ્તુ સામાજિક, ત્યાગ બલિદાન, ટેક કે વીરતાનું હોય છે. રાધા કૃષ્ણનાં પ્રણય ગીતો પણ રાસડામાં ખૂબ ગવાય છે.

કોળી અને ભરવાડ જાતિના રાસડામાં સ્ત્રીપુરુષો સાથે જોડાય છે. સ્ત્રીઓ તાલીઓના તાલે કે ચપટી વગાડતો ઢોલ સાથે રાસડા લે છે. એક સ્ત્રી ગવરાવે છે અને બીજી સ્ત્રીઓ ફરતી ફરતી ઝીલે છે. રાસમાં જેટલી વિવિધતા, તરલતા, જોમ ને જુસ્સો જોવા મળે છે તે રાસડામાં નજરે પડતો નથી. રાસડા એ લોકનારીના જીવનના આનંદ અને ઉલ્લાસને અભિવ્યક્ત કરવાનું માધ્યમ બની રહ્યું હોવાથી ધર્મની સાથે તેનો સંબંધ નહિવત્ જેવો છે. રાસડામાં રાસે રમનાર નારીઓમાં વસ્ત્રાભૂષણોનું પ્રાદેશિક વૈવિધ્ય આપણું ધ્યાન ખેંચે છે. લોકમેળામાં તો અઢારે વરણ રાસડે રમીને આનંદ માણે છે.

**ગરબો અને ગરબી :** ગરબો એ ગુજરાતના અતિ પ્રાચીન લોકપ્રિય નૃત્યનો એક પ્રકાર છે. ગરબો શક્તિપૂજાની સાથે સવિશેષ સંકળાયેલો છે. ગરબાની ઉત્પત્તિનું મૂળ દેવી પૂજા જ મનાય છે. ગરબો એટલે ઘણાં છિદ્રો પાડેલો માટીનો ઘડો. ઘડામાં છિદ્રો પડાવવા તેને ગરબો કોરાવવો કહે છે. ગરબામાં શબ્દની ઉત્પત્તિ ગર્ભદીપમાંથી થઈ છે. ''ગર્ભદીપ''માંથી 'ગર્ભો' અને પછી ગરબો થયું. ગર્ભ એટલે ઘડો. ઘડો એ બ્રહ્માંડની કલ્પના છે. તેમાં પ્રગટાવેલી દીપકની જ્યોત જીવનના સાતત્યની ઝાંખી કરાવે છે. આમ ગરબો એ આદ્યશક્તિ જગત્માતા તરફના ભક્તિભાવનું પ્રતીક છે.

નોરતાના નવે દિવસે ગુજરાતનાં ગામડાં અને શહેરની શેરીઓ ગરબાથી ગૂંજી ઊઠે છે. નોરતા પ્રસંગે ઘરમાં જવારા વાવીને માતાજીને સ્થાપના કરવામાં આવે છે. ગરબામાં દીવો પ્રગટાવવામાં



આવે છે. રાતના ચોકમાં માતાજીની માંડવડી મૂકી સ્ત્રીઓ ફરતી ફરતી ગરબા ગાય છે. આ ગરબામાં મોટે ભાગે માતાજીની સ્તુતિ વિશેષ હોય છે.

*'શંખલપુર સોહામણું રે*
*આરાસુર તે માનું ધામ મારી બહુચરા...*
*કુંભારી આવે તે મલપતો રે*
*જોઈતા ગરબા લાવે મારી બહુચરા...'*

ગરબામાં રાસની જેમ વાદ્યોનો ઉપયોગ ઓછો જોવા મળે છે. ક્યારેક ઢોલ, શરણાઈ, ખંજરી, મંજીરાં કે તબલાંનો ઉપયોગ પણ થતો જોવા મળે છે.

**ગરબી :** ગરબો અને ગરબી બેય નૃત્ય પ્રકારો નવરાત્રીના ઉત્સવ સાથે સંકળાયેલા છે. ગરબો અને ગરબી બંને સંઘ નૃત્યોના જ પ્રકારો છે. ગરબા મોટે ભાગે સ્ત્રીઓ જ ગાય છે. ક્યારેક પુરુષો પણ એમાં જોડાય છે, જ્યારે ગરબી એ પુરુષો ગાય છે. સ્વ. શ્રી મેઘાણીભાઈ નોંધે છે કે, 'પુરુષો ગરબી (લોખંડની માંડવડી)ની ચોગરદમ ગરબી મચાવતા ને ફૂદડી ફરી લેતા.' ગરબો એટલે છિદ્રોવાળો ઘડો અને ગરબી એટલે લાકડાની માંડવડી એવો અર્થ થાય.

ગરબી એ પુરુષ નૃત્યનો પ્રકાર છે. ગરબીમાં દાંડિયા, ઢોલ, નરઘાં ને મંજીરાનો ઉપયોગ થાય છે. રાસડાની જેમ ગરબીમાં નર્તનની વિવિધતા પ્રમાણમાં ઓછી જોવા મળે છે. ગરબી નોરતાં ઉપરાંત જન્માષ્ટમી, જળઝીલણી અગિયારસ જેવા ઉત્સવોના પ્રસંગે ગવાય છે. ગરબીને રાસનૃત્યનો એક પ્રકાર જ ગણી શકાય. ગરબીનાં ગીતો પણ એટલા જ જોમવંતા જોવા મળે છે.

*'વા વાયા ને વાદળ ઉમટ્યાં*
*ગોકુળમાં ટહુક્યા મોર*
*મળવા આવો સુંદર વર શામળિયા.'*



**પઢારોનું મંજીરાંનૃત્ય :** મંજીરાંનૃત્ય એ ભાલ નળકાંઠામાં વસતા પઢારોનું વિશિષ્ટ લોકનૃત્ય છે. મંજીરાંને કુશળતાપૂર્વક રાસમાં ઉતારીને તેઓ હૈયું હલાવી નાખે એવાં હૃદયંગમ દ્રશ્યો ખડાં કરે છે.

વાર તહેવારે આ નૃત્ય કરતી વખતે પઢારો પગ લાંબા કરીને ગોળાકારે બેસે છે. એકતારો, તબલાં, કાંસીજોડા, બગલિયું વગેરે વાદ્યો સાથે મંજીરાંનો તાલ આપીને જમીન પર સૂઈ જાય છે અને સૂતા સૂતા મંજીરાંનો તાલ આપીને અવનવી રીતે મંજીરા વગાડતાં વગાડતાં બેઠા થાય છે, ફૂદડી ફરે છે ને પાછા સૂઈ જાય છે. સૂતાં સૂતાં પગ ઊંચા કરી પગ વડે મંજીરા વગાડે છે. શરીરના સ્ફૂર્તિભર્યા હલનચલન સાથે મંજીરાંનો તાલ અદ્‌ભુત રીતે સચવાય છે. રાસની જેમ મંજીરાંરાસમાં પણ અજબગજબની ચપળતા, જોમ અને સાગરની લહેરો જેવી સરકતી ગતિ જોવા મળે છે.

પઢારો ઉપરાંત ભજનમાં મસ્ત બનેલા સૌરાષ્ટ્રના ભજનિકો ભાવાવેશમાં લીન બની વિવિધ પ્રકારે મંજીરાં વગાડીને ભજનમાં અનોખી મસ્તી જમાવે છે. સૌરાષ્ટ્રમાં કેટલેક ઠેકાણે બાવણો પણ વિવિધ પ્રકારે દેહડોલન કરતી કરતી મનોહર મંજીરાં વગાડે છે. રાજસ્થાનમાં આ નૃત્ય પ્રકાર 'તેરહતાલ' તરીકે જાણીતો છે. ચારથી પાંચ બહેનો પગ લાંબા કરીને બેસે છે અને પગના અંગૂઠાથી માંડીને હાથ સુધીનાં શરીરનાં વિવિધ અંગો પર તેર મંજીરાં બાંધીને વિવિધ તાલ વગાડતી નૃત્ય કરે છે.

**હીંચનૃત્ય :** ભાલપ્રદેશ અને કાઠિયાવાડમાં ગાગરની હીંચ તો ખૂબ જાણીતી છે. દાંડિયારાસ અને ગરબી લેનારા કોળીઓ હાથમાં મટકી લઈને સરસ હીંચ લે છે. વારતહેવારે કે પ્રસંગોપાત સ્ત્રીઓ પણ હાથમાં ગાગર, ઘોંણિયો કે વટલોઈ લઈને ઢોલના તાલે તાલે હાથની વીંટિયું, રૂપાના કરડાં કે વેઢ વડે તાલ દઈને હવામાં ગાગરો ઘુમાવતી અવનવા અંગમરોડ દ્વારા હીંચને



ચગાવે છે. રાત ભાંગે, ઢોલી થાકે પણ હીંચ લેનારી બહેનો ના થાકે એવી રંગત જામે. કચ્છની કોળી સ્ત્રીઓ, વઢિયારની રાજપૂતાણીઓ હાથમાં ગાગર લઈને ઢોલે રમતી રમતી હીંચ લે છે. ભાલ પ્રદેશની હરિજન બહેનો હાથમાં બોઘરણાં ને મટકી લઈને અને ઘણીવાર થાળિયું લઈને અવળીસવળી ફેરવતી ફેરવતી હીંચમાં ચગે છે ત્યારે મનોહર દ્રશ્ય સર્જાય છે. આ હીંચમાં ગીત નથી હોતું. ફક્ત ઢોલના તાલે હીંચ લેવાય છે. કોડિનાર તરફની કારડિયા રાજપૂત સ્ત્રીઓ માથે સાત બેડાંની હેલ લઈ ફરતી ફરતી હીંચ લે છે. નીચા નમી તાળીઓનો તાલ સરસ રીતે આપે છે.

ભવાઈ વેશમાં ભવાયા, નટ વગેરે માથે સાત સાત બેડાં મૂકીને મનોહરનાં નૃત્યો કરે છે.

**ભરવાડોના ડોકા અને હૂડારાસ :** સૌરાષ્ટ્રના ભરવાડો જ્યારે ડોકારાસ અને હૂડારાસમાં ખીલે છે ત્યારે ગોપ સંસ્કૃતિના સાચા ખમીરનાં દર્શન થાય છે. ભરવાડોના રાસમાં કાન ગોપીનાં ગીતો મુખ્ય હોવા છતાં ડોકારાસમાં ગીતને ઝાઝું સ્થાન નથી. ઢોલના તાલે લાંબા આખા પરોણા કે પરોણિયું લઈને દાંડિયા લે છે. આ વખતે પગના તાલ, શરીરનું હલનચલન અને અંગની આગવી છટા ઊડીને આંખે વળગે છે.

જ્યારે હોડારાસમાં ભરવાડ અને ભરવાડણો ઢોલના તાલે તાલે સામસામા હાથના તાલ અને પગના ઠેકા વડે રાસે રમે છે. આ રાસ ગીત વગર પણ ઢોલના તાલે સરસ ઊપડે છે. ભરવાડ અને ભરવાડણોના ભાતીગળ પોષાકને કારણે રાસનું દ્રશ્ય હૃદયંગમ બની રહે છે.

**ઠાગાનૃત્ય :** ઠાગાનૃત્ય એ ઉત્તર ગુજરાતના ઠાકોરોનું આગવું લોકનૃત્ય છે. સૌરાષ્ટ્રના લોકમેળાઓમાં શૂરાઓના તલવાર રાસમાં જે ખમીર અને જોમ જોવા મળે છે તે ઠાકોરોના ઠાગા નૃત્યમાં જોવા મળે છે.

વારતહેવારે આ વિસ્તારના ઠાકોર ઊંચી એડીના ચડકીવાળા બૂટ, અઢીવરકે પોતડી, ગળે હાંસડી, પગમાં તોડો અને કાનમાં મરકી પહેરી હાથમાં ઉઘાડી તલાવરો લઈને ઠાગા લેવા નીકળે છે ત્યારે જીવન-મોતના સંગ્રામ જેવું દ્રશ્ય સર્જાય છે.



**ઢોલોરાણો :** ઢોલોરાણો એ ગોહિલવાડ પંથકના કોળીઓના લોકનૃત્યનો અનોખો પ્રકાર છે. ચોમાસું આવતાં ધરતી હરિયાળી બની જાય છે. કુદરતની મહેરથી કણમાંથી મણ અનાજ પાકે અને મોતી જેવા ડૂંડા ખળામાં આવે એ જોઈને ખેડૂતોનાં હૈયાં હરખાઈ ઊઠે છે. આ પ્રસંગે ગોહિલવાડના કોળી સ્ત્રી-પુરુષો હાથમાં સૂંપડાં, સૂંપડિયું, સાવરણી, સૂંડલા, ડાલાં, સાંબેલું વગેરે લઈ અનાજ ઊપણતાં ઊપણતાં, સોઈને ઝાટકતાં ઝાટકતાં ને ખાંડતાં ખાંડતાં વર્તુળાકારે ફરીને નૃત્ય કરતાં કરતાં મંજીરા, કાંસીજોડા ને તબલાંના તાલે તાલે ગાય છે :

*રાય ઢોલોરાણો ખાંડે ચોખલા ને*
*ઓલી ગોમતી સાળ્ય મગડાળ્ય.*

આ નૃત્ય ભાવનગરની ઘોઘા સર્કલ મંડળી સરસ રીતે રજૂ કરે છે. આવું જ કોળીઓનું કાપણી પ્રસંગનું નૃત્ય પણ જોવા મળે છે.

**અશ્વનૃત્ય :** અશ્વનૃત્ય એ ઉત્તર ગુજરાતના કોળીઓમાં ખૂબ જાણીતું છે. કારતક મહિનાની પૂનમના દિવસે ગામના જુવાન અને ઘરડા-બુઢ્ઢા પુરુષો પોત પોતાના ઘોડા સાથે હાથમાં તલવાર લઈને ભેગા થાય છે. પછી ગામને પાદર ઘોડા દોડાવે છે. આ પ્રસંગ દોડતા ઘોડા ઉપર ઊભા થઈ હાથમાં ઉઘાડી તલવાર વડે દુશ્મન દળને કાપતા હોય તેવું નૃત્ય કરે છે. આ નૃત્ય પ્રસંગે વાતાવરણમાં શૌર્યરસ લહેરાઈ રહે છે.

**વણઝારાનું હોળી નૃત્ય :** ગુજરાતમાં વસતા મારવાડીઓ જન્માષ્ટમી અને હોળી વખતે નૃત્યો કરે છે. પુરુષો ખભે મોટું ચંગ મૂકીને વગાડે છે અને સ્ત્રીઓ હાથમાં રૂમાલ લઈને ઢારવો લે છે. કેટલીક પછાત જાતિઓમાં પણ આવું રૂમાલ નૃત્ય જોવા મળે છે.

લોકનૃત્યના અન્ય કેટલાક પ્રકારો : ભાલ અને સૌરાષ્ટ્રમાં વસતી કુંવારી કન્યાઓ લગ્ન કે અન્ય ઉત્સવ પ્રસંગે ઢોલના તાલે તાલે ટીટોડો લે છે. સૌરાષ્ટ્રમાં એને ટીટોડો હલાવવો એમ કહે છે. બે છોકરિયું સામસામે હાથની તાળી દઈને કેડ્યેથી નીચે નીચે આગળ પાછળ હાથ લઈ જઈને ગાય છે:

*તરીહ વરહનો ટીટોડો*
*એના મોમાં દૂધિયા દાંત બોલે ટીટોડો*

ગામડે ગામડે ફરતાં મદારી લોકો નાગને રમાડતી વખતે પગે બાંધેલા ઘૂઘરાના તાલે તાલે મોરલી વગાડતાં વગાડતાં મદારી નૃત્ય કરે છે.

રાવળ અને દેવીપૂજક જાતિના પુરુષો વાર-તહેવારે સ્ત્રીનાં કપડાં પહેરીને વિવિધ પ્રકારનાં નૃત્યો કરે છે. ભવાઈ કરતા ભવાયા પણ કેરબાના વેશમાં અવનવાં નૃત્યો કરીને જોનારને આશ્ચર્યમુગ્ધ કરે છે.

ભાલપ્રદેશમાં લગ્ન પ્રસંગે કેટલાક પુરુષો હાથમાં તલવાર લઈને ગોળ ગોળ ફરતા ને કૂદડી લેતાં લેતાં નૃત્ય કરે છે. આ ઉપરાંત લોકનૃત્યના અનેક પ્રકારો પંથકે પંથકે સાંપડે છે.

**સીદીઓની ધમાલ :** પોર્ટુગીઝોની સાથે આફ્રિકાથી આવીને સૌરાષ્ટ્રના જાફરાબાદ, સુરેન્દ્રનગર અને જૂનાગઢ વિસ્તારના જંબૂરમાં વસેલા સીદીઓની આદિસંસ્કૃતિનું જો કોઈ વિશેષ તત્ત્વ જળવાયું હોય તો તે સીદીઓના ધમાલનૃત્યમાં જળવાયું છે. આફ્રિકામાં વસતા આદિવાસીઓ શિકાર કરવા જાય ત્યારે શિકાર મળ્યા પછી આનંદમાં આવી જઈને જે પ્રકારનું નૃત્ય કરે છે, તેની ઝાંખી સીદીઓની ધમાલમાં જોવા મળે છે. ધમાલનૃત્ય મશીરાનૃત્યને નામે પણ જાણીતું છે. આ નૃત્ય પ્રસંગે સીદીઓ નાળિયેરની આખી કાચલીમાં કોડિયું નાખીને બનાવેલાં મશીરાં પર લીલું લૂંગડું વીંટીને તાલબદ્ધ રીતે મશીરાં વગાડીને ગોળ ગોળ ફરતા જાય છે. હાથમાં



રાખેલા મોરપીંછનો ઝૂંડ હલાવતાં ને ઢોલકી વગાડતાં વગાડતાં હાઉ હાઉ... હો હો... અવાજ અને ચિચિયારીઓ કરે છે. તાલબદ્ધ રીતે નાચતાં નાચતાં હવામાં નાળિયેરનો કાચલી સોંતો ગોટો ઉછાળે છે ને માથા પર ઝીલીને તોડી નાંખે છે. સીદીઓની ધમાલ ખૂબ પદ્ધતિસરની અને તાલબદ્ધ હોય છે.

સામાન્ય રીતે સીદીઓ પીરના વારતહેવારે ગુરુવારના દિવસે, દર માસની અગિયારસ અને સુદ બીજના દિવસે ધમાલનૃત્ય કરે છે. આ પ્રસંગે વગાડવામાં આવતો ઢોલ મુસીરાના નામે ઓળખાય છે. જ્યારે નાની ઢોલકીને ધમાલ અને સ્ત્રીઓનાં વાજિંત્રોને માયમીસરા અથવા સોલાનીના નામે ઓળખવામાં આવે છે. જૂના જમાનામાં રાજા-બાદશાહો સીદીઓને તેડાવીને ખાસ ધમાલનૃત્ય કરાવતા, તેથી સીદીઓની ધમાલ ભારતભરમાં જાણીતી બની છે. આજેય જંબૂર અને ભરૂચ જિલ્લાના સીદીઓ દિલ્હી સુધી નૃત્યના કાર્યક્રમો આપવા માટે જાય છે.

**આદિવાસી લોકનૃત્ય :** ગુજરાતમાં વસતા આદિવાસીઓ પાસે પણ લોકનૃત્યનો આગવો અને સમૃદ્ધ વારસો છે. દક્ષિણ ગુજરાતના દૂબળાઓનું ઘેરિયાનૃત્ય, તડવીઓનું હોળી પ્રસંગનું ઘેરૈયાનૃત્ય, માંડવાનૃત્ય, આલેણી-હાલેણી, પંચમહાલના ભીલોનું તરવારનૃત્ય, ધરમપુરના આદિવાસીઓનું શિકારનૃત્ય, જુદા જુદા ૨૭ ચાળામાં થતાં ડાંગીનૃત્યો, હળપતિઓનું તુરનૃત્ય, ભરૂચ જિલ્લાના નર્મદાકાંઠે વસતી જાતિઓનું આગવા નૃત્ય જોનારને આનંદની અનુભૂતિ કરાવી જાય છે. આજે યોજાતા ‘અપના ઉત્સવ’, ‘લોક ઉત્સવ’ અને ૨૬, જાન્યુઆરીના દિલ્હીના કાર્યક્રમોમાં ગુજરાતની આદિવાસી મંડળીઓ રસપૂર્વક ભાગ લેતી થઈ છે.

# ગુજરાતનું કલામંડિત કાષ્ટશિલ્પ

ગુજરાતનું નાગરિક જીવન સદાયે કળાનું રસિયું રહ્યું છે. સંસ્કૃતિના વિકાસમાં વિવિધ કળાઓનું વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. જનજીવનના ફૂલબગીચામાં ખીલેલી કળાઓમાંની એક કામણગારી કળા કાષ્ટ શિલ્પસ્થાપત્ય અને કાષ્ટ કોતરણીની છે. લાકડા પર નકશીકામ કરવાની કળાપરંપરા આપણે ત્યાં અત્યંત પ્રાચીન છે. એના પ્રમાણભૂત આધારો વેદ, પુરાણ, રામાયણ, મહાભારત, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, બૃહત્સંહિતા, બૌદ્ધ સાહિત્ય અને પરદેશી મુસાફરોની નોંધપોથીઓમાંથી સાંપડે છે.

સૂર્યના રથને સુંદર સુશોભિત કોતરણીવાળા હજાર સ્તંભો હોવાનો ઉલ્લેખ ઋગ્વેદમાંથી મળે છે. મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના કાષ્ટમંડિત મહાલયની નોંધ મેગેસ્થનિસે પણ લીધી છે. રામાયણ જેવા ઐતિહાસિક ગ્રંથમાં દેવાલયો, રાજમહેલો તેમજ સામાન્ય નાગરિકોનાં ઘરો કાષ્ટનાં બનેલાં વર્ણવાયાં છે. મહાભારતમાં વર્ણવેલો પ્રસિદ્ધ લાક્ષાગૃહ લાકડા અને લાખના સંયોજનથી બનાવાયો હતો. બૃહત્સંહિતા જેવા પ્રાચીન ગ્રંથમાં કાષ્ટના સિંહાસન આદિ રચનાને લગતા ઉલ્લેખો મળે છે. 'મૌર્ય રાજધાની પાટલીપુત્રના જે અવશેષો પટણા નજીકથી મળી આવ્યા છે તે ઉપરથી મકાનો તથા મહેલોના બાંધકામમાં મુખ્યત્વે થયેલ લાકડાનો ઉપયોગ અને તેનું અલંકરણ ઈ.સ.પૂ. ૩૦૦ વર્ષ જેટલું જૂનું હોવાનું સાબિત થયું છે.'૧ શુંગ અને આંધ્ર સમયનાં બૌદ્ધ શૈલ-ચૈત્યો અને વિહારો, અજંતા-ઈલોરાની બૌદ્ધ ગુફાઓ તેમજ સ્તુપોની વેદિકાઓમાં જે તત્કાલીન કાષ્ટકલાની અનુકૃતિઓ જળવાઈ રહી છે તે જ કાષ્ટકળાનો બહોળો ઉપયોગ દર્શાવે છે. સલાટોએ પથ્થર પર શિલ્પકામ શરૂ કર્યું તે પૂર્વે મકાનો અને મંદિરોના બાંધકામ અને તેના સુશોભનમાં કાષ્ટકામ અગ્રસ્થાને હતું. 'ત્યાર પછીના કાળના સમાન્તર શિલામય સ્થાપત્યમાં દારૂ (કાષ્ટ) શિલ્પની વધતી ઓછી અસર રહેતી જ આવી છે. પાષાણની જેમ લાકડું પ્રકૃતિ અને માનવનાં બળો સામે ઝાઝુ ટકી શકતું નથી. એટલે હિમાચલ પ્રદેશ કે કાશ્મીર જેવા શીત પ્રદેશના કેટલાક અપવાદોને બાદ કરતા બહુ પ્રાચીન કહી શકાય તેવા નમૂનાઓ અન્યત્ર જળવાયા નથી, પ્રાપ્ત થયા નથી. પરાપૂર્વથી ચાલી આવતી દારૂશિલ્પની પ્રથાના ગુજરાતના અવશિષ્ટ રહેલા પ્રાચીનતમ નમૂનાઓ સાડા ત્રણ સો વર્ષ કરતાં ભાગ્યે જ પુરાણા હશે.'૨



**પ્રાચીન સમયનાં કાષ્ટસ્થાપત્યનાં મંદિરો :** ભારતમાં અને ગુજરાતમાં જૂના કાળે મંદિરોના બાંધકામમાં કાષ્ટનો ભરપટે ઉપયોગ થતો. ભગવાન શ્રી કૃષ્ણે બંધાવેલું



પ્રભાસ-પાટણનું ત્રીજું મંદિર લાકડાનું હતું એમ કહેવાય છે. મહંમદ ગઝનવીના હાથે જેનો વિધ્વંશ થયો તે સોમનાથનું મંદિર પણ લાકડાનું હોવાનું મનાય છે, પરંતુ એ મંદિર ઈંટોનું બાંધેલું હોવાનો સંભવ છે. તેની ફરસબંધીમાં અને દરવાજામાં કાષ્ટનો ઉપયોગ થયો હતો, તેના સાગી લાકડામાંથી બનાવેલા ૫૬ થાંભલાઓમાં રત્નો જડેલાં હતાં. મહંમદ ગઝનવીનો ચરિત્રલેખક શ્રી નઝીમ, અલ્બરૂનીના આધારે નોંધે છે કે મંદિરની ભોંય પણ સાગનાં પાટિયાંની હતી એની વચ્ચે સીસું ભરી દેવામાં આવ્યું હતું.એને ૧૩ મજલા હતા અને શિખરો સોનાના પતરાંથી મઢેલાં હતાં. 'સોમનાથના મંદિરની પ્રસિદ્ધિ જોતાં એ મંદિર ઉપરના વર્ણન પ્રમાણે હોય એ છેક અસંભવિત નથી. મને લાગે છે કે સોમનાથનું સોલંકી પહેલાનું મંદિર આજના દક્ષિણ હિંદના મોટાં મંદિરોને મળતું હોય! દક્ષિણનાં મંદિરોનાં ગોપુરોને પણ નવ કે બાર મજલા હોય છે. ભેદ માત્ર આ મંદિર લાકડાનું હતું એટલો જ.'૩ પ્રાચીન ગુજરાતની રાજધાની શ્રીમાળ (ભિન્નમાળ) માં હતી ત્યારે સૂર્યનાં એકસો આઠ નામો પૈકી એક નામની પૂજા જગતસ્વામીના સ્વરૂપે થતી. આ જગતસ્વામીનું આખું યે મંદિર કાષ્ટનું હતું.


**જૈન દેરાસરો અને તેની કાષ્ટકળા-કારીગરી :** ૧૪ મી અને ૧૯ મી સદી વચ્ચે ગુજરાતનાં અનેક શહેરમાં જૈન દેરાસરો બંધાયેલાં તે સંપૂર્ણ લાકડાનાં હતાં. શત્રુંજયનાં જૈન મંદિરો પિતાની આજ્ઞા અનુસાર ઉદા મહેતાના પુત્રે પથ્થરથી બંધાવ્યાં તે પૂર્વે લાકડાનાં બનેલાં હતાં. ગિરનાર પરનું જૈન મંદિર પણ પ્રથમ લાકડાનું બાંધેલું હતું. ગુજરાતમાં બંધાયેલ જૂનાં દેરાસરો પૈકી સૂરતનું ચિંતામણી દેરાસર, અમદાવાદનું શાંતિનાથનું દેરાસર આજે ય મોજૂદ છે. 'પાટણનાં કેટલાંક મંદિરોના સંપૂર્ણ ભાગો ન્યૂયોર્કના મ્યુઝિયમમાં અને પાટણમાં યથાવત મોજૂદ છે. વડોદરામાં પણ લાકડાનાં દેરાસર હોવાની નોંધો તથા ચિત્રો મળે છે, પરંતુ હાલમાં તે પૈકી કોઈનું અસ્તિત્વ નથી.'૪ પાટણ તથા સિદ્ધપુરમાંથી મળી આવેલ કાષ્ટકોતરણીનું સચિત્ર વિવરણ બર્જેસે આર્કિટેક્ચરલ એન્ટીકિવટિઝ ઓફ નોર્ધન ગુજરાત (પૃ. ૪૯-૫૨)માં સારાભાઈ નવાબે ઈ.સ ૧૯૬૩માં પ્રસિદ્ધ કરેલ 'જૈન ચિત્રકલ્પદ્રુમ'માં સુપેરે આપ્યું છે.

આ બધા જૈન દેરાસરોમાં ૧૫મી ૧૬મી સદીમાં સૂરતમાં તૈયાર થયેલા ચિંતામણિ પાર્શ્વનાથના દેરાસરના થાંભલાઓ પરનું બારીક કોતરકામ, પાટણના કુંભારિયાપાડામાં આવેલા ઋષભદેવના દેરાંના થાંભલાની કુંભીઓ તથા રંગમંડપની ઘૂમટની છતો (જે પાટણનું સૌથી પ્રાચીન કાષ્ટકોતરકામ ગણાય છે), કપૂર મહેતાના પાડામાં આવેલા દેરાસરના થાંભલાની આજુબાજુ લાકડામાં કોતરી કાઢેલી નર્તકીઓ તથા રંગમંડપ, પાટણના ઝવેરીવાડામાં આવેલ

વાડીપાર્શ્વનાથ (વિ.સં. ૧૫૯૪)ના દેરાસરના ઘૂમટની કોતરણીમાં વાદ્ય વગાડતી વાદ્યાંગનાઓ અને નૃત્યાંગનાઓ, આયુધો અને વાહન સાથેના દસ દિક્‌પાલો, ઝરૂખા ઉપરની ગજલક્ષ્મીની પ્રતિમાઓ અને બંને બાજુએ રાસ રમતી કન્યાઓનું મનોહર કાષ્ટશિલ્પ, ખંભાતના સિમંધર સ્વામીના દેરાસરના રંગમંડપ પરના ઘૂમટ તથા થાંભલીઓ પર વાજિંત્રો વગાડતી નર્તકીઓ, પાર્શ્વનાથ તથા સંભવનાથનાં કાષ્ટસિંહાસન તથા રાધનપુરના શાંતિનાથ, ઋષભદેવ, આદિશ્વર અને અજિતનાથના દેરાસરની કાષ્ટકોતરણી ઊડીને આંખે વળગે છે.

જ્યારે અમદાવાદ હાજા પટેલની પોળમાં આવેલ શાંતિનાથની પોળના શાંતિનાથના દેરાસરનો રંગમંડપ, ઘૂમટ, થાંભલાની કુંભીઓ, રામજી મંદિરની પોળના સુપાર્શ્વનાથ દેરાસર, દેવશા પાડામાં આવેલ શાંતિનાથના દેરાસર અને ઝવેરીવાડ શેખના પાડામાં આવેલ શિતલનાથના દેરાસરનું કાષ્ટશિલ્પ, માંડવીની પોળમાં આવેલ સમેત શિખરજીની પોળના પાર્શ્વનાથના દેરાસરમાં કોતરેલ સમેત શિખરજીનો પહાડ, ઝવેરીવાડની વાઘણ પોળના અજિતનાથના દેરાસરમાં આવેલ કાષ્ટકોતરણીનો "નારીકુંજર" તથા નિશાપોળના પાર્શ્વનાથ (સંવત ૧૬૫૯ની આસપાસ) ના દહેરાના રંગમંડપના ઘૂમટની છતોમાં આવેલી કાષ્ટકામની કલાપૂર્ણ આકૃતિઓનાં મુગલ સમય દરમ્યાનનાં સંયોજન ચિત્રોનાં કોતરકામો આજે પણ એવાં ને એવાં છે. અમદાવાદના જૈન મંદિરનાં લાકડાંના કોતરકામો પૈકીનાં સર્વશ્રેષ્ઠ કોતરકામો આ જ છે. એમ શ્રી કાંતિ સોમપુરાએ નોંધ્યું છે. સારી જાતના લાકડા પર પથ્થર જેટલું આકર્ષક અને કલાપૂર્ણ કામ થઈ શકે છે તેની પ્રતીતિ, દેલવાડાનાં જૈન મંદિરો જેવા ઘૂમટ ઝૂમર, ઝરૂખા, અપ્સરાઓ, ફૂલવેલ્યની ભાતો, મૂર્તિઓ તથા કંડારકામને કાષ્ટમંદિરોમાં આબેહૂબ ઉતારીને ગુજરાતના કુશળ કારીગરોએ કરાવી આપી છે.

**કાષ્ટસ્થાપત્ય ધરાવતાં ગુજરાતનાં નગરો :** સુથારીકામના અલંકારપૂર્ણ કાષ્ટસ્થાપત્યનો ઉપયોગ નગરોના શ્રીમંતો અને શ્રેષ્ઠીઓનાં ઘરોમાં મોટે ભાગે થતો. આવાં ઘરો નાગરિક સભ્યતાનાં અંગો ગણાતાં. ગુજરાતમાં કાષ્ટસ્થાપત્યની અપાર સમૃદ્ધિ પાટણ, અમદાવાદ, ખંભાત, સૂરત, ભરૂચ, સિદ્ધપુર, ઈડર, મહુવા, સંખેડા, જામનગર, રાજકોટ, વિંછિયા, જસદણ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, ખંભાળિયા, માંગરોળ, પોરબંદર, વઢવાણ, હળવદ, ઘોઘા, ભાવનગર, ભૂજ, રાજુલા, રાધનપુર, ભિલોડા, મહેસાણા, વડનગર, કલોલ, વિરમગામ, ધોળકા, ધંધુકા, રાણપુર, નડિયાદ, ઉમરેઠ, સોજીત્રા, ડભોઈ, છોટાઉદેપુર જેવાં નગરોમાં જોવા મળે છે.




**કાષ્ટસ્થાપત્યના વિકાસના ત્રણ તબક્કાઓ :** શ્રી જયેન્દ્ર નાણાવટી અને શ્રી મધુસૂદન ઢાંકી ગુજરાતના કાષ્ટસ્થાપત્યનાં સાડા ત્રણસો વર્ષના ઈતિહાસના ત્રણ તબક્કાઓ


ગણાવીને ઉમેરે છે કે, 'સૌથી પ્રાચીન, લગભગ અઢીસોથી સાડા ત્રણસો વર્ષ જેટલા જૂના નમૂનાઓમાં કોતરકામ ખૂબ ઝીણું, ઊંડું, સ્વચ્છ અને રેખાની અવર્ણનીય સુંદરતા ધરાવે છે. ત્યારે પછીના તબક્કામાં તરતનાં વર્ષોમાં સૌરાષ્ટ્ર તરફ આ કામ સ્થૂળ થતું જતું હોવાની સાથે મૂળ નિયમોને તો બને તેટલું વળગી રહેવા પ્રયત્ન કરે છે. પણ તળપદ ગુજરાતમાં મુઘલાઈ, મારવાડી અને મરાઠી ઢંગોનાં મિશ્રણ જોવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં પણ મિશ્રિત શૈલીનાં ઉદાહરણો ઝાલાવાડમાં અને ભરૂચને કાંઠે આવેલા ઘોઘા તેમજ ભાવનગર જેવાં શહેરોમાં નજરે પડે છે. આ યુગના સર્જનોમાં કેટલી નવી રીતિ, વિશિષ્ટ રૂઢિઓ અને નવતર સ્વરૂપાંકનો દાખલ થાય છે. કાષ્ટના ટુકડાને માટીના પીંડની માફક હલ કરી તેમાં મોટી ભાતો ઉપસાવેલાં ભાસ્કર્યો એનું ખાસ લક્ષણ છે. મોટાં પર્ણોવાળા જાતજાતના વેલાઓથી ભારોટ, ઓતરંગ અને રવેશના ઘોડાઓ છાઈ દેવાયા છે. દ્રાક્ષની વેલો, સીતાફળના પર્ણયુક્ત અંકનો, ચકલાંઓ, ગજમુખો, ભારપૂતળીઓ અને ગરાસડા (ગજવ્યાલ અને અશ્વવ્યાલ)ની ટેકણો સાર્વત્રિક નજરે પડે છે. આ આકૃતિઓમાં અગાઉના નમૂનાઓ જેવી કંડારની ઉચ્ચતા નથી તો પણ એનાં શ્રેષ્ઠ ઉદાહરણોમાં એક આગવી સફાઈ અને આકર્ષણ રહેલાં છે. તેમાં પણ અમદાવાદના કાષ્ટકલાના કેટલાંયે મશહૂર મકાનોમાં આ યુગનો પરિપાક એની વસંતમાં ખીલેલો જોઈ શકાય છે. ત્રીજા તબક્કામાં પ્રવેશતાં મૂળ સ્વરૂપો વધુ ભ્રષ્ટ થતાં આવ્યાં છે. કામ વધુ સ્થૂળ અને બલહીન બનતું જાય છે અને ઈતિહાસનાં પરિબળોના પ્રભાવે એક અપરિહાર્ય પણ અનિચ્છનીય ઘટના બની જાય છે. એ છે વિક્ટોરિયન યુગના ડૉરિક, આયોનિયન અને કૉરિન્થયન સ્તંભોની નકલો અને ધતુરાનાં પર્ણો તથા લતાઓનો પ્રવેશ! આ રુચિભંગ કરતી સાંકરલીલાના વિસંગત પ્રતિનિધિઓ ગુજરાતના ઉત્તર સીમાડાથી માંડી છેક મુંબઈ, પુના અને મહારાષ્ટ્રના અંતરાળ સુધી દરેક શહેરમાં ઓછા-વત્તા પ્રમાણમાં મળી આવે છે.'૫












**ઘરોનું અલંકારમઢ્યું કાષ્ટશિલ્પ :** ગુજરાતના કાષ્ટશિલ્પના મુખ્ય ત્રણ પ્રવાહો નજરે પડે છે. મંદિરો, રહેઠાણનાં મકાનો અને ગૃહ-મંદિરની વપરાશી ચીજ-જણસો. આ બધાંમાં કલાકારો ઉપયોગિતાની સાથે કલાકારીગરીનો સમન્વય શિલ્પશાસ્ત્રના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ કર્યો છે. શ્રી રમણલાલ ત્રિવેદી નોંધે છે કે, 'ગુજરાતના સૂત્રધારે- સુથારે મકાનને એક સમગ્ર અને સંપૂર્ણ એકમ તરીકે કલ્પ્યું છે અને તેથી કરીને મકાનના દર્શનથી તે છેક અંદરના ભાગ સુધી અને ભોંયતળિયેથી તે ઉપરના માળ સુધીના વિવિધ ભાગની તેણે એવી સપ્રમાણ, સુરેખ અને સંયોજિત રચના કરી છે કે પ્રત્યેક ભાગમાં ઉપયોગિતા સાથે કળાનો સુંદર સમન્વય સાધી શકાયો છે. મકાનના વિવિધ ભાગો જેવા કે બારણાં, બારીઓ, ઝરૂખા, ગોખલા, ઉત્તરંગ, થાંભલાઓ,



ભારવટ, મદલ, છત વગેરેમાં કાષ્ટકોતરણીથી જે સુશોભન કરવામાં આવતું તેના નમૂનાઓ ગુજરાતનાં શહેરોમાં મોજૂદ છે અને જોનારને મુગ્ધ કરે છે.'

અમદાવાદમાં દોશીવાડાની પોળ, વાઘણપોળ, પાદશાહની પોળનાં દોઢસો-બસો વર્ષ જૂનાં મકાનોની કાષ્ટકારીગરી તથા હરકોર શેઠાણીની હવેલીનું કોતરકામ આ પ્રાચીન કાષ્ટકલાની સમૃદ્ધિની સાક્ષી પૂરે છે. સિદ્ધપુરમાં રૂદ્રમાળના પાછલા ભાગમાં આવેલી એક શેરીના એક ઘરની બારીઓ, ઝરૂખા તથા પાટણનાં મકાનોનું કોતરકામ અત્યંત બારીક અને સુંદર હોવાનું બર્જેસે નોંધ્યું છે.૬ ખેડા જિલ્લાના વસો ગામમાં આવેલી દરબાર ગોપાળદાસની અને એમના ભાઇની હવેલીઓની કાષ્ટકોતરણી જોનારને મુગ્ધ કરે છે. એની છતોમાં કરાયેલ સીસમ અને હાથીદાંતનું નયનમનોહર નકશીકામ ઊડીને આંખે વળગે છે. પાટણના ખડાકોટડા મહોલ્લામાં આવેલ બારોટ કાનજી ઉમેદસિંહના ઘરના આગળના દર્શનીય ભાગ પર લાકડાની કોતરણીનું બેનમૂન કામ કરવામાં આવ્યું છે.

ગુજરાતની ઘરબાંધણીની પ્રાચીન પરંપરા પાટણથી અમદાવાદ આવી છે. પાટણથી વડોદરા સુધીના પ્રદેશમાં બાંધણીનું સામ્ય દેખાય છે. દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રની બાંધણીમાં થોડોક ફેર છે. મસ્જિદો અને મંદિરોની બાહ્ય ભિતિયો કંદોરા વડે શાણગારવામાં આવે છે તેવી રીતે ઘરોની ભીંતો લાકડાના નકશીકામવાળા કંદોરા વડે શણગારવામાં આવે છે. સ્થાપત્યમાં કાષ્ટકામનો ઉપયોગ કરવાની એક જુદ જ પ્રણાલિકા ગુજરાતમાં અસ્તિત્વ ધરાવે છે. લાકડામાંથી ઘરનું આખું ખોખું બનાવી ઈંટો જ ભરી દેવી પડે એવાં મકાનો આપણે ત્યાં થાય છે.૭ પથ્થરની કલાકોતરણીને આપણા સુથારો કાષ્ટમાં હૂબહૂ કંડારે છે. અમદાવાદ, પાટણ અને સુરતનાં મકાનોમાં કાષ્ટકારીગરી થાય છે તેનો જોટો ભારતભરમાં જડવો મુશ્કેલ છે. ગુજરાતમાં કાષ્ટકોતરણી કળાના કારીગરોની કીર્તિ જૂના કાળમાં વિદેશો સુધી પહોંચી હતી. તેથી તો અમદાવાદનો એક આખા ઘરના આગલા ભાગનો એક નમૂનો લંડનના મ્યુઝિયમમાં સંગ્રહાયેલો જોવા મળે છે.૮ હિંદુ, મુસ્લિમ અને જૈન શ્રેષ્ઠીઓએ, કલારસિકોએ કાષ્ટકળાને ખીલવવામાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે. ગુજરાતના કારીગરોએ ૧૯મી સદીના અંત સુધી આ કળાને જીવની પેઠે જતન કરીને જાળવી રાખી હતી.

**કાષ્ટકળામાં સુશોભનો અને ભાતો :** ગુજરાતના કાષ્ટકામના કારીગરો લાકડાના શણગારમાં અને સુશોભનનો વેલપત્રો, ફૂલ કે વિવિધ ભૌમિતિક આકારોની ભાતો કંડારે છે. ક્યારેક તેઓ દેવ દેવીઓ, અપ્સરા, ગાંધર્વ, દિક્પાલ, કિન્નર - કિન્નરી તથા માનવ આકૃતિનાં શિલ્પો કોતરે છે. જ્યારે કેટલીક પટ્ટીઓમાં મોર, પોપટ, હાથી, ઘોડા, વાંદરા, પ્રાણીમુખો, પંખીઓની હારમાળા તથા ઝીણા ઝીણા ગોળાકાર મણકાઓની અલંકૃતિ સુંદર રીતે ઉપસાવે છે. નેજવામાં ગણેશ, શ્રીકૃષ્ણ કે હનુમાનજીની મનોહર મૂર્તિઓ કંડારે છે જે જોઇને આપણે આશ્ચર્યમાં ગરકાવ થઇ જઇએ છીએ.

**કળામઢી કાષ્ટપ્રતિમાઓ :** વિવિધ પ્રકારના કાષ્ટમાંથી મૂર્તિઓ કંડારવાનો ઉલ્લેખ પ્રાચીન શિલ્પગ્રંથોમાંથી સાંપડે છે. મૂર્તિઓ બનાવવા માટે ઉપયોગી વૃક્ષોના ગુણ દોષોનું વિગતે વર્ણન પણ એમાંથી મળે છે. કાષ્ટપ્રતિમાઓ બહુ ટકાઉ ન હોવાથી તે જલ્દી નાશ પામે છે. આથી સેવ્ય પ્રતિમાઓ પાષાણ અને ધાતુમાંથી બનાવવાની પરંપરા રહી છે. ઘર, મંદિરોમાં



પૂજાતી કાષ્ટમૂર્તિઓમાં શ્વેતાર્ક-ધોળા આંકડાના ગણપતિની મૂર્તિઓનું બાહુલ્ય જોવા મળે છે. એ જ રીતે જગન્નાથજીના મંદિરમાં શ્રીકૃષ્ણ, બળરામ અને સુભદ્રાજીની મૂર્તિઓ બહુધા લીમડાના લાકડામાંથી બનાવેલી જોઇ શકાય છે. ઘણું કરીને પાટણમાંથી પ્રાપ્ત થયેલી અને પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમમાં રાખેલી અર્ધનારીશ્વરની નયનરમ્ય કાષ્ટમૂર્તિ છે. અમદાવાદના શાંતિનાથના દેરાસરની કાષ્ટની સુંદર નૃત્યાંગનાઓ તેમજ વાજિંત્રવાદિનીઓ, એનાં અંગમરોડ, સપ્રમાણતા, આભૂષણો અને ભાવપ્રબળતાથી અત્યંત સુશોભિત લાગે છે. 'જગત્સ્વામી'ના નામથી ઓળખાતી સૂર્ય તથા તેની પત્ની રન્નાદેવીની કાષ્ટપ્રતિમાઓ પાટણના મહાલક્ષ્મી માતાના મંદિરમાં પૂજાય છે. આશરે ૪ ફૂટ ઊંચી અખંડ એવી આ સૂર્યમૂર્તિ ચંપાના કાષ્ટમાંથી બનાવેલી છે. જૂનાં ઘરોનાં નેજવાં પર નૃત્યાંગનાઓ અને વાજિંત્રધારિણીઓ દૃષ્ટિગોચર થાય છે. ધંધુકા તાલુકાના ખરડ ગામે મનુભાઇ રાઠોડના પ્રાચીન ઘરમાં આવાં કલાપૂર્ણ નેજવાં આજે ય કાષ્ટકળાની યશપતાકા લહેરાવી રહ્યાં છે.

**કાષ્ટકોતરણીમાં લોકકલા :** ગુજરાતની કાષ્ટકોતરણીમાં લોકકલા પ્રસન્નરૂપે વિકાસ પામેલી જોઇ શકાય છે. કળા તરફ લોકસમાજને ઊંડી અભિરુચિ હતી જ. જૂનાકાળે ડાંગ જેવા જંગલોમાંથી વલસાડી સાગ ભરપટે મળી રહેતું. ખંતીલા કારીગરોના ટેરવાં કાષ્ટકોતરણી પર ટહુકવા લાગ્યાં સમાજના મોટા ભાગના વર્ગો પોતાના ગજા પ્રમાણે આ કલાને અપનાવવા



લાગ્યા, આથી કાષ્ટનકશીની આ કલા આપણે ત્યાં માત્ર મંદિરો કે ઘરો પૂરતી મર્યાદિત ન રહેતાં જીવનજરૂરિયાતની તમામ ચીજ-જણસો સુધી પ્રસન્નપણે વિહરી છે. પછી તે કબૂતરો માટેની પરબડીઓ હોય કે ઘરવપરાશના મજૂસ, ઘોડિયાં, પાટપટારા, પેટીઓ, બાજઠ, પાણિયારાં, સાંગામાચી, ભગવાનની સુખશૈયા, પલંગ, ઢોલિયા કે હિંડોળાખાટ હોય કે પછી મુસાફરીના રથ, વેલડાં, ગાડાં, મ્યાના કે પાલખી હોય  દીવાલની ખીંટીઓ હોય કે દીપસ્તંભ હોય, માતાજીની માંડવડીઓ હોય કે લાકડાનાં રમકડાં હોય! ગુજરાતના કુશળ કારીગરોએ આ ક્ષેત્રમાં અજોડ સિદ્ધિની તેજરેખાઓ ઉપસાવી છે.

**સ્થાપત્યના પ્રાચીન ગ્રંથો :** પ્રાચીનકાળમાં ભારતમાં વાસ્તુવિદ્યાના જે મૂલ્યવાન ગ્રંથો રચાયા તેમાંથી કાષ્ટસ્થાપત્ય અંગેની માહિતી ભરપટે પ્રાપ્ત થાય છે. અવંતિપતિ મહારાજા ભોજદેવના નામે ચડેલા વાસ્તુવિદ્યાના અજોડ અને અધિકૃત ગ્રંથ 'સમરાંગણ-સૂત્રધાર'માં ગૃહનિર્માણના અધ્યાયોમાં કાષ્ટસ્થાપત્યનું થોડું પણ ઉપયોગી વિવેચન મળે છે. સ્થાપત્યના અઠંગ ઉપાસક રાજા ઉદયાદિત્યનો કૃપાપાત્ર નકુલ નામે શિલ્પી હતો. એના પુત્ર મલ્લે, પૂર્વે માલવામાં રચાયેલા 'જયપૃચ્છા' નામના વાસ્તુના વિશદ્ ગ્રંથના એક વિભાગના નિષ્કર્ષરૂપે 'પ્રમાણ-મંજરી' નામની કાષ્ટશિલ્પ ઉપરની ૩૦૪ શ્લોકપ્રમાણ એક સંક્ષિપ્ત પુસ્તિકાની રચના કરી છે.૯ ગુજરાતમાં કાષ્ટશિલ્પનો વિકાસ શાસ્ત્રીય પદ્ધતિએ થયો

છે તે સૂત્રધાર મંડન રચિત 'રાજવલ્લભ' અને 'પ્રમાણ-મંજરી' જેવા ગ્રંથો પરથી જાણી શકાય છે. 'રાજવલ્લભ' ગ્રંથના આઠમા અધ્યાયમાં પલંગ, સિંહાસન, દીપસ્તંભના ઉત્તમ મધ્યમ અને કનિષ્ટમાન તથા વિવિધ ભાગોના ઉદય અને વિસ્તારનાં પ્રમાણો આપ્યાં છે. એ માટે વાપરવાના લાકડાની જાત વિશે પણ એમાં ઉલ્લેખો છે. શ્રીપર્ણી (શિવણી કે શવત), ખસન (બિયો), તીંદુકી (કીંબરણ), શીશમ, પથિક (પતંગ), ચંદન અને શિરિલ નામના કાષ્ટમાંથી પલંગ, ગાડી, ગાડાં, રથ, પાલખી, મ્યાના, તાવદાન, પાટ અને પાટલા બનાવવાનો ઉલ્લેખ છે. લાકડાની વિધવિધ જાતો, તેની પસંદગી, એને કાપવાની રીત, જુદી જુદી જાતનાં લાકડાંનો વિવિધ હેતુઓ માટે ઉપયોગ તથા એક જાતિના લાકડા સાથે બીજી જાતિના લાકડાનું મિશ્રણ કરવાનો નિષેધ, વિવિધ વૃક્ષોનાં લાકડાનાં ગુણદોષોનાં વર્ણનો તથા મકાનોના જુદા જુદા ભાગોના માપની વિગતપૂર્ણ માહિતી આ ગ્રંથોમાં આપવામાં આવી છે. આ ગ્રંથોમાં આપેલા સિદ્ધાંતો અને પ્રમાણોને ગુજરાતના કારીગરો અભણ હોવા છતાં યે શ્રદ્ધાપૂર્વક અનુસરે છે. આથી જ ગુજરાતના કાષ્ટશિલ્પની પરંપરા લોકસમાજમાં યથાવત વહેતી રહી છે.

**કાષ્ટ શિલ્પના કામણગારા કસબીઓ :** 'સમરાંગણસૂત્રધાર' અને 'અપરાજિત સૂત્રસંતાન' નામના પ્રાચીન વાસ્તુવિદ્યાના ગ્રંથોમાં વાસ્તુકળાના ઉદ્‌ભવ સંબંધે આપેલી રસપ્રદ કથા શ્રી હરિપ્રસાદ સોમપુરાએ નોંધી છે. "પૃથ્વીના પ્રારંભકાળે બ્રહ્માને ફરિયાદ કરતાં પૃથ્વીએ જણાવ્યું કે, 'પૃથુરાજા મારા શરીરને અતિશય ત્રાસ આપે છે.' એના જવાબમાં પૃથુરાજાએ જણાવ્યું કે, 'પિતામહ, રાજ્ય કરવા માટે આપે મને પૃથ્વીપતિ તો બનાવ્યો, પરંતુ એના શરીર ઉપર અગણિત ખાડા, ટેકરા, પર્વત અને ખીણો છે તે બધાંને સમતલ બનાવ્યા સિવાય મારે પ્રજાને વસાવવી શી રીતે?' બ્રહ્માએ આનું નિરાકરણ કરતાં જણાવ્યું કે, 'પૃથ્વીને વસવા યોગ્ય બનાવવા માટે તેમજ સ્થાનિક ગૃહો માટે તમે પ્રભાસના પુત્ર અને ભૃગુના ભાણેજ વિશ્વકર્માને આમંત્રો. એ તમારા રાજ્યમાં પુર, ગ્રામ, નગર અને ગૃહો વસાવશે ને તેથી પૃથ્વી સ્વર્ગ સમાન વસવા યોગ્ય બનશે,' એ પ્રમાણે પૃથુરાજાએ વિશ્વકર્માની સહાયથી પૃથ્વીને શિલ્પસ્થાપત્યથી અલંકૃત કરી."

એ પછી વિશ્વકર્માના પાંચ પુત્રોમાં મનુએ લોહકર્મ (લુહારીકામ), મયે કાષ્ટકર્મ (સુથારીકામ), ત્વષ્ટાએ તામ્રકર્મ (કંસારાકામ), તક્ષક - દેવક્ષે સુવર્ણ કર્મ (સોનીકામ) અને શિલ્પીએ પાષાણકર્મ સ્વીકાર્યું.૧૦ કાષ્ટકર્મ સ્વીકારનાર મય શિલ્પી પુરાણોમાં અતિ પ્રસિદ્ધ છે. કહેવાય છે કે લાક્ષગૃહ એમણે બાંધેલો એટલું જ નહીં મેકિસકોની માયા સંસ્કૃતિ એટલું જ નહીં પણ માટે પણ એનું નામ ગણાવાય છે. મય શિલ્પી વિશ્વકર્માના દક્ષિણ તરફના મુખમાંથી ઉત્પન્ન થયેલો છે. તેનું ગોત્ર સનાતન છે. તે યજુર્વેદી, ઊભું તિલક કરનાર અને વિષ્ણુને આરાધ્ય દેવ ગણનાર મનાય છે.

ગુજરાતમાં વૈશ્ય, મેવાડા, ગુર્જર અને પંચોળી એ ચાર જાતિ વંશપરંપરાથી કાષ્ટકર્મ કરે છે. તેઓ વિશ્વકર્માના પુત્રો હોવાનો દાવો કરે છે અને તેમને પોતાના આરાધ્યદેવ તરીકે પૂજે છે. વૈશ્ય શિલ્પીઓ સૌથી ઊંચા મનાય છે. તેથી જ તેઓ તેમજ મેવાડા દેવાંશી કામ અર્થાત્ મંદિરના રથ, પાલખી, ભંડાર આદિ બનાવે છે. તેઓ કાષ્ટકર્મ ઉપર ચાંદી જડવાનું પણ કામ કરે છે. જ્યારે ગુર્જર અને પંચોળી ગામડાંમાં રહેતા ત્યારે ખેતીનાં ઓજારો બનાવવાનું કામ કરતા. તેઓ શહેરોમાં વસવા લાગ્યા ત્યારથી મકાનો અને ફર્નિચરનું કામ કરે છે એમ શ્રી હરિપ્રસાદ સોમપુરા નોંધે છે.

અમદાવાદ એક કાળે કાષ્ટકોતરણી માટેનું જાણીતું કેન્દ્ર હતું. અહીંના સુથાર કારીગરો સીસમના લાકડા પર કોતરણી કરવા માટે અત્યંત કુશળ ગણાતા. જર્નલ ઑફ ઈન્ડિયન આર્ટ (૧૮૮૬) માં એક નોંધ એવી મળે છે કે, 'અમદાવાદના કાષ્ટકામના કારીગરોએ યુરોપના પ્રદર્શનમાં સારી પ્રશંસા પ્રાપ્ત કરી હતી.' થોડા દશકાઓ પૂર્વે અમદાવાદમાં કાળુપુર પાંચપટ્ટીમાં રહેતા ચકુ ભૂદર અને સોમનાથ ભૂદરનો કાષ્ટકોતરકામના ક્ષેત્રે ડંકો વાગતો. એના પિતા ભૂદર મિસ્ત્રી પાસે જાણીતા કવિ શ્રી દલપતરામે 'રાસમાળા'નાં ચિત્રો 'વુડકટ' કરાવ્યાં હતાં. અમદાવાદમાં આવેલા કાળુપુર સ્વામીનારાયણ મંદિરની કોતરણી કરઢ ગામના સુથાર કારીગરોએ કરી હતી. એ જ રીતે વડોદરાના લક્ષ્મીવિલાસ પેલેસની લાકડાની કોતરણીનું સુંદર કામ ડભોઈના કારીગરોએ કર્યું હતું. અહીં પટારાની સૌ પ્રથમ શોધ કરનાર ભાવનગરના કાળા સુથારને અને આખો ખીજડો કાપીને એના થડમાંથી ભરવાડોનો માણેકથંભ૧૧ બનાવનાર આ લેખકના વતન આકરૂ (તા. ધંધૂકા) ગામના તરભોવન મિસ્ત્રીને પણ યાદ કરવા જોઈએ. આ અભણ અને ભલાભોળા સુથારોની કાષ્ટકળાએ સૌંદર્યના નવાં પરિમાણોની દિશા ઉઘાડી આપી છે. ■■■

## સંદર્ભ :


૧. ગુજરાતનું કાષ્ટકોતરકામ, લે. રમણલાલ કે. ત્રિવેદી, અખંડઆનંદ, જાન્યુઆરી '૬૭ પૃ. ૧૦૫.

૨. ગુજરાતનું કાષ્ટસ્થાપત્ય, લે. જયેન્દ્ર નાણાવટી અને મધુસૂદન ઢાંકી, કુમાર, સપ્ટેમ્બર '૬૪ પૃ. ૩૫૨.

૩. ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, લે. રત્નમણિરાવ જોટે, ભા. ૧, પૃ. ૧૦૪.

૪. ગુજરાતનું કાષ્ટકોતરકામ, લે. રમણલાલ ત્રિવેદી, અખંડઆનંદ, પૃ. ૧૦૫.

૫. ગુજરાતનું કાષ્ટસ્થાપત્ય, લે. જયેન્દ્ર નાણાવટી અને મધુસૂદન ઢાંકી, કુમાર, સપ્ટેમ્બર '૬૪, પૃ. ૩૫૨.

૬. આર્કિટેક્ચર ઓફ નોર્ધન ગુજરાત, લે. બર્જેસ પૃ. ૬૯, પ્લેટ ૪૩.

૭. ગુજરાતનું કાષ્ટશિલ્પસ્થાપત્ય, લે. કાંતિ સોમપુરા, લોકભારતી, સંવત ૨૦૧૫.

૮. અમદાવાદનો ઈતિહાસ, લે. રત્નમણિરાવ જોટે, આવૃત્તિ - ૧, પૃ. ૩૦૮.

૯. ગુજરાતનું કાષ્ટસ્થાપત્ય, લે. જયેન્દ્ર નાણાવટી અને મધુસૂદન ઢાંકી, કુમાર, સપ્ટેમ્બર '૬૪, પૃ. ૩૫૧.

૧૦.સ્કંદપુરાણ - નાગરખંડ અ. ૬-૧૩-૧૪.

૧૧.ભાલપંથકના ભરવાડો લગ્ન પ્રસંગે આખા ખીજડાનો માણેકથંભ સુથાર પાસે બનાવરાવે છે. લગ્ન અગાઉ વાજતેગાજતે ખીજડો વધાવવા જાય છે પછી તેને કાપીને એમાંથી સાંધા વગરનો ૮થી ૧૦ ફૂટનો માણેકથંભ કોતરી કાઢે છે અને તેના ઉપર ગોપસંસ્કૃતિ, નાળિયેર, બેડું, મોર તથા ગણેશનાં પ્રતીકો કંડારે છે. આ એક જ માંડવે ૫૦થી ૧૦૦ વરરાજાનાં લગ્ન થાય છે.



આભારદર્શન :

૧. આ લેખની સાથેનાં ચિત્રો સેન્સસ ઑફ ઈન્ડિયા ૧૯૬૧, વૉલ્યુમ -૫ના સૌજન્યથી અહીં પ્રસિદ્ધ કર્યાં છે. તેમનો ઋણ સ્વીકાર કરું છું. : લેખક.

# વિશ્વભરમાં અજોડ ગણાતું ગુજરાતનું હવેલી સ્થાપત્ય

મોગરાની મહેક જેવી લોકવાણીની મીતાક્ષરી કહેવત માનવીની સૌંદર્યદ્રષ્ટિની કેવી સરસ મજાની વાત કહી જાય છે!

***લીંપ્યું ગુંપ્યું 'ઘર' શોભે ને,***
***પહેરી-ઓઢી નારી શોભે.***

ઘરના પ્રસન્ન સૌંદર્યની પરાકાષ્ઠા દર્શાવવા માટે આ લોકોક્તિમાં ઘરની તુલના ભાતીગળ વસ્ત્રાલંકારોથી શોભતી સુંદરીના રૂપસૌંદર્ય સાથે કરવામાં આવી છે. સંસ્કૃત 'ગૃહ' પરથી ઊતરી આવેલા ઘર શબ્દનો અર્થ આવાસ, હવા પાણી, ટાઢ, તડકો અને દુશ્મનથી બચાવ થાય એવું રહેવાનું ઠેકાણું. આવાસસ્થાન, મકાન, ગૃહ, ખોલ, ઋગ્વેદાદિ વૈદિક સાહિત્યમાં 'ઘર' માટે દમ, ગૃહ, સદન, દુરોણ, વેશ્મ, શાલા, બહ્મર્ય પ્રાસાદ, અટ્ટ, સૌધમ, શરણ વગેરે શબ્દો પ્રયોજાયા છે. 'ગૃહ' સાધારણ રીતે ચાર દીવાલો વચ્ચે રહેવાની જગ્યાને કહેવામાં આવતું. મધ્યમ શ્રેણીનાં ઘરોને 'શાલા' કે 'વેશ્મ', બે કે ત્રણ મજલાના આવાસોને પ્રાસાદ કે અટ્ટ અને અનેક મજલાનાં સુંદર વિશાળ ભવનોને 'સહસ્ત્રસ્થૂણ', 'બૃહત્‌માન', 'હર્મ્ય' કે સૌધમ કહેવામાં આવતાં. ઋગ્વેદમાં એક સ્થળે ઘરની વ્યાખ્યા આપતા કહ્યું છે કે 'જેમાં પરિવાર અને એનાં પશુ એક સાથે રહેતાં હોય તેને 'ગૃહ' કહેવામાં આવે છે.'

આજે મારે આદિમાનવની ચીતરેલી ગુફાઓ, કચ્છી રબારીના ભુંગા કે ભારતીય રાજવીઓના મનોહર શિલ્પોથી શોભતાં રાજમહાલયોની નહીં, પણ વિશ્વભરમાં અજોડ ગણાતી ગુજરાતની હવેલીઓ અને એના અનુપમ શિલ્પસ્થાપત્યની રસપ્રદ વાતોનો ઈસ્કોતરો ઉઘાડવો છે.

પ્રાચીન કાળે ભારતવર્ષમાં એકથી વધુ માણસો પત્ની, પુત્રપુત્રાદિ અને સગાંસંબંધીઓ સાથે રહી શકે અર્થાત્‌ સંયુક્ત કુટુંબપ્રથાને નજર સમક્ષ રાખીને ગૃહની રચના થતી. તેની આંતરરચનામાં ગૃહિણીની પ્રવૃત્તિને કેન્દ્રમાં રાખવામાં આવતી. શ્રી કિરીટકુમાર દવે નોંધે છે કે, એના બાંધકામ પરત્વેની પ્રલંબ રચનામાં ઘણું કરીને આગળના ભાગમાં રવેશ, ખડકી ત્યાર પછી મધ્ય ભાગમાં ચોક, ત્યાર બાદ અંદરના ભાગમાં રવેશ, પરસાળ, ઓરડા અને છેક



પાછળના ભાગમાં વાડો હોય તેવું આયોજન થતું. મધ્યમાં પૂજા, રસોઈ, કોઠાર વગેરે રખાતાં. એના બાંધકામ અને સજાવટમાં શિલ્પસ્થાપત્યના શાસ્ત્રીય નિયમોનું ચુસ્ત પાલન થતું. આવા ગૃહમાં સામાજિક મોભો, કુલ પરંપરાઓ અને મર્યાદાઓનું જતન થતું. ૧૯મી સદીના અંત સુધી આવી સ્થિતિ પ્રવર્તતી હતી, પરંતુ ૨૦મી સદીના આરંભથી અર્થસંઘર્ષ વધતાં સંયુક્ત કુટુંબપ્રથા તૂટતાં આવાં મોટા પ્રલંબગૃહોની ઉપયોગિતા



ઘટતી ગઈ, પરંતુ આજેય પુરાણી ઢબની ડેલીઓ અને હવેલીઓ ગુજરાતમાં ઘણી જગ્યાએ ભારતીય ગૃહસ્થાપત્યની યશગાથા ગાતી ઊભી છે, અહીં એની વાત માંડવી છે.


ગુજરાતમાં અલંકારપૂર્ણ કાષ્ટસ્થાપત્યનો પ્રારંભ લગભગ ૧૨મી સદીમાં થયો અને ૧૫મી સદી સુધીમાં તેનો વિકાસ ચરમસીમાએ પહોંચ્યો. ઘર અને હવેલીઓ બનાવવાની આ પરંપરા ૧૯મી સદી સુધી ચાલતી રહી. તેની ફલશ્રુતિરૂપે ગુજરાતનાં અનેક ગામો અને નગરોમાં કાષ્ટકોતરણીથી સમૃદ્ધ એવાં અનેક મકાનો, હવેલીઓ, મહેલો અને મંદિરોની રચના થઈ, જેમાં જૂનામાં જૂના ૪૨૫ વર્ષ સુધીના નમૂના પ્રાપ્ત થાય છે. પાટણ, સિદ્ધપુર, અમદાવાદ, ઈડર, નડિયાદ, ખંભાત, સૂરત, ભરૂચ, પ્રભાસપાટણ, જૂનાગઢ, જામનગર, ખંભાળિયા, માંગરોળ, પોરબંદર, વઢવાણ, હળવદ, ભાવનગર, ઘોઘા વગેરે ગુજરાતની કાષ્ટ કલાસમૃદ્ધિના મહત્ત્વનાં કેન્દ્રો હતાં એમ 'વુડકાર્વિંગ ઓફ ગુજરાત'માં નોંધાયું છે.

વાસ્તુવિદ્યાના ક્ષેત્રે ભારતમાં ઉત્તરી અને દક્ષિણી એવી બે પરંપરાઓ પ્રચલિત છે. કાષ્ટસ્થાપત્યને લગતી એક સુંદર રચના શિલ્પી નકુલના પુત્ર મલ્લની મળે છે. ૩૦૪ શ્લોકમાં રચાયેલ 'પ્રમાણમંજરી' ગ્રંથની રચના ૧૩મી કે ૧૪મી સદીની હોવાનું જણાય છે. લેખક માળવાનો હોવા છતાં એમાં પ્રતિબિંબિત થતા સિદ્ધાંતો માળવા ઉપરાંત ગુજરાત અને રાજસ્થાનમાં પ્રચલિત હોવાનું પ્રાપ્ત થાય છે. કાષ્ટ નિર્મિત 'હર્મ્યભવન'નાં આ લક્ષણોમાંથી મોટા ભાગનાં લક્ષણો ગુજરાતના હવેલી સ્થાપત્યમાં જોવા મળે છે. ૧૯મી સદીના અંત સુધી ગુજરાતમાં હવેલીઓની રચના થતી નજરે પડે છે. શ્રી વી. એસ. પ્રમાર નોંધે છે કે, હવેલી કુટુંબના મોભા, ગૌરવ અને વૈભવનું પ્રતીક ગણાતી. ગુજરાતી સાહિત્ય અને લોકવારતાઓમાં 'નગરશેઠની હવેલી' જેવા શબ્દો રૂઢ થયેલા જોવા મળે છે. સમાજના મધ્યમ વર્ગ, ઉચ્ચ મધ્યમ વર્ગ અને ઉપલા સ્તરના લોકો, વેપારીઓ, શ્રેષ્ઠિઓ, ધર્માચાર્યો સર્વે હવેલી નામે ઓળખાતા આવાસને વિશિષ્ટ સ્થાપત્યકીય આયોજન અનુસાર તૈયાર કરાવતા અને પોતાની શક્તિ અને

સમૃદ્ધિ મુજબ ઉત્તમ શ્રેષ્ઠ કોતરણીથી તેની સજાવટ કરાવતા. આવી શ્રેષ્ઠ સ્થાપત્યકળા ધરાવતી હવેલીઓમાં વડોદરામાં સુરેશ્વર દેસાઈની, હરિભક્તિ કુટુંબની તથા લલ્લુબહાદુર (મંગળ પારેખ) ની હવેલી, અમદાવાદમાં શાંતિદાસ ઝવેરીની હવેલી તથા દોશીવાડાની પોળની અને પતાસા પોળની હઠિસિંહની હવેલી, સાંકડી શેરીમાં આવેલી દિવેટિયાની હવેલી, હાજા પટેલની પોળમાં આવેલ ટંકશાળાની હવેલી, રાયપુરમાં આવેલી સારાભાઈની હવેલી, ભરૂચમાં લલ્લુભાઈની અને ભિખારીદાસની હવેલી વગેરેનો સમાવેશ થાય છે.

'ગુજરાતનું કાષ્ટસ્થાપત્ય' લેખમાં શ્રી નાણાવટી અને શ્રી ઢાંકીએ હવેલી સ્થાપત્યના આયોજન અંગે વિગતપૂર્ણ માહિતી આપી છે. ગુજરાતના આ પરંપરાગત હવેલી સ્થાપત્યમાં સામાન્ય રીતે ભોંયતળિયું તથા એક કે બે માળ સુધીની રચના જોવા મળે છે. તેમાં એક સંયુક્ત કુટુંબની જરૂરિયાતને લક્ષમાં લઈ ખડકી, વરંડો, પ્રવેશદ્વાર, તેની ઉપર માઢ અને ઝરૂખો, ચોક, ઓસરી, પરસાળ, ચોકની એક તરફ દીવાનખંડ કે વેપાર-ધંધા માટેનું કેન્દ્ર, મહેમાનખંડ, સામેની તરફના ભાગમાં સૂવાના ઓરડા તથા ત્રીજી તરફ રસોડું, પાણિયારું, પૂજાની ઓરડી વગેરે સગવડોનો સમાવેશ કરવામાં આવતો. ચોકની વચ્ચે પાણીની ટાંકી (જેમાં આખા વર્ષ માટે ઉપયોગમાં લઈ શકાય તે માટે વરસાદનું પાણી સંગ્રહવામાં આવતું) અથવા કૂઈ બનાવવામાં આવતી. હવેલીની આગળની ઓસરીમાં ઉપર મેડી ઉપર જવા મોટો દાદર રાખવામાં આવતો અને અંદરના ઓરડામાંથી ઉપર જવા નાની, સાંકડી સીડી ગોઠવવામાં આવતી, જેનો ઉપયોગ મુખ્યત્વે સ્ત્રી વર્ગ દ્વારા કરવામાં આવતો.

આવી હવેલીઓમાં પ્રવેશવા માટે પ્રથમ રાજમાર્ગ પરથી પોળ કે શેરીની ડહેલીમાં કે ખડકીમાં પ્રવેશવું પડે છે. ખડકી વટાવતાં મોટા ચોકમાં આજુબાજુ મકાનો જોવા મળે છે. તેમાંથી હવેલીવાળા મકાનમાં પ્રવેશવા તેની ડેલીમાં દાખલ થઈએ છીએ. ક્યારેક આ ડેલીની બંને તરફ થાંભલાવાળા દોઢી જેવા ઓટલા હોય છે. તેની ઉપર માઢની રચના કરેલી હોય છે. માઢમાં પણ વચ્ચે દીવાલમાં પથ્થરના કે કાષ્ટ કોતરણીવાળા ઘોડા (મદલ)ની એક યા બે જોડથી ટકવેલો સુંદર ઝરૂખો (ગવાક્ષ) પણ કાઢેલો હોય છે.



ડેલીના કલાત્મક દ્વારેથી હવેલીમાં પ્રવેશીએ, જ્યાં મોટે ભાગે દુધાળાં ઢોર બાંધવામાં આવતાં. આ ફળિયું વટાવી સામે આવેલા રહેઠાણના મુખ્ય ભાગમાં જવા પ્રથમ પગથિયું ચડી સ્થંભાવલિયુક્ત ઓસરીમાં જવું પડે. આ સ્તંભોના શરાં, ભરણી, ફાડચાં (ફાલન) વગેરે સુંદર કોતરણીથી સજાવવામાં આવતાં. તેના પર મોભ, પાટ અને વલિકાઓનું બનેલું છાદ્ય ગોઠવવામાં આવતું. ઓસરીમાં વરસાદનું પાણી આવતું અટકાવવા કેટલીક વાર સ્તંભોના અગ્ર ભાગમાં કલાત્મક મદલો ગોઠવી તેના પર ઢળતું છજું ગોઠવવામાં આવતું.

આ ઓસરીની ભીંત તરફ જતાં બે ઓરડાની રચના જોવા મળે છે, જેનાં પ્રવેશદ્વાર તથા બારીઓ ઓસરીમાં પડે છે. આ દ્વારની ભીંતના ગાળામાં ‘ઘોડાગર્ભ’ તરીકે ઓળખાતા ભાગમાં વાંકા ચરણવાળા સુંદર અશ્વોનું રૂપાળું કંડારકામ જોવા મળે છે. આ ઘોડાગર્ભની બાજુમાં આ પ્રવેશદ્વારોની રચનામાં દ્વારશાખા, ઉત્તરંગ, ટોડલા વગેરેને સુંદર ફૂલવેલની આવૃત્તિઓથી સજાવવામાં આવતા. પ્રવેશદ્વારોનાં કમાડોના વેણીધોકા પણ કલાત્મક કોતરણી વડે બનાવવામાં આવતા. દ્વારની બંને તરફ દીવો મૂકવા માટે લાકડા કે પથ્થરના કોરેલા, ગોખલા કે ચાડાં (દીપાલય) મૂકવામાં આવતાં. હવેલીના ખંડોમાં પ્રવેશતાં તેમાં બે દિશામાં જાળીવાળી નાની બારીઓ મૂકેલી જોવા મળે છે. ખંડની આજુબાજુની ભીંતોમાં ક્યાંક ક્યાંક કલાત્મક ફાલનાઓવાળા અર્ધસ્થંભો જોવા મળે છે. ખંડોની પછીતે સુંદર કોરેલી પટ્ટાવાળી નાની મદલિકાઓથી ઊંચકાતી અભરાઈ પણ હોય છે. મકાનનો ઉપલો મજલો હોય તો એક સાંકડી ખાંચા પાડેલી નિસરણી મારફત ઓરડામાં ઉપર જવાય છે. પ્રથમ મજલે પણ નીચેની સગવડોનું પુનરાવર્તન હોય છે. હવેલીની થાંભલીઓ અને નેજવાં પણ કંડાર કામથી શોભતા હોય છે. આ પ્રથમ મજલામાં થઈ બહાર ડેલી પર નિગર્મિત થતાં ઝરૂખામાં પ્રવેશી શકાય છે. નીચે ઓસરીની બંને તરફ ભાંડાગાર તથા રસોડાની રચના કરવામાં આવતી.

હવેલી સ્થાપત્યના શોધ નિબંધમાં ડૉ. પ્રમાર નોંધે છે કે, હવેલીઓ હંમેશાં ખડકી કે પોળની અંદર રાખવામાં આવતી. આથી મુખ્ય માર્ગથી તે દૂર રહેતી. ગુજરાતની નાની-મોટી હવેલીઓના આયોજનમાં કુટુંબની જરૂરિયાત ને વૈભવ પ્રમાણે સગવડોની જોગવાઈ જોવાતી. હવેલીની દીવાલો ઈંટ -ચૂનાની બનતી એ સિવાય એનું સમગ્ર માળખું કાષ્ટના બનેલા સ્તંભો, મોભ, પાટડા, ભારોટ, પાટડી, ઝરૂખા વગેરે પર નભેલું રહેતું. હવેલીના અંદરના સ્તંભો, અર્ધસ્તંભોના શરા-ભરણી, લુંબિકા, ફાલના વગેરે ભાગોને અનેક પ્રકારની ભૌમિતિક આકૃતિઓ અને ફૂલવેલની ભાતોવાળી કલાત્મક કાષ્ટકોતરણીથી તથા સુંદર શિલ્પોથી અલંકૃત કરવામાં આવતાં.

ગુજરાતના હવેલી સ્થાપત્ય અને કાષ્ટકલાના વિકાસમાં ધર્મસંપ્રદાયોનું પ્રદાન પણ ઉલ્લેખનીય છે એમ જણાવીને શ્રી કિરીટકુમાર દવે નોંધે છે કે, ૧૯મી સદીના પૂર્વાર્ધમાં વિકસેલા સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો માટે મૂળી, વડતાલ, ભૂજ, ધોલેરા, જેતલપુર, ગઢડા અને અમદાવાદનાં મંદિરોનાં પ્રાંગણોમાં એકથી ત્રણ માળવાળા હવેલી આવાસોની રચના જોવા મળે છે. ધોલેરા, વડતાલ, અને મૂળીમાં ‘બાઈઓની હવેલી’ આવેલી છે. હવેલીઓને બનાવવા અને સુશોભિત કરવા કારીગરોએ પોતાનું સમગ્ર કૌશલ રેડી દીધું હોય તેવી પ્રતીતિ થયા વગર રહેતી નથી. આવી હવેલીઓ બનાવવા માટે સ્પર્ધા પણ થતી, પરિણામે ભારતમાં જ નહીં વિશ્વભરના કોઈ પણ દેશમાં, ગુજરાતનાં હવેલી કાષ્ટશિલ્પની તોલે આવે એવું હવેલી શિલ્પ જોવા મળતું નથી. આવો, આપણે આવી વિરાસતસમી પ્રાચીન હવેલીઓને જાળવવાનો સંકલ્પ કરીએ. ■■■



# ગુજરાતનું રાચરચીલું અને ગૃહસજાવટ



ગુજરાતને જેમ પોતાનું કહેવાય તેવું લોકસાહિત્ય, લોકસંગીત, લોકનૃત્યો, કાષ્ટ અને શિલ્પસ્થાપત્ય, પોથીચિત્રો, ભાષા, પહેરવેશ તથા રીતરિવાજો છે તેમ તેને પોતાનું કહી શકાય તેવું લોકરાચરચીલું અને ગ્રામ ગૃહસજાવટ પણ છે. લોકજીવનમાં આ પરંપરાઓ અને પદ્ધતિ ક્યારે શરૂ થઈ, ક્યાંથી આવી એ સંશોધનનો વિષય છે. ગ્રામસંસ્કૃતિનાં ઘર સુશોભન અને રાચરચીલાના સૌંદર્યથી છલકાતા વારસા તરફ હજુ જોઈએ તેવી આપણી નજર ગઈ નથી. જોઈએ તેવો અભ્યાસ થયો નથી. વિદેશીઓ આવીને આપણા આ સંસ્કાર વારસાનો અભ્યાસ કરી તેના પર પુસ્તકો પ્રગટ કરે ત્યારે આપણને એનું મૂલ્ય સમજાય છે. આપણે ત્યાં ચિત્રકારો અને ઈન્ટિરિયર ડેકોરેટર્સ ગણ્યા ગણાય નહીં એટલી સંખ્યામાં છે, પણ કોઈની નજર આ લોકવિરાસત તરફ ભાગ્યે જ જાય છે. પશ્ચિમના દેશોમાં તો રાચરચીલાં અને ગૃહસજાવટ ઉપર સુંદર સચિત્ર પુસ્તકો પ્રગટ થાય છે. યુગવાર તેનું વિભાગીકરણ થાય છે, પણ આપણે ત્યાં રાજપૂત ગૃહસજાવટ, કાઠી, આયર, મેર, મુસ્લિમ કે રબારીની ગૃહ-સજાવટ જાણવા કોઈ આધારભૂત સાહિત્ય મળતું નથી. આજે જેવું આપણા પોષાકોનું થયું છે તેવું જ અપાણાં રાચરચીલાં અને ગૃહસજાવટનું થયું છે તેમાં પશ્ચિમી પદ્ધતિના અનુકરણ સિવાય ભાગ્યે જ કોઈ મૂળભૂત વિચાર જોવા મળે છે.

આ દેશમાં પશ્ચિમી પોષાક દાખલ થયો તે પહેલાં પશ્ચિમી ફર્નિચર દાખલ થયું હતું. એનો પ્રવેશ કોચીન, ગોવા, દીવ, દમણ અને સુરત એટલે મહદંશે ગુજરાતમાંથી થયો છે. ફિરંગીઓ અને અંગ્રજોએ તે દાખલ કરેલ છે એમ શ્રી હરકાન્ત શુક્લ નોંધે છે. આપણે ત્યાં ગૃહસજાવટ અને રાચરચીલું એ બધા જૂના-કાળે રાજા-મહારાજાના મહેલો, ધનવાનો અને શ્રેષ્ઠિઓના મહાલયો માટે મોજશોખની બાબત ગણાતી અને તે પ્રચલિત થવા લાગ્યું ત્યારે રાજા-મહારાજાઓ વિદેશયાત્રાઓ કરતા. તેને પરિણામે પશ્ચિમ-પદ્ધતિનું રાચરચીલું આપણે ત્યાં આવ્યું અને નગરોમાં ઝડપથી એનું અનુકરણ થવા લાગ્યું.

ભારતીય લોકસંસ્કૃતિ અને લોકજીવન હરહંમેશ પ્રકૃતિ પરાયણ રહ્યાં છે. આપણા દેશ પર કુદરત કાયમ મહેરબાન રહી છે. ભારતની ધરતી પર પાંગરેલી આર્યસંસ્કૃતિ બહુધા ગ્રામસંસ્કૃતિ હતી. ઋષિમુનિઓ આશ્રમોમાં રહીને વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ કરાવતા. આ ઋષિઓના આશ્રમો કે બ્રાહ્મણોના ઘરમાં એ કાળે કોઈ ફર્નિચર નહોતું, તેઓ દર્ભાસન પર બેસતા. મહેમાનો કે આગંતુકો આવે તો એમને બેસવા એ જ આસનો અપાતાં. ભૂતકાળમાં પરદેશથી જે મુસાફરો આપણે ત્યાં આવ્યા તેઓને ફર્નિચરને બદલે ભારતીય બેઠક જોઈને ભારે આશ્ચર્ય થતું કેટલાકે તો આ દેશને ફર્નિચર વગરનો દેશ કહ્યો છે. આ ઋષિ અને બ્રાહ્મણોના

દર્ભાસનમાંથી ગાદી, તકિયા, હિંડોળા-ખાટ, બાજોઠ અને સાંગામાંચી સુધીની ઉત્ક્રાંતિ થતાં કેટલાં વર્ષો થયાં હશે એ સંશોધનનો વિષય છે. આપણી પલાંઠી મારીને બેસી જવાની ટેવ એ ફર્નિચરના અભાવની સૂઝ ગણાય છે. આપણો છૂટો પહેરવેશ એ પણ આ ટેવને સાનુકૂળ રહ્યો છે. ધોતિયાં પછી ચોરણી, ઉરેબ વગેરે આવ્યાં તેને નીચે બેસવામાં કોઈ વાંધો ન આવ્યો. વાંધો આવ્યો માત્ર પાટલૂન પહેરવાવાળાને એમના માટે ખુરશીઓ આવી.

આપણું રાચરચીલું અને સજાવટનો ઈતિહાસ રાજા-મહારાજાઓના રાજમહેલોથી આરંભાતો નજરે પડે છે. ચંદ્રગુપ્ત મૌર્યનો રાજમહેલ એની સજાવટ અને જાહોજલાલી ધ્યાનાકર્ષક છે, પણ એ વખતની સજાવટ કેવી હતી, રાચરચીલું કેવું હતું તેની કોઈ માહિતી મળતી નથી. અહીંના મોગલ ઈતિહાસોના રાજમહેલો અને જનાનખાનાની નોંધો પરદેશી મુસાફરોની નોંધપોથીમાંથી



મળે છે. કહેવાય છે કે, ગુજરાતના સુલતાનોના રાજમહેલમાં ખુરશી અને કોચનો પ્રવેશ પોર્ચ્યુગીઝ અને અંગ્રેજો મારફત થયો હતો. મખમલ અને હીનખાયના પડદા, રેશમની ગાદીઓ અને તકિયા, રૌપ્ય અને સુવર્ણજડિત રાચરચીલાં તથા ખાવા-પીવાના ઉપકરણો એ કાળે મહેલો માટે સામાન્ય વસ્તુ ગણાતી.

સંસ્કૃત સાહિત્ય તરફ નજર કરીએ તો તેમાં રાજવીઓનાં સિંહાસનો સિવાય કોઈ ફર્નિચર કે રાચરચીલાંની ઝાઝી વિગતો મળતી નથી. રાજવીનું સિંહાસન તેની સત્તાનું પ્રતીક, રાજકીય ગૌરવનું ચિહ્ન અને રાજ્યના દોરદમામનું મુખ્ય સ્થાન હતું. તેના ઉપર બેસવાનો અધિકાર માત્ર ને માત્ર રાજવીને જ રહેતો. આપણે ત્યાં રાજા વીરવિક્રમના બત્રીસ પૂતળીવાળા સિંહાસનથી માંડીને અનેક પ્રકારનાં સિંહાસનોનાં વર્ણનો મળે છે, જેમાં સિંહાસન, ગજસિંહાસન, હંસસિંહાસન વગેરે છે. શાહજહાંનું રત્નજડિત મયૂરાસન એ એક નવો જ વિચાર હતો. દિલ્હી અને આગ્રાના દીવાને- આમ અને દીવાને ખાસમાં બાદશાહ સિવાય બીજાને નીચે બેસવાનું રહેતું. સ્વાતંત્ર્ય પહેલાં મૈસુરના રાજમહેલ અને રાજદરબારનો વૈભવ પણ અનોખો હતો. મખમલના સોનેરી ભરેલાં પડદા, સોનેરી રંગથી રંગેલી છતો, સોનેરી રંગના થાંભલા, સોનેમઢેલ ભવ્ય સિંહાસનોની ભવ્યતા અનોખી હતી. એ પછી સૌરાષ્ટ્ર, કચ્છના રાજ-રજવાડાઓના મહેલોમાં કચ્છનો આયના મહેલ, જૂનાગઢ નવાબનો દરબાર, જામનગર, વડોદરા, ભાવનગરના રાજવીઓના મહેલો, તેની શોભાસજ્જા અને રાચરચીલું ભવ્યાતિભવ્ય હતાં. આજે એ સંગ્રહાલયોમાં પરિવર્તિત થયાં છે.

આપણી સંસ્કૃતિ કૃષિપ્રધાન હોવાથી જૂનાકાળે ગામડાંની પ્રજા ખાધેપીધે સુખી હતી, પણ આર્થિક સ્થિતિ જોઈએ એવી સદ્ધર નહોતી. ગરીબાઈનું પ્રમાણ વધુ હોવાથી લોકજીવનમાં સાદગી હતી. ખાટલો એ એમની ખુરશી હતી. પલંગ કે સિંહાસન જે કહો તેની ગરજ સારતો. આંગણે કોઈ સારા મહેમાન આવે તો ખાટલો ઢાળી પટારામાંથી ધડકી (રજાઈ) કાઢીને પાથરી અપાતી. કોઈ કોઈ ઘરોમાં પાથરવા માટે જાજમ, રાજપૂત, કાઠી-દરબારોના સુખી ઘરોમાં રંગીત ઢોલિયા, પેટી, પટારા, મજૂસ, ઘોડિયાં, હિંચકા, સાંગામાચી, ઢીંચણિયાં અને વીંજણા જોવા મળતા. આ ઘરોમાં ભાતીગળ મોતીકામ જોવા મળે. હીરભરતના ચાકળા, પછીતપાટી, શાખતોરણ, સુથિયાં અને ઝળહળતા પીત્તળના વાસણોની માંડ પટારા માથે જોવા મળે. કાઠીના ઘરની વિશિષ્ટતાઓમાં કલાપૂર્ણ પટારા ને દાબડો અવશ્ય જોવા મળે. પંડ પશુ અને ઘર શણગારના ભરત અને મોતીપરોવણાથી ઘર અભરે ભર્યું હોય. લોકજીવનનું આ કલાવિધાન માનવીના પંડ કે પશુશણગારો પૂરતું મર્યાદિત નથી રહ્યું, પણ કચ્છ, કાઠિયાવાડની જનજાતિયોના ઘર-ખોરડાં, ઓરડા ને ઓંસરિયુંને ઓપાવવા સુધી ભરપટે વિસ્તર્યું છે. આ ઘરશણગારોમાંથી લોકકળાનું સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે. જેતપુર, ચોટિલા, જસદણ, ગઢડા અને પાળિયાદ પંથકમાં રહેતા વાળા, ખાચર, ખુમાણ અને કાઠીદરબારોનાં ઘરશણગારનો ઠા અને ઠસ્સો વર્ણવતા પુરાત્ત્વવિદ્ શ્રી મધુસૂદન ઢાંકી નોંધે છે કે, કાઠીના ઘરની શોભાની શી વાત કરવી? હવે આખરી વિદાય લઈ રહેલ એ સોનેરી જાજરમાન જમાનાનું ચિત્ર સાવ ભૂંસાઈ જાય એ પહેલાં છેલ્લી નજર કરી લઈએ તો ખોટું નથી. કાઠીનાં અસલ ખોરડાં સાદાં પણ ભારે કોઠાસુઝ પ્રમાણે બંધાતાં. એક સરખા બે લંબચોરસ ઓરડાં, થાંભલીવાળી ઓશરી, રસોડું અને ભંડારિયું, મોઢા આગળ મોટું



વંડીવાળું ફળિયું અને કાટખૂણે દોઢીવાળી ડેલી. ભીંતો ઓળિપાથી ઓપતી હોય. ઓશરીમાં ઢોલિયો ઢાળ્યો હોય ને સમી સાંજે કાઠી જણ હોકા ગગડાવતા હોય. બાજુમાં મોતીગૂંથેલ કોળીંડા ને પોપટ ઘૂઘરાવાળા રાશપાંગરાંના પારણે સૂતેલ ગગાને બેનડી હીંચકા નાખતી હોય. રસોડામાં હરિસો (મીઠાઈ) હલાવતો હોય ને ભભકદાર કઢી ઊકળતી હોય. વાળું ટાણે રૂની ગાદી ભરેલ ચાકળા પથરાય ને ભમરીવાળા ઘાટિલા બાજોઠ માથે અરીસા જેવી કાંસાની થાળી ને બાજુમાં પડઘલી પર છાલિયાં ગોઠવાય. પ્રથમ લીલવણી બાજરાના નખલી પાડેલ મીઠા ગરમ રોટલા ને માલીકોર્ય અર્ધગાઉમાં ફોરમાય ને સપનામાં જોવા ન મળે એવા લીલી ઝાંયનાં ઘીની ધાર થતી હોય. જમવા બેઠેલા મહેમાન ઘડીક ઊંચે છત સામે નજર કરે તો લાકડાની સંઘેડા ઉપર રંગીન ને મોતી પરોવેલ ખાટલી રાશ સહિત લટકાયેલીને ઓંશરીને શોભાવતી જુએ ને ચંડુલના પીંજરાને માથે નાંખેલું મોતીગૂંથ્યું આચ્છાદન જુએ.'

ઘરની ઓશરીને શોભવતા ચાકળા, ચંદરવા, ધરાણિયા, ટરપરિયા, ગણેશસ્થાપન, બારસાખિયાં અને ગાલમસૂરિયાં ચોપાટ, બાજોઠ, મોતીમઢેલ વીંજણા, વાંસળી, શ્રીફળ, કંકાવટી, તલવાર, ગ્રામગૃહ સજાવટનાં ઉપસ્કરણો રહ્યાં છે. બેસણ માટે રંગત ઢોલિયા એ ગામડાંનું રાચ હતું. ઢોલિયાનું પોઢણ સ્વર્ગીય આનંદની અનુભૂતિ કરાવનારું ગણાતું. લોકનારીને

જેમાં પોઢવાના કોડ જાગતાં એ લોકજીવનના ઢોલિયાના રૂપ તો જુઓ :

*વા'લા સાગ સીસમનો ઢોલિયો,*
*અમરા ડમરાના વાણ,*
*ત્યાં કાંઈ અતલસનાં ઓશિકડાં,*
*ત્યાં કાંઈ ગાલવટ ગાલમસૂરિયાં,*
*ત્યાં કાંઈ ભૈરવનાં ઓછાડ,*
*મોટો ઢોલિયો. નાની ઢોલણી.*
*એ ઢોલણી પણ કેવી?*
*સાવ રે સોનાની મારી ઢોલણી*
*રંગે રૂપાના પાયા.*

પ્રસન્ન દામ્પત્યજીવનના મધુર રંગો અહીં ઘૂંટાતા નજરે પડે છે. ગૃહજીવનની મધુરતાના બે શ્રમ બિંદુ: એક ઢોલિયો ને બીજું ઘોડિયું (પારણિયું):

*સાવ રે સોનાનું તારું પારણિયું ને,*
*સોનાની સળીએ કાન તારે અતલસી આંગડી ને માથે નીલમની ટોપી,*
*સોનાના પારણાનું કલાવિધાન પણ અનોખું:*
*ચાર પાયે ચાર પૂતળિયું*
*ને મોરવાયે બે મોર,*
*બાળા પોઢે ને રે....*

સાસુજીનું બેસણ સાંગામાચી ગણાતી: સાંગામાચી અને હીંચકો લોકજીવનના રાચરચીલામાં જૂના કાળથી સ્થાન પામ્યા છે.

આ હીંચકાની દોરીઓ મોતી ભરેલી રહેતી. સુખી ઘરોમાં હીચકાને પોપટ, પૂતળિયો, હાથી અને ઘૂઘરાવાળી કલાપૂર્ણ સાંકળો રહેતી. હીંચકા અને પારણા વગરનું ઘર સોગિયું ગણાતું. ગરીબ ઘરની નારીય સોનાના હીંચકાની કલ્પના કરીને જીવનને આનંદથી ભર્યું રાખતી :

*સોનાની સાંકળે બાંધ્યો હીંચોળો આંબાની ડાળ્ય.*
*રૂપાનાં કડાં દો ચાર, વાલો મારો હીંચકે રે આંબાની ડાળ્ય.*

ગ્રામ ગૃહસજાવટના ઉપસ્કરણોનો ઉપયોગ નગરોના ઘરોમાં, સ્વામીનારાયણ મંદિરના સંગ્રહાલયોમાં અને હોટેલોમાં નવા સ્વરૂપે થવા લાગ્યો છે. લીપણશિલ્પ પંચતારક હોટેલો, સરકારી આરામગૃહો અને એરપોર્ટ પર પણ જોવા મળે છે. ગામડાંમાં આઝાદી પછી જેમ જેમ આર્થિક સમૃદ્ધિ આવતી ગઈ તેમ તેમ દેશી મકાનોની જગ્યાએ ધાબાવાળાં મકાનો આવ્યાં, પરિણામે ઘરશણગારનું ભરત ગયું. ઢોલિયાની જગ્યાએ પાટો આવી. મજૂસની જગ્યાએ સ્ટીલના કબાટો આવ્યાં, પરિણામે પેટીપટારા ગયા. ટ્રેક્ટરો આવતાં બળદ-ગાડાં ગયાં. એની સાથે બળદોના શણગારોય ગયાં. હીંડોળાનું સ્થાન ખાટ અને પ્લાસ્ટિકની ખુરશીઓએ લીધું. માટીના કોઠી કોઠલા અદ્રશ્ય થયાં. ગુજરાતમાં લોકસંસ્કૃતિના ઉપસ્કરણોનું એક આગવું સંગ્રહસ્થાન ઊભું થાય તે અતિ અવશ્યક છે. જેથી અનેક પેઢીઓ પાસેથી પ્રાપ્ત થયેલી સાંસ્કૃતિક વિરાસતને જાળવી શકાય. ■■■



# ભાતીગળ લોકભરત અને મોતીપરોવણાંની કળા

ભાતીગળ લોકભરત અને મનોહર મોતીગૂંથણ એ ગુજરાતનો વિશેષ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રનો આગવો કલાસંસ્કાર છે. રૂપાળા રંગોથી ઓપતું કમનીય ભરત એ લોકનારીના રૂપાળા દેહ, ઘરખોરડાં અને પશુઓનો આગવો શણગાર છે. દરબારગઢમાં, ખેડુવરણના દૂબળા પાતળા ખોરડામાં કે માલધારીઓના નેસડામાં વસતી લોકનારીઓએ નવરાશની વેળાએ ભરતકામની મનોહર કલા ખીલવી છે. કાઠી, મેર, ગરાસિયા, આયર, મોચી, ચારણ, ભરવાડ, રબારી, જત, સતવારા, ખાંટ, કોળી, કણબી, રાજપૂત વગેરે જાતિની સ્ત્રીઓએ લોકકળાના આ વારસાને જીવની જેમ જતન કરીને જાળવી રાખ્યો છે એટલું જ નહીં, આ કળામાં અપાર વૈવિધ્ય પણ ઉમેર્યું છે. આજે તો અન્ય જ્ઞાતિની બહેનોએ પણ કચ્છ સૌરાષ્ટ્રમાં ભરતકામને વ્યવસાયી ધોરણે સ્વીકાર્યું છે.

**લોકભરતની પ્રાચીનતા :** લોકજીવનમાં અત્યંત લોકપ્રિય બનેલી લોકભરતની પ્રાચીન પરંપરાનું પગેરું સાડા ચાર હજાર વર્ષ પુરાણી હડપ્પન સંસ્કૃતિ સુધી પહોંચે છે. મોહેં-જો-દડોના ઉત્ખનન દરમ્યાન મળી આવેલી મૂર્તિને પહેરાવેલાં કપડાં પર ત્રણ પાંખડીના ફૂલનું ઉપસાવેલું ભરત છે. જો એ ભરતનો જ નમૂનો હોય તો ગુજરાતની ભરતકળાને હડપ્પન સંસ્કૃતિના સમય જેટલી પ્રાચીન માનવી પડે. અનુમાન એવું કરવામાં આવે છે કે ગુજરાતની આદિવાસી પ્રજા નાગ, ભીલ અને કોળી પાસે ભરતકામની કળા નહોતી. સૌરાષ્ટ્રમાં આવીને સ્થિર થયેલ આર્યેતર જાતિઓ પોતાની સાથે ભરતકામની કલા લાવી. આ જાતિઓના સાંસ્કૃતિક સમન્વયમાંથી ગુજરાતમાં આજે જોવા મળતી ભરતકામની વિવિધ શ્રેણીઓ વિકાસ પામી છે.



**લોકભરતની વિધવિધ શ્રેણીઓ :** આપણે ત્યાં લોકભરતમાં જાતિગત અને પ્રાદેશિક કલાવૈવિધ્યને કારણે અને શ્રેણીઓ કે પદ્ધતિઓ પ્રચલિત થઈ છે.

આવી શ્રેણીઓમાં કાઠી ભરત, મોચી ભરત, મહાજનિયા ભરત, લોહાણા ભરત, અબોટી ભરત, સથવારા ભરત, આયર ભરત, રબારી અને ભરવાડી ભરત, ગોહિલવાડી ભરત,

ખસિયા અને ખાંટનું ભરત, મોલેસલામ ગરાસિયાનું ભરત, જતભરત વગેરે શ્રેણીઓ જાણીતી છે. આ બધી ભરત શ્રેણીઓમાં કચ્છનું બન્ની ભરત સર્વશ્રેષ્ઠ ગણાયું છે. આ ભરતના રંગોનું આયોજન, સુઘડતા અને અત્યંત બારીક અને ઝીણવટભર્યા ટાંકા ઊડીને આંખે વળગે છે.

**ભાતીગળ રંગોનું સંયોજન :** લોકભરતનો પ્રકાર ભરનારની જાતિ, પ્રદેશ કે ભરતની ભાતો પરથી પ્રચલિત બને છે. ભરતકામ મોટે ભાગે સુતરાઉ, રેશમી અને ઊનના ગરમ કાપડ ઉપર કરવામાં આવે છે. ક્વચિત ચામડા ઉપર કરેલું ભરતકામ પણ જોવા મળે છે. ભરત ભરવામાં સૂતર, હીર અને ઊનના તાર વપરાય છે.

**કચ્છી ભરત :** સૌરાષ્ટ્રના એક છેડે આવેલા કચ્છ પ્રદેશમાં અનેક જાતિઓનો વસવાટ જોવા મળે છે. આ બધી જાતિઓમાં એક મોચીજાતિ પણ છે. આ મોચીઓએ રજવાડાના આશ્રયે આરીભરતની મનોહર કળા ખીલવી છે. આ ભરતમાં મોચીઓ આરી નામના ઓજારનો ઉપયોગ કરતા હોવાથી તે આરીભરતના નામે ઓળખાય છે.

કચ્છી મોચીઓમાં બે વર્ગો છે. એક આરી ભરતભરા અને બીજા ભરતભરા. મોચીઓ ખાસ કરીને મોચી ભરત, કચ્છી ભરત, સડાનું ભરત અને સલમાનું ભરત ભરે છે. જ્યારે આરી ભરતભરા મોચી જણસાળી તરીકે જાણીતા છે.

આરીભરતની કલા મોચીઓએ મોગલો પાસેથી ઉછીની લીધેલી કળા છે. ૧૯મી સદીમાં





સોળે કળાએ ખીલેલી આ કલા ભારતમાં જ નહીં પણ વિશ્વભરમાં પંકાઈ. આરીભરતનો ઉપયોગ ચણિયા, કબજા, સાડીની કિનાર તથા કુચલી (ટોપી)માં, ચાકળા, ચંદરવા, તોરણ, પછીતપાટી તથા વૈષ્ણવ સંપ્રદાયની પીછવાઈઓમાં વિશેષ જોવા મળે છે. જૂના જમાનામાં કચ્છી રાજવીઓ પોતાના દરબારગઢમાં મોચીઓને બેસાડીને આરીભરતનું કામ કરાવતા. આજે તો કચ્છી જનજીવનમાંથી પણ આ કળા વિસરાવા લાગી છે. કચ્છના સંગ્રહસ્થાનોમાં આરીભરતના મૂલ્યવાન નમૂનાઓ સારી સંખ્યામાં સંગ્રહાયા છે. રામસિંહજી રાઠોડના 'ભારતીય સંસ્કૃતિદર્શન' સંગ્રહસ્થાનમાં આ લેખકે આના ઉત્તમ નમૂના જોયા છે.

**કચ્છનું બન્ની ભરત :** કચ્છનું બીજું જાણીતું બન્ની ભરત છે. ભરતકામની પરંપરાઓમાં બન્ની ભરત શિરમોરસમું બની રહે છે. કચ્છની લોકનારીઓએ ભરતકામના આ કસબને



લાલિત્યપૂર્ણ રીતે વિકસાવ્યો છે.

આ ભરતની સફાઈ, આકૃતિઓની સપ્રમાણતા, રંગોની આકર્ષક મેળવણી એ એની આગવી વિશેષતા છે. બન્ની ભરતના જેવું જ મજાનું ભરતકામ જતનારીઓનું જોવા મળે છે. તેઓ પોતાના આખા પહેરવેશ કે કજરીના આગળના કોઠામાં મનોહર ભરતકામ કરે છે. આ જાતિ ઈરાન, અરબસ્તાન તરફથી ઊતરી આવી હોવાથી એમના ભરતકામમાં ઈરાની ભરતની કુમાશ અને સફાઈ ચિત્તાકર્ષક બની રહે છે.




**સૌરાષ્ટ્રનું આભલાં ભરત :** સૌરાષ્ટ્રની સ્ત્રીઓના ભરતકામમાં ખાપું (નાના ગોળ આભલા)નો ઉપયોગ સારા પ્રમાણમાં થાય છે. ભરતકામની ભાતીગળ ભાતોની વચમાં રંગીન કે ધોળા દોરાથી ખાપું ટાંકવામાં આવે છે. ભરતમાં ભરાતી આવી ખાપું લીંમડી અને કપડવંજમાં જૂના કાળે બનતી. ખાસ કરીને ચણિયા, કબજા, છોકરિયુંના મોસલા અને પશુઓના શણગારમાં ભરેલી ખાપુંવાળું ભરત શોભી ઊઠે છે. બળદોની ઝૂલો અને લગ્ન પ્રસંગે માથે મુકાતા મોડિયા ઉપર મોટા, ગોળ અને ચોરસ આભલાં ટાંકવામાં આવે છે. આમ, આભલાંભરત એ સૌરાષ્ટ્રની ભરતકામની આગવી વિશિષ્ટતા છે.

**કાઠી અને મોચી ભરત :** સૌરાષ્ટ્રની લોકભરતની શ્રેણીઓમાં કાઠી ભરતની શ્રેણી સૌથી પુરાણી ગણાય છે. વાળા, ખાચર અને ખુમાણ શાખના કાઠીઓ ૧૪મી સદીમાં સૌરાષ્ટ્રમાં ઊતરી આવ્યા. કેટલાક ઈતિહાસવિદ્દો ૧૧મી સદીમાં આવ્યા હોવાનું સંભવિત માને છે. આ કાઠી જાતિની સ્ત્રીઓ તેમની સાથે ભરતકામની આગવી પરંપરા લઈને સૌરાષ્ટ્રમાં આવી હોવાનું મનાય છે.

કાઠિયાણીઓના પહેરવેશના ભરત કરતાં ગૃહશણગારનું અને પશુશણગારનું ભરત વધુ સમૃદ્ધ છે. સૌરાષ્ટ્રના કાઠી દરબારોમાં ભરતચીતરનું મહત્ત્વ વધુ હતું. કાઠી દરબારોની કન્યાઓ ને કુળવધૂઓ કડાકૂટિયા ભરતકામમાં ન પડતા ભરત ભરનારી એવી ધંધાદારી મોચી જાતિઓની સ્ત્રીઓ પાસે ભરતકામ કરાવતાં. આ ભરત સોય અને આરી એમ બે પ્રકારે થતું. આ ભરતમાં ચાકળા, તોરણ, શાખતોરણ ગણેશસ્થાપન અને સૂરજસ્થાપન નોંધપાત્ર રહ્યાં છે.

**મહાજિનયા ભરત અને કટાવકામ :** આજથી લગભગ પચાસેક વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના વાણિયા, શ્રીમાળી વાણિયા, સોની વાણિયા, લુહાર વગેરે જાતિની સ્ત્રીઓ જે ભરતકામ કરતી તે મહાજનિયા ભરતને નામે જાણીતું બન્યું છે. આ ભરત કાઠી ભરતને મળતું આવે છે અને તેમાં ખેડુ ભરતનાં શોભન પ્રતીકો, રંગો અને ભાતો જોવા મળે છે.

મહાજનિયા ભરત ઉપરાંત હાલાર અને બરડા પંથકના સથવારા, સગર ભાલપ્રદેશની દરજી અને કચ્છની હરિજન બાઈઓમાં કટાવકામની પરંપરા વિશેષરૂપે ખીલેલી જોવા મળે મળે છે. જુદા જુદા રંગબેરંગી કપડાના કટકાને ચારવડા કરી કાતરથી ભાત કાપી, સફેદ કે આછા રંગના કપડા પર ગોઠવી રંગીન કે ધોળા દોરાથી સીવી લઈને ચાકળા, ચંદરવા, તોરણ, રજાઈઓ, ધરાણિયા, ચંદણી અને બળદોની ઝૂલો બનાવવામાં આવે છે. ગોહિલવાડના મોચી લોકો જોડા ઉપર પણ સરસ મજાનું કટાવકામ કરે છે.



**હીર અને ઊનનું ભરત :** સામાન્ય રીતે કપડા ઉપર સૂતરના દોરાનું ભરત જોવા મળે છે, પણ સૌરાષ્ટ્રની નારીઓ મોટે ભાગે ઘર અને પશુ શણગારના ભરતમાં રાતા, પીળા, લીલા, ભૂરા, ધોળા હીરના દોરાનો ઉપયોગ કરે છે. ગરમ ધાબળા કે ગરમ કપડાં પર ઘણીવાર ઊનના રંગીન દોરાનું ભરત પણ જોવા મળે છે. કાળા ખારવીના ઘાઘરા તેમ જ કેન્વાસ ભરત રંગીન ઊનથી ભરાય છે. ભરવાડ અને રબારીઓની ધાબળીના છેડે આવું ભરત જોવા મળે છે. જ્યારે ભરવાડણોના ઓઢવાના ગરમ ધૂહલાં ઉપર સુતરાઉ કે હીરનું ભરત જોવા મળે છે.

**નાકા અને કેન્વાસ ભરત :** ભરતકામમાં ઝાઝી લમણાંઝીંકવાળું અને કડાકૂટિયું જો કોઈ કામ હોય તો તે નાકાભરતનું છે. આ ભરતમાં મોટે ભાગે સૂતરના દોરાના ત્રાગ ગણીગણીને ભરવામાં આવે છે. ભૂલ થાય તો ભરતની સુઘડતા અને સફાઈ જળવાતાં નથી. ધીરજ અને ખંત માગી લે તેવું આ કામ છે. સામાન્ય રીતે ખેડૂતવરણની આધેડ ઉંમરની સ્ત્રીઓ નવરાશની વેળાએ આ ભરત ભરે છે. આ ભરતમાં કાંગરી, ફૂલો, ચટકૂંડા, અદગલિયા, લાડવા વગેરે ભાતો મુખ્ય હોય છે.

જૂના જમાનામાં સૌરાષ્ટ્રના ઉજળિયાત વરણમાં કેન્વાસના જાળીવાળા કાપડ ઉપર ઊન, હીર અને સૂતરથી આ ભરત કરવામાં આવતું. આજે તો આ ભરત ખાસ ક્યાંય જોવા મળતું નથી.

**વિવિધ જાતિઓનું વિશિષ્ટ લોકભરત :** લોકભરતની વિવિધ પદ્ધતિઓ ઉપરાંત ગુજરાતમાં જુદા જુદા પ્રદેશોમાં વસતી લોકજાતિઓએ પણ ભરતના પ્રકારને પોતપોતાની રીતે ખીલવ્યો છે. સૌરાષ્ટ્રના લેઉવા અને કડવા કણબીની સ્ત્રીઓના પહેરવેશ, ઘર અને પશુ શણગારનું ભરત, સૌરાષ્ટ્રના સથવારા અને સોરઠિયા આયરોનું ભરત, અબોટી, સગર અને વાઘેરોનું ભરત, ચારણ અને ભરવાડનું ભરત, કારડિયા રાજપૂત, કોળી અને સરાણિયાનું ભરત, રાવળ, રબારી, ભોપા, બારિયા, ખાંટ, કડિયા અને કુંભાર સ્ત્રીઓનું ભરત પણ ઉલ્લેખનીય બની રહે છે.

**પહેરવેશનું ભરત :** પહેરવેશનાં વસ્ત્રોને ભરતકામ વડે શણગારવાનો સંસ્કાર તો સૌરાષ્ટ્રની લોકનારીને ગળથૂંથીમાંથી જ મળે છે. તેથી પહેરવેશનું ભરત, રચના, સૌંદર્ય અને શોભન ભાતોની દ્રષ્ટિએ અતિ સુંદર અને સોહામણું બની રહે છે.

**નારીના પહેરવેશનું ભરત :** લોકનારીના પહેરવેશમાં ભરત ભરેલાં વસ્ત્રોનું વિશિષ્ટ મહત્ત્વ હોવાથી કન્યા સમજવા શીખે ત્યારથી માતા એના કરિયાવર માટેનું ભરત ભરવાનો આરંભ કરે છે. સૌરાષ્ટ્રમાં ખેતી કરતી જાતિઓમાં કણબી, કારડિયા, રાજપૂત, પલેવાળ, બ્રાહ્મણ, ખરક, સતવારા કોળી અને વસવાયા સ્ત્રીઓ હીરભરતના ખાપું ભરેલા ઘાઘરા પહેરે છે. કાઠી, ગરાસિયા, ચારણ અને આયર સ્ત્રીઓ ભરેલાં કપડાં ને કોઈ વાર કબજા પહેરે છે. રબારી સ્ત્રીઓ ભાતીગળ શોભન ભાતોવાળા ટંગલિયા ને જીમિયું પહેરે છે. માથે રંગીન ભરતવાળા ધૂહલાં ઓઢે છે. વણઝારા, કાંગસિયા, ગાડલિયા અને ભરવાડની સ્ત્રીઓ ભરત ભરેલાં અને ખાપું મઢેલાં કપડાં પહેરે છે. ઉત્તર ગુજરાતની રબારી સ્ત્રીઓ ભરત ભરેલાં ઓઢણાં ઓઢે છે. પુરુષો પાઘડી પર ભરત ને ખાપું ભરેલા પટ્ટા બાંધે છે. રંગીન કોરવાળા ખાપું મઢેલાં કેડિયાં અને ખાપુભરતની ટોપી ગોહિલવાડમાં જાણીતી છે. દાંડિયારાસ વખતે આવી ટોપી ખાસ પહેરવામાં આવે છે.

**બાળકોના પહેરવેશનું ભરત :** લોકનારીઓએ બાળકો માટે પણ મજાનાં વસ્ત્રો ભર્યાં છે. દીકરા માટે મોળિયાં મૂકેલા કેડિયામાં ડોડવાની ભાત, ખભા ઉપર દાડમ, નીચે કેવડાભાત, બાકીની જગ્યામાં શીકલ અને ખાપું ભરે છે. ચોખાચલ્લી અને કેવડાભાત ભરેલી સતારા અને મોતીથી મઢીને ટોપી ભરે છે. જ્યારે ચોરણીમાં નીચે મોળિયાં મૂકી ચંદાવેલ, ધિહરાવેલ, બુટ્ટી, મોર, પોપટ, શીકલ અને ખાપું ભરે છે. જ્યારે દીકરીઓ માટે હોંશેહોંશે ઘાઘરી, પોલકાં ને મોસલાં ભરે છે. દીકરાના લગ્ન પ્રસંગે પહેરાવવા માટે ફૂલખંભાની ભાતનો ઘાઘરો ભરે છે. નાનાં બાળકને ભરેલી આંગડી અને નતિયો પણ પહેરવામાં આવે છે. આમ લોકજીવનના પહેરવેશમાં અને પહેરવેશના ભરતમાં ભારોભાર વૈવિધ્ય ભર્યું પડ્યું છે.

**ઘર અને પશુ શણગારનું ભરત :** ખંતીલી લોકનારીઓએ પોતાના પંડની સાથોસાથ ભરતકામ વડે ઓરડા ને ઓશરિયું શણગારી છે. આંગણે લગ્ન જેવો ઊજળો પ્રસંગ હોય ત્યારે ઓરડા ને ઓશરિયું લીંપીગુંપી, ખડીથી ઊજમાળીને ભરતથી શણગારવામાં આવે છે. ગૃહશણગારના આ ભરતમાં પછીતપાટી, તોરણ, ટોડલિયાં, પાનકોથળિયાં, ચીતરિયાં,

ગણેશસ્થાપન, સૂરજસ્થાપન, સાખિયા, તકિયા, કાંધી, ચાકળાં, ચંદરવા મુખ્ય છે. આ પ્રમાણે બળદોને શણગારવા માટેનું ભરત પણ હોંશે હોંશે ભરવામાં આવે છે.

**લોકભરતનાં રૂપાંકનો અને પ્રતીકો :** લોકસમાજની નારીઓએ ભરતકામમાં અનેરી મૌલિકતાઓ ઉમેરી છે. વિવિધ જાતિના ભરતકામમાં વિવિધ જાતના રૂપાંકનો, શોભન પ્રતીકો જોવા મળે છે. કાઠીભરતમાં લોકકળાનું સૌંદર્ય પ્રતીક મોર, લીલુડો, પોપટ, ચકલાં, ઝાડ, વેલ અને બુટ્ટીઓ જોવા મળે છે. ચંદરવા અને પછીતપાટીમાં કૃષ્ણ-રુકિમણી અને ઉષા-અનિરુદ્ધના વિવાહના પ્રસંગો, વરઘોડાના દ્રશ્યો, રામાયણ, મહાભારત અને પુરાણોની પ્રચલિત કથાના પ્રસંગો ઉપરાંત ઢોલામારુ, વત્સરાજ સોલંકી, હાથી-ઘોડા, ઊંટ, પાલખી, કાવડ, હોકો પીતા બંધાણી, વેલડું કે રથ હાંકતો સારથિ અને લડાઈનાં દ્રશ્યો જોવા મળે છે.


મોલેસલામ ગરાસિયાના ભરતકામમાં દુલદુલ, સ્ત્રી-પુરુષનું મોઢું, પશુનું શરીર, સિંહ, વ્યાલ વગેરે જોવા મળે છે. કણબીના ભરતમાં મોર, પોપટ, ફૂલ, કેવડા, આંબાડાળ, વેલીઓ વગેરે જોવા મળે છે. કચ્છીજત અને મતવા નારીના ભરતમાં ભૌમિતિક શોભનભાતો જોવા મળે છે. ખેડૂતોના ભરતમાં પોયણીવેલ, વીજળીવેલ, દેવ-દેવલા, પૂતળી, પરી વગેરે જોવા મળે છે. સુરત, ભરૂચ અને ખંભાત તરફ થતાં મહાજનિયા ભરતમાં કોલીફૂલ, ચોકસોગઠા, અંબાડીવાળો હાથી, વેલડું, વલોણું, ગણેશ, કનકમૃગ, પિતૃભક્ત શ્રવણ અને ફૂલદડાનાં આલેખનો જોવા મળે છે.

**લોકકલાનો અમૂલ્ય વારસો- મોતીભરત :** મોતીભરતની કળા હીરભરત જેટલી પ્રાચીન નથી. મોતીપરોવણાની કલાનો સાચો વિકાસ ૧૯મી સદીના મધ્યભાગ પછી થયેલો જોવા મળે છે. ચોટીલા અને જસદણના ખાચરો, કુંડલા અને બાબરિયાવાડ પંથકના ખુમાણો, જેતપુર અને સોરઠના વાળા કાઠીઓમાં પ્રચલિત થયેલા મોતીભરતના અસલી નમૂના આજેય જોવા મળે છે. જૂનાગઢના સંગ્રહસ્થાનમાં ઈ.સ. ૧૮૮૮માં પરોવાયેલી મોતીમઢી બળદની ઝૂલ્ય સચવાઈ છે. સૌરાષ્ટ્રનું જૂનું મોતીકામ જોઈને પરદેશી કલારસિકોએ એની ખૂબ જ પ્રશંસા કરી છે. બીજા વિશ્વયુદ્ધ સુધી ઝીણાં સાચાં મોતી ઈટાલીથી આયાત થતાં. સૌરાષ્ટ્રમાં જે કાંઈ નમૂનેદાર કામ થયું છે તે આ મોતીમાંથી થયું છે. આંખ ઠરે એવા ભાતીગળ મોતીકામના નમૂના કાઠી કોમના ખોરડે જોવા મળે છે. આ મોતીપરોવણાની રંગવરણી, સુશોભનની પસંદગી અને પશુ પ્રાણીઓના ચિત્રણમાં કાઠિયાણીની લાઘવભરી કલ્પનાઓ સોળે કળાએ ખીલી ઊઠે છે.

કાઠિયાવાડના કાઠીઓના લોકસંસ્કૃતિના વારસોને વર્ણવતાં શ્રી મધુસૂદન ઢાંકી નોંધે છે કે, ‘કાઠીનાં અસલી ખોરડાં ભારે જુગતીપૂર્વક બંધાતાં. ઓસરીમાં ગાર કરેલી હોય, ભીંતો ઓળીપાથી ઓપતી હોય, ઓસરીમાં ઢોલિયો ઢાળ્યો હોય, સમી સાંજે કાઠી હોકો ગગડાવતો હોય, બાજુમાં મોતી ગૂંથેલું કોળીંડા ને પોપટ ઘૂઘરાવાળા રાસ પાંગરાના પારણે સૂતેલ ગગાને બેનડી હીંચકા નાખતી હોય, આંગણે આવેલા મહેમાન જમવા બેઠા હોય ને ઘડીક ઊંચે છત સામે નજર કરે તો લાકડાની સંઘેડે ઉતાર, રંગીન મોતી પરોવેલ ખાટલી રાસ સહિત લટકાવેલી ને ઓસરીની શોભાવતી જુએ. ચંડુલના પિંજરાને માથે નાખેલું મોતી ગૂંથ્યું આચ્છાદન પણ જુએ. ડાબી બાજુના ઓરડાનાં શણગાર-સજાવટમાં મોતીભરત ખપમાં લેવાય છે.

આ શણગારમાં બારણાંને ફરતું રૂપાળું શાખતોરણ લગાવેલું નજરે પડે. એની પડખે ટોડલા

પડખે સૂરજના ચક્કર જેવા ગોળિયા લગાવ્યા હોય, ઓરડાની ઉપરના ભાગે ભીંત સમાણી પછીતપાટી જોવા મળે. એની નીચે કાંધી લગાવી હોય અને કાંધીના મેવાળ પર મોતીનો રૂપાળો વેલવાળો પટો લગાવ્યો હોય છે. મોતીમઢ્યા સુંથિયા ઉપર તાંબા પિત્તળની માંડ દેખાય છે. કાંધીના તળિયે છૂટક છૂટક મોતીનાં મજાનાં ઝુમ્મર કે ટાચકડાં લગાવેલા જોવા મળે છે. કાંધીની નીચેની ભીંતે મોતીના શોભાદાર ચાકળા ને ચાકળિયું તથા ચાકળા નીચે મોતી ભરેલ વીંજણાને દોરીકામ કરેલ સમાસૂથિયાં કે ઈંઢોણીઓ લગાવેલી હોય છે. એમાંય જો ઘરઆંગણે વિવાહ હોય તો સજાવટમાં ઓર વધારો થાય છે. ઓસરી કે માંડવામાં સુખી દરબારને ત્યાં મોતીનું પાંચ ચાકળા ને કટકિયુંથી જોડેલ પછીતપાટીવાળું બેસણ કે ભીંતિયું પણ શોભનમાં વધારો કરે છે.'



**મોતીપરોવણાના પશુશણગાર :** કાઠિયાણીઓ માત્ર ઘરશણગારનું મોતીપરોવણું ભરીને બેસી નથી રહી. એણે પોતાના પશુઓને પણ મોતીભરતથી શણગારીને ભારે લાડ લડાવ્યાં છે. લગ્નપ્રસંગે જાનના ગાડાના બળદોને મોતીકામના શિંઘરોટિયાં, લલાવટી, મખિયાડાં, ડોકમાં મણકાની માળા અને શરીર પર જાજરમાન ઝૂલોથી અપરૂપ શણગારે છે. લગ્નપ્રસંગે જાતવાન અશ્વો, સાંઢડીઓ, વેલડાં, માફા વગેરેને બસમોતીના શણગારોથી સજાવે છે. એ સૂરજના તેજમાં કે રાતના મશાલોના અજવાળામાં મોતી ઝગમગી ઊઠે છે.

**કાઠીમાં મોતીપરોણાનો સંસ્કાર :** કાઠીકુળમાં દીકરીનો જન્મ થાય ત્યારથી માતા એને કરિયાવરમાં આપવા માટે મોતીભરત ભરવાનું શરૂ કરી દે છે. આ ભરતમાં પારણાં, મોતીની દોરીઓ, તલવારનાં મ્યાન, પાઘડીના પટ્ટા, બટવા, બગચીઓ, ગામલમસુરિયાં, ચોપાટ, બાજોઠ, ખુરશીઓ, ઘોડિયાં, છડી, ચાબૂક, વાંસળી, ખડિયો, કલમ, કંકાવટી, મોડિયો, સોપારી, શ્રીફળ, મોઈ-દાંડિયા, ઢીંગલી, પોપટ, લાકડી, સુરમાદાની, વેલણ, શીંકા, છીંકણી, ઠવણી, ઝમરખદીવડો, અત્તરદાની, મંગળ-કળશ ઉપરાંત બસમોતીનાં ભરેલા માફાના ઢાંકણિયા જેવો સઘળો શણગાર ભરે છે.

કચ્છ અને સૌરાષ્ટ્રમાં એક વાર પૂર્ણપણે ખીલેલી ભરત અને મોતીકામની કળા આજે લોકજીવનમાંથી ધીરે ધીરે લુપ્ત થવા માંડી છે. જૂના જમાનાઓમાં જોવા મળતું ઊંડાણ, અદ્રશ્ય થતું જાય છે. ઈટાલીનાં અસલી મોતી આવતાં બંધ થયાં છે, પણ સારી જાતના દેશી મોતી મળતાં થયાં છે.

# પશુ-પ્રાણીઓના સાજસરંજામ અને શણગારો






લોકજીવનમાં જોવા મળતી પશુશણગારની પરંપરાનું પગેરું છેક વેદકાળમાંથી આપણને સાંપડે છે. એ સમયે અશ્વોને તેના પાલકો કમનીય કાંચનમાળાઓ, મનોહર મોતી અને અવનવાં સુવર્ણાલંકારો અને રંગબેરંગી રૂપાળી ફૂલમાળાઓથી શણગારતા. 'આઝી' નામે ઓળખાતી ઘોડાદોડ પ્રસંગે અશ્વને નવરાવીને સુવર્ણ અલંકારો અને સુંદર મજાના સાજસરંજામથી શણગારવામાં આવતા. રામાયણના સમયમાં અશ્વો, હાથી અને મહાભારતના સમયમાં ગાયોને શણગારવાની પરંપરા ચાલુ રહી હતી.

**અશ્વના શણગારો :** અશ્વ એ લોકજીવનમાં માનવીનું અત્યંત માનીતું અને વફાદાર પ્રાણી રહ્યું છે. તેથી લોકસમાજના હરખુડા માનવીઓએ જેટલા પ્રેમથી પોતાનાં શરીરને શણગાર્યાં છે તેટલા જ અંતરના ઉમળકાથી પોતાના ઘોડાને પણ શણગાર્યાં છે. લોકનારીઓએ પશુશણગારના ભરતમાં ઘોડાની ડોક અને પીઠ ઉપરની ઝૂલને ખાપું, હીર અને મોતીપરોવણાની મનોહર ભાતો વડે ભરી છે. કાઠી, ગરાસિયા અને રાજપૂતોમાં લગ્ન પ્રસંગે ઘોડાને રૂડી રીતે શણગારવામાં આવે છે. ઘોડાના શણગારના સરંજામમાં મોઢા પર પાન ભરેલો ફૂમતાંવાળો મોરડો ને લગામ, ડોકમાં રંગબેરંગી પારાનું અથવા સૂતરની દોરીનું પીપરગાંઠ પાડેલું અને રૂપાની ડોડીઓ મઢેલું ડોકિયું, ડોકની નીચે કેશવાળીને છેડે જેરબંધ, આગમદોરો, પગે લંગર, પીઠ ઉપર થડો, દળી, ખોગીર, અડદિયાં દળી, તેની ઉપર કાઠો કે જીન. જીનનો ઉપટો, જીન ઉપર હીરભરતની રેશમની ગાદલી, જીન અને ગાદલીને બાંધવાની રેશમી ફૂમતાંવાળી દોરી અને ડોક તથા પીઠ ઉપર ખાપું ભરતની કે મોતીપરોવણાની મનોહર ઝૂલ, ડોકિયું, કાંધિયું, કલગી, મોડ, મોરો, માળા, અને ઘૂઘી નાખી શણગારવામાં આવે છે. વરઘોડા વખતે શણગારેલી ઘોડીને પગે ચાંદીની ઘૂઘરિયોવાળા ઝાંઝર બાંધી એને નચાવવામાં આવે છે એટલે તો ચાંપરાજવાળાના દુહામાં કહેવાયું છે ને :




*'ઘોડાના પગમાં ઘૂઘરા, સાવ સોનેરી સાજ;*
*લાલકસુંબલ લૂગડાં, ચરખાનો ચાંપરાજ.'*



આજે સાવ વીસરાઈ ગયેલો ચારજામો જૂનાકાળમાં ઘોડા માથે મંડાતો. હોંશિલા કારીગરો મખમલ અને મશરૂમની ખોળીઓમાં શીમળો કે આકોલિયાનું રૂ ભરી, સોનેરી જરિયાન તારથી મઢીને રૂપાળી મજાની સેવટી તૈયાર કરતા. સેવટી એટલે ઘોડા પર માંડવાનો સામાન. તેમાં ઘાસિયો, દળી, ખોગીર અને ગાદી ચારેયનો સમાવેશ થઈ જતો. આવી સેવટી તૈયાર કરવામાં કુશળ કારીગરનેય છ છ મહિના નીકળી જતા. કચ્છમાં આવેલા અંજાર શહેરનો ગોવિંદો મોચી આવી સેવટીનો બાજંદો કલાકાર હતો. એણે બનાવેલી સેવટીથી ખુશ થઈને જેતપુર દરબાર ભાણવાળાએ એને પોતાનો પોષાક, ઘરેણાં અને ઘોડો ભેટ આપ્યાં હતાં.

**બળદોનો શણગાર :** ધરતીની ધૂળમાં આળોટીને ઉછરેલી લોકનારીઓએ પોતાનાં પાળેલાં પશુ પ્રાણીઓ સાથે હેતપ્રીતની જાણે કે હીરલાગાંઠ વાળી દીધી છે. અભણ નારીઓની કલાદૃષ્ટિ




છેક પશુઓના શણગાર સુધી પહોંચી અને એમાંથી પ્રગટ્યું પશુ-શણગારનું રૂડુંરૂપાળું લોકભરત.

લગ્નપ્રસંગે દીકરાની જાડી જાન જોડાય ત્યારે બળોદોને મોતીભરત અને હીર-ખાપુંના ભરતથી રૂડી રીતે શણગારવામાં આવે છે. આ શણગારોમાં ભાતીગળ ભરત ભરેલી ઝૂલ્યો, માથાના મખિયાડા, મોંના મોરડા, ગળાનો ગલપટો મુખ્ય છે. હોંશિલા ખેડૂતો પોતાના બળદોની ડોકે ખંભાતી ઘૂઘરા, માલાઝાળી ઝણ્યું, પિત્તળની સાંકળી, ટોકરિયું અને પારાના ડોકિયાં બાંધે છે. શિંગડે તેલ ચોપડે છે. વણઝારાઓ કાળી ચૌદશના દિવસે પોતાના પોઠિયાઓને શરીરે લાલ, લીલા, પીળા, ગુલાબી રંગો વડે ઈંઢોણીની છાપો પાડે છે. આંતરો, કેનો અને શરીરે સાડલો બાંધીને એને શણગારે છે.

**ઊંટનો સાજસરંજામ અને શણગાર :** લોકજીવનમાં ઊંટની ઉપયોગિતા ઠીકઠીક રહી છે. જેમ ખેડૂતોએ પોતાના બળદોને શણગાર્યા, રાજપૂત અને કાઠી દરબારોએ પોતાના અશ્વોને શણગાર્યાં છે, એમ રબારી અને રાવળ લોકોએ પોતાના માનીતા પશુ ઊંટને પણ અપરૂપ શણગાર્યાં છે. જાનવરના શોખીન માલિકો પોતાના સાંઢિયાને શણગારી લાટાપાટા કરીને મેળે-ખેળે કે લગ્નપ્રસંગે જાનમાં લઈ જાય છે. સાંઢિયાની કિંમત જેટલી જ કિંમત એના શણગારોની પણ થાય છે.

ઊંટને શોભાવતા શણગારોમાં માથા પર ગૂંથેલી ટોપી, મોઢાનો મોરડો, ગોરબંધ, પલાણ પર નાખવાનો લાસો, છાપેલી ફરસી (ઝૂલ), ઢીંચણનાં ગુડિયાં (કોટિયાં), કોટે બટન અને ઘૂઘરયાળું કોટિયું, બે પગે ઘૂઘરા, ફૂમતાં અને ગોટાવાળી દોરી, ગળે ટોકરી, બે ગડલા (ગાદી), પિત્તળિયું





પશુ શણગારો

પલાણ (કાઠો), પગ રાખવાના પેગડા, કાને રૂપાની ઘૂઘરિયો વાળી પાંદડિયું, નાકે રૂપાની આઠ આઠ વાળિયું અને રૂપાની ઘૂઘરિયું મંડિત નકલી, મોરબંધી, કોડી અને મણકાની માળા મુખ્ય છે. ૨,૦૦૦થી ૨,૫૦૦ રૂપિયા તો એકલા પલાણની જ કિંમત થાય છે. સાંઢિયાના આ બધા કલાપૂર્ણ શણગારો કચ્છમાં અંજાર અને મારવાડમાં માલાઝાળ્યના મેળામાં વેચાય છે. રાવળ, જીનગરા મોચી જેવી ધંધાદારી જાતિઓ ઊંટ અને અશ્વોનો સરંજામ બનાવે છે.

**ઘેટાના શણગાર :** પોતાના ઘોડાને નજર ના લાગે એ માટે જૂના જમાનામાં લોકો ઘેટો પાળીને ઘોડાની આગળ બાંધતા. આવા શીંઘલા ઘેટાની શીંગડીઓ ચાંદીથી મઢાવતા. તેના પર નકશીદાર ખોળીઓ ચડાવતાં. ઘેટાના પગે રૂપાની ઘૂઘરીઓ બાંધતા. આ ઘેટો ગામમાં છમ છમ છમ કરતો નીકળતો ત્યારે ગામલોકો બે ઘડી જોઈ રહેતા. આવા શણગારેલા ઘેટાનાં સરસ ચિત્રો દેવીપૂજકોના ચંદરવામાં જોવા મળે છે.

આજે તો આખો યુગ પલટાઈ ગયો છે. જાતવાન અશ્વો અદૃશ્ય થતા જાય છે. યંત્રયુગમાં અશ્વનું મૂલ્ય ઘટી ગયું છે. એનો સરંજામ બનાવનારા કારીગર- કસબીઓના ધંધાય પડી ભાંગ્યા છે. આથી લોકકવિએ નિસાસો નાખતાં સાચું જ કહ્યું કે

*'ગયા ઘોડા ગઈ હાવળ્યો, ગયા સોનેરી સાજ;*
*મોટર ખટારા માંડવે, કરતા ભૂં ભૂં અવાજ.*

# કચ્છ-કાઠિયાવાડની લોકનારીઓનું કટાવકામ

કચ્છ-સૌરાષ્ટ્રની લોકવરણની નારીઓના આંગણાંમાં ભલે આર્થિક સમૃદ્ધિ આળોટતી ન હોય તેમ છતાંયે એમનાં ઘરઆંગણાં, પશુશણગારો, પંડના પહેરવેશ કળા, સંસ્કાર અને સંસ્કૃતિની સમૃદ્ધિથી સદાય ધબકતાં રહ્યાં છે. જેમના નશીબમાં સદાયે વિટંબણાઓના વનમાં જ વિહરવાનું વિધાત્રીએ લખ્યું છે એમનાં જીવનને આ કલાવારસાએ લીલુંછમ્મ અને આનંદથી ભર્યુંભર્યું રાખ્યું છે. કચ્છ-કાઠિયાવાડની આ કલાપરંપરામાં ભીંતોને શોભાવતાં આલેખ-ચિતર, ભરતકામ, મોતીભરત અને કટાબ કે કટાવ-કામને ગણી શકાય.

'કટાવ' એટલે સફેદ અથવા રંગીન વસ્ત્ર પર અન્ય રંગના વસ્ત્રનાં ફૂલ, પાન, પશુ, પંખી, માનવીય કે ભૌતિક આકૃતિઓ કોતરેલ ટુકડા કલાત્મકરીતે ગોઠવીને ટાંકવા તે.

ગ્રામજીવનમાં વસવાયા, ઉજળિયાત અને કાંટિયાવરણમાં દીકરીના કરિયાવર અને ઘરની શોભા માટે કટાવની કામગીરી શરૂ થઈ છે. ભરતકામ ખેડવાયા, કાંટિવાવરણ અને લોકવરણનું પ્રદાન ગણાય તો 'કટાવકામ'ને દરજી અને મોચીની ધંધાકીય વિશેષતા ગણી શકાય. તેમ છતાં સૌરાષ્ટ્રમાં ક્યાંક ક્યાંક ઉજળિયાત સ્ત્રીઓ સોની, મહાજન, જૈન, વૈષ્ણવ વાણિયા, લોહાણા, ભાટિયા, બ્રાહ્મણ વગેરે બાઈઓ નવરાશની વેળાએ તો ક્યારેક વ્યાપાર અર્થે પણ કટાવકામ કરતી હતી. ઉજળિયાતમાં થતું કટાવકામ વિશેષતઃ 'કાપેલું - કોરેલું' અને જોડેલું હતું. તેમાં ચાકળા, ઉલેચ, તોરણ, ચંદણી, ગાદલીઓ વિશેષ બનતાં. ઉજળિયાત આર્થિક રીતે સદ્ધર હોવાથી તેઓ સળંગ નવા કપડામાંથી કટાવ કોરતાં, જેથી તેમનું કટાવકામ મોટું, સ્વચ્છ અને સુંદર લાગતું. તો દરજીનું કટાવકામ નાના કટકા-કાપલામાંથી સર્જાતું હોવાથી તેમાં લૌકિક કરકસર છતાં ખંત અને અંતરસૂઝ જોવા મળે છે એમ શ્રી ખોડીદાસ પરમાર નોંધે છે.



ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ત્રણ પ્રકારે થયેલું કટાવકામ જોઈએ શકાય છે. (૧) કાપેલું કોરલું (૨) ચોડેલું અને (૩) જોડેલું. કાપેલા અને કોરેલા પ્રકારનું કટાવકામ દરજી, મહાજન, ખોજા, મેમણ અને ઉજળિયાત કોમની સ્ત્રીઓ કરે છે. બપોરના ખાવાપીવાનું ઉકલી જાય ત્યારે દરજી કુટુંબની ખંતીલી વહુઓ, દીકરીઓ અને કુટુંબની સ્ત્રીઓ આનંદ કિલ્લોલ કરતી ગીતો ગાતી ગાતી કટાવકામ કરે છે. લાલ, લીલા, ભૂરા, પીળા તેમ જ કેસરી રંગના સમચોરસ કે લંબફાળાને બેવડી, ચોવડી કે આઠ ગડીથી સંકેલી તેના પર જેવી ભાત કોરવી હોય તેના ખસરા દોરી દરજી કે દરજણ તેને કાતરથી કોતરીને જ્યારે ખોલે છે ત્યારે ફાળામાં બેવડી, ચોવડી કે આઠ ગણી સરખી ભાત કોતરાઈ જાય



છે. જો કાતરથી ન કપાય તો સુથાર પાસે ફરસીથી કપાવાય છે. આ કાપેલા ભાતિક ફાળાઓને સફેદ પોતના કપડા પર રંગની સમતુલા મુજબ ગોઠવીને, કાપેલા આકારની કોરને અંદર વાળતા જઈ ઝીણા બખિયા ભરીને કટાવનો નમૂનો તૈયાર કરાય છે. એમાં ચારે બાજુ એક, બે કે ત્રણ થરા કાંગરા, ચોકડા વગેરે મુકાય છે, આ 'કાપેલા-કોરેલા' કટાવની શોભન ભાતોમાં મોર, ઢેલ, હંસ, હાથી, સૂડો, ઘોડો, શ્રીનાથજી, કલ્પવૃક્ષ, પોપટ, ઝાડ, કેળ વગેરે જોવા મળે છે. તો ઈસ્લામી કટાવમાં 'કેલિગ્રાફી' જેવા આકારોનો ભાસ થાય છે, અતલસ પર કટાવ કસબ કોરીને દરજી શોખની શાહજાદીઓનાં કાપડાં પણ સીવી આપે છે.

ચોડેલા કટાવમાં મોચી કારીગરોની આગવા પ્રકારની સર્જનાત્મકતા જોવા મળે છે. કપડું વેતરતાં રંગીન કૂથ જેવા નાના કટકા વધે તેમાંથી દરજી-દરજણ લિંબોળી, પાન, કળી, દાણો જેવા આકારો કોરી કાઢીને લાલ મધરાશી કે ધોળા કપડા પર કાપેલા આકારોને કોઠાસૂઝ પ્રમાણે કોઠવે છે. જેમાં ઝાડ, ફૂલવેલ, સૂરજગલ અને પંખીના આકારો મુખ્યત્વે જોવા મળે છે.

આ ચોડેલું કટાવકામ ચાકળા, ચંદરવા, ધરાણિયા અને ચંદણી પર કરવામાં આવે છે, જે ઘરના સુશોભનમાં ખપમાં આવે છે મોચી કારીગરોએ કાઠી દરબારો, ઠાકોરો અને શેઠ, શાહુકાર માટે બનાવેલ કટાવમાં લોકપરંપરાના પ્રકારની પોતાની સર્જનશક્તિથી ચંદણી, ઉલેચ, ધ્રાણીઆ, બેસણચાકળા વગેરે બનાવી તેના લાલ, સફેદ કે નીલા પોત પર હાથીની સવારી, રૂપાંદેના વિવાહ, બાવન જાતના ઘોડા, મોર, પોપટ, સિંહ, ગાય, ફૂલવેલ, કલ્પવૃક્ષ, બાજઠ અલંકારો વગેરેને રઢિયાળા ભાતીકરૂપે જોડી દે છે જ્યારે ત્રીજા પ્રકારના જોડેલા કટાવમાં પ્રાકૃતિક કે માનવીય આકૃતિ હોતી નથી, પણ ભૌમિતિક આકારો, ચોરસ, પતંગાકાર, લંબચોરસ સળંગ પાટા વગેરે હોય છે, જે ગામડાની બાઈઓ કે શહેરની સ્ત્રીઓ આર્થિક સગવડ પ્રમાણે નવા કે ઊતરેલા કપડાને કાપીને ધ્રાણીઆ, ઉલેચ, ગાદલી, કાંધી વગેરે ઘર માટે ગૃહઉદ્યોગ તરીકે બનાવતી.

સૌરાષ્ટ્રના ગામડાંઓમાં લોકવરણ તેમ જ કાંટિયાવરણની સ્ત્રીઓ આવા કટાવકામના રેશમી અટલસનાં કાપડાં કોરાવીને જૂના કાળે પહેરતી. તેમાં કાપડાની બાંય ઉપર, કૂંખિયા ઉપર અને ખડિયામાં ફૂલ, જોતર, બાજુબંધ, બેરખા વગેરેની ભાતો દરજી અને દરજણો કાપી, કોરીને ચોડતા. એને રેશમી કાપડાના ચોડેલા કટાઈકામ તરીકે ઓળખવામાં આવતું. સૌરાષ્ટ્રના કાઠીદરબારો મોચીભરતની રીતે રેશમી અટલસ ઉપર કટાવકામના ચાકળા તૈયાર કરાવતા. જેના શોભનપ્રતીકોમાં હાથી, ઘોડા, સિંહ, વાઘ, ગાય અને પૂતળીઓના આકાર-પ્રકારો જોવા મળતા. 'ભારતીય સંસ્કૃતિ દર્શન' કચ્છ મ્યુઝિયમમાં આવા કેટલાક નમૂના સચવાયા છે.

વર્ષો પૂર્વે સૌરાષ્ટ્રમાં વસતા નાગર, પ્રશ્નોરા બ્રાહ્મણ, રાજપૂત અને મુસ્લિમોમાં સ્ત્રીઓ સાડી, ઘરચોળું, ચોરસા અને ઘેરદાર ઘડીબંધ ઘાઘરા ઉપર તૂઈ અને થપ્પાનો કટાવ કોરાવતી. આવું કામ કરનારા કલાકુશળ દરજીઓ હતા. તેઓ સાચી સોનેરી-રૂપેરી તૂઈને, થપ્પાને જુદીજુદી રીતે કાપીને ફૂલવેલ, છંદાવેલ, શોભન તરેહો, લ્હેરિયાં, દરિયામોજાં, ફૂલપુટી વગેરે કોરી આપતા. આવા કટાવકામવાળા ઘાઘરા, સાડલા ને ચોરસામાં ઠાંસીઠાંસીને કલાકસબ ભર્યો હોવાથી મોટા રાજરજવાડાં, ઠાકોરો ને શ્રીમંત ઘરની નારીઓમાં કસબી કટાવવાળાં કાપડાં અને ઓઢણાં પહેરવાનો રિવાજ હતો.



જૂના કાળે કાઠિયાવાડનાં ગામોમાં મોચી દેશી પગરખાં - જોડાં બનાવતા. વિશિષ્ટ ઘાટના આ પગરખાંની પાછળના ભાગે મોરલા અને ઢેલના કટાવ કોરતા. કચ્છના મોચીઓ મોજડીઓ માટે અને બૂટના ઉપરના ભાગે આવું કટાવકામ કરતા. આજે બૂટની નવી ફેશનના પ્રવાહમાં આપણી કાઠિયાવાડની આ દેશી કલા સાવ વિલોપાઈ ગઈ છે. ગુજરાતની કલા અને સંસ્કૃતિને સમજવા માટે વિદેશથી આવતા કલાપ્રેમીઓ ક્યાંય ખૂણેખાંચરે કટાવકામનાં દેશી પગરખાંના નમૂના જુએ છે ત્યારે રાજીના રેડ થઈ જાય છે અને ખરીદીને પોતાની સાથે લઈ જાય છે. જૂની પરંપરાના કટાવકામવાળા દેશી જોડા ખૂબ મજબૂત રહેતા અને વર્ષો સુધી ચાલતા. એની મોટી મુશ્કેલી એ હતી કે એ ખૂબ જ વજનદાર રહેતા. કટાવકામની આ કલા અને બૂટને આધુનિક ઓપ આપી ઓછા વજનવાળા

બનાવીને વિદેશમાં નિકાસ કરવાનું કોઈ સાહસિક ગુજરાતી વિચારે તો કાઠિયાવાડી કટાવકામના પગરખાં વિશ્વભરના દેશોમાં પગપેસારો કરી શકે તેવા કલાક્ષમતાવાળા છે.

કટાવકામ ક્યાં ક્યાં સુધી પ્રસર્યું છે? ભવાઈ અને લગ્નના માંડવાની મોટી ચંદણીઓ, વેલડાનો પડદો, બળદોની ઝૂલો પર એ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં આજે સીતાપંથી સાધુ-બાવા શોધ્યા ય જડતા નથી. જૂના વખતમાં આ બાવાની લાલ કાવડ ઉપર ગાય, હનુમાન, ચાંદ-સૂરજ કાંગરાં ને ફૂલવેલના આકારો કાપીને ચોંટાડેલા જોવા મળતા. આ કામ દરજીઓ કરતા. ગામડાં ગામના પાદરે આવેલા હનુમાનદાદાની દેરડી માથે ફરકતી રાતી ધજા પર ધોળા કાપડામાંથી કોરેલા હનુમાનજી અને સૂર્ય-ચંદ્ર જોવા મળે છે. કટાવકામ કરનાર જ્યાં વસતા હોય તે મુલકના કટાવકામ કરનાર લોકોની રુચિની અને પરંપરાની તેના પર વિશેષ છાપ હોય છે. કાઠિયાવાડના કાંટિયાવરણ, રાજપૂત, દરબારો વચ્ચે વસતા દરજીઓના કટાવકામમાં ઘોડા, શૂરવીરો, હાથી, સિંહ, વાઘ જેવા શૌર્યપ્રતીકો સાંપડે છે.


ચિત્ર : હેન્ડીક્રાફ્ટ બોર્ડ - નવી દિલ્હી






વચગાળાનાં વર્ષોમાં સાવ આથમી ગયેલો કટાવકામનો કલાકસબ આજે પુનઃ જીવિત થઈ રહ્યો છે. અમદાવાદના જૂના વાડજમાં આવેલા ગાંધીટેકરા પર કચ્છથી આવેલા લોકો વર્ષોથી વસવાટ કરે છે. તેમાં તેજીબહેન મકવાણા, સોનીબહેન, વાલજી ભટ્ટી જેવા અને કારીગરોએ કટાવકામના કસબને પુનઃ ધબકતો કર્યો છે. કટાવકામની જૂની પરંપરિત ભાતો ને ચાદરો, સાડલા, ડ્રેસ, પડદા, થેલા, બટવા, ઓશિકાં, તકિયા, ચાકળા પર નવા સ્વરૂપે મૂકીને ઠીક ઠીક લોકપ્રિયતા ઊભી કરી છે. તાજેતરમાં ગુજરી ગયેલા તેજીબહેન મકવાણાના હાથ નીચે ૨૦૦ બહેનો કામ કરતી. એમના ઉત્તમ નમૂનાઓ પરદેશમાં નિકાસ થતા. એમના કટાવકામના દેશભરમાં પ્રદર્શનો યોજાતાં. પ્રિન્સ ચાર્લ્સના લગ્ન વખતે ઈંગ્લેન્ડના બકિંગહામ પેલેસમાં કચ્છી વેશભૂષામાં સજ્જ થયેલા તેજીબહેને રાણી એલિઝાબેથને કચ્છી કટાવકામનો ચાકળો ભેટ આપેલો. એ જોઈને રાજી થયેલાં રાણીએ એમને ખોબો ભરીને ચાંદીના સિક્કા ભેટ આપ્યાં હતાં. કટાવકામની કલાને પુનઃ જીવિત કરવા માટે તેજીબહેનને ગુજરાત સરકારનો ગૌરવ પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો.

સૌરાષ્ટ્રના લોકજીવનમાંથી પ્રગટેલી આવી અસંખ્ય કલાપરંપરાઓ લુપ્ત થઈ ગઈ છે કે લુપ્ત થવાની તૈયારીમાં છે. એને એન.આઈ.ડી. કે નિફ્ટ જેવી સંસ્થાઓનો સહયોગ લઈ પુનઃ ધબકતી કરવાનું ન વિચારી શકાય? સૃજન સંસ્થાની જેમ કોઈ કલાપ્રેમી શ્રીમંત શ્રેષ્ઠિ જાગે તો નાના, નીચલા અને મધ્યમ વર્ગના લોકોના આશીર્વાદ મળે તેવા કાર્યનો મોટો અવકાશ પડેલો છે.

# ગુજરાતની ભાતીગળ ચિત્રપરંપરા

ગુજરાત-સૌરાષ્ટ્રના કલારસિક લોકજીવનમાં ભાતીગળ ભીંતચિત્રોની પરંપરાનો એક પ્રવાહ સમથળ રીતે વહેતો જોવા મળે છે. શ્રી ખોડીદાસ પરમાર નોંધે છે કે સૌરાષ્ટ્રમાં ભીંતચિત્રોની કલાના નમૂના બહુમાં બહુ અઢીસોથી ત્રણસો વર્ષના જ જૂના મળી શકે છે. તે મોટે ભાગે તળ સૌરાષ્ટ્રની સલાટી શૈલીના જ છે. સત્તરમા અને અઢારમા સૈકામાં સૌરાષ્ટ્રમાં એક નવીન ચિત્રશૈલીની લઢણ જ્યાં ને ત્યાં દેખાય છે. તેમાં માનવ અને પશુઓની આકૃતિમાં રાજસ્થાની ચિત્રણની જૂજજાજ છાંટ છે, તેમ જ લોકશૈલીની પણ અસર છે. વળી રચનાની રજૂઆતમાં તેમ જ રંગ મેળવણી વગેરેમાં તેની પરિપાટી નવીન છે. આવી શૈલીને સલાટી શૈલી કહી છે. આ કલમનાં ચિત્રો જામનગરના લાખોટા કોઠામાં તેમ જ શિહોરના જૂના દરબારગઢની ભીંતો પર જોવા મળે છે. બંને સ્થળે યોગાનુયોગ રીતે લડાઈનાં તેમ જ સલાટીનાં જ ચિત્રો છે. તેમાં પુરુષ પાત્રોની પ્રધાનતા છે, છતાં વળાંકવળોટની પાઘડીઓ, જુદી જુદી જાતના દાઢીમૂછના થોભિયાં, અનેક જાતના જાતવંત ઘોડા વગેરેની બહુલતા ખાસ દ્રશ્યમાન થાય છે. આ બંને સ્થળોનાં ચિત્રો સૌરાષ્ટ્રની આગવી જ ચિત્ર-લઢણનાં ભીંતચિત્રો છે. આ શૈલીને 'સલાટી' કે 'શિલાવટ' શૈલી કહે છે. તેનું કારણ સૌરાષ્ટ્રનાં મંદિરો બાંધનારા શિલ્પીઓએ જે રીતે અને રૂપે કંડાર્યાં છે તે જ શિલ્પઘાટીએ આ ચિત્રો થયાં છે. આ સલાટી શૈલીમાં ૧૮મા સૈકામાં મરાઠી રીત-રસમોના ક્યાંક ઉમેરા થયા છે અને થોડાંક ગ્રામીણ તત્ત્વો ઉમેરાયાં છે. ૧૯મા સૈકામાં અંગ્રેજી અસરની છાયા પણ ક્યાંક ક્યાંક દેખાય છે. આ કાળે આ ચિત્રો અમુક વર્ગને ખૂબ ગમતાં આને લોકો બાદશાહી કલમનાં ચિત્રો પણ કહે છે. એ પછી મરાઠી ચિત્રકારોએ આવીને સલાટી, મરાઠી લઢણનાં મિશ્રચિત્રો કરવા માંડ્યાં, જે સૌરાષ્ટ્રમાં અનેક ગામડાંઓમાં અને શહેરોમાં જોવા મળે છે. તેમાં મહુવાનો સહકારી





હાટનો ડહેલો, નાના ગોપનાથનું મંદિર, મહુવા, ભાદ્રોડ અને શિહોરનું રામજી મંદિર, સોમનાથ પાટણના કોઈ કોઈ શ્રેષ્ઠીઓનાં ઘરો વગેરે સ્થળે આ ચિત્રો જોવા મળે છે.

આવાં ભીંતચિત્રોની પરંપરા ખેડા જિલ્લાના વસો, કરોલી, પીજ, મહેળાવ, વડતાલ અને કરમસદથી માંડીને સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી જોવા મળે છે. કરોલીમાં સવંત ૧૯૩૦માં શેઠ શ્રી રણછોડદાસે બંધાવેલા ઘરની ૪૦૦ ચો. ફૂટની દીવાલ ભીંતચિત્રોથી ભરચક જોવા મળે છે. આવાં ભીંતચિત્રો શ્રેષ્ઠીઓનાં ઘર, ગામના ચોરા તથા મંદિરોમાં બનાવવામાં આવતાં. કચ્છમાં ભારાપરમાં પ્રાથમિક શાળાના ડેલાની ચારેય દીવાલ પર કચ્છની તળપદી લોકચિત્રકલા પ્રણાલિ-કમાંગર શૈલીમાં ચિત્ર આલેખાયું છે. એક ગોપી અને એક કનૈયાની જોડીના પુનરાવર્તનથી રાસમંડળના વર્તુળને ભરી દેવામાં આવ્યું છે. જમણી બાજુની દીવાલ પર રાવણની મુખ્ય આકૃતિ સાથે દાનવ અને વાનરસેનાના યુદ્ધનું આલેખન છે. બાજુની દીવાલ પર કચ્છના મહારાવશ્રીની સવારીનું આલેખન છે. તેમાં અંબાડીયુક્ત હાથી, ઊંટસવાર, ઘોડેસવાર, પાયદળ, પાલખી ઉપરાંત લંઘા સાજિંદા, રાજા સમક્ષ મુજરો કરતી તવાયફ વગેરેનાં ચિત્રો છે, જે ભારાપરના સુજાનબાના ડેલામાંથી પણ મળી આવે છે.



અંજારના મૅકમર્ડોના બંગલાનાં ચિત્રો પણ ઉલ્લેખનીય છે. ઈસ્ટ ઈન્ડિયા કંપની તરફથી ફરજ બજાવવા આવનાર યુવાન અંગ્રેજ કેપ્ટન જેમ્સ મૅકમર્ડો કચ્છની સંસ્કૃતિનો ચાહક બની ગયો હતો. તેણે બંધાવેલ બંગલામાં કચ્છની પ્રણાલિકા અનુસાર કમાંગર શૈલીનાં ચિત્રો બનાવી આ ચિત્રશૈલીને પોતાના નિવાસસ્થાનમાં સ્થાન આપ્યું હતું. કમાંગર શૈલીના છેલ્લા અવશેષસમ સાલેમહંમદ ઈ.સ. ૧૯૮૧માં જન્નતસીન થયા.

આજથી સોએક વર્ષ પૂર્વે ભીંતચિત્રોની કલા લોકજીવનમાં ખૂબ જ પ્રિય હતી. એ કાળે ચિતારાઓ દિવસે ચિત્રો દોરતા ને રાતના ગામમાં ભવાઈ રમતા. તેઓ જે ગામે ભવાઈ રમવા ગયા હોય ત્યાં ચિત્રો દોરી આપતાં. આ ચિતારાઓએ ચોરા, હવેલી, ઘર-મંદિર વગેરેમાં ચિત્રો કરેલાં છે. આવા ચિતારાઓ હિન્દુ-મુસલમાન બંને કોમોમાંથી આવતા અને દાણા લઈને તેના બદલામાં ચિત્રો કરી આપતાં. આવાં ચિત્રો ગોહિલવાડના ગામડાઓમાં ઠેર ઠેર જોવા મળે છે. તેમાં ખંઢેરા, ભૂંભલીનો ચોરો, પીંગળીનું રામજી મંદિર, મહાદેવપરાનું ઠાકરદ્વાર મોજીદડ ગામનો ચોરો વગેરેમાં આ ચિત્રો મોજૂદ છે. તેમાં સલાટી કે કમાંગર શૈલીનું ઊંડાણ જોવા મળતું નથી.

**પોથીચિત્રો :** આજે લોકજીવનમાંથી લુપ્ત થઈ ગયેલી પોથીચિત્રોની પરંપરાનો પિંડ સોલંકી સમયથી બંધાવવાનો શરૂ થાય છે એમ વિદ્વાનો માને છે. ગુજરાતમાં ચિત્રકલાનો આરંભ ગ્રંથચિત્રો અને ભીંતચિત્રોથી થાય છે. ગુજરાતના ગ્રંથચિત્રોનો ઉદ્ભવ યજ્ઞયાગાદિની ધાર્મિક ક્રિયામાં થતાં રંગોળીકામમાંથી થયેલ હોવાનું માનવામાં આવે છે.

શ્રી હરકાન્ત શુક્લ નોંધે છે કે મુસ્લિમ આક્રમણને કારણે મંદિરો અને મહેલાતોનો નાશ થતાં ગ્રંથચિત્રો વધુ સલામત પ્રયુક્તિ ગણાતાં. સોલંકી સમયમાં આ ગ્રંથચિત્ર પદ્ધતિ એ રેખા અને રંગ વડે દોરવામાં આવતાં ચિત્રોની પદ્ધતિ છે. મધ્યકાળમાં ભીંતચિત્રોની પરંપરા લુપ્ત થાય છે ત્યારે તેનું સ્થાન વિશેષતઃ ગુજરાતનાં પોથીચિત્રો લે છે. આ કાળનાં અને કલમનાં ચિત્રોને અપભ્રંશ કલમનું અભિધાન મળ્યું છે. દોઢ આંખવાળી આકૃતિ તેની વિશિષ્ટતા છે. ડૉ. આનંદકુમાર સ્વામીએ આ પદ્ધતિને સમગ્ર પશ્ચિમ હિન્દની પદ્ધતિ ગણાવેલ, પરંતુ આ પરંપરાનો ગુજરાતમાં સવિશેષ વિકાસ થતાં તે ગુજરાતની આગવી પદ્ધતિ બની ગયેલ હોવાનું મનાય છે. આ પદ્ધતિનાં ચિત્રો જૈન ગ્રંથોના ભંડારોમાં આજ સુધી સચવાયાં છે. ઘણાં ખરાં ચિત્રો ભોજપત્રો, તાલપત્ર અને કાગળની લાંબી પટ્ટીઓ પર ચિતરાયેલાં છે. સારાભાઈ નવાબકૃત 'જૈનકલ્પદ્રુપ' નામના અનુપમ ગ્રંથમાં તે બધાનું સવિસ્તાર વર્ણન અને ચિત્રો આજે સંગ્રહિત છે. જૈન ગ્રંથો ઉપરાંત 'બાલગોપાલસ્તુતિ', 'ગીતગોવિંદ', 'દુર્ગાશપ્તસતી', 'રતિરહસ્ય', 'વસંતવિલાસ' અને 'ભાગવત્ દશમસ્કંધ'માં દોરાયેલાં ચિત્રો આ શૈલી મુજબનાં છે.



ચિત્રકારો અને લહિયાઓએ તૈયાર કરેલી સચિત્ર અને કલામંડિત પોથીઓ મંદિરો અને દેરાસરોમાં પણ સચવાઈ છે. ગુજરાતનાં સંગ્રહસ્થાનોમાં અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ઈન્ડોલોજી ઈન્સ્ટિટ્યૂટ, ભો.જે. વિદ્યાભવન, પાટણના જૈનગ્રંથ ભંડાર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લોકસાહિત્ય વિભાગમાં સચિત્ર હસ્તપ્રતો સચવાયેલી જોવા મળે છે.



**સચિત્ર જન્મકુંડળીઓ :** જૂના કાળે જન્મકુંડળીઓ પણ ચિત્રકળાનો સ્પર્શ પામીને સચિત્ર બની છે. સામાન્ય માનવીની જન્મકુંડળી ભલે સાદી હોય પણ રાજા- મહારાજાઓ અને શ્રેષ્ઠીઓની જન્મકુંડળીઓ સચિત્ર તૈયાર કરવામાં આવતી. આવી દાંતા- (ભવાનગઢ)ના મહારાજાની જન્મકુંડળી આ લેખકના નિજી સંગ્રહમાં છે.



આવી જ એક કલાત્મક અને વિશ્વભરમાં બેનમૂન બની રહે તેવી જન્મકુંડળી કચ્છના પ્રવાસ દરમિયાન ભૂજના આયનામહેલ સંગ્રહસ્થાનમાં ક્યુરેટર શ્રી પ્રમોદ જેઠીએ મને બતાવી. ઈ.સ. ૧૮૩૯માં કચ્છના મહારાવ શ્રી પ્રાગમલજી બીજાની જન્મકુંડળીની લંબાઈ ૧૨૭ ફૂટ છે. તેમાં વર્ષવાર ફળાદેશ દર્શાવાયું છે, એટલું જ નહીં પણ તેમાં નવ ગ્રહનાં ચિત્રો દોરેલાં છે. આ કુંડળીમાં ચિત્રકલાના સુંદર નમૂના જોવા મળે છે.

જૂના સમયમાં કાગળની શોધ થઈ નહોતી ત્યારે જન્માક્ષરો માટે તાડપત્રનો ઉપયોગ કરવામાં આવતો. આવા તાડપત્રો પરના ૧૦થી ૨૦ ફૂટ લાંબા જન્માક્ષરો પણ ગુજરાતમાં જોવા મળે છે.

**કાચ ચિત્રોની કલા :** સૌરાષ્ટ્રના લોકજીવનમાં ચિત્રણકલા વિવિધરૂપે વિહરતી જોવા મળે છે. એમાંની એક કાચ પરનાં ચિત્રોની કલા છે. સૌરાષ્ટ્રના નાના શહેર તેમ જ ગામડાંઓમાં આ ચિત્રોનો પ્રચાર એક કાળે ઘણો જ વ્યાપક હતો. કાચ પર કરેલાં ધાર્મિક ચિત્રો મઢાવીને પટારાની માંડ પર મૂકવામાં આવતાં. નાના આભલાં પર કરેલાં ચિત્રો કોઠી, કોઠલા, મજૂસ અને બારસાખની ડાબે-જમણે મુકાતાં. માતાજીની ગરબી પણ આવાં ચિત્રોથી શોભાવવામાં આવતી. ભરત ભરેલા તોરણનાં પાંદડાંમાં પણ ૬'' થી ૪''ના કાચનાં ચિત્રો લગાડવામાં આવતાં. રામાયણ-મહાભારતનાં ચિત્રો કાચ પર બનાવી-મઢાવીને મંદિરોમાં મૂકવાનો રિવાજ હતો. એવું રામાયણનું સો એક વર્ષ જૂનું કાચ પરનું ચિત્ર આ લેખકના સંગ્રહમાં છે. ગુજરાતની લોકકલા પ્રણાલીના કાચ પરનાં ચિત્રોની માગ પરદેશમાં સારા પ્રમાણમાં છે. લોકકલાકારોએ આ તક ઝડપી લેવા જેવી છે. ભૂજમાં એક કલાકાર કારીગરે આ કલાને આજેય જાળવી રાખી છે.

**લોકનારીનાં આળેખ અને પ્રતીકચિત્રો :** આળેખ અને ચિતર એ કલાને માથે ઓળઘોળ થઈ જનારી ગ્રામનારીઓનો ધબકતો કલાવારસો છે. આળેખની કળાનો આગવો સંસ્કાર



સામાજિક ઉત્સવોની સાથે સવિશેષ સંકળાયેલો છે. લગ્ન જેવું આનંદ-મંગળનું ટાણું હોય કે દિવાળી જેવું રૂડુંરૂપાળું પરબ હોય ત્યારે ઘર-ખોરડાંના ઓરડા અને ઓશરિયુંમાં રૂડાં ચિતરડાં આલેખાય છે. ગમાણ્ય ઉપર, ડેલી કે ખડકીની કોરેમોરે કે બજારની વંડી માથે ચિતર અને શોભનની કૈંક કલાઓ ઠલવાય છે. ગુજરાતનાં ગામડાંઓની અભણ ગોરીઓ સોળપ લીંપેલી માટીની ભીંતો ઉપર ખડીથી ચિતરામણ કરીને પોતાની ઊર્મિઓને અભિવ્યક્ત કરે છે. આમ આળેખ અને ચિતર ગ્રામપ્રજાની તળપદ લોકકલા છે. પોરબંદર પંથકની મેરજાતિ, ઘોઘાથી માંડીને મહુવા પંથકમાં વસતા ખરક, પંચોલી, પલેવાળ બ્રાહ્મણ ગુજરાત-સૌરાષ્ટ્રને જોડતા ભાલપંથકના રાજપૂત, કોળી, કણબી, ભરવાડ, કાઠિયાવાડના કણબી, કારડિયા રાજપૂત, આયર, રબારી તથા પંચમહાલ જિલ્લાના આદિવાસીઓમાં આળેખની અનેરી કલાનો વિકાસ સુપેરે જોઈ શકાય છે.

બરડો, ગીર અને જામનગર તરફના હાલાર પંથકમાં વસતી કલારસિક મેર નારીઓ ઓરડાને ઓશરિયુંમાં રંગબેરંગી ફૂલવેલ અને ભૌમિતિક ભાતો આળેખીને મનોહર ચિતરકામ કરે છે, જે ઝુલુંને નામે જાણીતું છે. મહુવા તરફના કંઠાળ્ય પ્રદેશમાં વસતા કોળી, ખરક, પંચોલી, બ્રાહ્મણ વગેરે કૃષિ-વ્યવસાય કરતી જાતિઓની સ્ત્રીઓના પરંપરાગત આળેખો ઉલ્લેખનીય છે. તેઓ લગ્ન જેવા મંગળ પ્રસંગે ગીતો ગાતી ગાતી માટીના ઠામણામાં પલાળેલી ખડીમાં ચાવેલા દાતણનો કૂચડો ઝબકોળીને ભીંતો પર ધોળા રંગના ચિતર કાઢે છે.





ગોહિલવાડ પંથકની નારીઓના આળેખ ચિતરમાં શોભનપ્રતીકો ઊડીને આંખે વળગે છે. ટહુકતો મોરલો, વનવગડાની શોભા વધારતા વાઘ, દીપડા, હાથી, હરણ, સોનેરી મૃગ, આંબો, પોપટ, કાન-ગોપીનું વલોણું ઉપરાંત ભૌમિતિક ભાતો જોવા મળે છે. આ ચિતરમાં ભરતકામનાં પ્રતીકો ઉપરાંત સ્ત્રીઓ આજે તો ટોપાવાળો ગોરોસાહેબ, રેલગાડી, ઘોડેસવાર યોદ્ધો, સાઈકલ, મોટર, એરોપ્લેન જેવાં ચિત્ર પ્રતીકો આળેખે છે. આ વિસ્તારમાં સોળપ ઉપર ધોળી ખડીથી કે ગેરુથી આળેખો દોરાય છે. તેમાં આકર્ષક સાદગીનાં દર્શન થાય છે.



ભાલપ્રદેશની નારીઓના આલેખનમાં રંગોની ભભક ભારોભાર જોવા મળે છે. ચરોતર વિસ્તારની ઠાકોર સ્ત્રીઓ, ડાંગ, પંચમહાલ અને સાબરકાંઠાના આદિવાસીઓમાં પણ આળેખ ચિતરની પરંપરા જોવા મળે છે. આ કામમાં માટી, ખડી, લાદ, છાણ, દાતણ વગેરે પ્રાકૃતિક ઉપાદાનોને કારણે નૈસર્ગિક સાદગી અને સૌંદર્ય જાણે કે એમાંથી સાદ પાડી ઊઠે છે.

**પ્રતીકચિત્રોની વિશિષ્ટ પરંપરા :** આળેખ ચિતરનો સંબંધ લગ્નપ્રસંગ કે વાર-તહેવારના ઉત્સવ સાથે જોડાયેલો છે, જ્યારે પ્રતીકચિત્રોની સંબંધ યાત્રા, ધાર્મિક ઉત્સવ અને વરતવરતોલાની સાથે વિશિષ્ટ રીતે વણાયેલો છે. આળેખોમાં ખડી, ગેરું અને રાતા, પીળાં, લીલા, લાલ રંગો વપરાય છે, જ્યારે પ્રતીકચિત્રોમાં મોટા ભાગે પલાળેલું કંકુ, ઘી, કાલવેલું સિંદૂર જ વપરાય છે. દેવ-દેવતાઓને ચડાવવાનો સિંદૂરિયો રંગ શુભ અને કલ્યાણકારી મનાયો છે. વૈશાખ સુદ ચોથ ખેડૂતોમાં ગણેશચોથ તરીકે જાણીતી છે. આ દિવસે ગણેશપૂજાનું કંકુ કે સિંદૂર લઈ પુરુષો ઘરના બારસાખ, ખડકી કે ડેલીના કમાડિયાં ઉપર 'શ્રી','લાભ' 'શ્રી લાભ સવાયા,' દાણાની ચડતી દેરડી વગેરે પ્રતીકો આલેખે છે.

નાગપાંચમના દિવસે નાગદેવની કૃપા-યાચના માટે લોકનારીઓ નાહીધોઈ કંકાવટીમાં કંકુ ઘોળી આંગળી કે દાતણના કૂચાથી પાણિયારે નવકુળ નાગનું આલેખન કરે છે. તેમાં મુછાળા નાગદેવનો ગઢ, ચાર દરવાજા ને વચમાં રાતા કે કાળા રંગ વડે નાગના નવ પ્રતીક ચિત્રો દોરે છે.

ચૈત્ર વદ તેરસના દિવસે સ્ત્રીઓ બળિયા કાકાના પ્રતીકરૂપે જોડી ચીતરી પડખે ઘોડિયું, સાથિયો ને ટીલાંટપકાંના શોભન પ્રતીકો ચીતરે છે. રાજપૂતો આ ચિત્ર પોતાના ઘરના કમાંડની પાછળ આલેખે છે. ગોત્રદેવ એટલે કુળના આદિપુરુષ. લગ્ન, જનોઈ કે વાસ્તુ પ્રસંગે ગોત્રીજનું ચિત્ર દોરી તેમની સ્થાપના કરવામાં આવે છે. છોટાઉદેપુર વિસ્તારના રાઠવા ભીલો બાધા-માનતા પ્રસંગે લોકદેવ બાબા પીઠોરાના ચિતર કરાવે છે.

રાંદલમાતાનું વ્રત કરનાર વહુઆરુઓ રાંદલમાની પૂજાના પ્રતીકરૂપે ખોયાવાળું ઘોડિયું આલેખી ખોયામાં પુત્રના પ્રતીકરૂપે ચાંલ્લો કરે છે. પુત્ર ઝંખતી નારી આ પ્રતીક ચિત્રને પ્રતિદિન કંકુ અને ચોખાથી વધાવે છે.

# આદિવાસીઓની ભીંતચિત્રોની કલાપરંપરા

ભારત ભાતીગળ સંસ્કૃતિની વિશિષ્ટ અને નિજી વિરાસત ધરાવતો દેશ છે. આ દેશની ધરતી પર અનેક જાતિઓએ આદિકાળથી પોતાની આગવી સંસ્કૃતિનું સર્જન કર્યું છે. એમાંની એક પ્રકૃતિના ખોળે પાંગરેલી આદિવાસી સંસ્કૃતિ છે. ગુજરાતની સાડા પાંચ કરોડ ઉપરાંતની વસતીમાં લગભગ ૧૪.૯૨ ટકા જેટલી આદિવાસી પ્રજા છે. ઉત્તર ગુજરાતમાં અરવલ્લી પર્વતની ડુંગરમાળમાં દાંતાથી લઈને ડાંગ સુધીના ૨૦ હજાર માઈલના વિસ્તારમાં ભીલ, દુબળા, ઘોડિયા, ચૌધરી, ધાનકા, કુંકણા, વારલી, નાયકડા, કોલચા, કોટવાળિયા, બામચા, પારઘી, પોમલા અને કાથોડી જેવા ૧૯ જેટલા સમુદાયો વસવાટ કરે છે.

આદિવાસીઓના આ પ્રજાસમૂહો પાસે પોતાની આગવી કલા અને સંસ્કૃતિ છે. ગુજરાતમાં પૂર્વ ઐતિહાસિક કાળથી વસતી ભીલ અને કોંકણા જેવી અનેક આદિવાસી જાતિઓએ આસપાસ મળી રહેતી ચીજવસ્તુની મદદથી પોતાની સૂઝ-સમજ પ્રમાણે કલાની સાધના કરી છે. આ આદિવાસી કલાઓમાં સાદગી અને તાજગીનું પ્રસન્ન સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે, કારણ કે એમની કલામાં નરી નિર્દોષતા, સરળતા અને સહજતા હોય છે. જીવનને જોવા-સમજવાનો આદિવાસી પ્રજાનો દૃષ્ટિકોણ તદ્દન સાદો, સીધો અને સરળ હોય છે. પોતે જે કરી રહ્યા છે તેને કળા કહેવાય એનીય એ લોકોને ખબર નથી. એમને માટે એ કલા નહીં પણ જીવાતા જીવનનો સહજ ભાગ છે. આથી આદિવાસીઓની ચિત્રકલામાં કે એમનાં ભીંતચિત્રોમાં એમનો ધર્મ, માન્યતાઓ, રીત-રિવાજો અને રોજબરોજના જીવાતાં જીવનનું પ્રતિબિંબ પડતું જોઈ શકાય છે.



પ્રાચીન સમયથી ચાલી આવતી આદિવાસી ચિત્રકલા પરંપરા ક્યાંક યથાવત્ તો ક્યાંક થોડુંક રૂપાંતર પામીને પણ આજે જીવંત રહેવા પામી છે. આદિવાસી ભીંતચિત્રોની

આ પરંપરા, ધર્મ, જાદુમંતર, દેવદેવલા, પર્વો, તહેવારો, સામાજિક પ્રસંગો અને તેમના દૈનિક જીવન સાથે ગાઢ રીતે જોડાયેલી જોવા મળે છે. ખેતરમાં પહેલો પાક ઊતરે, ચોમાસું પૂરું થાય, ઘરમાં લગ્ન જેવો શુભ અવસર આવે કે બાધા-માનતા પૂરી કરવાની હોય ત્યારે આદિવાસી પ્રજા ઊડીને આંખે વળગે એવાં સુંદર ભીંતચિત્રો દોરે છે.

દક્ષિણ ગુજરાતના સીમાંત પ્રદેશો ઉમરગામ, ધરમપુર અને ડાંગમાં વસતા વારલી અને કૂંકણા લોકોનાં 'પચવી'નાં ચિત્રો વારલી ચિત્રકલાના નામે વિશ્વવિખ્યાત બન્યાં છે. 'પચવી'નો અર્થ થાય છે નાગપંચમીના અવસર ઉપર દોરવામાં આવતી ભીંત ઉપરની ચિત્રકલા. વારલી અને કૂંકણા આદિવાસીઓમાં નાગપૂજા ઘણી મહત્ત્વની મનાય છે. નાગ જેવા ઝેરી જનાવરથી રક્ષણ મેળવવા માટે નાગપંચમીના દિવસે ઘરની ભીંત ઉપર નાગદેવતા સાથે સૂર્ય, ચંદ્ર, મોર, વીંછી અને ઝાડનું ચિત્ર ચોખાના લોટ અથવા સાદડાની રાખ અને વાંસની સળીઓથી દોરવામાં આવે છે. આ સિવાય આદિવાસી જીવનની ઝાંખી કરાવતા રોજબરોજના ક્રિયા-કલાપોનું પણ ચિત્રાંકન કરવામાં આવે છે. જેમાં ગાયો, ખેડૂત, નૃત્ય, ઝાડ, જંગલનું ચિત્રણ ત્રિકોણીય આકૃતિના સંયોજનથી દોરવામાં આવે છે. એમાં ચિતારાની ઘણી નીજી ખૂબીઓ જોવા મળે છે.

આમ વારલી ચિત્રો ધાર્મિક પ્રસંગોની ઉજવણીરૂપે તૈયાર કરવામાં આવે છે. આ ચિત્રો દોરવાથી પરિવાર પર કોઈ સંકટ કે આફત આવતી નથી એવી એમની લોકમાન્યતા પણ જાણીતી છે. આજે કાગળ અને કેન્વાસ પર તૈયાર કરવામાં આવતાં વારલી ચિત્રોએ વિશ્વવ્યાપી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. આ વિસ્તારના શ્રી જીવ્યા સોમા મશેએ આ ચિત્રપરંપરાને સોળે કળાએ ખીલવી છે. એણે દોરેલી પચવીઓ ભોપાલના મ્યુઝિયમમાં અને ધરમપુરના લેડી વિલ્સન મ્યુઝિયમમાં મોટા પ્રમાણમાં સંઘરવામાં આવી છે. આ ચિત્રકલાકાર લંડન ખાતે યોજાયેલ ''ઈન્ડિયા ફેસ્ટિવલ''માં વારલી કલાના પ્રતિનિધિ તરીકે પણ જઈ આવ્યા છે.

વારલીની જેમ બીજા આદિવાસીઓ પણ જુદા જુદા પ્રસંગે ચિત્રો બનાવે છે. કૂંકણા આદિવાસીઓ લગ્નપ્રસંગે ઘરને શણગારતાં જે ભીંતચિત્રો અને બારણાં પરનાં ચિત્રો આલેખે છે તે પણ અહીં ઉલ્લેખનીય છે. આ ચિત્રો હાથના થાપા અને કાથીના થાપાની બનાવેલ ફૂલ અને પાંદડીની ભાતો વચ્ચે હળદર અને કંકુના ચાંદલાઓથી ઘણાં નયનરમ્ય લાગે છે.

વારલી ચિત્રકલાથી તદ્દન અનોખા પ્રકારની ભીંતચિત્રોની કલા રાઠવા આદિવાસીઓની છે. ગુજરાતના પંચમહાલ અને વડોદરા જિલ્લામાં રાઠવા નામે ઓળખાતી આદિવાસી જાતિ વસવાટ કરે છે. આ રાઠવા જાતિ બીજા વનવાસીઓ કરતાં ઘણી રીતે જુદી તરી આવે છે. પિઠોરોનું ધાર્મિક ભીંતચિત્ર એમની વિશિષ્ટતા દર્શાવે છે. આ આદિવાસીઓ પોતાના કુટુંબ અને સંતાનોની સુખાકારી માટે દેવ-દેવીઓની બાધા-માનતા રાખે છે. એ રીતે રાઠવા આદિવાસી પિઠોરાની માનતા કરે છે. પિઠોરો તેમનો મોટો અને મહત્ત્વનો દેવ ગણાય છે. તેઓ તેને બાબા પિઠોરાના નામે ઓળખે છે. આજે તો પ્રચાર માધ્યમોની પાંખે ચંડીને રાઠવાઓની પિઠોરાની ચિત્રકલા વિશ્વભરના કલાપ્રેમીઓ સુધી પહોંચી ચૂકી છે. પરિણામે અનેક કલાપ્રેમીઓ પિઠોરાનાં ભીંતચિત્રોનો અભ્યાસ કરવા આ વિસ્તારોમાં દર વર્ષે ઊતરી આવે છે.

પિઠોરો વનવાસીઓની જીવન-વ્યવસ્થાને આલેખતી એક ધાર્મિક કલાકૃતિ છે, કોઈના ઘેર પારણું ન બંધાતું હોય, કોઈનો વહાલસોયો દીકરો માંદો પડી ગયો હોય, કોઈ કુટુંબમાં બાઈને

બાળકો ન ઊછરતાં હોય તો રાઠવા આદિવાસીઓ પિઠોરો લખાવવાની બાધા રાખે છે. ઈચ્છિત કાર્યમાં સફળતા મળે, ખેતીવાડીમાં બરકત આવે ત્યારે આ આરાધ્યદેવનું લાંબી વિધિ બાદ ઘરમાં સ્થાપન કરવામાં આવે છે. એ સ્થાપનરૂપે ઘરની ભીંતો પર પિઠોરાનાં રંગબેરંગી કલાપૂર્ણ ચિત્રો દોરવાનું કાર્ય કરવામાં આવે છે. આ ચિત્રો દોરનારા લખારા ચિતારાના નામે ઓળખાય છે. પિઠોરાના ભીંતચિત્રનું કથાવસ્તુ લગ્નના ઉત્સવનું છે, જેમાં સર્વ સગાસંબંધી અને જીવમાત્રને બોલાવવામાં આવે છે અને ચિત્રમાં બેસાડવામાં આવે છે.

બાબા પિઠોરાની પૂજાના ઉત્સવ પ્રસંગે સૌ સગાસંબંધીઓને નોતરાં આપીને તેડાવવામાં આવે છે. એમને જમાડવાનો તથા પૂજા ભોગનો ખર્ચ દસ-પંદર હજાર રૂપિયા જેટલો થાય છે. બાધા-માનતાવાળા કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોય તો બે-ચાર બાધાવાળા સહિયારાપણામાં ઊજવીને વ્યવહારુ રસ્તો કાઢે છે. પિઠોરાની પૂજા પ્રસંગે ઘણી વાર ઈન્દ્રની પણ પૂજા કરવામાં આવે છે. આ પ્રસંગે પરંપરાથી પિઠોરાનું ચિત્રકામ કરનારા કુશળ અને અનુભવી ‘લખારા’ને બોલાવવામાં આવે છે. આજે આવા પાંચ-સાત ચિતારાઓ આ કામમાં અત્યંત નિપુણ ગણાય છે. એમાં એક મલાજા ગામના માનસિંહને ગણાવી શકાય. થોડા વરસો પહેલાં એમને પિઠોરાની કલાના કસબી તરીકે ભારત સરકારનો હસ્તકલા એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

પિઠોરાનું ચિત્રકામ ઘરની પરસાળ વચ્ચેની મુખ્ય દીવાલ ઉપર કરવામાં આવે છે. આ માટે મોટે ભાગે ઘરની ઓશરી તથા રસોડાની ભીંત ઉપયોગમાં લેવાય છે. નિયત કરેલ મંગળવારે માટી લાવવાનું કાર્ય થાય છે. બુધવારના દિવસે કુટુંબની કુમારિકાઓ કુંવારા છાણથી લીંપણના દરરોજ એક એ પ્રમાણે સાત-આઠ સ્તર લગાવી ભીંતને સમથળ કરી રાખે છે. પછી બુધવારની વહેલી સવારથી પિઠોરો લખવાનું શરૂ કરાય છે. મુખ્ય લખારાની દોરવણી પ્રમાણે તેના સાથીઓ



ઘરની ઓશરી ભીંત પર મધ્યમમાં આશરે છ-સાત ફૂટ ઊંચો અને દસ-બાર ફૂટ પહોળો લંબચોરસ ચોક દોરી તેના પર કિનાર બાંધે છે.

પિઠોરાની લોકકથા પણ જાણીતી છે. ઈંદરાજાને સાત બહેનો હતી. તેમાંની એક બહેન કાળી કોયલ, કુંજુરાણા સાથેના અનૈતિક સંબંધથી સગર્ભા થઈ. ઈંદરાજાના ક્રોધથી બચવા માટે કુંજરાણીએ પોતાના બાળકને જન્મ થતાંની સાથે જ નદીમાં વહેતું મૂકી દીધું. તરતું તરતું આ બાળક ઈંદરાજાની બીજી બહેન કાજલના હાથમાં આવ્યું એણે બાળકને ઉછેરીને મોટું કર્યું. બાળક ઉંમરલાયક થતાં એના લગ્ન લેવાનાં આવ્યાં, એટલે ઈંદરાજાએ તેનાં સાચાં મા-બાપને શોધવા માટે દેવોની સભા બોલાવી. આ સભામાં બાળકે કુંજરાણીનું નાક પકડયું. બાળક ભાણેજ બન્યો એટલે ઈંદરાજાએ પિઠોરી સાથે તેનું લગ્ન નક્કી કરાવ્યું. આમ પિઠોરાના ભીંતચિત્રનું કથાવસ્તુ લગ્નના ઉત્સવનું છે. રાઠવાઓની માન્યતા મુજબ પૃથ્વી પરનાં તમામ પ્રાણીઓને અહીં બેસાડવામાં આવે છે, પરિણામે પિઠોરાની કલાકૃતિ રાઠવાઓની જીવનવ્યવસ્થાને આલેખતી રંગબેરંગી રૂપકડી કલાકૃતિ બની રહે છે.

પિઠોરો ચિતરવાનું કાર્ય ઠીક ઠીક સમય માગી લે છે. ચિતારા વાંસની કુમળી ડાળખીઓ અથવા વડવાઈના દાતણને એક છેડેથી છૂંદીને પીંછી બનાવે છે. પછી શહેરની કટલરીની દુકાનમાંથી લાવેલા વાદળી, પીળા, લીલા, લાલ, કાળા, પોપટી અને જાંબુડી રંગો ગાયના દૂધમાં કાલવીને તૈયાર કરે છે. એલ્યુમિનિયમનો રૂપેરી રંગ પણ તેઓ વાપરે છે. લખારો સૌ પ્રથમ ગણેશજીનો ઘોડો ચીતરે. ગણેશજીના ઘોડા બાદ પિઠોરા દેવનો ઘોડો, પિઠોરાની રાણી, પિઠોરાની માતા અને ગામદેવના ઘોડા દોરાય. પછી એમના જીવન સાથે સંકળાયેલી વાતો આવે.

હાથમાં રંગના પડિયામાં વાંસની પીંછી બોળી પોતાનું રંગ કાર્ય કરીને કારીગર ખસતો જાય. બીજો કારીગર આવે તે પોતાનો રંગ પૂરતો જાય. ત્રીજો ચિતારો ચિત્રને ઓપ આપતો જાય. આમ સવારથી સાંજ સુધી આખું ચિતર ચિતરાતું જાય. સામે બડવો અર્થાત્ ભૂવો અને ગાયણું કરનાર પૂજાની સામગ્રી અને અખંડ દીવા સાથે શ્રીફળ વધેરે. ડાક વાગવા માડે. વાંસમાંથી બનાવેલો 'પીહો' અર્થાત્ મોટો પાવો વગાડવાનો શરૂ થાય. એક અલગ પ્રકારના માહોલ વચ્ચે પિઠોરાદેવની આરાધના આરંભાય.

એક દીવાલનું ચિતરકામ પૂરું થાય એટલે બીજી દીવાલ ઉપર લગ્નનાં વાજાં વગાડનાર, સવારી સાથે નગારીવાળા, ઘોડા, ગધેડાં, સીમોરાણી, નકટી અને ભૂતણનાં ઘોડા સવારીવાળાં ચિત્રો સાથે સ્ત્રી-પુરુષોનાં મૈથુન, ગાય, વાઘ, વાંદરા મધપુડો જેવાં એંસીથી સો જેટલાં ચિત્રો દોરાય છે. પિઠોરાની ત્રીજી હારમાં નીચે કૂકડો, કૂકડી, તાર પર ચડેલો માણસ, ટીંટિયો જોશી, બાર માથાનો રાવણ, કચડો કણબી, વલોણું, વાવ, ખેતર, હળ હાંકતો આભો કણબી આલેખાય છે. આ ચિત્રોમાં રંગબેરંગી કલાત્મક ઘોડા, વીંછી પકડતો મોર, કાળિયારનો શિકાર કરતા ડામોર દેવનું આલેખન સાદગીભરી પ્રાકૃતિક અને રમતિયાળ શૈલીમાં કરવામાં આવે છે. તેમાં આદિવાસીઓની પ્રકૃતિ અને સંસ્કૃતિ ઊડીને આંખે વળગે છે.

પિઠોરાની ચિત્રકલા સાથે ગાયન, વાદન અને નર્તન અર્થાત્ લોકનૃત્યો પણ ભળે છે. રાત્રે ઈંદની બાધા ચાલે ત્યારે સ્ત્રી-પુરુષો અને છોકરાંઓનું નૃત્ય આખી રાત ચાલે છે. અહીં રાઠવા વનવાસીઓનો ચિત્રકલા એક આખો યાદગાર ઉત્સવ બની રહે છે.




# સૌરાષ્ટ્ર-કચ્છમાં કાચચિત્રોની પ્રાચીન કલાપરંપરા

સૌરાષ્ટ્ર કચ્છના માનવીના રોજિંદા વપરાશની ચીજો સુધી પહોંચેલી, માનવ મનની રસવૃત્તિને સંકોરતી કાચચિત્રો (ગ્લાસ પેઈન્ટિંગ્સ)ની કલાપરંપરા લોકભરત, આલેખચિત્રો, કટાવકામ કે માટીનાં રમકડાંની જેમ આપણી મૂળ તળપદ લોકપરંપરા નથી. આ કળા પ્રથમ ચીનમાં મોટા પ્રમાણમાં વિકાસ પામી. પછી ભારત, ઈરાન, ફ્રાંસ, ઈંગ્લેન્ડ અને પૂર્વ તથા પશ્ચિમના દેશોમાં પ્રસાર પામી. મોગલ બાદશાહો, રાજસ્થાન-, સૌરાષ્ટ્રના કલાપ્રેમી રાજવીઓ શ્રેષ્ઠિઓ, મંદિરોના મહંતો-ગાદીપતિઓના આશ્રયને કારણે સો-દોઢસો વર્ષ પૂર્વે ગુજરાતમાં કાચચિત્ર કલાનો વિકાસ થયેલો જોઈ શકાય છે. ૧૮મી-ઓગણીસમી સદીમાં કચ્છના શાહુકાર વેપારીઓ ચીન અને મહાચીન સાથે માતબર વેપાર ખેડતા. વાણિજ્ય સંબંધ વધારવા ત્યાંથી તેમને આકર્ષક કલાકૃતિ ગણાતી 'ગ્લાસ પેઈન્ટિંગ્સ' કામની આવી ચીજો ભેટમાં મળતી. વતનપરસ્ત આ વેપારીઓ દેશમાં આવતા ત્યારે સ્વજનો અને મિત્રોને કાચચિત્રોનું નજરાણું કરતાં. એ કાળે ઘરશણગારમાં આવાં કાચચિત્રોવાળા ફોટા લટકાડવાની મોહભરી ફેશન હતી. શ્રી પ્રમોદ જેઠી નોંધે છે કે "કાચચિત્રોનો આ કલાકસબ કચ્છી કમાંગર ચિતારાઓએ પણ હસ્તગત કર્યો. તેમના બનાવેલા આ કાચના અરીસા અને બેનમૂન ચિત્રો ભૂજના આયનામહેલ સંગ્રહસ્થાનમાં સચવાયેલાં છે. ઉપરાંત પરદેશથી આવેલા અંગ્રેજ રાજાઓના ચીનાઈ ચીતારાઓનાં આવાં કાચચિત્રો આયનામહેલનું મહામૂલું આભૂષણ છે. આ ચિત્રોમાં હિંદુ ધર્મનાં વિવિધ દેવીદેવતાઓ ગણપતિ, લક્ષ્મી, વિષ્ણુ, મત્સ્યઅવતાર, બાલકનૈયાની કામધેનું, રાજવી દંપતિ, ભારત સુંદરી, મસ્તાની, રાજકુંવરી કન્યા, બુરાખ વગેરે ભાતભાતના વિષયની કાચ તસવીરો અનોખી શૈલીમાં કંડારેલી છે. રાવ લખપતજીના શાસન સમયમાં હોલેન્ડ અને પાશ્ચાત્ય દેશોમાંથી કાચકલાનો હુન્નર-ઉદ્યોગ શીખી લાવી રામસિંગ માલમે ભૂજના આયનામહેલનું કલાપૂર્ણ ઢંગથી નિર્માણ કરી એને સુંદર રીતે કાચકલાથી સજાવ્યો છે."

આજથી સોએક વર્ષ પૂર્વે સૌરાષ્ટ્ર કચ્છમાં કાચચિત્રોની કલાનો સરસ વિકાસ થયો હતો. આ કાચ ચિત્રકૃતિઓના વિવિધ પ્રકારના નમૂનાઓ સૌરાષ્ટ્રના નાના શહેરના અને મુખ્યત્વે ગામડાંનાં મંદિરો, નવરાત્રીમાં રાસડે રમતી વખતે વર્તુળની વચમાં ગોઠવવામાં આવતી ગરબીમાં, કેટલાક કાઠી દરબારોનાં કુટુંબોનાં કે રજવાડાનાં ઘરોમાં, હોટલોમાં, હેરકટિંગ સલૂનોમાં કે ઘરના કબાટો કે ફર્નિચરમાં જોવા મળતા. શ્રી ઉષાકાન્ત મહેતા કહે છે કે 'આ કૃતિઓમાં જોવા મળતી શૈલીની વિવિધતા પરથી અનુમાન કરી શકાય છે કે એક જમાનામાં કાચ પર ચિત્રો કરવાની પરંપરા લોકચિત્ર પ્રાણાલિરૂપે તેમ જ અર્ધવ્યવસાયી કે વ્યવસાયી ચિત્રકારોનાં અલગ અલગ જૂથોમાં સમગ્ર દક્ષિણ અને પશ્ચિમ ભારતમાં સારી પેઠે પ્રચલિત હશે. કેટલાક રાજવીઓને ત્યાંથી મળેલ ચિત્રોમાં યુરોપીય શૈલીની સ્પષ્ટ અસર વરતાય છે. કાચ સહેલાઈથી તૂટીફૂટી જતો હોઈ આ ચિત્રકૃતિઓ મોટા પ્રમાણમાં નાશ પામી છે. આજે તો કાચચિત્રોની પરંપરા લોકજીવનમાંથી

સાવ જ લુપ્ત થઈ ગઈ છે. આ ચિત્રકલાની જાહોજલાલી દર્શાવતાં ચિત્રો રડયાંખડયાં વહોરાજીના હાટમાંથી કે જૂના ભંગારવાળાની વખારમાંથી કે ક્યાંક પ્રાચીન મંદિરમાંથી પ્રાપ્ત થાય છે. એની ચિત્રશૈલીનું કોઈ શાસ્ત્રીય પદ્ધતિએ વર્ગીકરણ થયું નથી. કાચસામાનના વેપારીઓ પોતાનાં વ્યવહારની સગવડ ખાતર એને ‘દેશી કલમ’ અને ‘બાદશાહી કલમ’ એમ બે વિભાગમાં વહેંચે છે. લોકશૈલીમાં આલેખાયેલાં ધાર્મિક કે પૌરાણિક વિષય ધરાવતી જળરંગી માધ્યમની કૃતિઓને તેઓ દેશી કલમ કહે છે. જ્યારે યુરોપીય અસરયુક્ત કૃતિઓ જેનું વિષયવસ્તુ મુસ્લિમ ઐતિહાસિક પાત્રો કે પૌરાણિક પ્રસંગો, કૃષ્ણકથા, રામકથા, દેવીઓ કે પૌરાણિક પાત્રો હોય છે તેને બાદશાહી કલમ કહે છે.’




ભાવનગરના મહારાજા જશવંતસિંહજીએ ચીની ચિત્રકાર પાસે પોતાનાં કાચચિત્રો તૈયાર કરાવી અમલદારોને ભેટ આપ્યાં હતાં. એ પછી ભાવનગર રાજ્યમાં અને ગોહિલવાડમાં કાચચિત્રોનું ચલણ આમ વર્ગમાં ખૂબ લોકપ્રિય બન્યું. કાઠીદરબારોનાં ઓરડાની માંડ માથે દેવ- દેવીઓ, રાજા મહારાજાઓ, અંગ્રેજ અમલદારોનાં ચિત્રો શોભવા લાગ્યાં. મુસ્લિમ ઘરોમાં દુલદુલ, ફૂલગજરા, મક્કા-મદિનાનાં ચિત્રો આવ્યાં.

યુરોપીય અસરયુક્ત  તૈલ માધ્યમની કાચની કલાકૃતિઓના વિષયવસ્તુમાં ઈરાનના શાહનો દરબાર, ઘોડેસવાર મુસ્લિમ સરદાર, બેગમ, બાજીરાવ પેશ્વાની પ્રેમિકા મસ્તાની એ બધાં ખૂબ સારી માવજત પામેલાં કાચચિત્રો છે. તેને લોકચિત્ર પ્રણાલિમાં મૂકી શકાય નહીં. દેશી કલમનાં ચિત્રોમાં કચ્છી કમાંગરી અને સૌરાષ્ટ્રની સલાટી શૈલીની અસર વિશેષરૂપે જોવા મળે છે. સ્થાનિક ભીંતચિત્રોથી પ્રભાવિત કૃતિઓના વિષય વસ્તુમાં ઠાકોરો, નાના રાજાઓ, સરદારો અને પૌરાણિક કથાઓનું આલેખન જોવા મળે છે. જ્યારે વ્યક્તિચિત્રોના આલેખનમાં પ્રણાલિગત પોથીચિત્રો અથવા મિનિએચર ચિત્રોમાં જોવા મળે છે તે ઢબે ઊભેલી વ્યક્તિની સંપૂર્ણ શરીર આકૃતિ જોવા મળે છે. અભ્યાસની સરળતા માટે શ્રી ઉષાકાન્ત મહેતા આકૃતિઓને મુખ્ય ચાર જૂથમાં વહેંચે છે. (૧) યુરોપીય અસરયુક્ત તૈલકૃતિઓ (૨) યુરોપીય અસરયુક્ત કૃતિઓની જલરંગી નકલો. (૩) સ્થાનિક ભીંતચિત્રોની શૈલીથી પ્રભાવિત કૃતિઓ (૪) લોકશૈલીની લાક્ષણિકતા ધરાવતી કૃતિઓ.

સૌરાષ્ટ્ર, કચ્છ કે પશ્ચિમ ભારતના અન્ય પ્રદેશોની માફક દક્ષિણ ભારતમાં પણ કાચનાં ચિત્રો જોવા મળે છે. મૈસૂરના રાજદરબારમાં ટીપૂ સુલતાનના સમયમાં કાચ પર ચિત્રો દોરનાર એક ચીની ચિત્રકાર હતો તેમ કહેવાય છે. ત્યાંની 'તાંજોર શૈલી'ની કાચની ચિત્રકૃતિઓમાંની કેટલીક મદ્રાસ મ્યુઝિયમમાં સ્થાન પામી છે. આપણે ત્યાં દક્ષિણ તેમ જ પશ્ચિમ ભારતમાં સર્જાયેલ આ ચિત્રોનો સમયગાળો ૧૮મી સદીના અંતભાગથી શરૂ કરી ૨૦મી સદીની પહેલી પચ્ચીસી સુધીનો હોવાનું માની શકાય.


કાગળ અને કાચ પર ચિત્રો કરવાની કાર્યપદ્ધતિ જુદા પ્રકારની રહે છે. કાચની પારદર્શક સપાટી પર ચિત્ર દોરવાનું કામ આગવો કસબ માગી લે છે. કાગળ, કેન્વાસ, ભીંત પરની સપાટી પર ચિત્ર કરતાં સમયે કાર્યપદ્ધતિનાં વિવિધ તબક્કાઓનો ક્રમ અહીં ઊલટો થઈ જાય છે. ચિત્રકાર કોઈ પણ કાગળ ઉપર એક રેખાંકન કરે છે. એ આખું રેખાંકન કાચ ઉપર ઉતારી લે છે. તેમાં સ્ત્રી પાત્ર હોય તો ગાલના ગુલાબી શેડ, વસ્ત્રોમાં ઘેરા-આછા શેડ બનાવ્યા પછી તેના પર જે રંગ પૂરવો હોય તે પૂરે છે. જેથી શેડ આગળ દેખાય. રંગ પાછળ દેખાય. એમાં દાગીનાની જગ્યા કોરી રાખી, કાચ પાછળ પીત્તળ પાન લગાવે છે. જેથી દાગીના સોનાના હોય તેવા દેખાય છે. ચિત્રમાં લાલ, લીલો, પીળો, વાદળી જેવા માટીના રંગો વપરાતા. જળરંગી ચિત્રોમાં સરેશ, ગુંદર, વિયાયેલી ભેંસ કે ઘેટીના દૂધમાં રંગો કાલવીને વાપરતા.





જૂનાકાળે ચિત્રકાર એક ચિત્રની અનેક નકલો તૈયાર કરતો. પરિણામે સૌરાષ્ટ્ર અને કચ્છમાં એક સરખાં અનેક ચિત્રો મળી આવે છે. અમીર-ઉમરાવોના ૧૭-૧૮ વર્ષના શોખીન કુંવરડાઓ-શાહજાદાઓ તો વળી કામસૂત્રના સંભોગનાં કાચચિત્રો તૈયાર કરાવીને દીવાને-ખાસમાં રાખતાં. જ્યાં અન્યને પ્રવેશવાની મનાઈ હતી. કચ્છમાં બનતા અરીસા પરનાં રંગીન ચિત્રો ઘરની બારશાખાની આજુબાજુ રાખવાની એક ફેશન થઈ ગઈ હતી. ગ્રામપ્રજાને આવાં ચિત્રો ખૂબ જ પસંદ પડતાં. કાચચિત્રોની કલા લુપ્ત થયા પછી હજુ ક્યાંક ક્યાંક રડ્યાખડ્યા કલાકારોમાં વઢવાણના એહમદભાઈ મીરઝા આવાં કાચચિત્રો બનાવે છે. હળવદના શ્રી અશોક સોનગરા આવાં ચિત્રો બનાવે છે, સંગ્રહે છે અને પ્રદર્શનો પણ યોજે છે. ભારતીય કાચચિત્રોની વિદેશોમાં મોટી માગ હોવાથી ફેરિયાઓ દ્વારા સારાં ચિત્રો વિદેશમાં પહોંચી ગયાં છે. બાકી થોડાં સંગ્રહસ્થાનોમાં સચવાયાં છે. પ્રારંભના કમાંગરી અસરવાળાં ચિત્રો અને રાજા-મહારાજાઓના પોટ્રેટ કાચ પર સુંદર થયાં છે. એ પછી રંગો તેજસ્વી રહ્યા પણ રેખાઓ શિથિલ અને આકૃતિઓ નબળી આવી. છેવટે કાળક્રમે કાચચિત્રોની કલા લોકજીવનમાંથી સાવ ભુલાઈ ગઈ. એ પુનઃ જીવતી થાય એ જરૂરી છે.

(ચિત્રો : આયનામહેલ મ્યુઝિયમના સૌજન્યથી)



# ગુજરાતની હસ્તલિખિત પોથીઓ

ઉત્તર ભારતની સંગીતકળા માટે જૂના કાળે એક ઉક્તિ જાણીતી હતી :

**'ઘર ઘર ઢોલકી, ઘર ઘર તાન;**
**ઉસકા નામ હિંદુસ્તાન.'**

માત્ર સંગીત જ નહીં પણ વિદ્યા, કલા, સંસ્કાર અને સંસ્કૃતિની દ્રષ્ટિએ જગત આખામાં ભારતનો જોટો જડે એમ નથી. ભારત પાસે શિલ્પ, સ્થાપત્ય, જ્ઞાનવિજ્ઞાન, વિદ્યા અને સાહિત્યના પ્રાચીન ગ્રંથો અને ચિત્રિત પોથીઓનો સમૃદ્ધ વારસો છે, નિજી સાંસ્કૃતિક વિરાસત છે. આ વિરાસતની જ વાત કરીએ તો માત્ર હસ્તલિખિત પોથીઓની સમૃદ્ધિની દૃષ્ટિએ પણ ભારત વિશ્વભરમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

અહીં પોથીઓના શ્રી ગણેશ માંડ્યા છે એટલે પોથી શબ્દનો અર્થ પણ જાણી લઈએ પ્રાકૃત્તિમાં પોત્થિયા અને સંસ્કૃતમાં જેને પુસ્તિકા કહીએ છીએ એને માટે ગુજરાતીમાં પોથી શબ્દ વપરાય છે. પોથી એટલે ચોપડી, પુસ્તક, ગ્રંથ, ધર્મનું પુસ્તક, છાપેલાં લખેલાં છૂટાં પાનાંનો સંગ્રહ. લૂગડાના કટકામાં બાંધેલું હસ્તલિખિત કે છાપેલું પુસ્તક અથવા હસ્તપ્રતનાં પાનાં. પોથી સાથે જોડાયેલી એક-બે મજાની કહેવતો પણ મળે છે. 'પોથી પંડિત હોવું' અભ્યાસમાં નિરંતર રત રહેનાર વ્યક્તિ કે વિદ્વાન માટે કહેવાય છે. 'પોથીમાંનાં રીંગણાં' બીજાને ઉપદેશ દેવાનો પણ જાતે આચરણ નહીં કરવાનું એને માટે વપરાય છે.

એક સર્વેક્ષણ અનુસાર ભારતીય જ્ઞાન ભંડારોમાં આશરે ૪૦ લાખ જેટલી હસ્તપ્રતો હાંફતી પડી હોવાનું કહેવાય છે. માત્ર ગુજરાતમાં જ દસ લાખ જેટલી હસ્તપોથીઓ હોવાનું અનુમાન છે. સને ૨૦૦૬ના વર્ષમાં ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગ અંતર્ગત હસ્તપ્રત મિશન દ્વારા ગુજરાત રાજ્યમાં હસ્તપોથીઓની શોધ-સર્વેક્ષણનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં રાજ્યના ૧૮ જિલ્લાઓમાંથી આઠ લાખ જેટલી અલભ્ય હસ્તપોથીઓનો ખજાનો ખૂલવા પામ્યો હતો. ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાંથી ૫૪,૯૧૧ જેટલી





હસ્તપોથીઓ હાથ લાગી હતી.

પ્રાચીન ભારતીય જ્ઞાન ભંડારોમાંથી આયુર્વેદ, મંત્રતંત્ર, જ્યોતિષ, કળા, વિજ્ઞાન, ઈતિહાસ, ઔષધ, સાહિત્ય, દર્શન, ખગોળ, વર્ષાવિજ્ઞાન, અને વિદ્યાઓના વિવિધ વિષયો પર સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, અરબી, જૂની, ગુજરાતી, ફારસી, કન્નડ, તેલગુ, મલયાલમ જેવી ભાષામાં અને બ્રાહ્મી, દેવનાગરી અને બોડિયા અક્ષરોમાં લખાયેલી હસ્તપોથીઓ સંપ્રાપ્ત થઈ છે. એને જાળવવાનું પુણ્યકાર્ય કેટલાક જૈનાચાર્યો, જૈન સંસ્થાઓ, કલાપ્રેમી રાજવીઓ, સાહિત્ય, કળાના શોખીન કળાપ્રિય નાગરિકો અને સંગ્રહાલયો દ્વારા થયું છે એ આનંદ અને ગૌરવની વાત છે. જૈન જ્ઞાનભંડારોમાં જૈન-જૈનેતર કૃતિઓનો તરોવરો કર્યા વગર સમગ્ર ભારતીય સાહિત્ય પૈકી જે કંઈ પ્રાપ્ત થયું છે, તેને જાળવવાના નિષ્ઠાભર્યા પ્રયત્નો થયા છે તેની નોંધ લેવી ઘટે.

આપણે ત્યાં છાપખાનાંઓ શરૂ થયાં તેનાં સેંકડો વર્ષ અગાઉ લહિયાઓ દ્વારા પવિત્ર શાસ્ત્ર ગ્રંથો લખાવવાની અને તેને અત્યંત આદરપૂર્વક જાળવી રાખવાની પ્રથા અસ્તિત્વમાં હતી. આમ હસ્તપોથીઓ, હસ્તપ્રતો અને તેની પ્રતિલિપિઓ કરનાર લહિયાઓની આગવી અને પ્રાચીન પરંપરા રહેવા પામી છે. પાંચમીથી આઠમી સદી પર્યંત સૌરાષ્ટ્રનું વલ્લભીપુર બ્રાહ્મણ, જૈન અને બૌદ્ધવિદ્યાઓનું મહા કેન્દ્ર હતું. એ વખતે ઈ.સ. ૪૫૩માં દેવર્ધિગણ ક્ષમાક્ષમણના અધ્યક્ષસ્થાને ત્યાં જૈન પરિષદ મળી હતી. એ સમયે સમગ્ર જૈનશાસ્ત્રોને લિપિબદ્ધ કરીને તેની પ્રતો દેશના વિવિધ ભાગોમાં મોકલવામાં આવી હતી. આરબોના આક્રમણ પછી વલ્લભીપુરની બચેલી હસ્તપ્રતોની નકલો કરીને પાટણ લાવવા માટે સિદ્ધરાજ જયસિંહે (ઈ.સ. ૧૦૯૪થી ૧૧૪૩) ત્રણસો લહિયાઓ પાસે હસ્તપોથીઓની પ્રતિકૃતિઓ કરાવી હતી. જૈન આગમ ગ્રંથોની રચના મગધમાં થઈ પણ છેવટનું સંકલન કુમારપાળના રાજ્યકાળ (ઈ.સ. ૧૧૪૩ થી ૧૧૭૪) દરમ્યાન પાટણમાં થયું. હેમચંદ્રાચાર્ય આદિ વિદ્વાનો, પંડિતો રાત-દિવસ ગ્રંથોની રચના કરતા. એક મોટા સ્થાને શાહીની પડનાળ ભરેલી રહેતી. તેમાંથી લહિયાઓ ગ્રંથોની નકલો ઉતારવામાં રચ્યાપચ્યા રહેતા. એમ કહેવાય છે કે, સિદ્ધરાજ જયસિંહે સિદ્ધહેમ વ્યાકરણની સવાલાખ નકલો તૈયાર કરાવી વિદ્યાકેન્દ્રોમાં મોકલાવી હતી. પાંચમીથી ઓગણીસમી સદીની અનેક પાંડુલિપિઓ ભોજપત્ર, તાડપત્ર અને ચર્મપત્ર પર ઉપલબ્ધ થાય છે. ગુજરાતમાં ૧૧મી, ૧૨મી સદીથી કાગળ પર હસ્તપ્રતો તૈયાર થતી હતી.

આવી હસ્તલિખિત પોથીઓ તૈયાર કરવા માટે જયપુર પાસેના સાંગાનેર ગામનો શણના માવામાંથી બનાવેલો હાથ બનાવટનો સાંગનેરી કાગળ જ વપરાય છે. એમ કહેવાય છે કે આ કાગળ ૭૦૦થી ૮૦૦ વર્ષ સુધી ટકે છે. કાગળની સાથે ખાસ પ્રકારની શાહી અને કલમ જોઈએ. એની વિગત આપતા શ્વેતા શાહ નોંધે છે કે તાંબા અથવા કાંસાના દીવામાં તલનું તેલ નાખી દીવાને ચારે બાજુથી ઢાંકી દઈ ઉપરની બાજુએ કાંસાની થાળી ધરી મેશ ભેગી કરવામાં આવે છે. ૧૦૦ ગ્રામ મેશ દીઠ ૧૫૦ ગ્રામ હીરાબોળ, ૨૫૦ ગ્રામ દેશી બાવળ કે લીંબડાનો ગુંદર




લઈ ત્રણેયના મિશ્રણને કાંસાના વાસણમાં પલાળી રાખી અકીક વડે ઘૂંટીને અસલ દેશી શાહી બનાવવામાં આવે છે.

ભોજપત્ર અને તાડપત્ર માટે જુદી શાહી જોઈએ. એના માટે બદામનાં ફોતરાંની રાખ બનાવી, તેને ગોમૂત્રમાં ઉકાળીને કાજળ, ગુંદર, લાખ, હીરાબોળ, હરડાં-બહેડાં, ભાંગરો વગેરે નાખીને કાળી શાહી બનાવાતી. જ્યારે લાલ શાહી અળતો કે હિંગળોકમાંથી બનાવાતી. હરતાલમાંથી પીળી અને સોના- ચાંદીના વરખમાંથી સોનેરી રૂપેરી શાહી બનતી. એની વિવિધ રીતો પ્રાચીન ભારતીય ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. આ બધી શાહી 'ઘમષી' કહેવાતી.

હસ્તલિખિત પોથીઓ તૈયાર કરવા માટે લહિયાઓ આઠ-નવ આંગળની કાળા બરું, ધોળા બરું, વાંસની જાતના બરું, તજિયાના બરુમાંથી બનાવેલી ખાસ કલમ કે કિત્તો વાપરતા. તેને 'ઘવતરણું' કહેતા. આવી કલાપૂર્ણ પોથીઓ તૈયાર કરવા માટે લહિયાને મષીપાત્ર અર્થાત્ ખડિયો, કલમ, શાહી, કાગળ, આંકવાનું ઉપકરણ ધફાંટિયું અર્થાત્ આંકણી, કેશ-માથાનો વાળ, કાંબળ-બેસવા ઊનનું આસન, કુશ અર્થાત્ પવિત્ર ડાભ, કૃપાણિકા-છરી, કાતર, કાષ્ટપાટી-પાનાં મૂકીને લખવા લાકડાની પાટી, કીકી-સારી દૃષ્ટિ આંખ, કોટડી - હવા ઉજાસવાળી જગા, કલમદાન-કલમ, કાતર, છરી મૂકવા ક્રમણ- પલાંઠી મારીને બેસી શકાય તેવા સાબૂત પગ, કટિ-ટટ્ટાર બેસીને લખવા માટે મજબૂત કમર, કાંકરો-છરીની ધાર કાઢવાનો પથ્થર. આમ હાથ હૈયું, અંગ ને આ બધી વસ્તુઓ એકરૂપ થતી ત્યારે એક કલાપૂર્ણ હસ્તપ્રતનું સર્જન થતું. આવી મહામૂલી કૃતિઓના કદરદાનો પણ એ કાળે હતા. આજથી ૧૦૦ વર્ષ પહેલાં મહારાજા સયાજીરાવ ત્રીજાના સમયમાં રાજ્યમાં હસ્તપ્રતોને સાચવવા માટે વ્યસ્થિત સંદૂકો નહોતી. ત્યારે મહારાજાએ કહ્યું કે 'હીરા, માણેક ને ઝરઝવેરાતનાં આભૂષણો અન્યત્ર મૂકો અને એ કબાટો હસ્તપ્રતોની જાળવણી માટે વાપરો.' આવાં જતન થાય તો આ વારસો જળવાય અન્યથા જીવજંતુઓ ઓહિયા કરી જાય.

જૂનાકાળે ગૃહસ્થીઓ વ્યવસાય અને કુટુંબ જંજાળમાં રત રહેવા છતાં શ્રુતજ્ઞાન માટે દ્રવ્ય ખરચીને પુણ્યની પ્રાપ્તિ માટે ધાર્મિક પોથીઓ લખાવતાં, પણ માવજતના અભાવે કાળક્રમે તે નાશ પામતી અને નદીઓમાં પધરાવી દેવાતી. ગામડાંઓમાં ગોરજીઓ, યતિઓ, પૂજારીઓ એને જીવની પેઠે જતન કરીને જાળવતા. ઊધઈ, ભેજ કે અન્ય જંતુઓથી પોથીઓને બચાવવા માટે જંતુનાશક દવાઓને બદલે ઘોડાવજ, કાળીજીરીની પોટલી, સાપની કાંચળી, તમાકુ, તુલસી, લીમડાનાં પાન કે લોબાન જેવી દેશી અહિંસક વસ્તુઓ ઉપયોગમાં લેવાતી. આ પોથીઓ માટે કરાવેલા કબાટો પણ બેનમૂન છે. ખંભાતના જૈન જ્ઞાનભંડારોમાંથી કેટલાંક ખૂબ સુંદર બારીક નકશાવાળા કબાટો મળી આવ્યા છે. આ કબાટોમાં એકેક ગ્રંથને બે પૂંઠાની પાટલીઓની વચમાં મૂકીને તેના પર મજબૂત રીતે પોથીબંધનના નામે ઓળખાતા દોરી (પાટી) વાળા રૂમાલ વીંટવામાં આવ્યા છે. કબાટના દરેક ખાનામાં ગંધારા વજના ચૂર્ણની મજાની પોટલીઓ બાંધીને મૂકેલી છે.

ગુજરાતમાં જ્ઞાનભંડારોની પરંપરા વલ્લભીપુર અને શ્રીમાલથી ચાલી આવે છે. માળવાની સારસ્વત સમૃદ્ધિ ઉપરથી પ્રેરણા લઈને સિદ્ધરાજ અને કુમારપાળે રાજ્ય તરફથી હસ્તપોથીઓના જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. આજે અમદાવાદ, પાટણ, વડોદરા, કોબા અને છાણીના જ્ઞાનભંડારોમાં ૧૨મીથી લઈને ૧૯મી સદી સુધીમાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષામાં લખાયેલ પોથીઓ સચવાઈ છે. ડૉ. જયકુમાર શુકલ લખે છે કે ગુજરાતના જૈન જ્ઞાનભંડારોમાં અંદાજિત ચાર લાખ જેટલી હસ્તપ્રતોનો સંગ્રહ છે. આ બધી હસ્તપ્રતો ઈતિહાસ અને સંસ્કૃતિના



આલેખનના સાધન તરીકે બહુમૂલ્ય ધરાવે છે. પાટણનાં બધાં જ્ઞાનભંડારોમાં ૩૦ હજાર જેટલી પોથીઓ છે. તેમાંની કેટલીક તો સોનાની અને ચાંદીની શાહીથી લખેલી અમૂલ્ય છે.

અમદાવાદના લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં આશરે ૫૫ હજાર જેટલી સચિત્ર હસ્તપ્રતપોથીઓ સચવાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટના ગુજરાતી ભવનમાં ૨૦ હજાર જેટલી, અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં ફારસી, અરબી, પ્રાકૃત, સંસ્કૃત, હિંદી અને જૂની ગુજરાતી ભાષાની ૧૦ હજાર જેટલી જ્ઞાનપોથીઓ જળવાઈ છે. વડોદરાના પ્રાચીન વિદ્યામંદિરમાં ૨૭ હજાર જેટલી તેલગુ, કન્નડ, બંગાળી મલયાલમ અને ઉડિયા ભાષાની પોથીઓ જળવાયેલી છે. ખંભાતના જ્ઞાનભંડારોમાં ૧૫ હજાર જેટલી હાથપોથીઓમાં કેટલીક તાડપત્રીય પ્રતો અને કેટલીક સંસ્કૃત, પ્રાકૃતમાં લખાયેલી ૧૨મી, ૧૪મી સદીની અલભ્ય પોથીઓ જોવા મળે છે. પાલિતાણાના જૈન મ્યુઝિયમમાં આશરે ૧૦૦૦ વર્ષ અગાઉ હાથે લખાયેલું કલ્પસૂત્ર દર્શન માટે મૂકાયું છે. તેના ભાતીગળ રંગો આજેય એવા ને એવા તરોતાજા છે. વડોદરાના છાણી ગામના ત્રણ ભંડારો પૈકીના કાંતિ- વિજયજીના સંગ્રહમાં ચાંદીની શાહીથી લખેલી ૧૭મી સદીની કલ્પસૂત્રની હસ્તપ્રત પણ નોંધનીય ગણાય છે. હેમચંદ્રાચાર્યના જ્ઞાનમંદિરમાં સોના- ચાંદીની શાહીથી લખાયેલી હાથપોથીઓ છે. જામનગરની આયુર્વેદ યુનિ. સુરત સરદાર પટેલ સંગ્રહસ્થાન, લીંમડી, ભાવનગર, જૂનાગઢ વગેરે સ્થાનોએ હજારો હસ્તપોથીઓ દ્વારા આપણો વિદ્યાવારસો સચવાયો છે.

આ સાંસ્કૃતિક વારસાની શોધખોળ સાથે સંકળાયેલા ડો. મણિભાઈ પટેલ નોંધે છે કે સમી તાલુકાના મુંજપુર ગામના કિરણકુમાર - ગોરજી પાસે લાકડીની દાંડી ઉપર વીંટળાયેલી પણ હસ્તપ્રતો છે. જેની લંબાઈ આઠ ફૂટ અને પહોળાઈ એક ફૂટ છે. રાધનપુરના ગોતરકા ગામના વારસિંહ બાપુ પાસે જુદી જુદી ભાષાઓની ૧૮૦૦ ઉપરાંત પ્રતો છે. આ ઉપરાંત વહીવંચા બારોટના ચોપડાની પણ એમણે નોંધ લીધી છે. દેશના અમૂલ્ય સાંસ્કૃતિક વારસાસમી હાથપોથીઓની જાળવણી અંગે જાગૃતિ આવે એ અત્યંત જરૂરી છે, જેથી નાશ પામતા મૂલ્યવાન વારસાની જતન કરીને જાળવણી કરી શકાય.



# ગુજરાતમાં રમકડાંની પ્રાચીન પરંપરા

બાળકોના અંતરમાં આનંદનો અબીલગુલાલ ઉડાડતાં રંગરૂપ મઢ્યા રમકડાંની વાત કરું છું ત્યારે ધંધુકા તાલુકાના ભાલપંથકમાં આવેલ આકરુ ગામની ધરતીની ધૂળમાં રમીભમીને સાઇઠ વર્ષ પૂર્વે વિતાવેલા બાળપણના મધુર દિવસો સ્મૃતિપટ પર જીવંત બની જાય છે. છ-સાત વર્ષની ઉંમરના ઉંબરે અલપઝલપ કરતાં અમે સરખેસરખા ભેરુબંધો ઉનાળાની સાંજે ગામના તળાવકાંઠે જઈ કાળી, ચીકણી માટીનો પીંડો લાવી એ ગદરા (ગારા)માંથી આવડે એવાં ગાય, બળદ, ખૂંટિયા, ગાડાં, ઘર સાંઢિયા ને ઢીંગલી જેવાં રમકડાં બનાવી, સૂકવી એના વડે અમે રમીને મજા કરતાં. એ કાળે આજના જેવાં રમકડાં અમારા નસીબમાં ક્યાં હતાં? દેવીપૂજકો અને મારવાડી લુવારિયા બાઈઓ સૂંડલામાં ઘંટીઘોડા ને ડગડગિયા ગાડીઓ લઈને વેચવા આવતી. એ વખતે આવાં સાદાં રમકડાં ખરીદવાની ત્રેવડેય ક્યાં હતી? મારી બા વેચવા વાળીને રોટલો આપીને બદલામાં અમને આવાં રમકડાં લઈ આપતી. આજે તો પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કરતાં કરતાં રમકડાંનું આખુંયે વિશ્વ આંખ આગળ ખડું થઈ જાય છે.



રમકડાંના અનેક રસપ્રદ અર્થો 'ભગવદ્ગોમંડળ'માંથી આ પ્રમાણે સાંપડે છે. (૧) રમકડું એટલે આનંદી, રંગીલો, હસમુખો, ખુશમિજાજી માણસ. (૨) મન ખીલે કે આનંદ પામે તેવી ચીજ, જેની ખરેખર કિંમત કાંઈ નહીં, પણ જોઈને ખુશ થવાની વસ્તુ. પણ અહીં આપણને રમકડાંનો અર્થ નાનાં છોકરાંને રમવાની વસ્તુ, ખિલૌના, ખેલવણું, માટી, કાચ, લાકડું, લૂગડું કે કાગળમાંથી બનાવેલ પૂતળી, ઘોડો, હાથી ઊંટના આકારો, જેના વડે બાળક રમીને આનંદ પામે છે. લોકજીવનમાં આ રમકડાંની કહેવતો પણ જાણીતી છે. (૧) રાજરમકડું : અર્થાત્ : રાજાને ગમે તે પ્રકારે રાજી રાખનાર વ્યક્તિ. (૨) રમકડું બની રહેવું : અર્થાત્ : રમકડાંની માફક કોઈને વશ રહી જેમ રમાડે તેમ રમવું. બીજાને વશ વર્તી રહેવું. એ નચાવે તેમ નાચનાર થવું. રમકડાંની મજાની વ્યાખ્યા આપતા ડૉ. અજય કોઠારી કહે છે કે, 'અંગ્રેજીમાં રમકડાંને Toy -ટોય કહે છે. (T=Todder એટલે બાળક O=Old એટલે વૃદ્ધ અને Y=young એટલે યુવાન) બાળક, વૃદ્ધ અને યુવાન સર્વને લલચાવે, લોભાવે, રમવા માટે આકર્ષે એ ચીજ તે રમકડું.'

વિશ્વની પ્રત્યેક સંસ્કૃતિ પાસે પોતાનાં આગવાં રમકડાં હોય છે. જેમાં તે સમયના રીત-રિવાજોનું પ્રતિબિંબ પાડે છે. બાળકોને

રમવા માટે સૌ પ્રથમ રમકડાં માટીનાં હશે એવું મનાય છે. કારણ કે ઈ. સ. પૂર્વે ૩૦૦૦થી વધારે પ્રાચીન ગણાતી ઇજિપ્તની એક કબરમાંથી માટીનો બનાવેલો કૂતરો મળી આવ્યો છે. દુનિયાનું સૌથી જૂનું રમકડું કદાચ દડાને ગણાવી શકાય. ૫૦૦૦ વર્ષ જૂના ઈજિપ્તના રાજ્યના પિરામિડમાંથી સૌથી પ્રિય વસ્તુ તરીકે રાખેલો ચામડાનો દડો મળી આવ્યો છે.



પહેલા ઈજિપ્ત, રોમ અને ગ્રીસમાં બાળકોની કબરમાં રમકડાં મૂકવાનો રિવાજ હતો. ઢીંગલી એ જગતભરના દેશોમાં બાળકોનું માનીતું રમકડું રહ્યું છે. ૧૪મી સદીમાં યુરોપિયન દેશોમાં ઢીંગલી શુભેચ્છાનું પ્રતીક અને ફેશન ગણાતી.

આપણે હડપ્પા, મોહેં-જો-દડો, ધોળાવીરા, લોથલ વગેરે સિંધુ ખીણની સંસ્કૃતિ વિશે જાણીએ છીએ, પણ આપણામાંથી કેટલાને ખબર છે કે મોહેં-જો-દડોમાં ઢગલાબંધ સુંદર રમકડાં બાળકો માટે વિશેષરૂપે બનાવવામાં આવતાં. ભારતમાં દર્શિતરૂપની સંસ્કૃતિ મોહેં-જો-દેડોની છે. તેમાંથી માટીનાં અવનવાં રૂપ તથા ઘાટવાળાં પાત્રોની સાથે ચારેક હજાર વર્ષ જૂની આ પરંપરા કચ્છ-સૌરાષ્ટ્રની ગ્રામ્ય શૈલીમાં તૈયાર થયેલાં રમકડાંઓમાં જોઈ શકાય છે. મોંહે-જો-દડોમાંથી મળી આવેલાં બળદગાડી, વાંદરો, સાંઢડો, પૂતળી, ત્રણ કાણાંવાળી સિસોટી, ગોળ દડા જેવો ભોરિંદો (વાદ્ય) જેવા ઘાટ-વળોટવાળાં રમકડાં ગઈ કાલ સુધી કુંભારણો અને વેડવા દેવીપૂજકોની સ્ત્રીઓ બનાવીને ઘરોઘર ફરીને વેચતી. આવાં રમકડાં અનાજ આપીને માતા પોતાનાં દેવ-દીધાં બાળુડાંઓ માટે ખરીદતી. સૌરાષ્ટ્રમાં રાય અને રંક બેઉ માટેનાં માટીનાં રમકડાંમાં ઝાઝો ફેર નથી હોતો. સૌના લાડકવાયા માટીના ઘોડલે રમે છે અને બાળપણની મોજમજા લૂંટે છે.

ભારતવર્ષમાં પકવેલી માટીનાં રમકડાંની રીત-રચના લોકજીવનમાં સદીઓ પુરાણી છે. માટીનાં ઠામડાં (વાસણો) બનાવનાર અને પકવેલાં રમકડાંનો રચનાર આપણો કુંભકાર (કુંભાર) એને આપણો સૌ પ્રથમ શિલ્પી ગણવો જોઈએ. એમ શ્રી ખોડીદાસ પરમાર નોંધે છે. એણે માનવી માટે પાણી રાખવાનાં ઠામ-વાસણનાં ઘાટ બનાવ્યાં ઉપરાંત માનવબાળને રીઝવવા તથા પોતાની હૈયાસૂઝને અદકેરું રૂપ આપવા માટીના હાથી, ઘોડા, પૂતળી જેવાં વિવિધ પ્રકારનાં પશુ પંખીઓનાં ઘાટવળોટવાળાં રમકડાં બનાવી, એના માથે રંગરોગાન કરી કાલાંઘેલાં બાળકોને રીઝવ્યાં છે. એ રીતે માટીકામની પ્રાકૃત કલાને લોકસંસ્કારરૂપે અવતારીને એણે દ્રશ્યમાન કરી છે. માટીના એ કલાકારોએ સ્પર્શમધુર ભીની માટીને કેળવી પોતાના હાથના ઋજુ તથા કલાત્મક સ્પર્શથી દબાવી, મસળી, પીંડાસ્વરૂપે ચાકડા માથે ચડાવી એમાંથી અવનવાં રૂપો અને વિવિધ ઘાટો સર્જ્યાં છે. હાથે બનાવેલાં આ રમકડાંઓમાં તેમની કલાકક્ષા દેખાઈ આવે છે.

આપણે ત્યાં હડપ્પા-મોહેં-જો-દડો ઉપરાંત પટણા, મથુરા, કૌશામ્બી, રાજઘાટ વગેરે સ્થળોએ થયેલાં ઉત્ખનન દરમ્યાન પ્રાક્મૌર્ય અને ગુપ્તકાળના માટીનાં પકવેલાં રમકડાં મળી આવ્યાં છે. મૌર્યયુગમાં માટીનાં બનાવેલાં રમકડાં મોટે ભાગે સાદાં અને હાથે બનાવેલાં જ તૈયાર થતાં. એવાં રમકડાં બનાવવા માટે પ્રથમ તેનાં અંગ-ઉપાંગો જુદાંજુદાં તૈયાર કર્યા પછી તેમને ધડ જોડે બેસાડી દેવામાં આવતાં, જેથી એ સમયનાં રમકડાંઓમાં ઘણી વિવિધતા જણાતી. આમ છતાં એ સર્જનોમાં એક પ્રકારની સળંગ સૂત્રતા જળવાઈ રહેતી. આ યુગમાં માનવીય આકૃતિઓ વધુ પ્રમાણમાં સર્જી છે. એનું કારણ એ કાળે ધાર્મિક વૃત્તિ ધરાવતા લોકોનાં ઘરોમાં દેવીરૂપે માતૃકાની પૂજા કરવામાં આવતી એ હોઈ શકે. શૃંગકાળમાં યક્ષિણીઓની પણ પૂજા થતી. એ કાળે અધખુલી અને અલંકારખચિત સ્ત્રીમૂર્તિઓ પ્રમાણમાં ખૂબ બની છે. એ સમયે રંગલેપનવાળી મૂર્તિઓ પણ બનતી. કુશાણકાળ દરમ્યાન સર્જાયેલાં પકવેલી માટીનાં રમકડાંઓમાં પ્રમાણમાં ઘણું વૈવિધ્ય દેખાય છે. એની પાછળ પરદેશી અસર પણ જોઈ શકાય છે.

ગુપ્ત સમયનાં રમકડાં પણ આપણને મળે છે. એ કાળે કુંભારો ચાકડા ઉપર તેમ જ રમકડાંના કારીગરોએ બીબાં વડે તથા હાથથી અનેક પ્રકારનાં રમકડાં બનાવ્યાં છે. આ રમકડાંઓને નીંભાડામાં પકવી એના પર પ્રથમ ધોળી માટીનો લેપ કર્યા પછી વિવિધરંગી ચિતરામણો કરીને એને નયનરમ્ય બનાવ્યાં છે. શુદ્રક, કાલિદાસ અને બાણની કૃતિઓમાં રમકડાંના ઉલ્લેખો મળે છે. શુદ્રકના નાટક મૃચ્છકટિકમ્‌માં માટીની ગાડીની વાત જાણીતી છે. ‘હર્ષચરિત’માં બાણ પોતાના મૂર્તિકાર મિત્રની યાદ પણ આપે છે. એ કાળે ‘પોત્થકમ’, ‘લેપ્યકમ’વગેરે રમકડાંના પ્રકારો વર્ણવાયાં છે.

આઠમી-નવમી સદી પછી પકવેલી માટીનાં રમકડાંના નમૂના મળતાં નથી, પણ એ પ્રકારના લઘુ આકારો મધ્યકાળમાં ચીતરાયેલી અપભ્રંશ શૈલીની જૈનપોથીઓમાંથી ચીતરાયેલા વિશેષરૂપે જોવા મળે છે. રંગીન સ્વભાવના શોખીન મોગલ રાજવીઓનાં ચિત્રોમાં ભાતભાતનાં અવનવાં માધ્યમનાં રમકડાં જોવા મળે છે. આમાં પરદેશી અસર વરતાઈ આવે છે. મરાઠાયુગમાં અને બ્રિટિશ અમલ દરમ્યાન ભારતીય રમકડાંઓમાં ઘણી નવીનતા પ્રવેશ પામી હોવાનું જણાઈ આવે છે.



લોકરમકડાં સાથે સૌરાષ્ટ્રનાં સંસ્કાર અને સંસ્કૃતિ જોડાયેલાં રહ્યાં છે. અમુક કોમોમાં પુત્ર જન્મ થાય ત્યારે આનંદના રૂડા અવસરે કુંભારણ આ બાળારાજા માટે પકવેલી માટીનો ધોળો અને કથ્થાઈ કે ગેરુ રંગ કરેલો હાથી તથા ઘોડો એના આંગણે મૂકી આવે છે. એની પાછળ શુભ ભાવના એવી રહી છે કે આ દીકરો મોટો થઈને હાથી-ઘોડા પર રાજદ્વારે મ્હાલે. આ હાથી-ઘોડાના બદલામાં કુંભારણ સવા રૂપિયો, શ્રીફળ અને સવા પાલી ઘઉં કે ચોખાનું ‘અખિયાણું’ આપી એને રાજી કરાય છે. કુંભારણનો આ હક ગણાય છે. આ રિવાજ કચ્છ પ્રદેશમાં આજેય જોવા મળે છે.

હડપ્પન કાળથી માટીકળાની વિશિષ્ટ પરંપરાને જાળવી

રાખનાર કુંભારણો દિવાળીના પરબના દિવસો આવતા આવાં રમકડાં બનાવે છે અને ઘેર ઘેર ફરી સમૃદ્ધિ અને શુકનના પ્રતીકરૂપે ઘોડો, હાથી, ઘંટી વગેરે મૂકી જાય છે. વેડવા દેવીપૂજક સ્ત્રીઓ સાતમ-આઠમના અવસરે ઘંટી, ઘોડો, ઘોડવેલ બનાવી શેરીએ શેરીએ ફરીને વેચે છે અને વિનિમયમાં અનાજ તથા રોટલા મેળવે છે. આજે હવે આ બધી બાબત ભૂતકાળના અવશેષસમ બની ગઈ છે. પ્લાસ્ટિકનાં રમકડાં ગામડાંઓમાં ઘરોઘર પહોંચી ગયાં છે. થોડાં વરસો પૂર્વે લોકસંસ્કૃતિપ્રેમી રામસિંહજી રાઠોડ ભૂજથી અમદાવાદ આવતા ત્યારે ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સંગ્રહ માટે બુઢાચાચા નામના મુસ્લિમ કુંભારે બનાવેલાં રમકડાં ખાસ લઈ આવતાં. આજે નથી બુઢાચાચા કે નથી હયાત રામસિંહજી રાઠોડ. એમનાં આપેલાં રમકડાં એમની યાદ તાજી કરાવે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને ગ્રામ ટેક્નોલોજી સંસ્થાના પ્રયત્નોથી આ રમકડાં ઉદ્યોગ નવજીવન પામી રહ્યો છે.



સૌરાષ્ટ્રમાં આજેય ગ્રામલોકો પોતાના ઘેર ઈષ્ટદેવો કે પૂજનીય કુળદેવીઓનું સ્થાપન કરે છે ત્યારે એ દેવ-દેવીઓની કાચી માટીની મૂર્તિઓ બનાવીને કુંભારણો મૂકી જાય છે. એ મૂર્તિઓ શુદ્ધ લોકશૈલીનાં મૂર્ત-અમૂર્ત સ્વરૂપની હોય છે, પણ એમનાં જે વાહન પ્રતીકો હોય છે એ દેવ-દેવીઓ સામે મુકાય છે. એ પકવેલી માટીનાં હોય છે. તેમાં ‘રાંદલનો ઘોડો’ ‘બૂટમાતાનો સાંઢિયો’ વગેરે મુકાય છે. આવા પકવેલી માટીના દેવોના વાહન પ્રતીકો દેવ-દેવીઓના મઢ કે દેરા પાસે અને વનવાસીઓના દેવોના સ્થાનક આગળ સંખ્યાબંધ ધરાવેલાં પડ્યાં હોય છે. આ રમકડાં દેવોની બાધા-માનતા પ્રસંગે ચડાવવામાં આવે છે. રામદેવપીરના સ્થાનકે દરજીએ સીવીને બનાવેલા અસંખ્ય ઘોડા ટીંગાડેલા જોવા મળે છે. ગુજરાતના લોકવરણમાં રાંદલમાતા, મેલડીમાતા અને પીરોને સ્થાનકે માટી, કપડાં કે કાગળના ઘોડા ચડાવવાની પ્રથા આદિવાસીઓ પાસેથી આવી હોય કે પછી પ્રાચીન ભારતની અશ્વમેઘ યજ્ઞની પ્રથામાં આ રિવાજનું મૂળ હોવાનું સંભવી શકે. મહોરમના તહેવારમાં તાબૂત (તાજિયા)ની સાથે ક્યારેક આવા ઘોડા બનાવવામાં આવે છે. તેને ‘પીરના ઘોડા’ કહેવાય છે.

સૌરાષ્ટ્રના દેવીપૂજકોએ પણ કાગળના કલાત્મક રંગબેરંગી રમકડાં બનાવવાની કળા હસ્તગત કરી છે. શીતળાસાતમ કે ગોકુળઆઠમના મેળામાં તળાવને કાંઠે બેસી કાગળિયાંને રંગી, મલોખાં

કે સાઠિકડામાં બાવળની સોય ખોસી હવામાં ફરતાં ફરફરિયાં અને રંગીન કપડાં પર પિત્તળ પાનાં મઢીને રૂપાળા મોર-પોપટ બનાવી બાળકોને ઘેલાં કરતા. દેવીપૂજકોનો બાપિકો ધંધો ગામડામાં ઘરોઘર બાવળનાં દાતણ નાખવાનો અને તળાવમાં વાડા કરી ચીભડાં, ટેટી ને શાકબકાલું ઉગાડવાનો, પણ મેળાની મોસમ આવતાં જ દેવીપૂજક દંપતિ રંગબેરંગી રમકડાં બનાવવા બેસી જાય છે. લાલ, ભૂરા, લીલા, પોપટ ને ચકલી બનાવે છે. પિત્તળ પાન વડે પીઠ પર ગળા પરના કાંઠલા અને પીઠ પર ભાતો ઉપસાવે છે. પીઠ પર રબ્બરની દોરી લગાડી પોપટને ઊડતાં કરે છે. રંગીન કપડાંની નાની-મોટી કોથળીઓ બનાવી તેમાં ચોખાનાં ફોતરાં ભરી હાથી, ઘોડા, પોપટના ભરાવદારને વળાંકદાર શરીર બનાવે છે. વાંસની સળીથી હાથી-ઘોડાના ચાર પગ બનાવે છે. ઘોડાનો સામાન બનાવી રૂપેરી, સોનેરી પિત્તળ પાન બનાવે છે. પાતળા ને રંગીન કાગળને બારીક કાપી કેશવાળી બનાવે છે. ઘોડાનું પૂંછડું બનાવે છે. એના મોઢા પર કાળા કાગળમાંથી કાપીને ગોળ મોટી કાળી આંખો બનાવે છે. પીળા પીળા સૂરજ જેવા ચકરડા કાપીને ડોકથી નીચે એક અને છાતી પર બંને બાજુએ લગાવી શોભા કરે છે. દોરા વડે ઘોડાની ડોક ટટ્ટાર કરી એની છટામાં ઓર વધારો કરે છે. સળી પર ત્રિકોણ વાવટો હવામાં ફડફડાટ ઊડવા લાગે છે. ઘોડો તો જાણે સોનલે અને રૂપલે મઢાઈને કોઈ રણબંકડા અસવારનો થનગનતો ઘોડો બની ગયો. શ્રી ઉષાકાંત મહેતા નોંધે છે કે, 'ગામમાં ખબર પડી કે ઝાંપે પીપળા હેઠ દેવીપૂજક બેઠોબેઠો રૂડારૂપાળા ઘોડલા બનાવે છે અને ઘોડાના રૂપ તો સોનલાં અને રૂપલાંમાંથી મઢી કાઢેલા હોય તેવા દિસે છે. ગામમાંથી બે ગરાસિયા જુવાનિયા આવ્યા અને બે આધેડ કણબી આવ્યા. કોકને માતાના મઢમાં મૂકવા છે તો કોકને રાંદલમાની માનતા લીધી છે. તેમાં ચડાવવા છે તેવું કહી વધુ ઘોડા બનાવવાનું કહી ગયા.' કોઠાસૂઝવાળા આ કસબીઓ ઘોડાની જેમ પિત્તળ પાનને રંગબેરંગી કાગળને વાંસપટ્ટીઓમાંથી હેમ્મર હાથીડા બનાવે છે અને એ વેચીને એમાંથી પેટિયું (રોટલો) રળી લે છે. ગામડાંની ગરીબ પ્રજાનો આ હુન્નર ઉદ્યોગ ગણાય છે.



જૂના કાળે ગુજરાતના ઇડર, મહુવા, સંખેડા જેવાં નગરોમાં વસતા વિશ્વકર્માના વંશજ ખરાદી-સંઘાડિયાઓએ રંગીન રમકડાંનો ઉદ્યોગ ખીલવ્યો હતો. એક સમયે ઇડર રમકડાં ઉદ્યોગમાં અગ્રણી રહ્યું હતું. એમ કહેવાય છે કે મારવાડમાંથી ૨૫૦ વર્ષે આવેલા મારુ કુંભારોએ ઇડરમાં આવીને માટીકામ પડતું મૂકી ખરાદીકામ સ્વીકાર્યું, એટલે તેઓ ખરાદી અટકથી ઓળખાવા લાગ્યા. ઇડરમાં ૪૦થી ૫૦ જેટલાં ખરાદી કુટુંબો રમકડાં ઉદ્યોગ પર નભતાં હતાં. અહીં ત્રિથોલિયા દરવાજાથી પશ્ચિમ તરફ આખી ખરાદી બજાર ઊભી થઈ હતી. રાજા-મહારાજાઓના કુંવરો, શ્રેષ્ઠિઓથી લઈને સામાન્ય ગરીબ ઘરનાં લાખો બાળકો અને યુવાનોને આકર્ષનારા ઇડરિયાં રમકડાંની ખરીદી કરવા દૂરદૂરનાં શહેરોમાંથી વેપારીઓ ઊમટી પડતા. ઇડરનાં રમકડાં સુરત, મુંબઈ, ભાવનગર, કલકત્તા ને છેક દિલ્હી સુધી ડંકો વગાડતાં. ગુજરાતની મુલાકાતે આવનાર કલા અને સંસ્કૃતિપ્રેમી વિદેશીઓ ઇડરની મુલાકાતે આવતા અને અહીંના ખરાદીઓના હાથે તરાશાઈને તૈયાર થતાં રંગબેરંગી ઇડરિયાં રમકડાં ચકલી, પોપટ, મોર, ઢીંગલી, વાનર, હાથી, કંકાવટી, ધાવણી વગેરે જોઈ આનંદવિભોર બની જતા અને સંભારણાંરૂપે રમકડાં ખરીદી પણ જતાં. લાકડું મોંઘું થતાં, લોકોની પસંદગી બદલાઈ જતાં, વિદેશી યાંત્રિક રમકડાંથી બજારો ઊભરાવા લાગતાં ઇડરનો રમકડાં ઉદ્યોગ આજે સાવ નામશેષ થઈ ગયો છે. થોડાક ગણ્યાગાંઠ્યાં કુટુંબો આ ધંધામાં રહ્યાં છે બાકીના કંદોઈ, કરિયાણાની નોકરી-ધંધામાં લાગી ગયાં છે એમ શ્રી પરાજિત પટેલ નોંધે છે.

એક સમયે પ્રાચીન 'મધુમાવત' અને આજના મહુવાનગરમાં સંઘાડિયા બ્રહ્મક્ષત્રિય કારીગરોએ રંગબેરંગી રમકડાંનો ઉદ્યોગ ખીલવ્યો હતો. તેઓ વલસાડ, બિલિમોરા વગેરે જગ્યાએથી પોચું લાકડું મંગાવી તેમાંથી જુદી જુદી જાતનાં મોર, પોપટ, ઢીંગલીઓ, કાજુ, દ્રાક્ષ, અંજીર, સીતાફળ, જામફળ, કેળાં, ખારેક જેવાં ફળફળાદિનાં રમકડાં બનાવી તેના પર આબેહૂબ રંગ અને પોલિશ કરી પાતળી પારદર્શક રંગીન લાખનું આવરણ ચડાવતા.

વર્ષો પૂર્વે આપણે ત્યાં કંસારા કારીગરો અને 'ઢળારાઓ' પિત્તળ ગાળીને એમાંથી ગાય, હાથી, હરણ, બતક, ઘોડા, રથ, વેલડાં અને દેવદેવીઓની મૂર્તિઓ બનાવતા. પિત્તળનાં રમકડાંનો ઉદ્યોગ પણ હવે નામશેષ થઈ જવા પામ્યો છે. આજે બરવાળા, બોટાદ, જસદણ, ભાવનગર, મહુવા, ધોલેરાના સુથારો લાકડાંમાંથી બાળકોને રમવાનાં અને દીવાનખાનામાં મૂકવાનાં કલાત્મક ગાડાં અને હાથી-ઘોડા બનાવે છે.

સંઘાડિયા, ખરાદી અને સુથારોની જેમ ગુર્જર કુંભારોએ પણ રમકડાંની કલાને જાળવી રાખી છે. માટીના ગુજરાતી રમકડાંની વાત કરીએ ત્યારે બસો વર્ષ, પુરાણી રમકડાંની હસ્તકલાને વિશ્વકર્માની વિરાસત તરીકે જાળવી રહેલા પાટણના પ્રજાપતિ ભોગીલાલ ચીમનલાલ ઓતિયાને અવશ્ય યાદ કરવા પડે. આત્મારામ નામના તેમના વડવા પરથી આતિયા ને હવે ઓતિયાં તરીકે ઓળખાતું આ આખું પરિવાર માટીનાં રમકડાંની હસ્તકલા સાથે પૂર્ણપણે સમર્પિત થયું છે. ઓતિયા પરિવારનાં રમકડાં પાટણની બજારમાંથી મુંબઈ, મદ્રાસ, કલકત્તા અને ગુજરાતીઓ દ્વારા દેશપરદેશમાં પહોંચ્યાં છે.

સને ૧૯૩૬માં વડોદરાના રાજવી સયાજીરાવ ગાયકવાડે ઓતિયા પરિવારને તેમની વિશિષ્ટ હસ્તકલાની કારીગરી બદલ પ્રમાણપત્ર આપી સન્માન્યું હતું. ચીમનભાઈના અંબાડીવાળા હાથીને રાજ્યકક્ષાની સ્પર્ધામાં પારિતોષિક પ્રાપ્ત થયું હતું. નાગપંચમી અને જન્માષ્ટમી જેવા

તહેવારે કાનુડો, ગણેશ ઉત્સવ પ્રસંગે ગણપતિ, રાધા કૃષ્ણ અને સીતા રામની મૂર્તિઓ તૈયાર કરનાર ઓતિયા પરિવારે બાળકોને શિક્ષણ માટે ઉપયોગી થઈ શકે તેવાં રમકડાં તૈયાર કર્યાં છે, જેમાં સૂંઢ વડે પાણી પીને પૂંછડેથી કાઢતો હાથી, જાદુઈ લોટો, વાસુદેવ પ્યાલો, પાણીમાં તરતો કાચબો, પાણીમાં તરતો દેડકો અને માછલી જેવાં રમકડાં તૈયાર કરી સૌનું ધ્યાન ખેંચ્યું છે. બાળકો સીસોટી જેવાં રમકડાં અને વિજ્ઞાન શિક્ષકો 'કરામત'વાળાં રમકડાં ખરીદવા એમની પાસે આવે છે. પાટણમાં આજે આઠ-દસ કુટુંબોએ રમકડાંની આ કળાને જાળવી રાખી છે.

વર્ષો પૂર્વે મારવાડનો મુલક છોડીને પેટિયું રળવા ગુજરાતમાં આવી અમદાવાદના શાહપુર, જૂના વાડજ અને વાસણામાં સ્થાયી થયેલા ભાટ લોકોનો મૂળ વ્યવસાય કઠપૂતળીના ખેલ કરવાનો. એ ધંધાના વળતાં પાણી થતાં તેઓ હવે કઠપૂતળી, હાથી, ઘોડા, રાજા-રાણી, જાદૂગર, માલણ, પોપટ, ચકલી, ઘોડિયે બાંધવાના ઘૂઘરા જેવાં રમકડાં બનાવે છે. ભાટ લોકોના ભરત ભરેલાં હાથી-ઘોડા છેક પરદેશ સુધી પહોંચ્યા છે.

વિશ્વના વિકસિત દેશોમાં રાષ્ટ્રીય ઉત્પાદનમાં રમકડાંનો ફાળો ૦.૨૫ ટકા જેટલો હોય છે. વિકાસશીલ દેશોમાં આ પ્રમાણ ૦.૧૦ ટકા જેટલું અલ્પ છે ત્યારે આપણે ત્યાં એ પ્રમાણ ૦.૦૩ જેટલું કંગાળ છે એમ શ્રી દીપક રાવ મુડબિદ્રી નોંધે છે. નવશ્રીમંત મા-બાપો બાળકો સામે રમકડાંનો ઢગલો કરી દે છે. જાત દેખરેખથી દૂર રહેનાર આવા વાલીઓ માને છે કે આનાથી બાળકો વધુ સ્માર્ટ અને તેજસ્વી બનશે. હકીકતે બાળકો આવાં સુપર ટોયથી હતાશ થઈ જાય છે.

વિશ્વભરનાં બાળકોને રમકડાં ખૂબ જ ગમે છે. મજાની વાત તો એ છે રમકડું એટલે રમકડું. ભલે કોઈ પણ દેશનું હોય. રમકડાંને કોઈ ભાષા હોતી નથી છતાં તેઓ બોલે છે. તેમનામાં ઘણાં જુદાજુદા રંગો હોય છે છતાં અંદરોઅંદર લડતાં નથી. રમકડાં એક એવું વિશ્વ ખડું કરે છે જે આનંદથી ભરપૂર છે. જાદુઈ અને ચમત્કારિક છે. અહીં બાળકો નવાનવા મિત્રો બનાવે છે, ખૂબ આનંદ અને મૉજથી રમે છે. બાળકને રમવા માટે મોંઘુ રમકડું ખરીદવું જરૂરી નથી. બાળકો પ્રાકૃતિક રમકડાંને વધુ પ્રેમ કરે છે. છોકરીની સ્મૃતિમાં એનો માટીનો કે કપડાનો ઢીંગલો-ઢીંગલી કાયમ રહે છે. બાળકોના ચારિત્ર્ય ઘડતરમાં રમકડાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે, એનો મા-બાપ કદી વિચાર જ કરતાં નથી. રમકડાંની કિંમત કરતાં બાળકને આનંદ આપવાની એની શક્તિ, બાળકનો ગમો-અણગમો કે લાગણીને ભાગ્યે જ લક્ષમાં લેવાય છે. કટલરી અને રમકડાંવાળાને ત્યાં જઈ બાળકને એકાદ રમકડું પકડાવી દેવાથી વાત પૂરી થઈ જતી નથી.

આશ્ચર્ય પમાડે એવી વાત તો એ છે કે રમકડું માત્ર બાળકોને રમવા માટેનું કે મનોરંજન માટેનું જ એક માત્ર માધ્યમ નથી. અલગ અલગ લોકો માટે તે અલગ અલગ મહત્ત્વ ધરાવે છે. મા-બાપ બાળકોને મજા કરાવવાના સાધન તરીકે રમકડાંનો ઉપયોગ કરે છે. વૈજ્ઞાનિકોને રમકડાં દ્વારા નવી શોધો કરવાની પ્રેરણા પ્રાપ્ત થાય છે. આપણા જૂના જમાનાના ભમરડાએ 'ગાયરોસ્કોપ'ને જન્મ આપ્યો. ફ્રેન્ચ ડોકટર લેનોએ 'સ્ટેથેસ્કોપ'ની શોધ બાળકોની એક રમત પરથી પ્રેરણા લઈને કરી. બે બાળકો ઊંચક નીચકની રમત રમી રહ્યાં હતાં. આ વખતે એક બાળક એક છેડે ટકોરા મારી રહ્યો હતો અને બીજો બાળક બીજે છેડે કાન ધરીને સાંભળી રહ્યો હતો. માનસશાસ્ત્રીઓ માટે બાળકના સ્વભાવની માહિતી મેળવવાનું સાધન તેનાં રમકડાં છે. ફિલોસોફરને રમકડાંમાં બાળકના નૈતિક અને સામાજિક આસ્થાનું પ્રતિબિંબ દેખાય છે. જ્યારે શિક્ષક માટે રમકડાં રમવાની વસ્તુ છે, જેનો ઉપયોગ અભ્યાસક્રમને સવિસ્તાર સમજાવવા માટે



થઈ શકે છે. તેમ છતાં કમનસીબે ભારતના લોકોને મોટો ભાગ રમકડાંને મહત્ત્વ વગરની વસ્તુ સમજે છે. રમકડાં માટેનો આપણો પ્રેમ હજુ પારણામાં જ પોઢી રહ્યો હોય તેવું જણાય છે.

આજે શિક્ષણ જગતના કેળવણીકારો પણ સ્વીકારે છે કે શિક્ષણ માટેનું સૌથી વધુ સહાયરૂપ સાધન રમકડાં છે. રમકડાં દ્વારા બાળકોની કલ્પનાશક્તિ ઉત્તેજિત થાય છે, માનસિક વિકાસને પ્રોત્સાહન મળે છે અને ભણતર વધુ આનંદદાયક બની રહે છે. આથી રમત-ગમત દ્વારા શિક્ષણ આપવાની પ્રક્રિયામાં હવે વૈજ્ઞાનિક રમકડાં વધુ લોકપ્રિય થતાં જાય છે.

વિજ્ઞાનના સિદ્ધાંત ઉપર કામ કરતાં રમકડાંને તેની ખાસિયતો પ્રમાણે વિજ્ઞાનની જુદી જુદી શાખાઓ અંતર્ગત વર્ગીકૃત કરી શકાય. ઉ.ત. ફરતાં રમકડાં દ્વારા બાળકોને ઘર્ષણ અને જડત્વ આસાનીથી શીખવી શકાય. ઘંટડી, સીસોટી, ઢોલ, જેવાં રમકડાં દ્વારા પ્રકમ્પન જગાડવાની પ્રક્રિયા સમજાવી શકાય. આ ઉપરાંત ગુરુત્વાકર્ષણવાળાં અને ગતિશીલ રમકડાં દ્વારા બાળકોને સ્થાયિત્વ, સન્તુલન, ગતિ વગેરે સિદ્ધાંતો દર્શાવી શકાય છે. આવાં યાંત્રિક રમકડાં બાળકોમાં સર્જનાત્મક શક્તિ વિકસાવવામાં ઉપયોગી બની રહે છે, એમ ડૉ. લીલાકાંત મિશ્રા નોંધે છે.

રમકડાં એ બાળશિક્ષણ માટેનું મહત્ત્વનું માધ્યમ હોવા છતાં વપરાશકારોની સભાનતાના અભાવને કારણે અને ખૂબ ઊંચી કિંમતોને કારણે રમકડાંનું બજાર ખૂબ જ ગૂંચવાડા ભર્યું બની ગયું છે. રમકડાંના ઉત્પાદકો ગુણવત્તા સુધારવા માગતા હોય તો ભાવવધારો અનિવાર્ય બની રહે. ભાવવધારાને કારણે રમકડું ખરીદનાર મા-બાપની પહોંચ બહારનું બની જાય છે.

વિશ્વના દેશોમાં રમકડાંની લાઈબ્રેરી અને સંગ્રહસ્થાનો ઊભાં કરવામાં આવ્યાં છે. લંડનમાં બેલનાથ મ્યુઝિયમ છે, જર્મનીમાં ન્યૂરેમબર્ગનું નેશનલ મ્યુઝિયમ છે. ન્યૂયોર્કમાં સિટિ મ્યૂઝિયમ છે. વિશ્વનું સૌથી વિશાળ ગણાય એવું ન્યૂયોર્ક સ્ટેટના શેરોસ્ટર શહેરનું માર્ગારિટ વુડબરી સ્ટ્રોંગ મ્યુઝિયમ આવેલું છે, તેમાં ૨૭,૦૦૦ ઢીંગલીઓ રાખવામાં આવી છે. આની સરખામણીમાં આપણે ત્યાં રાજકોટ સિવાય આવાં મ્યુઝિયમો નથી. કલકત્તાના નહેરૂ મ્યુઝિયમમાં ઢીંગલી દ્વારા રામાયણ અને મહાભારતનાં દ્રશ્યો ખડાં કરવામાં આવ્યા છે. ભારતમાં પ્રત્યેક પ્રાંતમાં વિવિધ પ્રકારનાં રમકડાં જોવા મળે છે. આવાં રમકડાંનાં પ્રદર્શનો યોજાય તો યોજક અને કલાકારોને બંનેને આર્થિક લાભ મળી શકે એમ છે.

રમકડાં બનાવવામાં વિશ્વના દેશોમાં જાપાન મોખરે રહ્યું છે. અમેરિકા, જર્મની, ઈંગ્લેન્ડ અને ચીને પણ સારી પ્રગતિ કરી છે. અમેરિકામાં દર વર્ષે સાડા ત્રણથી ચાર હજાર કરોડ રૂપિયાનાં રમકડાં વેચાય છે. જ્યારે ભારતમાં પાંચ- સાત કરોડનાં રમકડાં વેચાય છે. પરદેશમાં તો બાળકોને નુકસાન કરે તેવાં રમકડાં બનાવવા પર કાયદાથી પ્રતિબંધ છે ત્યાં તો પ્રત્યેક રમકડું કેટલી ઉંમરનાં બાળકો માટે છે તે દર્શાવવું પડે છે. ફ્રાંસ, ઈટાલી અને જાપાનમાં ઢીંગલી બનાવવાની કળા ખૂબ જ વિકાસ પામી છે. ત્યાં યુનિવર્સિટીઓમાં 'ઢીંગલી કળા' માટે ડિગ્રી અને ડિપ્લોમા કોર્સ ચાલે છે. પ્રતિ વર્ષ ૩ માર્ચ અને ૭ મેના રોજ બાળકો માટે 'ઢીંગલી ફેસ્ટિલ' પણ ઊજવાય છે.

ભારતીય માતા-પિતાને પોતાના બાળક માટે અનહદ લાગણી અને પ્રેમ છે. એના આનંદ માટે સુંડલો રમકડાં ખરીદી લાવે છે, પણ પોતાનાં દીકરા- દીકરીની રસવૃત્તિને પોષે, તેની શક્તિને વિકસિત કરે, તેને ચતુર અને ચબરાક બનાવે તે માટે એને કેવાં રમકડાં અપાવવાં તે અંગે જાણકારી ધરાવતાં નથી. આ માટે મુંબઈમાં આવેલ ચિલ્ડ્રન ટોય



ફાઉન્ડેશન મશાલચીની ભૂમિકા ભજવે છે. સને ૧૯૬૮માં સરકારે બાળકોને રક્ષણ આપતો અને રમકડાંથી સલામતી જાળવતો ખરડો પસાર કર્યો, જેમાં રમકડાંની બનાવટમાં અમુક રંગો, સહેલાઈથી સળગી ઊઠે એવા પદાર્થ, ધારદાર ખૂણાઓ અને ધાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સને ૧૯૮૧માં સરકારે રમકડાં માટેની આઈ.એસ.આઈ. કમિટી સ્થાપી, જેમાં રમકડાંનું વર્ગીકરણ, દરજ્જાનીતિ અને ઉંમરને અનુરૂપ યોગ્યતા આપવામાં આવી છે, પણ આ દિશામાં અન્ય દેશોની સરખામણીમાં ભારતે ઘણું કરવાનું બાકી છે. અઢારમી સદીમાં જીન રૂસોએ કહ્યું હતું. 'શૈશવને ચાહો, તેના કુદરતીપણાને મનભરીને માણો.' ભારતનાં કરોડો બાળકો માટે આ સ્વપ્ન ક્યારે સાકાર બનશે?

■■■


સંદર્ભ :

પકવેલી માટીનાં સૌરાષ્ટ્રનાં લોકરમકડાંઓઃ લે. ખોડીદાસ પરમાર નવચેતન નવેમ્બર - ૭૦.....

રંગરૂપથી રમવા વાળો : સુરેશ શેઠ, ઉષાકાંત મહેતા, સ્ત્રીજીવન

રમકડાંઓમાં ભેદ નથી હોતો..... દિપક રાવ મુડબિન્દ્રી

રમકડાં દ્વારા મનોરંજન સાથે બાળકોને શિક્ષણ..... ડૉ. લીલાકાન્ત મિશ્રા

શ્રી રામસિંહજી રાઠોડની લીધેલ મુલાકાત

રમકડાં ત્યારે અને આજે..... ડૉ. અજય કોઠારી

ઈડરનો રમકડાં ઉદ્યોગઃ અહેવાલ..... પરાજિત પટેલ

બાળકોને હેતે હુલાવતાં રમકડાં..... જોરાવરસિંહ જાદવ

લોકજીવન કલા અને કસબ..... જોરાવરસિંહ જાદવ

# આપણાં ધાતુપાત્રો








ગુજરાતનું પ્રકૃતિપરાયણ લોકજીવન જેટલું ઉત્સવપ્રિય રહ્યું છે એટલું કલાનું રસિયું પણ રહ્યું છે. કલાસંસ્કારથી સંસ્કારાયેલા અને પોષાયેલા લોકસમાજમાં લોકકલાનો ભંડાર ભર્યો પડ્યો છે. આપણા કસબી કલાકારો દ્વારા બનાવાતી કલામંડિત ચીજજણસોએ લોકસમાજના માનવીની ઊર્મિઓને કલ્પનાનું અનેરું ઉડ્ડયન આપી એમના હૈયામાં આનંદના રંગસાથિયા પૂરી એને તાજગીથી તરવરતું રાખ્યું છે.

મધ્યકાલીન ગૃહસ્થજીવનમાં ચોતરફ કલાનું વિશિષ્ટ વાતાવરણ પ્રસરેલું હતું. કચ્છ-સૌરાષ્ટ્રના લોકસમાજનાં ઘરખોરડાંનાં રાચરચીલાં પર ઊડતો દ્રષ્ટિપાત કરતા રંગબેરંગી રૂપકડા ઢોલિયા, હિંડોળાખાટ, બાજોઠ, મોર, પોપટ, હાથી અને પૂતળીઓ મંડિત ઢાળેલી પિત્તળની સાંકળો, કલામંડિત કળશ અને ગંગાજળિયા કાશીના લોટા, ત્રાંબાકૂંડી જેવાં જળપાત્રો, ગાગરબેડિયાં, દીપમાળાઓ, ઘાટ-સુઘાટની દીપલક્ષ્મીઓ ને સૂડીઓ, પૂજાનાં પ્રણાલિકાગત ધાતુપાત્રો તથા ઘરના ઉપસ્કરોની એક આખી ધબકતી સૃષ્ટિ નજર સામે ખડી થઈ જાય છે. લોકસમાજમાં વપરાતાં ધાતુપાત્રો પુરાણી પ્રણાલિકાઓ ને સાતત્યને સતત સાચવી રાખતાં હોવાથી જે તે કાળના સમાજના માનવીની સંસ્કૃતિને સમજવામાં અત્યંત ઉપયોગી બની રહે છે. હડપ્પન સંસ્કૃતિના સમયકાળ દરમિયાન ઉપયોગમાં લેવાતાં તે સ્થળોએથી મળી આવેલાં ચીકણી માટીનાં અમુક વાસણોના આકાર-પ્રકારો આપણને પાંચ હજાર વર્ષ પુરાણા ઐતિહાસિક સમયમાં લઈ જાય છે. હડપ્પન સંસ્કૃતિના સમય જેટલી પ્રાચીન સાંસ્કૃતિક પરંપરાઓ ધરાવતું અને વિશ્વના અન્ય ભાગોથી પ્રભાવિત થયેલું ગુજરાત ધાતુપાત્રોની બૃહદ્ શ્રેણી ધરાવે છે. આ વાસણોનો ઉપયોગ કરનાર મધ્ય એશિયાના વિવિધ ભાગોમાંથી સ્થળાંતર કરી ગુજરાતમાં આવીને વસેલા વિવિધ જાતિ અને જૂથના લોકો હતા.

શ્રી રમણલાલ વ. દેસાઈ નોંધે છે કે 'ઉપભોગ ઉપયોગ એ જીવનનું આદ્ય પગથિયું છે. જે ઉપભોગમાં માત્ર ઉપયોગ કરતાં કાંઈ વધારે ઊર્મિ ઉપજાવી જતું તત્ત્વ હોય તેનું નામ કલા. ઉપભોગને રૂપાળો


બનાવવો તેનું નામ કલા. ખોરાક હાથમાં લઈને ઊભા ઊભા ખાઈ શકાય. ખોરાક ખાવો એ ઉપયોગ છે આવશ્યક છે, પરંતુ એને પાટલા, રંગોળી, તાટ વગેરે ગોઠવીને આંખને ગમે તે રીતે ખાવો તેનું નામ કલા.' એ જ વાત ઘર વપરાશનાં ધાતુપાત્રોને માટે પણ કહી શકાય. માનવી પ્રાચીન કાળથી પોતાના ઉપભોગને કલામય બનાવતો આવ્યો છે. શિકાર માટે હથિયાર જોઈએ પરંતુ તેને કોતરીને અને પાછળ સોનેરી વાઘમૂઠ લગાવીને સુશોભિત કર્યાં. ધાતુપાત્રોનો મૂળ ઉપયોગ અનાજ સંઘરવા, પાણી ભરવા, રાંધવા કે જમવા માટે શરૂ થયો, પણ તે પછી કલાકાર કસબીઓએ કલાનો સ્પર્શ આપી એને બહુમૂલાં બનાવી દીધાં. આમ લોકજાતિઓમાં વપરાતાં ધાતુપાત્રો-વાસણો જેટલાં રસપ્રદ રહ્યાં છે એટલો જ રસપ્રદ એના વિકાસનો ઇતિહાસ પણ રહ્યો છે.

સર્જનહારે માનવીને જન્મથી 'કરપાત્રી' બનાવ્યો હતો. એ બે હાથનો ખોબો કરી પાણી પીતો. ખોબામાં જ ચીજવસ્તુઓ અહીંથી તહીં લઈ જતો લાવતો. એ પછી ખોબામાં ન રહી શકે તેવી વસ્તુઓ હેરવવા-ફેરવવાની જરૂર પડી ત્યારે એની નજર વૃક્ષનાં પાંદડાં પર પડી. એ પછી પાંદડાંનું ભૂંગળું બનાવી તેમાં ચીજ-વસ્તુઓ લઈ જવા લાવવા લાગ્યો. પલાશપાત્ર ખાખરાનું પાન તો તેને ઘણું ઉપયોગી લાગ્યું. તેમાં લીમડાની સળીઓ ભરાવી તેણે પડિયો બનાવ્યો. પછી પતરાળાં બતાવ્યાં. પત્રમાંથી બનાવેલું સાધન 'પાત્ર' ને નામે ઓળખાયું.



પથ્થરયુગમાં શિકાર અર્થે રાનરાન રખડતો માનવી પાછળથી નદીકાંઠે સ્થિર થયો. અગ્નિને મિત્ર બનાવી, પશુઓને પાળી એણે કૃષિજીવનમાં પ્રવેશ કર્યો. પછી પાણી, અનાજ વગેરે રોજિંદા ઉપયોગની વસ્તુને સાચવવા સૂકાં પાન અને તુંબડાં જેવા ફળોનાં કોચલાં વગેરેનો વપરાશ શરૂ થયો. સંસ્કૃતિના વિકાસના કેડે ચડેલા માનવીને હજુ વધુ કાર્યક્ષમ સાધનોની જરૂર જણાઈ. ચક્રની શોધ થઈ. જંગલમાં ભટકતા માનવીએ ચોમાસાની ભીની ભોં પર ગાયોની ખરીઓના ખાડા જોયા. એમાં વરસાદનું પાણી ભરાયેલું જોયું. એમાંથી માનવીને માટીનાં વાસણો બનાવવાનો વિચાર આવ્યો. એણે તુંબડી ઊંધી નાખી એના પર માટી થાબડી તેને સૂકવી પકાવીને છાલિયાં, શકોરાં બનાાવવા લાગ્યો. એ પછી ચાકડાના ઉપયોગે આ વાસણો બનાવવામાં નવો ચમત્કાર સર્જ્યો. એમાંથી ઘાટઘાટનાં વાસણો નીપજવા લાગ્યાં. સંસ્કૃતિનો વિકાસ થતાં આ તુંબડાં, ચામડું અને માટીનાં વાસણોથી માનવીને સંતોષ ન થયો અને તેમાંથી કાળક્રમે તાંબું, પિત્તળ, કાંસું, જસત, એલ્યુમિનિયમ અને સોના-ચાંદીના વાસણો બનાવવાની શરૂઆત થઈ.

ત્યાર પછી વાસણો બનાવવાના ધંધા ઉપરથી કારીગરોનો આખો વર્ગ ઊભો થયો, જે જ્ઞાતિ તરીકે ઓળખાવા લાગ્યો. કાંસું ને તાંબા-પિત્તળનાં વાસણો ઘડનારા કારીગરોનો વર્ગ 'કંસારા'ના નામે ઓળખાયો. સંસ્કૃતમાં એમને માટે 'કાંસ્યકાર' શબ્દ મળે છે. એના પરથી સમજાય છે કે શરૂઆતમાં તેઓ કાંસાનું કામ કરતા હશે. એ 'કાંસ્યકાર' ઉપરથી કંસારા શબ્દ ઊતરી આવ્યો. તાંબા-પિત્તળનું કામ એણે પાછળથી સ્વીકાર્યું હશે. સ્કંદ પુરાણના નાગર ખંડ (અ. ૬-૧૩--૧૪)




અનુસાર પૃથુરાજાએ. વિશ્વકર્માની સહાયથી પૃથ્વીને શિલ્પ સ્થાપત્યથી અલંકૃત કરી. એ પછી વિશ્વકર્માના પાંચ પુત્રોમાંના મનુએ લોહકર્મ (લુહારી કામ), મયે કાષ્ઠકર્મ (સુથારીકામ), ત્વષ્ઠાએ તામ્રકર્મ (કંસારાકામ), તક્ષક-દેવક્ષે સુવર્ણકામ અને શિલ્પીએ પાષાણકામ સ્વીકાર્યું. આમ તામ્રકામ કરનારા કંસારા કારીગરો બંગાળમાં કંસારી, મધ્ય પ્રદેશ અને વિદર્ભમાં કાંસાર, મહારાષ્ટ્રમાં તાંબરું, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશમાં ઠઠેરા, મૈસુરમાં કચુંગર, બોગાર, ભરાવા, મદ્રાસમાં કમ્માલર, આંધ્રપ્રદેશમાં કંસાલ, મારવાડ અને ઉત્તરપ્રદેશમાં કસેરા તરીકે ઓળખાય છે. આ કંસારાઓમાં જેઓ બીબાં ઢાળીને ભરવાનું કામ કરે છે તે 'ભરત', ઘડતરનાં વાસણો બનાવનાર 'ભારાવા', 'બોગાર' કે 'ભારતિયા', તાંબું ઘડનારા 'તાંબાઘડા', પિત્તળ ઘડનારા 'પિત્તળઘડા' અને સોનાનું કામ કરનારા 'સોનકંસારા' તરીકે ઓળખાય છે.


ગુજરાતનો તાંબાપિત્તળનો કલામય ગૃહઉદ્યોગ બહુ પ્રાચીન જણાય છે. ઉત્તર ગુજરાતમાં વીસનગર, મધ્ય ગુજરાતમાં ડભોઈ અને નડિયાદ. દક્ષિણ ગુજરાતમાં સુરત, પૂર્વ ગુજરાતમાં ચાંપાનેર અને સૌરાષ્ટ્રમાં શિહોર જેવાં સ્થળોનો આ ધાતુઉદ્યોગ ઈતિહાસ પ્રસિદ્ધ છે. આજે પણ ગુજરાતના વીસનગર, વડનગર, માણસા, અમદાવાદ, નડિયાદ, વડોદરા, ડભોઈ, ખંભાત, પેટલાદ, ઉમરેઠ, બોરસદ, સોજિત્રા, ધોળકા, સુરત, બિલિમોરા, ગણદેવી, નવસારી, વલસાડ, ચીખલી, વઢવાણ, સુરેન્દ્રનગર, લીંમડી, ભાવનગર અને કચ્છમાં કંસારાઓ મોટા પ્રમાણમાં વસે છે. જૂના કાળમાં ગુજરાતમાંથી ઘણા વેપારીઓ તથા કારીગરોએ ભારતવર્ષનાં તીર્થસ્થળોમાં જઈને પેઢીઓથી વસવાટ કરેલો જોવા મળે છે. નાસિકની 'જૂની આમટઆળી' અને 'નવી આમટઆળી' ગલીઓમાં ગુજરાતી કાંસ્યકારનાં કુટુંબો વસવાટ કરે છે. ઈતિહાસ કહે છે કે, ઈ.સ ૧૪૮૪માં ગુજરાતના સુલતાન મહંમદ બેગડાએ ચાંપાનેર સર કર્યું ત્યારે અનેક લોકોનો પરિભ્રમણ કાળ શરૂ થયો, કારીગરો નિર્વાસિત બન્યા. ત્યારે કેટલાક કંસારા લોકો સુરત, ખાનદેશ અને પૂનામાં રહ્યા પછી નાસિકમાં સ્થિર થયા.

ડૉ. મંજુલાલ મજમુદાર નોંધે છે કે, 'સલ્તનતકાળમાં તથા મોગલ હકૂમતના સમયના ગુજરાતના કારીગરોની ખૂબ ખ્યાતિ હતી. પાટનગર દિલ્હીમાં પણ એમને બોલાવીને કામ સોંપવામાં આવતું હતું. સામાન્ય રીતે ગુજરાતના વ્યાપારીઓ 'મહાજન' તરીકે ઓળખાય છે, આ વ્યાપારીઓ પોતાની સાથે કારીગરોને લઈને હિંદભરનાં તીર્થોમાં જઈને વસ્યા જણાય છે. વાસણો પર ચીતરવામાં આવતાં દશાવતારનાં ચિત્રો, શિવપંચાયતનાં આલેખનો તથા રામાયણના પ્રસંગો કે કૃષ્ણલીલાનાં ચરિત્રોને ઓળખવા માટે કેટલીકવાર નાગરી લિપિમાં પ્રસંગનો પરિચય આપવામાં આવે છે, આ પરિચય આપનારા અક્ષરોનો મરોડ તથા તેને સળંગ માથાં દોરીને લખવાની ઢબ ગુજરાતની છે. આવી લિપિને બનારસ મથુરા, પ્રયાગ વગેરે સ્થળે 'મહાજનની લિપિ'ના નામથી ઓળખવામાં આવે છે. આ લિપિ ગુજરાતના કંસારા કારીગરોની દેન છે, એમ નિ:શંકપણે કહી શકાય.'


ગુજરાતના કંસારા કારીગરોએ જાતજાતનાં અને ભાતભાતનાં વાસણોની વિશાળ સૃષ્ટિ ઊભી કરી દીધી છે. આ બધાં વાસણોના ઘડતર અને જડતરમાં પણ કંસારાઓની કોઠાસૂઝ જોઈ શકાય છે. ઘરવપરાશનાં વાસણોમાં ઘડા, દેગડા, બોઘરણાં, રંઘાડી, ઉનામણિયાં, અંઘોળિયાં, બુઝારાં, ડોયા, ત્રાંબાકૂંડી, ચરુ, ઝારી, લોટા, દાબડા, ડબા, વટલોઈ, ઘોણિયા, મસાલિયું, કમંડળ, વાઢી, વાટકા, ગોળીઓ, પાવળાં, કડહલી, ટબૂડી, રાંધવાનાં વાસણોમાં તવા, લોઢી, તાવડા, તપેલિયું, કથરોટ, ઝારો, સાણસી, તાવેથો, કઢાઈ, ચીપિયા, ભોજનનાં વાસણોમાં થાળી, વાટકા વાટકી તાંસળી, છાલિયાં, લોટા, પ્યાલા, ઢીંચણિયું, વરાનાં વાસણોમાં તપેલાં, તાવડાં, થાળ, તાહડા, ત્રાસક, રંઘેડા, લિંબોળિયું, પૂજાના વાસણોમાં છાબડી, ફૂલદાની, ટોકરી, ઘંટ, લોટી, ઝાલર, કળશ, આચમની, શિવગળતી, પંચદીવી, પંચપાત્ર, જોત, ધૂપિયું, આરતીદીપ, મંગળ પ્રસંગે ઉપયોગમાં લેવાતાં રામણદીવડા, કંકાવટીઓ, ગુલાબદાનીઓ કટોદાન, દાબડા, દાબડીઓ, મનોરંજનનાં સાધનોમાં કાંસાની થાળી ઘૂંઘરું, મંજીરા, ઝાંઝ, પખાવજ, કાંસીજોડાં, માણ, ભૂંગળ, શરણાઈ, ત્રંબાળું, ઢોલ, પિત્તળિયા પાવા, બંસરી, ધાતુનાં, રમકડાંમાં રથ, ઊંટ, ગાય, મોર, બતક, મોટર, દેવ-દેવીઓની મૂર્તિઓમાં માતાજી, ગણેશ, કાનુડો મુખ્ય છે. જ્યારે અન્ય કલાત્મક વસ્તુઓમાં પાનદાની અત્તરદાની સુરમાદાની, કલાદાની, હોકા, ખડિયા, કલમ, હીંચકાની સાંકળો, લટકતા દીવા ગેંડી, પાળા, કમાડનાં પોપટ-કડાં, સોહામણી સૂડીઓ, ઘોડાનાં જીન, હાથી, બળદના ટોકરા, ટોકરી, ઘૂઘરમાળ, ઝણ્ય, સાંકળિયું, ગાયના ગળે બાંધવાની ટોકરિયું, અફીણ માટેની નાગમુખી ખરલો અને સુરાહી જેવાં અનેક ધાતુપાત્રો મળી આવે છે. તેમાં કંસારા કારીગરોને લોટા, કળશ, સુડીઓ, ધાતુ-પ્રતિમાઓ, હીંચકાની સાકળો અને દીવડાંઓમાં પોતાની કલાનો કસબ ઠાલવવાનો ઠીક ઠીક અવકાશ પ્રમાણમાં પ્રાપ્ત થયો છે.



કંસારા કારીગરોએ પોતાની હૈયાં-ઉકલતથી વિવિધ પ્રકારનાં વાસણો ઉપર કલાકંડારણનો જે વૈભવ ઠાલવ્યો છે તેમાં ગંગાજળિયા લોટા અને કળશનો સમાવેશ થઈ જાય છે. વારાણસી, કાશી, મથુરા, ઉજ્જૈન કે પ્રયાગરાજની યાત્રાએ જનાર ભાવિક ભક્તો ત્યાંથી સંભારણરૂપે કાશંદ્રી લોટા ખરીદ કરી તેમાં ગંગાજળ ભરીને ઘેર લઈ આવે છે. આ લોટા પડઘીવાળો, પહોળા પેટનો અને સાંકડા મોંવાળો હોય છે. તેનું મોં સોપારીથી ઢાંકી શકાય તેટલું સાંકડું હોય છે. આવા લોટા નાગરોમાં વિશેષ વપરાય છે. ગંગાજળિયા લોટા અને કળશ અનેક પ્રકારોમાં પ્રાપ્ત થાય છે. આવા લોટા અને કળશ ઉપર ધાર્મિક ચિત્રોનું કલાપૂર્ણ કંડારણ જોવા મળે છે. તીર્થસ્થળોમાં વપરાતાં કળશના ઉપરના કાંઠલાની ધાર કમળ પાંખડીની ભાતની બનેલી હોય છે. એ પછીના ત્રણ પટામાં કળશની ગોળાઈને વહેંચી નાખવામાં આવે છે. દરેક લંબચોરસ ભાગમાં અકેક પ્રસંગ માટેની તકતીઓ હોય છે. તેમાં દશાવતારની ભાત વાળા કળશમાં ગણેશ, શિવ અને




બીજા રામાવતારની તકતી ઉપરાંત રથ હાંકતા હનુમાન, રથે બેઠેલા રામ, સીતા ને લક્ષ્મણ તથા છેલ્લા અવતાર સ્વરૂપે જગન્નાજી બિરાજમાન હોય છે. જળચરોનાં આલેખનો દ્વારા જળનું સૂચન દર્શાવાય છે. એમાં કાચબો, હલેસાવાળી હોડી એવા સંકેતો સ્પષ્ટપણે જોવા મળે છે. મધ્યની હારમાં જટાધારી શિવ બિરાજે છે. એમની જટામાંથી વહેતાં ગંગાજીનાં જળ નીચેના સાગરમાં સમાઈ જાય છે. આ રીતે સૌથી નીચેની પટ્ટીમાં સાગર આલેખાયેલા હોય છે. તીર્થજળથી ભરેલો આખો કળશ જાણે આ ગંગા-સાગરના સંગમથી ભર્યો હોય તેવો ભાસ ભક્તજનોને થાય છે. કળશની વચલી પટ્ટીમાં કેટલીક વાર કલ્પવૃક્ષ, નંદિ, હાથી, શણગારેલો અશ્વ કે કળાયેલ મોરનાં આલેખનો જોવા મળે છે. આમ કળશ ઉપરનાં ચિત્રો ધાર્મિક વૃત્તિને પોષનારાં હોય છે. સો બસો વર્ષ પુરાણા આવા કલાપૂર્ણ કળશો પણ મળી આવે છે. વડોદરાના સંગ્રહસ્થાનમાં ૧૭માં સૈકાનો કળશ આજેય રક્ષિત છે. આમ કળશોની કલાસસૃષ્ટિમાં કારીગરો, વિશિષ્ટ શૈલીએ ગૌચરણલીલા, દધિમંથન વસ્ત્રલીલા, ગોવર્ધનધારી જેવા પ્રસંગો ઉપરાંત રામાયણ, મહાભારતના પ્રસંગોને સહજ રીતે આલેખે છે. કળશ પરનાં ચિત્રો ગુજરાતી લઘુ-ચિત્રોની શૈલીએ લગભગ તૈયાર થાય છે. તેમ છતાં ક્યારેક તેમાં પશ્ચિમી રાજસ્થાની ઢબનાં વસ્ત્રો અને મોગલ શૈલીની અસર પણ દ્રષ્ટિગોચર થાય છે.






ભારતના ભવ્ય ભૂતકાળની સાંસ્કૃતિક અસ્મિતાની આલબેલ પોકારતાં આવાં વિશિષ્ટ ઘાતુપાત્રો વાસણોના મૂલ્યવાન વારસાને બચાવી લઈને જાળવી શકાય તે માટે અમદાવાદને આંગણે 'વિચાર ટ્રસ્ટની' સ્થાપના કરવામાં આવી છે. આ ટ્રસ્ટ દ્વારા વિરલ એવાં વાસણોનું સંગ્રહસ્થાન ઊભું કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના સ્થાપક શ્રી સુરેન્દ્ર પટેલે ગુજરાત અને દેશના વિભિન્ન ભાગોમાં ફરીને આપણા રોજિંદા જીવનમાં વપરાતાં ૩૦૦૦ ઉપરાંત ધાતુપાત્રો એકઠાં કર્યાં છે. તેમાં ૭૦૦ ઉપરાંત ઘાટસુઘાટની સુંદર મજાની સૂડીઓ પણ છે. જેમાંની કેટલી સૂડીઓ આઠમા-દસમા સૈકા જેટલી પુરાણી છે. ગ્રામીણ વાતાવરણની યાદ અપાવતા આ સંગ્રહસ્થાનમાં વિવિધ રાજ્યોની પ્રજાનાં વાસણો દ્વારા ભાવાત્મક એકતા સાધવાનો પણ સંનિષ્ઠ પ્રયત્નો થયેલો જોઈ શકાય છે. તેમાં પંજાબની કોઠી, રાજસ્થાનનો પિત્તળનો પાણીનો કુંજો, ફાનસ, દક્ષિણ ભારતનો નાળચાવાળો કુંજો, તામિલનાડુના પિત્તળના કુદમ (ઘડા), મંદિરના ઘંટ, ગુજરાતની

તાંબાની માણ, સૌરાષ્ટ્રના હોકા, ઉત્તરપ્રદેશની તમાકુ રાખવાની ડબી અને દક્ષિણ ભારતની દીપલક્ષ્મીઓનો સમાવેશ થાય છે. આ સંગ્રહસ્થાનમાં મુકાયેલાં ધાતુપાત્રો તો વિશિષ્ટ છે જ પણ એના આયોજકની દ્રષ્ટિ પણ વિશિષ્ટ રહી છે. અહીં મુકાયેલા ધાતુપાત્રો કેટલાં જૂનાં છે એ મહત્ત્વનું નથી પણ એ બધાં ધાતુપાત્રો કઈ પરંપરાને જાળવી રાખે છે એ વધુ મહત્ત્વનું છે.



ભારતનાં ધાતુપાત્રો મુખ્યત્વે મૌર્ય, ગુપ્ત, ચૌલ, રાજપૂત અને મોગલ સંસ્કૃતિનું મૂલ્યવાન પ્રદાન છે એ રીતે જોઈએ તો કળા અને સંસ્કૃતિના અભ્યાસીઓ અને સમાજશાસ્ત્રીઓને આ પરંપરિત અને પરિવર્તન પામતાં વાસણો અભ્યાસ કરવા માટે એક વિશિષ્ટ વિષય પૂરો પાડે છે.



આપણાં ધાતુપાત્રોના ઘડતરમાં સૈકાઓમાં જે ફેરફારો નથી થયા તે છેલ્લાં પચીસ પચાસ વર્ષના ગાળામાં થયા છે. પહેલાં કંસારા કારીગરો ઓજારો વડે હાથથી વાસણો ઘડતાં. કંસારા શેરીઓ ત્રાંબા-પિત્તળનાં ઘડાતાં વાસણોના અવાજથી ગુંજી ઊઠતી. આજે એ કામ મોટે ભાગે મશીનો દ્વારા થવા લાગ્યું છે. સ્ટેનલેસ સ્ટીલનાં વાસણોનો યુગ આરંભાતા તાંબા-પિત્તળનાં કલાપૂર્ણ વાસણો તરફનો લોકસમાજના માનવીનો પ્રેમ ઓસરવા માંડ્યો છે. જૂના, મૂલ્યવાન અને કલાપૂર્ણ ઘાટનાં વાસણો ભંગારમાં વેચી તેના બદલામાં ગ્રામ પ્રજાજનો સ્ટીલનાં વાસણો વસાવવા લાગ્યાં છે, આનાથી વિશેષ આપણું વૈચારિક દારિદ્રય બીજું કયું હોઈ શકે ? આમ થવાથી જૂનાં વાસણો વજનના ભાવે વેચાઈને ભંગારમાં ભંગાઈને ભઠ્ઠીમાં મોંમાં ભરખાવા માંડ્યાં છે, આમ જૂના ધાતુપાત્રોના પરંપરાગત ઘાટ વીસરાવા માંડ્યાં છે. કંસારા કારીગરોનો ગૃહઉદ્યોગ ભાંગવા માંડ્યો છે. ભવિષ્યના અભ્યાસીઓને ભારતીય ધાતુપાત્રોની કળાના વિકાસનો અભ્યાસ કરવો હશે ત્યારે સંગ્રહસ્થાન, પોથીચિત્રો, પ્રાચીન ગ્રંથો અને જો રહ્યાંસહ્યાં ધાતુપાત્રોની વિડિયો ફિલ્મ કરેલ હશે તો તે ખપમાં લાગશે. આવા પ્રાચીન કલાવારસાને જાળવવા માટે પ્રજાની જાગૃતિની વિશેષ જરૂર છે.

પ્રજા પોતાનાં ઘરમાં પડેલાં બાપદાદાવારીનાં જૂનાં વાસણો વેચી દેવાને બદલે ઘરમાં નિજી સંગ્રહ ઊભો કરે એ આવશ્યક છે. પરદેશીઓ પોતાનું અંગત પુસ્તકાલય મિત્રોને બતાવવામાં ગૌરવ લે છે, એવું ધાતુપાત્ર સંગ્રહની દિશામાં આપણે ન વિચારી શકીએ?

■■■

(ઋણસ્વીકાર : લેખમાંનાં ચિત્રો 'વિચાર' ધાતુપાત્ર સંગ્રહાલયે પ્રસિદ્ધ કરેલ 'પાત્ર-શબ્દવલિના' સૌજન્યથી)

# મનોરંજન કરાવનારી લોકજાતિઓ



જૂના સમયમાં આજનાં ટી.વી., ફિલ્મો, વીડિયો જેવા મનોરંજનનાં માધ્યમો નહોતાં ત્યારે વાદી, મદારી, નટ, બજાણિયા, ભવાયા, રામલીલાવાળા, કઠપૂતળી અને નાથબાવા, લંઘા, કાંગસિયા, બહુરૂપી, મલ્લ, માણભટ્ટ અને ગામઠી જાદુગરોએ માનવજીવનને લોકમનોરંજન દ્વારા તાજગીથી ભર્યુંભર્યું રાખ્યું હતું. આવી મનોરંજન કરાવનારી લોકજાતિઓની કલાનો અછડતો પરિચય કરાવવાનો ઉપક્રમ અહીં રાખ્યો છે.

**વાદી, મદારી ગારુડી, નાથબાવા :** વાદી, મદારી, નાથબાવા અને ગારુડી મહુવરના મીઠા સ્વરે સર્પને રમાડીને લોકોનું મનોરંજન કરે છે. વાદીઓમાં લાલવાદી, ફૂલવાદી, ધાનવાદી, માનવાદી, ગારુડી, ભર્યો જેવી જુદી જુદી સાતેક શાખાઓ જોવા મળે છે. મૂળ મારવાડ, સિંધ અને કચ્છમાંથી ઊતરી આવ્યા છે. વાદી ગારુડી એ ભટકતી જાતિ છે. સૌરાષ્ટ્રમાં વાંકાનેર, મોરબી, મકાસર, કચ્છમાં ભચાઉ, કંથકોટ, ખેડા જિલ્લામાં દહેગામ, આંતરોલી, ઉત્તર ગુજરાતમાં ભીલોડા, કાંટીવાસ, રાધનપુર, ખેડબ્રહ્મા, કસરા, વડાલી, સતલાસણા, કોઠંબા, ફૂલપરા વગેરે ગામડાંમાં વસે છે.

વાદી ગારુડી નાગ, નોળિયો, જરખ, અજગર, સસલું, આંધળી ચાકોટ જેવા જાનવરોના ખેલ દ્વારા મનોરંજન કરે છે. ધ્રાંગધ્રાના સમજુનાથ મદારી મોંમાંથી જીવતા સાપ અને વીંછી કાઢે છે. પેટમાં તરવાર ઉતારે છે. મોંમાંથી પથ્થરના ગોળા અને બાવળની સૂળો કાઢે છે. અંટી ગુમ કરવી, હોકો મુતરાવવો, હાથમાંથી કંકુ કાઢવું વગેરે હાથ ચાલાકી દ્વારા જાદુમંતરના ખેલો બતાવે છે. આ ખેલોની બોલી પણ અભ્યાસીઓને એક નવો વિષય પૂરો પાડે છે. ઉ.ત.

*જુઓ જસુભા !*
*ખેલ ખેલાડીના*
*ઘોડા અસવારના*
*ગધેડાં કુંભારના*
*ખેતી પાટીદારની*
*હથિયાર દરબારનું*
*દુકાન વાણિયાની*
*અને ખેલ મદારીના*



**નટ બજાણિયા :** ગુજરાતનાં ગામડાંમાં ફરીને આલમની અઢારે વરણનું મનોરંજન કરનાર નટને તો સૌ કોઈ ઓળખે. વાંસની ઘોડી પર દોરડું બાંધી ખેલ કરનાર નટ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, સિંધ, લાહોર, અમૃતસર, ઈંદોર, રતલામ, દિલ્હી અને હિમાચલ પ્રદેશમાં વસે છે. સૌરાષ્ટ્રમાં નટ લોકો ગોડિયા, ગોડબજાણિયા કે નટ બજાણિયાના નામે જાણીતા છે. એમ કહેવાય છે કે જૂના વખતમાં ધ્રાંગધ્રાના રાજવી જહાંજી ઝાલાએ નટ લોકોને બજાણા ગામ ગરાસમાં આપ્યું હતું. આથી ત્યાં રહેનારા નટો બજાણિયા તરીકે ઓળખાય છે.

સાણંદ પાસે નાની દેવતી ગામમાં બજાણિયાનું આખું પરું વસ્યું છે.

નટમાં ત્રણ-ચાર ફાંટા છે. એક રાજનટ અને બીજા મારવાડી નટ. રાજનટ ઘણુંખરું રાજ- રજવાડાઓમાં ખેલ કરતા, જ્યારે રાજસ્થાનમાંથી આવેલા નટો લોકોમાં ખેલ કરે છે, ત્રીજા હરિજનોના નટ અને ચોથા નટડા છે. આ લોકો પોતાના ખેલ દ્વારા જનમનોરંજન કરે છે. એમના ખેલોમાં માથાળી, મચકાળો, લાકોડું, લંકાઠેક, સક્કરબાજી, મેરુ, દોરપાણો વગેરે છે. જમીનના ખેલ પૂરા કરી તેઓ દોરડા પર અજબ-ગજબના ખેલ બતાવે છે. દોરડા પર ચાલે છે, ઝૂલા ખાય છે, હોકો પીએ છે, છત્રી લઈને નૃત્ય કરે છે, જીવતું ગધેડું પીઠ પર બાંધીને તેના પર બાળક બેસાડી દોરડે ચડે છે.

એમ કહેવાય છે કે, જૂના કાળમાં નટ લોકો ઢોલ-શરણાઈના તાલે તાલે ટીંગર નટારંભ કરતા. વિક્રમ રાજાની કથામાં આવેઃ હાં મોનિયા ! થાવા દે ટીંગર નટારંભ. ટીંગર નટારંભ કોને કહેવાય કે,

***'ખંભે દૂધના પ્યાલા,***
***માથે બાર ગાગરનું બેડું***
***એટલા વાનાં લઈને,***
***દસે આંગળિયે ચક્કર ચક્કર ફરવા***
***જીભે મોતી પરોવતાં જાવાં***
***કટારની ધાર માથે પગલાં પાડતાં જાવાં***
***ઈનું નામ ટીંગર નટારંભ'***

જૂના જમાનામાં નટ લોકો ઊડવાની કળામાં પણ પાવરધા ગણાતા. 'યુદવંશપ્રકાશ' ગ્રંથમાં શ્રી માવદાનજી રત્નુએ આવા નટનો એક સરસ પ્રસંગ નોંધ્યો છે.

જામ શ્રી રણમલજી બીજા પાસે નટવિદ્યામાં કુશળ નટ કુટુંબે આવીને કહ્યું કે, 'અમો આકાશ માર્ગે ઊડી ધારેલા સ્થળે ઊતરી શકીએ એવા ગગનવિહારી છીએ. અમે ઊડીને જે ગામે ઊતરીએ એ ગામ આપે અમને બક્ષિસમાં આપવાનું.'

જામશ્રીએ શરત કબૂલ કરતાં ત્રણ નટો અનુકૂળ દિવસે લાખોટાના કોઠાના ઊંચાં મકાનોની ટોચ ઉપરથી ઊડ્યા. તેમણે પોતાના બાવડા પર ગેંડાની મોટી ઢાલો બાંધી તેના પર જાડી પછેડીઓના હવા ભરાય તેવા ગબારાઓ બનાવીને લગાડ્યા હતા. એમાં બે નટ પડીને મરણ પામ્યા. એક નટ ઠેબા ગામે ઊતર્યો. એને ઠેબા ગામ બક્ષિસમાં મળતાં આજે એ ગામ નટના ઠેબા તરીકે ઓળખાય છે.

**કાંગસિયાના ખેલ :** કાંસકીઓ બનાવનાર કાંગસિયાઓ પાસે પણ મનોરંજનનો કસબ જોવા મળે છે. નટ મોટે ભાગે દોરડા પર ખેલ બતાવે છે, જ્યારે કાંગસિયા ધરતી માથે અંગકસરતના ખેલ બતાવે છે. તેઓ દોડીને હવામાં ઊછળીને સામસામા અથડાય છે. ગળે બાંધેલી લાકડાની પાટલી પર હવામાં ઉડાડેલા પથ્થરના ગોળા ઝીલે છે. પારેવડી રમાડે છે. દાંત પર બે ખાટલા અને ત્યાર બાદ દાંત ઉપર ઊભું હળ મૂકીને ચાલે છે. પોતાની મૂછ સાથે ગાડું બાંધીને તાણે છે. આવા ખેલો બતાવીને તેઓ પેટિયું રળે છે.

**મંજીરાંવાદનની કળા :** મંજીરાંવાદનની કળા ગુજરાત અને રાજસ્થાનમાં ઠીકઠીક પ્રમાણમાં વિકાસ પામી છે. મંજીરાંને દ્રુતલયમાં વગાડવાની જે પદ્ધતિ છે તે મુખ્યત્વે ગુજરાતમાં જ જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં એક કાળે કામળિયા સાધુની એક જાતિ મંજીરાંવાદન માટે વિખ્યાત ગણાતી. કામળિયા સ્ત્રીઓને મંજીરાં વગાડતી જોવી એ જીવનનો એક લહાવો ગણાતો. ભજન ગાઈ, ભિક્ષા માગીને જીવન ગુજારો કરનાર આ જાતિની સ્ત્રીઓ શરીરના મુખ્ય અંગો-કપાળ, ગળું, કોણી અને પગ પર મંજીરાં બાંધી, મોમાં તલવાર લઈ, માથા પર લોટા અને લોટા પર સળગતા દીવા મૂકી દ્રુત ગતિએ મંજીરાં વગાડતી ત્યારે જોનાર બેઘડી થંભી જતા. આજે કામળિયા જાતિની સ્ત્રીઓની મંજીરાંવાદનની આ કળા જાણે કે સાવ વિલોપાઈ ગઈ છે. સૌરાષ્ટ્રે સમયાન્તરે જે આઠ-દસ ઉત્તમ કોટિના મંજીરાંવાદકો આપ્યા તેમાંના એક બિલખાના સાધુ વીરદાસ હતા. મંજીરાના આ જાદુગર કળાની સૃષ્ટિનું સર્જન કરી જોનારને મંત્રમુગ્ધ કરી દેતા. સ્પેનના ફલેગેન્કો નામના લોકનૃત્યમાં હાથની ચપટીથી વાગતા લોકવાજિંત્રમાં જે અતૂટ લયકારી ઊભી થાય છે તેવી અતૂટ લયકારીનું સર્જન આપણા નિરક્ષર કલાકાર વીરદાસ સહજ રીતે ઊભી કરી શકતા.



**લોકનાટ્ય ભવાઈ :** ગુજરાત સૌરાષ્ટ્રની લોકનાટ્ય પરંપરા ભવાઈના નામે જાણીતી છે. મધ્યયુગમાં સોળે કળાએ ખીલેલી ભવાઈ એ દેવી ઉપાસનાનો પણ એક પ્રકાર છે. આ ભવાઈ રમનારાઓ નાયક લોકજીવનમાં ભવૈયાના નામે ઓળખાય છે. ભવાઈના આદ્યપુરુષ સિદ્ધપુરના કવિ અસાઈત ઠાકર ગણાય છે. એમ કહેવાય છે કે, એમણે ૩૬૦ જેટલા વેશો રચેલા, એમાંના ૬૦ જેટલા વેશો આપણી પાસે પરાણે બચ્યા છે. આ ભવાઈવેશોમાં આવતી સાખીઓ, મુસ્લિમ હરફો, રેકતા, ઝકડી, બાજંદા, ચબોલા, છંદ, કુંડળિયા, સવૈયા, પાયા, કવિત, દુહા, ગરબા જેવા કાવ્ય પ્રકારો અને કોટવાળ, કાંચળિયો, લાછોરી, ટોળાપતિ, પેડું જેવા શબ્દો પણ અભ્યાસનો આગવો વિષય બની રહે તેવા છે.

ભવાઈનાં નૃત્યોમાં તલવાર અને ઘૂઘરા સાથેનું નૃત્ય પણ ભવાઈનું એક આગવું આકર્ષણ છે. કલાકાર પગે ઘૂઘરા બાંધી હાર્મોનિયમ, નરઘાં, ભૂંગળ અને કાંસી જોડાના તાલે તાલે આંગળીઓ પર થાળીઓ ફેરવે છે. ત્રાસકની ધાર પર નૃત્ય કરે છે. આડી તલવારોની ધાર પર નૃત્ય કરતા કરતા આંટિયા, દોઢિયા, બહરા અને ખરહરા એમ સાત પ્રકારના ઘૂઘરા વગાડે છે. સળગતી લાકડી ફેરવે છે. નવ બેડાનું નૃત્ય કરે છે. આંગળી પર લાકડાનો બાજઠ ફેરવીને હવામાં અદ્ધર ઉલાળીને ઝીલે છે. આંગળીઓ પર છુટ્ટી તલવારો ફેરવે છે. સળગતી લાઠી ફેરવે છે. માથા પર

કાચની બાટલી ફેરવે છે. માથે બેડું મૂકી બેડાને ચાંલ્લા કરે છે. પગના અંગૂઠાથી કટારી પકડીને આંખમાં મેશ આંજે છે. માથે બેડું મૂકીને જમીન પરથી મોં વડે વીંટી ઉપાડી લે છે. માથે ઊભું સાંબેલું મૂકીને નૃત્ય કરે છે. આજે તો ભવાઈની આ કળા અસ્તાચળના આરે આવીને ઊભી છે.



**બહુરૂપીની કળા :** ગુજરાત અને રાજસ્થાનના લોકજીવનમાં મનોરંજનની જે કલાઓ વિકાસ પામી તેમાંની એક તે બહુરૂપીની કલા છે. ગુજરાતમાં બહુરૂપીનો વેશ કરનાર કલાકારો મોટે ભાગે બ્રાહ્મણ, મુસલમાન, દેવીપૂજક, ભાંડ અને ભવાયા છે. એમની ગુરુગાદીઓ બગદાદ, મકનપુર, જયપુર, અજમેર અને કર્નાલમાં આવેલી છે. બહુરૂપીની ગાદીના બાવન વેશો ગણાય છે, પણ આજે બહુરૂપીઓ પાંચ-સાત વેશોથી વધુ વેશો ભજવતા નથી. જૂના વેશોમાં અર્ધનારી-નટેશ્વર, દિયર-ભોજાઈ, ગુરુ-ચેલો, ફકીરબાવા, બિકાનેરી માલણ, શિરી-ફરહાદ, નેપાળની જોગણ, ભિખારી, ગાંડો જયપુરનો ગવૈયો, ભરવાડ અને ભરવાડણ મહત્ત્વનાં મનાય છે. આ વેશની બોલી પણ કેવું મનોરંજન પીરસે છે ?

એ..એ..એ ડાયરાને રામરામ. ઝાઝા કરીને વઢિયારી વેલા આપના રામરામ. મોટાભાઈ, દૂધનો વારો બંધાવવો હોય તો આપણે વઢિયારમાં રહેવું. નવસે ને નવ્વાણું ભેંસું છે ને એક પાડો છે. પાડો રાતે જ વિયાણો છે. સૈડકે સવામણ દૂધ દિયે છે મોટાભાઈ. આ દૂધ પણ કેવું?

***ઘૈડાં પીવે તો જુવાન થાય.***
***જુવાન પીવે તો ઘૈડાં થાય.***
***છોકરાં પીવે તો ભફ લઈને મોટા થાય***
***લાઈટના થાંભલા જેવા.***

*બોલો બાપા તમારા વાડિયામાં ઘેટાં, બકરાં, સાંઢિયા બેસાડવા છે કે નઈં?*
*હમણાં જ માલ ઊતર્યો છે, ભાવનગરના બંદરેથી. બધાં વિલાયતી ઘેટાં છે.*

***કાળાં માથાંનાં, પૂંછડાં વગરનાં.***
***ફૂટ ફૂટની લેંડિયું કરે લટપટ***
***એક રાતમાં સંધુય ખેતર ખતરાઈ જાય***
*ઝટપટ...*



**કઠપૂતળીના ખેલ :** કઠપૂતળીના ખેલના માધ્યમની ગણના સૌથી પ્રાચીન નૃત્ય પ્રકારમાં થાય છે. એમ કહેવાય છે કે, આપણા શિષ્ટ નાટકોની ઉત્પત્તિ કઠપૂતળીના ખેલમાંથી થઈ છે. ભાટ લોકો કઠપૂતળીના ખેલમાં પારંગત ગણાય છે. એક કાળે ભાટ લોકો સુંદર શણગારેલા ગાડામાં પોતાના કુટુંબ-કબીલા અને કઠપૂતળીઓના માલઅસબાબ સાથે જુદાજુદા પ્રદેશોમાં ફરતા. એમની સાથે હાથી ને ઘોડા રહેતા એના ઉપર બાવન પૂતળીઓનો રંગમંચીય સામાન મૂકવામાં આવતો.

આ ઉપરાંત ગ્રામવિસ્તારના લોકસમાજનું મનોરંજન કરવામાં રામલીલાવાળા, મીર, પાબુજીના પટવાળા ભોપા, રીંછ અને માકડાં રમાડનાર મદારી, રાવણહથ્થાવાળા નાથબાવા, તુરી, બારોટ, ગામઠી જાદુગરો, ભાંડ વગેરે જાતિનો ફાળો મૂલ્યવાન રહ્યો છે. જૂના રજવાડાઓ અને લોકસમાજ આ કલાકારોને પ્રોત્સાહિત કરતા રહ્યા હોવાથી મનોરંજનની આ કલાઓ એક કાળે પુરબહારમાં ખીલી હતી. આજે તો રજવાડાં ય ગયાં. લોકજીવન પોતાની આ પરંપરિત કલાઓ તરફ ઉદાસીન બનતું જાય છે. આથી લોકકલાકારો પોતાનો બાપદાદાનો વ્યવસાય છોડીને નોકરી-ધંધામાં લાગવા માંડ્યાં છે. લોકજીવનનો આ પ્રાણવાન વારસો વિલોપાઈ ન જાય એ માટે સૌએ જાગ્રત થવાની ખૂબ જરૂર છે. આ પંરપરિત કલાઓ માટે ગૌરવ પેદા થાય એ પરિસ્થિતિનું નિર્માણ થાય તો જ આ મૂલ્યવાન વારસાનું જતન કરી શકાય અને એને જાળવી શકાય.


# લોકજીવનમાં પૂજાતાં દેવદેવલાં

ધર્મની બાબતમાં સૌથી વધુ દેવ દેવીઓ ધરાવનાર દેશ તરીકે વિશ્વભરમાં ભારતનું સ્થાન મોખરે રહ્યું છે. ભારતીય લોકોએ તેત્રીસ કરોડ દેવતા ને નવ કરોડ દેવીઓની કલ્પના કરી છે. લોકજીવનમાં શ્રદ્ધાપૂર્વક પૂજાતા દેવોને ત્રણ પ્રકારે ગણાવી શકાય છે. વેદમાં વર્ણવાયેલા પૃથ્વી, સૂરજ, ચંદ્ર, મેઘ વગેરે... ભગવાન રામચંદ્ર, ભોળાશંકર વગેરે પુરાણોએ પ્રબોધેલા દેવો અને લોકદેવો. લોકદેવોની પૂજામાં માતૃપૂજા, શક્તિપૂજા, પિતૃપૂજા, તુલસી, વડ, પીપળો, નાગ, ગાય, વૃક્ષ અને પશુ પ્રાણીઓની પૂજા ઉપરાંત સ્થાનિક નાના-મોટાં અનેક દેવ-દેવીઓ કુળદેવીઓ અને પિતૃઓ વગેરેની પૂજા ગુજરાતના લોકજીવનમાં ઘેરઘેર જાણીતી છે.

લોકજીવનમાં જાણીતાં દેવોમાં પણ ઘર અને કુટુંબની રક્ષા કરનાર, ગામોને રક્ષનારા અને સમગ્ર પ્રજાને રક્ષનારા એમ ત્રણ પ્રકારો ગણાવી શકાય. આ દેવોમાંયે પાછા બે ભાગ પડે છે, મલિન દેવો અને ચોખ્ખા દેવો.

લોકજીવનમાં દેવપૂજાની સાથે ઉત્સવો પણ જોડાઈ ગયા છે, તેથી ઉત્સવો-પ્રસંગે દેવપૂજા, નૃત્ય અને ગીત-સંગીતથી વાતાવરણ ગુંજી ઊઠે છે. આવા કેટલાક દેવો વિશે અહીં જોઈએ.

**દુંદાળા દેવ ગણપતિ :** રિદ્ધિ-સિદ્ધિ અને વિદ્યાના સ્વામી, જ્ઞાનીઓમાં અત્યંત જ્ઞાની, દેવોના સેનાનાયક, બુદ્ધિના અધિષ્ઠાતા, સોળ વિદ્યા ને ચોસઠ કળામાં નિપુણ અને વિઘ્નના કર્તાહર્તા દુંદાળા(મોટી ફાંદાવાળા) દેવ ગણપતિની પૂજા લોકજીવનમાં પૌરાણિક સમયથી ચાલી આવે છે. ગુજરાતનાં દેવદેવલાંઓમાં ગણપતિ મહત્ત્વના અને મોખરાના દેવ ગણાય છે. તેત્રીસ કરોડ દેવતાઓમાં ગણેશ પ્રથમ પાટલે પૂજાય છે.



ગણેશની ગેરહાજરીવાળા લોકજીવનની કલ્પના સરખી પણ કરી શકાય તેમ નથી. ગુજરાતનાં ગામેગામ ને ઘરોઘર બારસાખ ઉપર કોતરેલી અને સિંદૂર ચોપડેલી ગણેશની કાષ્ઠપ્રતિમા અચૂક જોવા મળે છે. લોકસમાજના અઢારે વરણના લોકો મંગલમૂર્તિ ગણેશની પૂજા કરે છે. લગ્ન જેવા મંગળ પ્રસંગે ગણપતિદાદાની સ્થાપના કરી તેમની પૂજા કરવામાં આવે છે. ગણપતિ વિઘ્નહર્તા દેવ હોવાથી શુભ-ધાર્મિક કાર્ય નિર્વિઘ્ને પાર પાડવા માટે

'શ્રી ગણેશાય નમઃ'થી ધર્મવિધિ કે ક્રિયાકાંડનો આરંભ કરવામાં આવે છે. એટલું જ નહીં પણ વિદ્યાનો આરંભ કરતી વખતે, ગામગામતરે જતી વખતે લડાઈ અને દુઃખના પ્રસંગે આ દેવનું સ્મરણ કરવામાં આવે છે.

ચોપડામાં નામું-ઠામું લખતાં કે કાળા-ધોળા અક્ષરો પાડતાં વેપારીઓ 'શ્રી ગણેશાય નમઃ' કરીને આ દેવને પ્રથમ સંભારે છે. રાતવરતના ચોરીચપાટી કરવા જતા ચોર લોકો હાથમાં 'ગણેશિયો' લઈને નીકળતાં પહેલાં ગણપતિના ગુણલા ગાય છે. તેથી જ કહેવાયું છે કે :

'ગવરી તારા પુત્રને સમરે મધુરા મોર;
દિ'એ સમરે વાણિયા રાતે સમરે ચોર.'

ભવાઈ કરતા ભવાયા પણ સૌ પ્રથમ ગણેશનો જ વેશ કાઢે છે અને એમની સ્તુતિ કરે છે :

'નમું નમું તારા નામને, દેવ મારા લંબોદરા',

ગજાનન, ભાલચંદ્ર, કપિલો, કુંદન, ગજકર્ણક, લંબોદર, ધૂમકેતુ, વિનાયક, ગણાધ્યક્ષ વગેરે નામે ઓળખાતા ગણપતિ એ કૃષિ સંસ્કૃતિના સાંકેતિક દેવ છે. ગુજરાતના ખેડૂતો ગણેશચોથના દિવસે ગણપતિને ચૂરમાના લાડુનું નૈવેધ કરી એમની પૂજા કરે છે.

ગણપતિ ઊંચ નીચના ભેદથી અલિપ્ત છે. સર્વ કોમો ગણપતિનું ભક્તિભાવપૂર્વક પૂજન કરે છે. જેમ સત્યનારાયણ ભગવાનની કથા કહેવાય છે, તેમ પછાત કોમોમાં ગણેશના પાઠ મંડાય છે. ભક્તો રાતવરતના એકતારો લઈ ગણપતિના ભજનો ગાય છે.

ગ્રામનારીઓએ મુછાળા ગણેશને શુકનવંતા દેવ તરીકે લોકગીતોમાં સમર્યા છે, લોકભરતમાં ને મોતીગૂંથણમાં આલેખ્યા છે. આમ લોકજીવનમાં ગણેશજીનો પ્રભાવ પ્રાચીનકાળથી પ્રસરી રહ્યો છે.



**દડવાની દાતાર - લોકમાતા રાંદલ :** સોળે કળાએ ખીલીને પોતાના અપરૂપ તેજથી જગતને અજવાળતા સૂરજદાદા અને એમનાં પત્ની રાંદલની પૂજા ગુજરાતના લોકજીવનમાં ઠીકઠીક પ્રચલિત છે. સૂર્યને જો આપણે સમગ્ર સૃષ્ટિના પિતા કહીએ તો સૂર્યાણીને સમગ્ર સૃષ્ટિની માતા ગણી શકાય. સૂર્યાણીનું બીજું નામ છાયા છે. છાયા એટલે આપણાં રાંદલમા. તે કેટલાક ઠેકાણે રન્નાદેના નામે જાણીતાં છે. પુરાણોમાં સૂર્યપત્ની તરીકે રન્નાદેને બદલે 'રાજ્ઞી' એવું નામ જોવા મળે છે. રાજ્ઞીનું પ્રાકૃત નામ રાણી પરથી રાણદેવી, રાણલદે અને એમાંથી રન્નાદે થયું હશે એમ કલ્પી શકાય.

રાંદલ કુટુંબનાં દુઃખો દૂર કરનારી અને નારીને માતૃત્વ આપનારી ફળદ્રુપતાની દેવી ગણાય છે. તેથી તેની પૂજા કરવાથી નારીનું વાંઝિયામેણું ભાંગે છે. રાંદલ રિદ્ધિ-સિદ્ધિની પણ દાતા ગણાય છે. એની પૂજા કરનારની સંસારવાડી આંખને ઠારે એવી લીલીછમ રહે છે. એવી લોકમાન્યતાને લઈને લગ્ન કે જનોઈ જેવા શુભ પ્રસંગે વારતહેવારે કે આડા દિવસે રાંદલ તેડવામાં આવે છે. શાસ્ત્રીય વિધિથી થતાં લગ્નોમાં રાંદલનું સ્થાન ન હોવા છતાંયે લોકજીવનમાં લગ્ન અને સીમંત પ્રસંગે ઘણી લોકજાતિઓમાં રાંદલ તેડવાનો રિવાજ આજે પણ ચાલ્યો આવે છે. શ્રાવક લોકો એને ગોત્રજ તરીકે પૂજે છે. રાંદલ એ વિશ્વકર્માની પુત્રી હોવાથી વિશ્વકર્માની વંશજ ગણાતી કારીગર કામોમાં રાંદલ પૂજાનું મહત્ત્વ સવિશેષ જોવા મળે છે. વિશ્વકર્માને પોતાના વડવા માનતા ગુજરાત અને કાઠિયાવાડના સુથારો છાયા-રાંદલને પોતાનાં ફઈબા તરીકે ઓળખે છે. ઈરાનથી સૂર્યપૂજાને સાથે લાવેલા પારસી લોકો પણ સીમંત પ્રસંગે વહુનો ખોળો ભરીને રાંદલની પૂજા કરતાં જોવા છે.





રાંદલનું વાહન ઘોડો ગણાય છે. રાંદલની સ્થાપના પ્રસંગે તેના સ્વરૂપની સંજ્ઞારૂપ બે લોટા અને નાળિયેરના બે ગોત્ર પર મંડન સ્વરૂપો સજાવવામાં આવે છે. અન્ય દેવ-દેવીઓ સજોડે જ આરાધાય છે, તેમ રાંદલ અને સૂર્યને સાથે તેડાય છે. જે ઘેર રાંદલ તેડ્યાં હોય ત્યાં ગોરણીઓ રાંદલનાં ગીતો ગાય છે ને સવાર-સાંજ રાંદલનો ઘોડો ખૂંદે છે. રાંદલને ખીરપોળીનાં નૈવેદ્ય ધરાવી ગોરણિયુંને જમાડવામાં આવે છે.

કાઠિયાવાડમાં બોટાદ પાસે કાળુભાર નદીને કાંઠે દડવા ગામના પાદરની વાવમાં રાંદલનુ સ્થાનક આવેલું છે. બીજું ગોપનાથ પાસે રાંકાસરની રાંદલનું સ્થાન પણ જાણીતું છે. સ્ત્રીઓ શ્રદ્ધા અને આસ્થાપૂર્વક રાંદલની બાધા રાખે છે ને મનોકામના ફળીભૂત થતાં રાંદલમાની બાધા છોડવા માટે જાય છે.

**નાગદેવતા :** ફૂંફડા નાખતા ને કાળી ઝેબાણ ફેણ માંડીને જીભના લબકારા કરતા નાગદાદા ગુજરાતભરમાં જુદા જુદા સ્વરૂપે પૂજાય છે. સૌરાષ્ટ્રમાં ચરમાળિયાદાદા તરીકે, કચ્છમાં ભૂજંગદેવ, ઝાલાવાડમાં વાસુકિદેવ, ઉત્તર ગુજરાતમાં ગોગનારાયણ, ભાલપ્રદેશમાં ઘોઘાચુવાણ, ખેડા તથા પંચમહાલ જિલ્લામાં ભાથી ખત્રી અને વડોદરા જિલ્લાના તિલકવાડા વિસ્તારમાં ભાદરવા દેવ તરીકે નાગદેવની પૂજા ગુજરાતને ગામડે ગામડે ને ઘેર ઘેર થતી જોવા મળે છે.






લોકદેવોની પૂજાના પ્રકારોમાં નાગપૂજા ઘણી પ્રાચીન ગણાય છે. નાગપૂજાની પરંપરાનું પગેરું વેદકાળથી પણ આગળ જાય છે. નાગજાતિના લોકો નાગને પૂર્વજ તરીકે પૂજતા. આ નાગજાતિનું વર્ચસ્વ એક કાળે સૌરાષ્ટ્રના સાગર કિનારે જબ્બર હતું. આ અવશેષરૂપે નાગપૂજા ગુજરાતના લોકજીવનમાં જળવાઈ રહેલી જોવા મળે છે. સ્ત્રીઓ નાગપાંચમનું વ્રત કરે છે. નોરતા પ્રસંગે છોકરાંઓ માટીના ઘોઘા બનાવી અંદર દીવો મૂકી ઘરોઘર ફરે છે અને ગાય છે :


**ઘોઘા ઘોઘા ઘોઘ સલામ**
**નાથીબાઈના વીરસલામ**
**આગલો બંદૂકદાર**
**પાછલો ચોકીદાર**
**તેલ દ્યો, ધૂપ દ્યો**
**બાવાને બદામ દ્યો**
**તાવડીમાં ઠીંકરી**
**જીવે તમારી દીકરી.**

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં નાગદાદાનાં ઘણાં સ્થાનકો આવેલાં છે. લોકજીવનમાં નાગદેવ વિષે અનેક પ્રકારની માન્યતાઓ અને કિવદંતીઓ જાણીતી છે. નાગને સમૃદ્ધિના પ્રતીક અને સંપત્તિના રક્ષક માનવામાં આવે છે. જેમ રાંદલ ફળદ્રુપતાની દેવી ગણાય છે, એમ નાગદેવ ફળદ્રુપતાના દેવ ગણાય છે. તેમની આરાધના કરવાથી વંધ્યા સ્ત્રીઓને સંતાન પ્રાપ્તિ થાય છે એવી લોકમાન્યતા પ્રચલિત છે. આવાં સંતાનોનાં નામ નાગજી, નગેન્દ્ર વગેરે રાખવામાં આવે છે. નાગથી રક્ષણ મેળવવા લોકો હાથે-પગે નાગ છૂંદણાં પણ પડાવે છે.

**બ્રાહ્મણ અને શૂદ્રના સહિયારા દેવ : જગન્નાથજી :** ડુંગળીના દડા જેવી મોટી મોટી આંખ્યું, આંગળિયું વગરના હાથ, ઘાટઘૂટ વગરના ઓબડગોબડ શરીરવાળા જગન્નાથજીની મૂર્તિ અન્ય દેવોની મૂર્તિથી તદ્દન જુદી તરી આવે છે. જગન્નાથજીની એટલે જગતના જીવ માત્રના નાથ. આ દેવ દેખાવમાં ભલે રૂડારૂપાળા ન હોય પણ એ વિષ્ણુનું પ્રત્યક્ષ સ્વરૂપ જ મનાય છે. કાકાબળિયાની જેમ એકતાનો સંદેશો આપતા જગન્નાથજીના મંદિરમાં ઊંચ-નીચના વાડા નથી. બ્રાહ્મણ શૂદ્રની આભડછેટ નથી. જગન્નાથજીની છત્રછાયામાં આવેલા સૌ સમાન ગણાય છે.







ભગવાનને અર્પણ કરાયેલો પ્રસાદ જાતિજ્ઞાતિ કે ધર્મના ભેદભાવ વિના સૌને સમાન રીતે વહેંચવામાં આવે છે.

ગુજરાતમાં વસતા ભરવાડ, કોળી, કણબી, રાજપૂત, બ્રાહ્મણ, ઘાંચી, મોચી, તેલી, તંબોળી, હરિજનો અને મુસલમાનો પણ જગન્નાથજીના પરમભક્ત બનીને અટલ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવે છે. આદિવાસીઓ પણ ભક્તિભાવપૂર્વક તેમની પૂજા કરે છે. જગન્નાથજીનું સૌથી મોટું અને પ્રાચીન મંદિર જગન્નાથપુરીમાં આવેલું છે. અમદાવાદમાં જમાલપુર દરવાજા બહાર જગન્નાથજીનું મંદિર આવેલું છે. આ મંદિરમાં જગન્નાથજી એટલે કે ભગવાન શ્રીકૃષ્ણ, બળભદ્રજી અને બહેન સુભદ્રાની મૂર્તિઓ જોવા મળે છે. પ્રત્યેક હિંદુ ધર્મના મંદિરોમાં શંકરની સાથે પાર્વતી, કૃષ્ણની સાથે રાધા અને રામની સાથે સીતાની મૂર્તિ જાવા મળે છે. જ્યારે જગન્નાથજી એક જ એવા દેવ છે કે જેમની સાથે તેમનાં બહેન સુભદ્રાની મૂર્તિ પૂજાય છે. અન્ય દેવદેવીઓની મૂર્તિ પાષણ કે ધાતુની બનેલી હોય છે. જ્યારે જગન્નાથજીની મૂર્તિ લીમડાના લાકડામાંથી બનાવવામાં આવે છે.

અષાઢ સુદ બીજના દિવસે જગન્નાથજીના મંદિરેથી દબદબાપૂર્વક રથયાત્રા નીકળે છે. ભક્તો શ્રદ્ધાથી તેમનો રથ ખેંચે છે. ભજન-ધૂનની છાકમછોળ ઊડે છે. લોકો રથયાત્રાનાં દર્શન કરી ફણગાવેલા મગનો પ્રસાદ ખાઈને રથયાત્રાનો ઉત્સવ મનાવે છે. આ ઊત્સવ પ્રસંગે એમ કહેવાય છે કૃષ્ણ અને બળરામ રથમાં બેસી મથુરા જવા નીકળ્યા ત્યારે ગોપીઓ અને ગોપબાલોઓએ તેમને વિદાય આપી એ દિવસ અષાઢ સુદ બીજનો દિવસ હતો. ત્યારથી તેમની સ્મૃતિમાં દર વર્ષે આ ઉત્સવ ઊજવાય છે.

**કચ્છના લોકદેવ જખદાદા :** હાથમાં દવાની પેટી, માથે પાઘડી અને અંગરખાધારી ઘોડે સવાર જખોની રહસ્યમય મૂર્તિઓને પૂજવાની પ્રથા કચ્છના લોકજીવનમાં એક હજાર વર્ષ પુરાણી છે. કોઈને ત્યાં શેર માટીની ખોટ હોય તો જખદાદાની માનતા માને છે અને પુત્ર-પુત્રીની પ્રાપ્તિ થતાં તેનું નામ જખુ કે જખી પાડવામાં આવે છે.

લોકજીવનમાં દેવ સ્વરૂપે પૂજાતા જખો કોણ હતા અને ક્યાંથી આવેલા તે અંગે વિદ્વાનોમાં અનેક મતમતાંતરો જોવા

મળે છે, પણ એક વાત સ્પષ્ટ છે કે જખ લોકોએ લાખા ફૂલાણીના ભત્રીજા પુંઅરાના રાજ્યકાળ વખતે પ્રગટ થઈ લોકોનાં દુઃખ નિવારેલાં તેવી દંતકથા મળી આવે છે. કચ્છમાં આવેલી કકડભીટ ટેકરી પર આવેલ જખમંદિરમાં બોંતેર જખોની ઘોડેસવાર મૂર્તિઓ જોવા મળે છે. દર વર્ષે ભાદરવા સુદ અગિયારસના દિવસે ત્યાં મોટો મેળો ભરાય છે. સંઘાર લોકો જખને પોતાના ઈષ્ટદેવ માને છે. કચ્છમાં આજેય ઠેર ઠેર જખમૂર્તિઓ જોવા મળે છે.

**વાછડાદાદા :** રાજસ્થાનમાં રામાપીર, ગુજરાતમાં ભાથીખત્રી અને ભાલપ્રદેશમાં ઘોઘાદેવ શૂરાપૂરા ગણાય છે તેમ સૌરાષ્ટ્રમાં વાછડાદાદાને શૂરાપૂરા ગણવામાં આવે છે. લોકજીવનમાં વાછડાદાદાનું મહાત્મ્ય ઘણું મોટું જોવા મળે છે. વત્સરાજ સોલંકી રાજપૂતોના કુળદેવ તરીકે પૂજાય છે. વાઘેર પણ તેમને ભક્તિભાવપૂર્વક પૂજે છે.

ગોહિલવાડમાં વાળાક પંથકમાં આવેલા કુંડાસના મંદિરમાં એમનું મસ્તક અને મહુવામાં ધડ પૂજાય છે. દાઠામાં જમણો હાથ અને પોરબંદરમાં તેમની આંગળી પૂજાય છે. આમ સૌરાષ્ટ્રમાં તેમનાં ચાર સ્થાનક જોવા મળે છે. આ વિસ્તારના વાઘેર, રાજપૂત, હાલારી, સતવારા વાર તહેવારે કે બાધા- આખડી પ્રસંગે સિંદૂર ચોપડી માટીના ઘોડા અને વાઘનાં રમકડાં ચડાવે છે. સોલંકી કુળના વરઘોડિયાની છેડાછેડી વાછડાદાદાના સ્થાનકે જ છૂટે છે.

**શિકોતરી માતા :** શિકોતરી એ મૂળ તો ખારવાની દરિયાઈ દેવી સિંધાવઈ છે. આ દેવી વહાણવટીઓને રક્ષનાર દેવી ગણાય છે. સૌરાષ્ટ્રમાં શિકોતરીના પ્રતીકરૂપે લાલ રંગની જમણી, માથે નાળિયેર અને ગવનની ચૂંદડી ઓઢાડી તેની સ્થાપના થાય છે.

શિકોતરી એ દક્ષિણ ગુજરાતના ખારવાઓની કુળદેવી ગણાય છે. સુરત જિલ્લાના હજીરા નજીક એનું મંદિર આવેલું છે. ઘોડા પાસે આવેલા કુંડામાં પણ એનું મંદિર જોવા મળે છે. દુબળાઓમાં કોઈ રોગચાળો કે કોઈ માંદગી આવે તો રથ ચડાવવાની બાધા રાખવામાં આવે છે. ગામનો સુથાર દુબળાઓને લાકડાનો રથ બનાવી આપે છે. એમાં દીવો, પૈસા કે ચોખા મૂકી જે ગામની માનતા હોય તે ગામના દુબળાઓ આ રથ બીજે ગામ મૂકી આવે છે. બીજા ગામવાળા ત્રીજે ગામ પહોંચાડે છે. આમ એક ગામથી ફરતો ફરતો રથ શિકોતરી માતાને મંદિરે પહોંચે છે.

**રોગોનાં દેવદેવલાં :** બાળકોને જ્યારે કોઈ રોગદોગ થાય ત્યારે વિવિધ દેવદેવીઓની પૂજા, બધા કે માનતા રાખવાની પુરાણી પ્રથા લોકજીવનમાં આજેય જોવા મળે છે. વિવિધ રોગો વખતે જુદા જુદા દેવોની પૂજા કરી બાળકનું ક્ષેમકુશળ ઈચ્છવામાં આવે છે.

**શીતળામા :** રોગોના દેવોમાં શીતળામાનું નામ ઘણું જાણીતું છે. લોકજીવનમાં શીતળામાની પૂજા ઘણી પ્રાચીન ગણાય છે. ગુજરાતમાં શીતળામાની પ્રાચીન લોકપૂજાનો અને એના વિશેની માન્યતાઓનો નવસો વર્ષ પુરાણો પુરાવો મોઢેરાના સૂર્યમંદિરમાં કોતરેલી શીતળામાની મૂર્તિ પરથી મળે છે. શીતળાનું વાહન ગધેડું છે. શીતળાની મૂર્તિના હાથમાં સાવરણી કળશ અને સૂપડું હોય છે.

ગામડાગામમાં ગામથી દૂર સીમશેઢે શીતળાનું સ્થાનક હોય છે. આ સ્થાનકમાં ચીરોડીનો

બનાવેલો મોટો ગધેડો દેવીના પ્રતીકરૂપે બેસાડેલો જોવા મળે છે. તેના પર ચૂંદડી ઓઢાડેલી હોય છે. બળિયાકાકાની જેમ શીતળામાની પૂજા શીતળા, ઓરી, અછબડાં વગેરેથી રક્ષણ મેળવવા માટે કરવામાં આવે છે. જો ઘરમાં બાળકને શીતળા નીકળે તો ઘરના પુરુષો હજામત કરાવતા નથી. શીતળા નીકળેલા બાળકનાં કપડાંને ધોકા મારતા નથી. કોઈ ઘેર આવે તો 'આવો' તેમ કહેતા નથી. શીતળાથી મૃત્યુ પામેલાં બાળકોને બાળતા નથી પણ દાટે છે.

શીતળા નીકળેલા બાળકને પાંચમે કે સાતમે દિવસે નમાડવા માટે લઈ જાય છે. આ વખતે શીતળા નીકળેલા બાળકને શરીરે ખોડખાંપણ ન આવે તે માટે માતાજીને માનેલા લાકડાના હાથ, પગ, આંખો, વગેરે શીતળામાને ચડાવે છે.



હાલના સમયમાં લોકશિક્ષણના પ્રયાસોને કારણે આ રોગ નાબૂદ થતાં અને શૈક્ષણિક જાગૃતિ આવતાં સમયાનુસાર રોગો વિશેની અંધશ્રદ્ધા અને માન્યતાઓ દૂર થતી જાય છે.

**બળિયાકાકા :** મહાભારતના બભ્રુવાહન એ જ આપણા બળિયાદેવ છે. બળિયાદેવ બળિયાકાકાના નામે લોકજીવનમાં પૂજાય છે. ગામડાઓમાં ખાસ કરીને ગામને પાદર સૌથી છેવાડે લીમડાના ઝાડ નીચે કે સીમશેઢે બળિયાકાકાનું સ્થાનક જોવા મળે છે. આ સ્થાનક પાસે રેતિયા, ભૂખરા પાણામાંથી બનાવેલા બળિયાકાકાના નાનાં-મોટાં માથાંનો ઢગલો પડેલો હોય છે. સામાન્ય રીતે દેવોની ખંડિત મૂર્તિ પૂજાતી નથી. જ્યારે બળિયાકાકાનું પથ્થરમાંથી ઘડેલું મુછાળું માથું જ પૂજાય છે. શીતળા, ઓરી અને અછબડાથી છોકરાં- છૈયાં અને ઢોરઢાંખરનું રક્ષણ મેળવવા માટે આ દેવની પૂજા બાધા-માનતા કરવામાં આવે છે. જગન્નાથજીની જેમ બળિયાકાકા એ ગામડાંના સાર્વજનિક દેવ છે. આ દેવની પૂજા બારમી- તેરમી સદી જેટલી પુરાણી મનાય છે.

ગુજરાતમાં ઈંટોલા, લાંભા, પોર, પાટણ અને બનાસકાંઠામાં આવેલા બળિયાકાકાનાં મંદિરો જાણીતાં છે. ચૈત્ર વદ તેરસ એ બળિયાકાકાનો દિવસ ગણાય છે. આ દિવસે સૌરાષ્ટ્રમાં લોકો ઢોકળાં ને ઘઉંની રોટલી ખાય છે. પાણિયારે બળિયાકાકા ચીતરે છે. છોકરાં- છૈયાંવાળી સ્ત્રીઓ કુટુંબકબીલા સાથે બળિયાકાકાના મંદિરે ઉજાણી કરવા માટે જાય છે. બાળકને ઓરી, અછબડા, કે શીતળા નીકળે તો પાંચમે કે સાતમે દિવસે બાળકને નમાવવા માટે લઈ જાય છે. આ પ્રસંગે દૂધ અને પાણી ભેગાં કરીને બળિયાકાકાને ટાઢોડિયું ચડાવે છે. બાળક સાજું-નરવું થઈ જાય પછી બળિયાદેવનું ઓરામણું કરવામાં આવે છે. આ પ્રસંગે સ્ત્રીઓ પોતાની બાધા અનુસાર બાળકના વજન જેટલું મીઠું, ગોળ કે સાકર લઈ બળિયાકાકાને ચડાવે છે. કોઈ કપડાના ઘોડા ચડાવે છે, કોઈ લોટનો રથ બનાવીને મૂકે છે, તો કોઈ લીંબડાનું તોરણ બાંધીને માનતા પૂરી કરે છે.

**હડકમોઈ અને આવળમાતા :** હડકમોઈ એ હડકવાની માતા ગણાય છે. ગોહિલવાડ વિસ્તારમાં એની પૂજા જાણીતી છે. દડવા પાસે તરપાળા ગામમાં આ માતાનો મઢ આવેલો છે.

આવળમાતા એ ઉધરસ અને ઉંટાટિયાની દેવી ગણાય છે. ભાવનગરથી ચારેક માઈલ દૂર આવળમાતાની ખીજડી આવેલી છે.



**પિતૃપૂજાના દેવો :** ગુજરાતના લોકજીવનમાં શૂરાપૂરા, સતીઓ, સૂરધન- શિકોતર અને પીર-પીરાણાની પૂજા ઘણી પ્રચલિત છે. શૂરાપૂરા ને સતીઓની પૂજા એ પિતૃપૂજાનો એક પ્રકાર જ છે. ગામની ગાયોને બચાવવા કે નારીઓના શીલની રક્ષા કાજે લીલુડાં માથાં ઉતારી આપનાર શૂરાપૂરાના અસંખ્ય પાળિયા ગામના પાદરમાં કે સીમાડે જોવા મળે છે. તેમનાં કુટુંબીઓ દર વર્ષે ખાંભી ઝુહારવા માટે જાય છે.

સતી સ્ત્રીઓની યાદમાં કંકણવાળા હાથના પ્રતીકવાળો પાળિયો મુકાય છે. સતી નારીના કુટુંબીઓ અને ગામ લોકો સતીની બાધા-આખડી રાખે છે અને વારતહેવારે પૂજા કરે છે. ઘણાં ગામડાંમાં સતીઓના થડા અને સાધ્વીઓની સમાધિ પણ જોવા મળે છે.

**પીરાપીરાણાની પૂજા :** મુસ્લિમ ઉપરાંત હિંદુઓ પણ પીર-પીરાણાની પૂજા કરે છે. લોકજીવનમાં પૂજાતા પાંચ પીરનો એક દુહો મળે છેઃ

**'પાબુ હડબુ રામદે, ગોગાદે જેહા;**
**પાંચુ પીર પધારજ્યો, માંગલિયા મેહા;**

આ ઉપરાંત અસંખ્ય નાના-મોટા પીરપીરાણાની પૂજા લોકજીવનમાં થતી જોવા મળે છે. તેમાં કચ્છના જેસલપીર, લાકડશાપીર, ભાલપ્રદેશના હાંહાંપીર, ભડિયાદના પીર, કચ્છીપીર વગેરે પીરો જાણીતા છે. આ પીરોની યાદમાં મેળા ભરાય છે. નાળિયેર અને સુખડીનો પ્રસાદ ધરાવાય છે. પીરના સ્થાનકે લાકડાના મોટા થાંભલા પર લીલી ધજા ફરકતી જોવા મળે છે.

**સૂરધનપૂજા :** ધર્મયુદ્ધ કે ધિંગાણાંમાં મરાયેલા શૂરવીરોના પાળિયા કંડારીને મુકાય છે. જ્યારે આપઘાતથી, અણધાર્યા ડૂબી જવાથી, સર્પદંશ જેવા અકુદરતી મોતથી મરેલા માનવીને સુરધન તરીકે ઘરમાં સ્થાપીને તેમની પૂજા કરવાનો રિવાજ સૌરાષ્ટ્રની ઘણી જાતિઓમાં આજેય જોવા મળે છે.

અકુદરતી મોતે મરનાર જો પુરુષ હોય તો તેને સુરધન તરીકે સ્થાપે છે અને સ્ત્રી હોય તો એનું શિકોતરું બેસાડે છે. ભૂવો એની બધી વિધિ કરે છે. બારસાખ માથે ગોખલો કરી કુળવધૂના શિકોતરાના પ્રતીકરૂપે લાલ મધરાશિયા ઉપર નાળિયેર મૂકી તેના પર ચૂંદડી ઓઢાડવામાં આવે છે. જ્યારે એના પતિનું અવસાન થાય ત્યારે શિકોતરાને નનામી સાથે બાળી મૂકવામાં આવે છે.

**મંગલ પ્રસંગ અને વરતના દેવો :** દરેક જાતિને પોતાનું કુળ કે ગોત્ર હોય છે. લગ્ન વખતે ગોત્ર ખાસ જોવાય છે. જે તે ગોત્રના દેવ એ ગોત્રદેવતા તરીકે ઓળખાય છે. લગ્ન પ્રસંગે શુભકાર્ય નિર્વિઘ્ને પતાવવા માટે ગોત્રદેવની પણ સ્થાપના કરવામાં આવે છે. ગોરમહારાજ ઘરની ભીંત પર કંકુ કે ગેરુ વડે ગોત્રદેવતાનું ચિત્ર આલેખે છે. કેટલીક જાતિઓ ગણેશને જ ગોત્ર ગણે છે અને તેની સ્થાપના કરે છે. ગોત્રદેવનું સૂંઢ વગરનું ચિત્ર વિશિષ્ઠ પ્રકારનું હોય છે. ઉચ્ચવર્ણથી માંડીને આદિવાસીઓની તમામ જાતિઓમાં ગોત્રપૂજા જાણીતી છે.

કુંવારી કન્યાઓનું મોળાકતનું વ્રત તો ઘરોઘર જાણીતું છે. આ વ્રતની ઉજવણી વખતે ગામના ગોરમહારાજ પોતાને ત્યાં ગારાના ગોર્યમા બનાવીને કપાસિયા કે કોડિયુંની આંખો કરી, રૂના નાગલા ને ચૂંદડી પહેરાવે છે. કુંવારી કન્યાઓ ગોર્યમાનું પૂજન કરવા માટે જાય છે અને છઠ્ઠે દિવસે વાજતે-ગાજતે ગોર્યમાને જળમાં પધરાવી દે છે. આ રીતે નદી કે સરોવરકાંઠે કાંઠાગોર્યની પૂજા કરવામાં આવે છે. આ વ્રત પ્રસંગે કન્યાઓ અલૂણું ખાય છે ને ગોર્યમાની વાર્તા સાંભળે છે.



**ગ્રામદેવીઓ, જળદેવીઓ અને કુળદેવીઓ :** દરેક ગામડાંની સાથે તેના રક્ષણકર્તા દેવ કે દેવીનો સંબંધ જોડાયેલો જોવા મળે છે. જ્યારે ગામની સ્થાપના થઈ હોય કે ગામનું તોરણ બંધાયું હોય ત્યારે સાથે લાવેલાં દેવ-દેવીનું ગામમાં સ્થાપન કરવામાં આવ્યું હોય છે. આવી ગ્રામદેવી ગામોગામ પૂજાય છે. તેમાં ખેડા જિલ્લાના વસો ગામનાં વસુંધરા માતા, શિહોરનાં શિહોરી માતા જાણીતાં છે. લગ્ન પ્રસંગે નોતરવામાં આવતી ઉકરડી પણ ગ્રામદેવી જ મનાય છે. આ દેવદેવીઓ રોગચાળાથી અને બહારના આક્રમણથી ગામ લોકોનું રક્ષણ કરે છે તેવી લોકશ્રદ્ધા એની સાથે જોડાયેલી છે.

**જળદેવીઓ :** જળદેવતા તો માનવીને જિવાડે છે. એ જ જળ માનવીનો ક્યારેક ભોગ પણ લે છે એટલે એમાં કોઈ દેવ-દેવીનો વાસ છે એવી માન્યતાથી જળદેવની પૂજાનો પ્રારંભ લોકજીવનમાં થયો હશે એમ માની શકાય. ખારવાઓની દરિયાપીર કે દરિયાદેવની પૂજા જાણીતી છે. જળઝીલણી અગિયારસે જળદેવતાને વધામણાં દેવાનો રિવાજ જાણીતો છે.

ગામડાંમાં જૂનાં વાવ-કૂવા, કોઠા કે નદી-સરોવર કાંઠે જળદેવીઓનાં સ્થાનકો હોય છે. આ સ્થાનકે માતાની સંજ્ઞારૂપે સિંદૂરિયો પથ્થર કે ધોળી ધજા જોવા મળે છે. પ્રથમ વાર સગર્ભા થનાર નારી સાસરે અઘરણી કરીને પિયર આવે ત્યારે મારગ માથે જળાશય, નદી કે કૂવો આવે તેમાં સોપારી, ચોખા, પૈસો વગેરે નાખીને જળદેવતાનું વળોટણ કરે છે. સુવાવડ પછી સવા મહિને નાહી-ધોઈને પ્રસૂતા નારી નવાં કપડાં પહેરી માથે બેડું લઈ નદી કે તળાવે જાય છે અને સાત સોપારી, સાત પૈસા ને સૂતરના સાત તાંતણા લઈ તેમાંથી એકેક જળમાં પધરાવી બાકીનાં છ ધાવણાં બાળકોની માતાને વહેંચે છે અને બાળકનું બાળોતિયું જળમાં પધરાવી સૌ ગાતાં ગાતાં ઘેર આવે છે. ગામીત જાતિની સુવાવડી સ્ત્રીઓ છઠ્ઠી પૂજન વખતે જળદેવતાને પૂંજ અર્પણ કરવા જાય છે.



**કુળદેવીઓ :** લોકજીવનમાં જેટલી જાતિઓ છે એ તમામ જાતિઓને પોતાનાં કુળદેવ કે કુળદેવી હોય છે. કુળદેવોની સરખામણીમાં કુળદેવીઓની સંખ્યા ઘણી મોટી જોવા મળે છે. આવી કુળદેવીઓમાં જાડેજાઓની આશાપુરા, જાદવોની બુટમાતા,

ગોહિલોની ખોડિયાર, કપોળની સામુદ્રિ (લક્ષ્મી) માતા, જેઠવાઓની સિંધવઈ, બ્રહ્મક્ષત્રિયની હિંગળાજ, ખારવાઓની શિકોતરી, દેવીપૂજકોની શેત્રુંજી, વાંઝાની વીરમાતા, વાળંદો અને જેઠીની લીંબજામાતા, બ્રાહ્મણોની વરૂવડી, નટની વિસોત, ભીલોની ચાવંડ, વાઘેરની આલબાઈ, ભોપાની વાંકોડમાતા, ભવાયાની હિંગળાજ અને બહુચરાજી, કુંભારની વારાહી, રાવળની જોગણી અને કાળકા, સરાણિયાની વત્રાક, ભાટની માંગળ, મેરની વાઘેશ્વરી, માલધારી રબારીઓની બરેજ, આહીરોની જાનઆઈ અને મચ્છુઆઈ, ગધઈની માંગલદેવી, ચારણોની આવડ, હોલ, ચાંપબાઈ, વરુડી વગેરે ખૂબ જ જાણીતી છે. આ બધી દેવીઓની ક્યારેક મૂર્તિઓ જોવા મળે છે તો ક્યારેક અમૂર્ત આકારો કે પ્રતિકસંજ્ઞાઓ સાંપડે છે. કુળદેવીઓની પૂજા એ શક્તિપૂજા કે માતૃપૂજાનો જ એક પ્રકાર છે. વારતહેવારે માતાને નૈવેદ્ય કરવામાં આવે છે અને રોગદોગ વખતે આ માતાઓની બાધા-આખડી રાખવામાં આવે છે. આ બધી કુળદેવીનાં સ્થાનકો ઘરમાં, ગામમાં, સીમાડે,નદી-સરોવર કાંઠે કે દૂર દેશાવરમાં પણ મળી આવે છે. લગ્નપ્રસંગે જે તે જાતિના વરઘોડિયાની છેડાછેડી પણ કુળદેવી આગળ જ છૂટે છે.

**આદિવાસી લોકદેવો :** ગુજરાતના વિવિધ પ્રદેશોમાં વસતા આદિવાસીઓમાં નાંના-મોટાં અનેક દેવ-દેવીઓની પૂજા કરવામાં આવે છે. દેવ-દેવીઓના કેટલાક ધાર્મિક ઉત્સવો પણ ઊજવાય છે. એની ખાસ વિધિઓ કરવામાં આવે છે.

પંચમહાલ જિલ્લાના આદિવાસીઓ સ્ત્રીને બાળક ન થતું હોય અથવા બાળક માદું રહેતું હોય તો ઈન્દ્રરાજ દેવની બાધા રાખે છે અને એમનાં દર્શને જાય છે. સુરત જિલ્લાના ગામીતોમાં મગરદેવની આઠથી બાર ફૂટ લાંબા લાકડાની મૂર્તિની પૂજા ને બાધા-માનતા કરવામાં આવે છે. ગામીતોમાં ગોવાળદેવની પૂજા પણ જાણીતી છે.

ડુંગરદેવ એ બનાસકાંઠાના આદિવાસીઓના દેવ ગણાય છે. આદિવાસીઓ દેવરો એટલે કે મુછાળા રામાપીરમાં પણ શ્રદ્ધા ધરાવે છે. કંસારીદેવી એ આદિવાસીઓની ધનધાન્યની દેવી ગણાય છે. કુંકણાજાતિમાં ઘોડાદેવ અને વાઘદેવની પકવેલી માટીની મૂર્તિઓ પૂજાય છે. રાઠવા આદિવાસીઓ પીઠોરાદેવમાં અપાર આસ્થા ધરાવે છે.

આદિવાસીઓમાં રોગદોગનાં દેવ-દેવીઓ ખોખલી, મરકી, પેટફોડી માતા, ભરમદેવ, મામાદેવની તથા અંકાશીમાતા, બાવનપીર, કનસરિયો દેવ, કાળિયોપીર, રગતિયોવીર, હીરવા, હમાઈ, બાબો ટુંડવો, ચૂલદેવી, હોળીમાતા, લીલિયોપુત, ચંદ્રદેવ, ઈરપીર, ઘંતરીઆઈ, કાળિયોભૂત, રાહાણ્યોહેર, દુધિયોહેર, પાંખીદેવી, ભાથુજી, દેવલીમાડી, શીડબોઈ, રાજાપાણ્ઠો, હૈડાજાતર, અહિત્રોદેવ, વીરબાવજી, કાળવીરજી વગેરે ખૂબ જાણીતા છે.

આમ લોકજીવનમાં દેવો પ્રત્યેની શ્રદ્ધા, વિશ્વાસ અને ભાવના વિધવિધ પ્રકારે વ્યક્ત થતી જોવા મળે છે. લોકજીવન પર ધર્મસંસ્કારોની અસર આજેય એવી ને એવી પ્રબળ રહેવા પામી છે.

# માનવહૃદયના ઉલ્લાસનું મોંઘેરું પર્વ: મેળા



વર્ષાઋતુમાં પૂરબહારમાં ખીલી ઊઠતી નવયૌવનાશી વનરાજિ અને રૂપકડી ગિરિમાળાઓના રૂપસૌંદર્ય વચ્ચે વસતા આર્યો, ધર્મ, કુદરતનાં તત્ત્વો અને આનંદોત્સવોના પરમ ઉપાસક હતા. મંગલમય ધર્મ સાથે એકતાના તાણાવાણાથી લોકજીવનમાં વણાયેલા અનેરા આનંદોત્સવો પ્રાકૃતિક સૌંદર્યના અપરૂપ ઉપાસકોની આગવી દેણ છે. આ આનંદોત્સવમાંયે માનવજીવનમાં આનંદ, ઉલ્લાસ અને ચેતનાનાં રંગછાંટણાં નાખી લોકહૈયાંને હેલે ચડાવનાર મેળાઓ સદાયે મોખરે રહ્યા છે.

મેળો એટલે 'હળવું-મળવું.' પરંપરાગત રિવાજ મુજબ નિયત કરેલાં સ્થળે ભેગા થવું. ધર્મની ધજા ફરકાવતાં ધાર્મિક સ્થળોએ માનવીઓના મેળા ભરાય છે. ચબૂતરે નિત સવારે કલરવ કરતાં રૂપકડાં રંગબેરંગી પંખીઓનો મેળો ભરાય છે. પીઠ કે ગુજરીમાં વાછરડાં, પાડા, બળદ, ઊંટ કે ઘોડાનાય મેળા ભરાય છે. મેળાઓ પાછળ જીવનની ઉન્નત અને પરિપૂર્ણ ભાવનાઓનો સાક્ષાત્કાર કરાવવાનો તથા જીવનને આનંદથી માણવાનો હેતુ હોય છે.



'મેળો' એવું નામ કદાચ મોડેથી પ્રચલિત થયું હોય તો પણ મેળાનો ઉત્સવ ઘણો પ્રાચીન છે. તેના અનેક પુરાવા પ્રાચીન ગ્રંથોમાંથી સાંપડે છે. દરેક મેળાની સાથે એનાં માહાત્મ્ય અને એ સ્થળની પ્રાચીનતાનો ઈતિહાસ સંકળાયેલો જોવા મળે છે.

આમ મેળાના ઈતિહાસની સાથે સાથે મેળાના ધાર્મિક સ્થળોનું માહાત્મ્ય ગાતી ચમત્કારપૂર્ણ દંતકથાઓ, ગરબા અને દુહા પણ સાંપડે છે. એ દંતકથાઓમાં આવતા ચમત્કારો સાથે બાઝેલા અંધશ્રદ્ધાનાં જાળાંને સાફ કરીએ તો જે તે સ્થળના મેળાની, એના ધર્મસ્થળની પ્રાચીનતાનું રહસ્ય ઉકેલી શકાય.

**ઋતુના રંગો સાથે જોડાયેલા મેળા :** પ્રાચીન સમયથી ભારતની સંસ્કૃતિ કૃષિપ્રધાન હોવાથી પંચાંગ, ઋતુઓ અને ખેતીનાં કામકાજની જરૂરિયાતો સાથે ઉત્સવો અને મેળાઓની ઉજવણીનો સમય ઘનિષ્ઠ રીતે સંકળાયેલો છે. સામાન્ય રીતે મેળાઓના આયોજનને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. ચોમાસાની ઋતુમાં શ્રાવણ અને ભાદરવા માસમાં, પૂર્ણિમા અને અમાસના દિવસોમાં સૌથી વધુ મેળાઓ યોજાય છે. વર્ષાઋતુમાં પ્રકૃતિ હરિયાળી બનીને ખીલી ઊઠે છે. વરસાદ સારો થયો હોવાથી ખેડૂતોનાં હૈયાં આનંદથી હરખાઈ ઊઠે છે. આ ઋતુમાં યોજાતા મેળાઓ

મોટા ભાગે સ્થાનિક પ્રકારના (પ્રાદેશિક) હોય છે અને એકાદ દિવસ પૂરતા જ યોજાતા હોય છે. આ સમય દરમ્યાન લોકોને ઝાઝી નવરાશ પણ હોતી નથી. વળી ચોમાસામાં લાંબા અંતરની મુસાફરી કરવાનું પણ અતિ મુશ્કેલ બની રહે છે.

મેળાઓની બીજી મોસમ ઑક્ટોબર- નવેમ્બર માસમાં આવે છે. ધરતીને લીલી-કુંજાર બનાવીને ચોમાસું અલવિદા લે છે. નદીઓ અને જળાશયો નવાં નીરથી અનેરું સૌંદર્ય ધારણ કરે છે. હવામાન પણ આહ્લાદક અને ખુશનુમા હોય છે. આ સમયે ગ્રામવિસ્તારોમાં મુસાફરી કરવાનું સરળ બને છે. ચોમાસું પાકની લણણી પૂરી થઈ જતાં ખેડૂતોને કામની મોકળાશ અને મેળો માણવા માટે પૈસા પણ હોય છે. આ મેળાઓનો આનંદ માનવીનાં આર્થિક પાસાં સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. જો સારું વરસ આવ્યું હોય ને ખેતરો ધનધાન્યથી લચી પડ્યાં હોય તો મેળાની રંગત અનેરી જામે છે. નબળાં વરસોમાં મેળાના ઉત્સવમાં ઝાઝી બરકત આવતી નથી.

મેળાઓના આયોજનનો ત્રીજો ગાળો ફેબ્રુઆરીથી એપ્રિલ માસનો છે. આ સમયે હવામાન સધાત અને સુંદર હોય છે. રવિ પાકની લણણી પૂરી થઈ ગઈ હોય છે. તેથી લોકોનો મેળો માણવાનો ઉત્સાહ સવિશેષ હોય છે. સોમનાથ, જૂનાગઢ, શામળાજી, સિદ્ધપુર, વૌઠા, ડાકોર, શુક્લતીર્થમાં મેળાઓ આ સમય દરમિયાન ભરાય છે.

**મેળાનાં સ્થળ અને મુદત :** સામાન્ય રીતે જ્યાં જ્યાં મેળાઓ યોજાય છે તે સ્થળોનો ઊડતો અભ્યાસ કરનારને સહેજે જણાઈ આવે છે કે આભ સાથે વાતું કરતાં રળિયામણા ડુંગરા અને ખળ ખળ નાદે વહેતી નદીઓએ લોકહૈયાંમાં અનેરું આકર્ષણ જમાવ્યું છે. આવા ડુંગરાઓ અને નદીઓની રમણીય જગ્યા પર મેળાઓ ભરાય છે. જૂનાગઢમાં શિવરાત્રીએ યોજાતો ભવનાથનો



મેળો, પાવાગઢ અને શત્રુંજયનો મેળો જાણીતો છે. સાત નદીઓના સંગમ તટે યોજાતો વૌઠાનો મેળો, નર્મદા કાંઠે યોજાતો શુક્લતીર્થનો મેળો વગેરે નદી કાંઠાના મેળાઓ ખૂબ જાણીતા છે. ડુંગર અને નદીઓનાં સ્થળો ઉપરાંત જળાશયો, કુંડો અને સમુદ્રતટે પણ અસંખ્ય મેળાઓ યોજાય છે. કચ્છમાં નારાયણ સરોવરના કાંઠે યોજાતો મેળો પણ આગવા પ્રકારનો બની રહે છે.

**દેવ-દેવીઓ, સંત-મહંતો અને પીરની યાદમાં યોજાતા મેળા :** ડુંગર, નદી, સમુદ્ર, જળાશય અને કુંડો ઉપરાંત ગામમાં કે ગામ બહાર આવેલાં મંદિરોના સ્થળે, વાર-તહેવારે નાના-મોટા અસંખ્ય મેળાઓ ભરાય છે. એવા મેળાઓમાં શ્રીકૃષ્ણ, રામ, મહાદેવજી, હનુમાનજી, બળિયાકાકા, નાગદાદા, રણછોડરાય, ઠાકર મહારાજ જેવા દેવો અને શીતળામા, અંબાજી, બહુચર, ખોડિયાર, ઉનાઈ માતા, ઊંટવાળી માતા વગેરે દેવીઓનાં મંદિરે ભરાતા મેળા લોકજીવનમાં ખૂબ જ જાણીતા છે. દેવ-દેવીઓ ઉપરાંત સંત કબીર, સહજાનંદ સ્વામી, ઓઘડનાથ, ભાથીખત્રી, જલારામ બાપા વગેરે હિન્દુ સંતો અને મીરાંદાતાર, મોટા મિયાં, હજરત પીર, નુરુદ્દીન ઓલિયા વગેરે મુસ્લિમોના મેળા યોજાય છે. આ ઉપરાંત ગુજરાતમાં રામદેવપીર, ખેતલસાપીર, જીવાભાઈ, જસમા-ઓડણ, કચ્છમાં જખદેવ અને રાજસ્થાનમાં પાબુજી રાઠોડ, ઘોઘા ચૌહાણ અને પાબાજી જાટ જેવાં સ્થાનિક વીર- વીરાંગનાઓની સ્મૃતિમાં મેળાઓ યોજાય છે. આવા મેળાઓ લોકજીવનમાં મહાન ઉદ્દેશ માટે જીવન કુરબાન કરવાની ભાવના પ્રગટાવે છે.

એકલા ગુજરાતમાં જ દર વર્ષે ૧,૫૨૧ જેટલા મેળા ભરાય છે. તેમાંથી હિન્દુઓના ૧,૨૯૩, મુસ્લિમોના ૧૭૫, જૈનોના ૨૧, લોકમેળા ૧૪, ધંધાદારી મેળા ૧૩ અને પારસીઓનો એક મેળો યોજાય છે. હવે ગાંધીજીની જન્મજંયતી પ્રસંગે યોજાતા ગાંધીમેળા અને સર્વોદય મેળાઓ ઠીક ઠીક જાણીતા થવા લાગ્યા છે. પરદેશની જેમ ભારતમાં પણ ઔદ્યોગિક મેળાઓ, કૃષિમેળાઓ અને વિજ્ઞાનમેળાઓ યોજાવાનો પ્રારંભ થઈ ચૂકયો છે.

સામાન્ય રીતે મેળાની મોજ વરસમાં એક જ વાર માણવા મળે છે. વરસ દરમિયાન અસંખ્ય મેળાઓ યોજાય છે, પણ એક મેળો વરસમાં એક જ વાર યોજાય છે. મેળાઓની મુદતમાં એકસૂત્રીપણું જોવા મળતું નથી. કદાચ લોકોએ પોતાની નવરાશની અનુકૂળતા પ્રમાણે અને મેળાના મહત્ત્વ પ્રમાણે મેળાની મુદત નક્કી કરી હોય તેમ જણાય છે. સ્થાનિક મેળાઓ એક દિવસ માટે જ ભરાય છે. કેટલાક મેળાઓ બેથી પાંચ દિવસ માટે ભરાય છે. જૂનાગઢનો ભવનાથનો મેળો, તરણેતરનો મેળો, માધવપુરનો મેળો તો પાંચ-પાંચ દિવસ ચાલે છે. કેટલાક મેળાઓ આખું અઠવાડિયું ચાલે છે. આદિવાસી વિસ્તારોમાં તો દર અઠવાડિયે મેળા યોજાય છે. આ મેળા અઠવાડિક ખરીદીની સારી તક પૂરી પાડે છે. અપવાદરૂપે કેટલાક મેળા દર ત્રણ, સાત કે અઢાર વરસે યોજાય છે. આવા મેળામાં કુંભમેળો, ભરૂચ જિલ્લાના ભાડભૂતમાં દર અઢાર વર્ષે યોજાતો મેળો વગેરેને ગણાવી શકાય.

**લોકજીવનમાં મેળાઓનું મહત્ત્વ :** જૂના જમાનામાં આજની જેમ મનોરંજનનાં વિપુલ સાધનો નહોતાં ત્યારે લોકો ખેતી, ધંધો કે મજૂરીના રોજના એકધારા પરિશ્રમથી કંટાળીને થાકી જતા. આ થાકોડો દૂર કરીને અખૂટ આનંદનું અને આત્મવિશ્વાસનું ભાથું મેળો મહાલનારને બાંધવા મળતું.

વળી પ્રાચીનકાળમાં પર્વતીય પ્રદેશોમાં વાહનવ્યવહાર નહોતો. આદિવાસી વિસ્તારોમાં જીવન જરૂરિયાતની ચીજો મેળવવાનું મુશ્કેલ હતું. આર્થિક સ્થિતિને કારણે ઝાઝી ચીજો ખરીદવાનું કામ પણ કઠિન હોવાથી આદિવાસીઓએ જીવન જરૂરિયાતની ચીજો ખરીદવા માટે અઠવાડિક મેળાઓનું આયોજન ગોઠવ્યું.

આમ મેળો માનવીને આનંદ, ખરીદી અને દેવદર્શનની અનોખી તક પૂરી પાડે છે. શ્રદ્ધાના તાંતણે બંધાયેલો માનવી સંસારની સુખ-દુ:ખની ઘટમાળમાંથી રાહત મેળવવા ઈશ્વર તરફ અભિમુખ બને છે. દેવમંદિરોના સ્થળે ભરાતા મેળામાં જઈને માનવી આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરે છે. મેળાઓ દિ' આખો વૈતરું કૂટતા માનવીના જીવનમાં વૈવિધ્ય લાવી એના હૈયાંને આનંદથી ભર્યું-ભર્યું બનાવે છે.

મેળાનો સમય આવતાં જ ગામડાંના માનવીઓ મેળો માણવા ગાંડાતૂર બની જાય છે. અલગારી યુવતીઓ તો હરખપદૂડી થઈને ફરવા માંડે છે. દૂર દૂરનાં ગામડાં, નેસ ને ટીંબામાંથી લોકો ગાડાં, પાડા, ઘોડા ને ઊંટ ઉપર બેસીને કે પગપાળા મેળો માણવા ઊમટી પડે છે. જોબનભર્યા જુવાનડાઓ જોડિયા પાવા વગાડતાં વગાડતાં ને ડોલરના ફૂલ જેવી રૂપરમણીઓ ગીતો ગાતી ગાતી નરવા સાદે મેળાના મારગને જાણે કે ભરી દે છે:

'ઓ મારા લે'રી રે,
અંધારી રાતનો મેળો રે લોલ,
સૂરજની સાડિયું ને સુરપાણની જાતરા,
ઓ મારા લે'રી રે અંધારી રાતનો મેળો રે લોલ..'

જેમ સંતો, મહંતો, જોગી, જતિનો જૂનાગઢનો ભવનાથનો મેળો, જુવાનિયાઓનો તરણેતરનો મેળો, એમ રૂપ, જોબન અને ખુમારીનો માધવપુરનો મેળો છે. સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર (ત્રિનેત્રેશ્વર) મહાદેવની જગ્યામાં ભરાતા મેળામાં રૂપાળા ભરત ભરેલી અને આભલે મઢેલી, સોળ સોળ સળિયા સંગાથ રેશમી રૂમાલિયા લટકાવેલી છતરિયું હાથમાં લઈને મેળામાં ઘૂમતા રંગીલા જુવાનિયોને જોઈને જોનારનું મન હરખાય છે. તરણેતરનો મેળો એટલે આનંદ, યુવાની અને કળાનો અનેરો સંગમ. આ મેળામાં રાસ, ગરબા, દુહા અને છંદની રમઝટ બોલે, ટીટોડો અને ભરવાડોના હુડારાસ એ તરણેતરના મેળાનું આગવું અંગ છે. માધવપુર અને ભવનાથના મેળામાં રાસ, ગરબા, ભજન અને કીર્તનની ઝુક બોલે છે. નોખી નોખી મંડળીઓ નરઘાં અને કાંસીજોડા સાથે ભક્તિમાં ભીંજાઈને પરમ આનંદની પ્રાપ્તિ કરે છે. સાધુ-સંતોના સમાગમ થાય છે. યુવાન પ્રેમીઓનાં મિલન થાય છે. સગપણના નાતે જોડાયેલાં યુવક-યુવતીઓ મેળામાં મળી જાય ત્યારે તો એમના આનંદની કોઈ અવધિ રહે ખરી? જુવાનિયા માથે ફટકા બાંધીને ચગડોળની મોજ માણે, વેપારીઓ હાટડિયું માંડે, રસિયા જીવો પ્રેમિકા માટેની ચીજ-જણસું મૂલવે. જાદુગરો ખેલ કરે, વાદી નાગને રમાડે, મદારી માંકડાને નચાવે. રંગીલી યુવતીઓ મનના માનેલાના મનમાં મોહ ઉપજાવવા છૂંદણાં છૂંદાવવા બેસી જાય છે. લોકો ખાય છે, પીએ છે અને આનંદ મસ્તી લૂંટતા મેળામાં ફરે છે.

આમ મેળો લોકજીવનને આનંદથી મઘમઘતું બનાવી સાધકોને આધ્યાત્મિક આનંદ આપે છે. ભૌતિકવાદીઓને સૌંદર્યાનુભૂતિ કરાવી દૈહિક સુખ આપે છે.



**મેળામાં ગીત-દુહાના સંગ્રામો :** સૌરાષ્ટ્રમાં યોજાતા લોકમેળાઓ સાંસ્કૃતિક દ્રષ્ટિએ ભારતભરના મેળાઓ કરતાં અનેક રીતે નોખા તરી આવે છે. જૂનાગઢમાં યોજાતો શિવરાતનો મેળો આમેય લોકોને ગાંડાતૂર બનાવી મૂકે છે. શ્રી ઝવેરચંદ મેઘાણી લખે છે કે, 'પહેલે દિવસે ઊઘડતા પ્રભાતથી સામસામા કવિતા સંગ્રામ મંડાય, સેંકડો સોરઠવાસીઓ જાણે ગઢકિલ્લાના મોરચા માંડયા હોય એમ ગોઠવાઈ જાય. આ કવિતા-દુહાના સંગ્રામ પણ શમશેરોના સંગ્રામ કરતાંયે વધુ કાતિલ હો ભાઈ! એમાં સોન-હલામણ, શેણી વિજાણંદ, ઢોલામારુ, હોથલ-પદમણી અને મેહ-ઉજળીના દુહા સાંભળનારની છાતિયુંમાં મીઠી બરછિયું ચોડે હોં. સ્ત્રી-પુરુષો દ્વારા સામસામા મંડાતા કવિતા- દુહાના આ જુદ્ધ ત્રણ દિ' ને ત્રણ રાત્યું ચાલે. દુહા કે'નારા લગલગાટ ત્રણ ત્રણ દિ' નકોરડા ખેંચી કાઢે. ગળું સુકાય તો વચ્ચે ટોયલી ટોયલી કઢેલું દૂધ પી લે. આવી મરમવાણીના માણીગરો તો ત્રણ-ત્રણ રાત્યું લગી આંખ્યુંનું મટકું સરખુંય મારતા નથી.'

શત્રુંજય પર મોતીશાની ટૂકે ભરાતા ચૈત્રી પૂનમ કે ગોકુળ આઠમના મેળામાં ચોક વચ્ચે મોતી ભરેલો રૂપાળો વાંસ રોપાય. વાંસની ટોચે વિજયનો નેજો ફરકે. એ નેજો નીચે દુહાના જુદ્ધ મંડાય. નોખા નોખા ગામવાળાં સામસામા મોરચામાં જોડાય. દુહા ખૂટે ત્યારે મર્મના વેણે બાંધી લેતી સમસ્યાઓ સામસામા પક્ષે બાંધે ને છોડે. જે આમાં જીતી જાય તે આ મોતી ભરેલો વાંસ પોતાના ગામમાં લઈ જાય ને બીજે વરસે એ વાંસ ને વિજયનો નેજો લઈને મેળામાં પાછા હાજર થાય ને એવા ને એવા જુધ્ધ મંડાય. આ જ રીતે સિદ્ધપુરના મેળામાં જુવાનિયા બે મોરચે વહેંચાઈ ને વિપ્રલંભ શૃંગાર રજૂ કરતાં 'હડૂલા' કહે છે. તરણેતરના મેળામાં પણ માથે અપરૂપભરત ભરેલી રૂપાળી છતરિયુંનું છત્ર કરીને જુવાનિયા વણથાક્યા સામસામા દુહા ફેંકે છે. રાત ભાંગે પણ દુહાની પરંપરા અખંડ રહે. બેમાંથી એકેય પક્ષ થાકે જ નહીં.

**આદિવાસીના મેળા :** ભારતના પર્વતીય પ્રદેશમાં વનવાસીઓની વસતિ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. આ આદિવાસીઓ તો વળી ખૂબ ઉત્સવપ્રિય પ્રજા છે. તેઓ મન ભરીને મેળા માણે છે. આદિવાસી વિસ્તારોમાં નાના- મોટા અસંખ્ય મેળા યોજાય છે. તેમાં ગુજરાત વિસ્તારમાં માણેકનાથ, મગર, ખેરમાળ, ગલદેવરો, ગોળગધેડા, દાનમહુડી, વડોદીતવાર, વાછોડીવાંછળી, ડાંગદરબાર, પુરીપકોડી, ચાડિયા મેળો, રંગપંચમી અને ઈન્દ્રમેળાઓ જાણીતા છે. તે સિવાય પણ નાના-મોટા અનેક મેળાઓ ભરાય છે.

આદિવાસી વિસ્તારોમાં જ્યાં મેળો ભરાવાનો હોય, તે ગામમાં મેળાની પૂર્વસંધ્યાએ ઢોલ વાગે છે. એ ઢોલ સાંભળીને બીજા ગામવાળા ઢોલ વગાડે. આમ નક્કી કરેલા માણસો દ્વારા ઢોલ વગાડાતા ઢોલનો સંકેત સૂચવે છે કે આવતી કાલે મેળો ભરાવાનો છે. સંજોગોવશાત્ મેળો બંધ હોય તો ઢોલ વગાડવામાં આવતો નથી.

ઢોલનો સંદેશો યુવાન હૃદયમાં આનંદની છોળો ઉડાડે છે. બીજે દિવસે યુવકો હાથમાં છતરિયું અને યુવતીઓ રંગબેરંગી વસ્ત્રાભૂષણ પહેરી માથે જવારા લઈ આનંદથી નાચતાં, કૂદતાં અને ગાતાં ગાતાં મેળે જવા નીકળે છે. રસ્તામાં દરેક ગામની ટોળીઓ જોડાતી જાય છે. મેળામાં દૂરદૂર રહેતાં સગાંવહાલાં ભેગાં થાય છે. દરમિયાનમાં કોઈ સગાનું મરણ થયું હોય ને ખરખરે ન જવાયું હોય તો તેને યાદ કરીને સ્ત્રીઓ એક-બીજાના ખભે હાથ મૂકીને રડે છે ત્યારે આખા મેળામાં રુદનના કરુણ સ્વરો ફરી વળતાં વાતાવરણ ગમગીન બની જાય છે.

ત્યાર પછી દરેક ગામવાળા પોતાના નક્કી કરેલા સ્થળે પડાવ નાખે છે. ભાતાં પોતામાં સાથે લાવેલા રોટલા મેળામાં સગાંવહાલાંને વહેંચે છે. જમ્યા બાદ મેળાની મધ્યમાં નાચ ચાલે છે. એ નાચમાં જુવાનિયા અને જુવતીઓ ઢોલના તાલે તાલે દિ' આખો નાચે છે.

**મેળામાં દિવંગત સગાઓનું શ્રાદ્ધ :** આદિવાસીઓને મૃત સગાઓનું શ્રાદ્ધ કરવાની તક પણ મેળા પૂરી પાડે છે. ખેડબ્રહ્મા તાલુકાના પોશીના વિસ્તારમાં સાબરમતી અને આકળ- વાકળ નદીના સંગમ સ્થળે ભરાતા મેળામાં પોશીનાપટ્ટીના આદિવાસીઓ પોતાના દિવંગત સગાઓનું શ્રાદ્ધ કરે છે. માટીની ઢોચકીમાં લાવેલ મૃત સગાના અસ્થિ જળમાં પધરાવીને કુટુંબની કુંવારી કન્યાને નવું વસ્ત્ર ઓઢાડે છે. ત્યાર પછી સૌ સાથે મળીને મેળો માણે છે.

**ભગત-ભૂવાનો મંત્રો તાજા કરવાનો મેળો :** મેળાઓની સાથે દરેક કોમોની સાંસ્કૃતિક વિશેષતાઓ પણ સુંદર રીતે સંકળાયેલી નજરે પડે છે. જેમ બળેવના દિવસે બ્રાહ્મણો નદી કિનારે જનોઈ બદલવા માટે ભેગા થાય છે અને જૂની જનોઈ ઉતારી નવી જનોઈ ધારણ કરે છે. તેમ અરવલ્લીની ગિરિમાળામાં આવેલા શામળાજીના મેળામાં દર વર્ષે કાર્તિકી ચૌદસના રોજ એ વિભાગમાં વસતા ભગત અને ભૂવા ભેગા થાય છે અને તેઓ પોતાના મંત્રો તાજા કરે છે. નવા ભૂવા પોતાની સાધના પણ અહીં જ શીખે છે. કોઈને ભૂત - પ્રેત કે ઝોડિયું વળગ્યું હોય તો તેને કઢાવવા માટે અહીં લઈ આવવામાં આવે છે. મેશ્વોના લાંબા વિશાળ પટમાં ભગત - ભૂવા ને વળગાડવાળા લોકોનો અનોખો મેળો જામે છે. ભૂવા મંત્રો ભણે છે. હોંકારા ને ચિચિયારીથી વાતાવરણ ભરાઈ જાય છે. આ મેળો તો મહિનો-માસ ચાલે છે.

**મેળામાં લાડી ખેંચવી :** આદિવાસી યુવાનો મેળામાંથી જ પોતાની મનની માનેલીને પસંદ કરી લે છે. યુવતીનો પ્રેમી પોતાના ગામના જુવાનિયાને સાથે લઈને મેળામાંથી એને ખેંચી જાય છે. યુવતીના ગામવાળા તેને ઉપાડી જતી બચાવે છે. ટેકીલા જુવાનિયા ઘણી વાર વટને ખાતર ધીંગાણા વહોરી લે છે. મેળામાંથી ઊઠાવાયેલી કન્યાને પછીથી પોતાના પ્રેમી સાથે લગ્ન કરવાની છૂટ અપાય છે. મેળામાંથી કન્યાને ઉપાડી જવા માટે ''લાડી ખેંચવી'' એવો શબ્દપ્રયોગ જાણીતો છે.

**મેળા સાથે જોડાયેલા અદ્‌ભુત રિવાજો :** મેળાના આયોજન સાથે કેટલાક આનંદ અને આશ્ચર્ય ઉપજાવે એવા રિવાજો ગૂંથાઈ ગયેલા જોવા મળે છે. દા.ત. પંચમહાલ, વડોદરા અને ભરૂચ જિલ્લાના આદિવાસીઓમાં ''ચાડિયા મેળો'' યોજાય છે. હોળી પછી તુરંત જ યોજાતા આ મેળામાં આદિવાસીઓ લાકડાનો ચાડિયો બનાવી, નાળિયેરનું માથું અને કોડિયુંની આંખ્યું લગાવીને તેના માથે કપડું બાંધે છે અને તેને નવાં કપડાં પહેરાવી ઊંચા ઝાડની ટોચે બાંધે છે. ઝાડ નીચે આદિવાસી સ્ત્રીઓ નૃત્ય કરે છે. આ પ્રસંગે ઝાડ પર ચાડિયો ઉતારવા માટે જુવાનિયાઓ વચ્ચે હરીફાઈ થાય છે. જે કોઈ જુવાનિયા ચાડિયો લેવા માટે ઝાડ ઉપર ચડે તેને નૃત્ય કરતી આદિવાસી નારીઓનું ટોળું સોટાથી માર મારીને નીચે પાડે છે. આ માર સહન કરીને જો કોઈ લોંઠકો જુવાનિયો ઝાડ ઉપર ચડી ચાડિયો છોડી લાવે તો ચાડિયાનાં કપડાં એને આપી દેવામાં આવે છે અને પછી ઢોલ સાથે નાચ ચાલે છે.

**ગોળગધેડાનો મેળો :** પંચમહાલ વિસ્તારના આદિવાસીઓમાં ગોળગધેડાનો મેળો ખૂબ જાણીતો છે. હોળી પછી પાંચમે, સાતમે કે બારમે દિવસે નક્કી કરેલા સ્થળે ગોળગધેડાનો મેળો ભરાય છે. આ મેળામાં આજુબાજુના વિસ્તારમાંથી હજારો સ્ત્રી-પુરુષો ઢોલ વગાડતાં વગાડતાં અને આનંદથી નાચતાં-ગાતાં આવે છે.



આ પ્રસંગે ગોળગધેડાના મેદાનની મધ્યમાં ૨૦થી ૨૫ ફૂટ ઊંચો લાકડાનો એક સ્તંભ ઊભો રહી શકે તેવી રીતે ચાર-પાંચ ફૂટના બે આડા લાકડાના કટકા બેસાડવામાં આવે છે ને થાંભલાની ટોચ પર ગોળની પોટકી લટકાવવામાં આવે છે. પછી આ સ્તંભ ફરતી યુવાન કુંવારી કન્યાઓ હાથમાં વાંસના ડંડિકા લઈને ઢોલના તાલે તાલે ગાતી ગાતી ગોળાકારમાં નૃત્ય કરે છે. કન્યાઓના આ ટોળાની વચમાં થઈને બે-ત્રણ જુવાનડા થાંભલે ચઢે છે; આ વખતે કન્યાઓ ડંડિકાથી જુવાનિયાને મારીને નીચે પાડે છે, પણ કોઈ ચપળ જુવાનિયો માર ખાઈને પણ થાંભલા ઉપર ચડી જાય છે અને પોટકી છોડીને ગોળ ચારેબાજુ ઉડાડે છે. પછી બધાની નજર ચુકાવીને નીચે કૂદી પડે છે. આ પોટલીનો ગોળ લેવા માટે ગધેડા જેવો માર ખાવો પડે છે, તેથી જ આ મેળો ગોળગધેડાના નામે ઓળખાય છે. કેટલાક આદિવાસી વિસ્તારોમાં ગોળની પોટલીને બદલે સ્તંભ ઉપર ધજા મૂકવામાં આવે છે. જાણવા મળે છે તે મુજબ જૂના વખતમાં કોઈ જુવાનડો ગધેડા જેવો માર ખાઈને પણ જો ધજા લાવે તો તે કન્યાના ઘેરામાંથી મનપસંદ કન્યાને પરણી શકતો. આ રિવાજ પ્રાચીનકાળના સ્વયંવરની પ્રથાની યાદ આપે છે.

**ગળદેવનો મેળો :** દાહોદ વિસ્તારના આદિવાસીઓમાં ગળદેવનો મેળો ખૂબ જાણીતો છે. આ મેળો દાહોદ તાલુકના ખંગેલા ગામમાં ચુલના દિવસે ભરાય છે. કોઈ બાળક શરીરે ગળતું હોય તો તેના મા-બાપ બાળકની બીમારી દૂર કરવા ગળદેવની બાધા રાખે છે. બધા રાખનાર પાંચ દિવસ ઘરની બહાર રહીને પોતાના શરીરે હળદર ચોપડે છે. છેલ્લે છેલ્લે ઉપવાસ કરીને મેદાનમાં ગળદેવના નામનો ૨૦થી ૨૫ ફૂટ ઊંચો થાંભલો રોપે છે. તેની ટોચ ઉપર લાકડાનો રેંટ બેસાડે છે. રેંટના એક છેડે ખાટલી ને બીજા છેડે દોરડાં બાંધવામાં આવે છે. થાંભલાના માળા ઉપર ઊભા રહી બાધા લીધેલી વ્યક્તિને રાતાં કપડાંની ગાતરી વળાવી રેંટ ઉપરની ખાટલીમાં સુવાડવામાં આવે છે. પછી દોરડા વડે ચાર માણસો ખાટલીમાં સૂતેલા માણસને ગળદેવની આસપાસ ચાર-પાંચ ચક્કર ફેરવે છે. ગળદેવના સ્તંભના થડમાં બકરાનો ભોગ આપી માણસને નીચે ઉતારી લે છે. આ પ્રસંગે બાધા રાખેલ માણસો વારાફરતી ઢોલના અવાજ સાથે બાધા- માનતા છોડે છે.

**ચુલ મેળો :** પંચમહાલ, ભરૂચ અને વડોદરા જિલ્લાના આદિવાસીઓમાં હોળીના બીજા દિવસે ચુલ મેળો ભરાય છે. આ મેળામાં એક લંબચોરસ ખાડો કરી તેમાં બાવળના લાકડાંનાં મોટાં ખોડસાં (લાકડાના મોટા કટકા) સળગાવી ધગધગતા અંગારા પાડવામાં આવે છે. આ પ્રસંગે આદિવાસી સ્ત્રી-પુરુષો હાથમાં નાળિયેર ને પાણીના લોટા લઈ ઉઘાડા પગે સળગતા અંગારા પર સાત વાર એક છેડેથી બીજા છેડે જાય છે. પછી પગે લાગી નાળિયેર ફોડે છે. ઉઘાડા પગે ચાલવા છતાં ચાલનારના પગે સહેજ પણ ઈજા થતી નથી. આ પ્રસંગે લોકો પોતાનાં બાળકો અને ઢોરઢાંખરના રક્ષણ માટે અગ્નિદેવની બાધા રાખે છે.



**રંગપંચમીનો મેળો :** પંચમહાલ જિલ્લામાં નવા વર્ષે યોજાતા રંગપંચમીના મેળા પ્રસંગે આદિવાસી ખેડૂતો પોતાની ગાયોને રંગથી શણગારે છે. ગામને પાદર માણસો જમીન પર સૂઈ જાય છે. સૂતેલા લોકો પર જાનવરો દોડાવવામાં આવે છે. છતાં તેમને કંઈ પણ ઈજા થતી નથી. આ પ્રસંગે ગામના પટેલ લોકોને મળે છે અને શાબાશી આપે છે.

**માધવપુરનો મેળો :** સૌરાષ્ટ્રના પોરબંદર પંથકમાં આવેલા માધવપુરના મેળા પ્રસંગે ચૈત્ર સુદ નોમથી તેરસ સુધી કૃષ્ણ રુકમણીનો લગ્ન સમારંભ યોજાય છે. પ્રથમ દિવસે ગણપતિની સ્થાપના કરી લગ્નપત્રિકા મોકલાય છે. શ્રીકૃષ્ણની રૂડીપેર જાન જોડાય છે. જાનૈયા ને જાનડિયું લગ્નમાં જાય છે અને ધામધૂમથી લગ્ન થાય છે. આ વિધિ માધવપુરના મેળામાં પાંચ દિવસ સુધી ચાલે છે. એ માટેનો એક દૂહો જાણીતો છે.

"માધવપુરનો માંડવો, આવે જાદવકુળની જાન, પરણે રાણી રુકિમણી જયા વર દુલ્હા ભગવાન."

**કેટલાક માનવેતર મેળા :** ભારતીય સંસ્કૃતિ-કૃષિપ્રધાન હોવાથી તેના ઉત્સવો અને મેળામાં પશુઓ પણ ઠીક ઠીક પ્રાધાન્ય ભોગવે છે.

પોરબંદર વિસ્તારના માધવપુરના મેળામાં દોડમાં વિજેતા બનેલ ઊંટ અને ઘોડાના માલિકોને ઈનામ આપવામાં આવે છે.

ધોળકા તાલુકામાં આવેલા વૌઠાનો મેળો ગધેડાના વેચાણ માટે ખૂબ જાણીતો છે. આ મેળામાં સારામાં સારાં ગધેડાં વેચાણ માટે આવે છે. મોંઘામૂલનાં ગધેડાં આ મેળામાંથી મળી રહે છે. આ ઉપરાંત ધરણીધર, ઢીમા અને માલાજાળ્યના મેળા જાનવરોના વેચાણ માટે અત્યંત જાણીતા છે. સારી ઓલાદના બળદ, વાછરડાં, ઘોડા, ઊંટ વગેરે વેચાવા આવે છે. લોકો દૂર દૂરથી જાનવરો વેચવા, ખરીદવા કે સાટાદોઢા કરવા માટે ત્યાં આવે છે.

**લોકસંસ્કૃતિનું સંગમસ્થળ - મેળા :** લોકમેળાઓ લોકજીવનના ઉલ્લાસનું મોંઘેરું પર્વ જ નહીં, પણ લોકસંસ્કૃતિનું સંગમસ્થળ પણ છે. જે તે પ્રદેશમાં વસતિ વિવિધ જાતિઓ કોઈ પણ જાતના ભેદભાવ વિના મેળામાં ભેગી થાય છે ત્યાં લોકજીવનનો સંસ્કાર- વિનિમય થાય છે. મેળામાં વિવિધ જાતિઓનાં વસ્ત્રાભૂષણો, નૃત્યો, વાદ્યો, ભાતીગળ કળાઓ, લોકગીતો, લોકબોલીઓ, હથિયારો, રીતરિવાજો, ખાવાપીવાની ટેવો, એમનું સાહિત્ય, એમનાં દેવ-દેવીઓ અને ધાર્મિક માન્યતાઓ વિશે જાણવા મળે છે. મેળામાં લોકજીવનની કંઈક કળાઓ ઠલવાય છે. આથી લોકજાતિઓના અભ્યાસ માટે અત્યંત ઉપયોગી બની રહે છે.

આમ મેળો એ ભક્તિ,શક્તિ અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ છે, લોકઊર્મિની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન છે. મેળો માનવીના થાકેલા મનને હળવુંફૂલ બનાવી નવી તાજગી બક્ષે છે. તેથી લોકજીવનમાં મેળાઓ આજેય એટલા મહત્ત્વના બની રહ્યાં છે.

■ ■ ■



# લોકસાંસ્કૃતિક વિરાસતસમા ગુજરાતના ગઢકિલ્લા





આઝાદીનો પ્રકાશપૂંજ પથરાયો તે પૂર્વે ભારતમાં અનેક રાજવંશોના રાજ્યો અસ્તિત્વમાં હતાં. શક્તિશાળી અને પરાક્રમી રાજવીઓએ રાજ્યના રક્ષણ અર્થે રણમાં અને પર્વતાળ પ્રદેશોના ઊંચા પહાડો પર ભવ્ય ગઢકિલ્લાઓનું નિર્માણ કરાવ્યું હતું. મધ્યકાળની યુદ્ધકાલીન પરિસ્થિતિ વચ્ચે આ ગઢકિલ્લા યુદ્ધ, સાહસ, શૌર્ય, સમૃદ્ધિ, જાહોજલાલી, ઐશ્વર્ય અને રોમાંસના પ્રતીકરૂપ બની રહ્યા અને લોકવાણીમાં ઉક્તિરૂપે અમર બન્યા. રાજસ્થાનના ઐતિહાસિક સ્થળોના પ્રવાસ પ્રસંગે મને આવી એક મજાની લોકઉક્તિ મળી આવી :

**રાજામેં રાજા રામચંદ્ર,**
**બાકી સબ રજૈયા;**
**ગઢમેં તો ચિત્તોડગઢ,**
**બાકી સબ ગઢૈયા.**
**રાણીમેં રાની પદ્મિની,**
**બાકી સબ રનૈયાં;**
**તાલ (તળાવ) મેં તાલ ભોપાલ,**
**બાકી સબ તલૈયા.**

ગઢનો અર્થ થાય છે દુર્ગ, કોટ, કિલ્લો. ભગવદ્ગોમંડલ અનુસાર શત્રુથી ઝટ ભાંગી કે તૂટી શકે નહીં એવું ચૂનાગચ્ચીની દીવાલવાળું મજબૂત બાંધકામ. કોટ, ગઢ, દુર્ગ. આ ગઢકિલ્લા સાથે કેટલાય ગુજરાતી

શબ્દો અને કહેવતો જોડાયેલી છે. 'ગઢકપ્તાન' એટલે કિલ્લાની ફોજનો ઉપરી. 'ગઢી' એટલે ગઢનું રક્ષણ કરનાર કિલ્લેદાર. કિલ્લા જેવું મજબૂત મકાન, નાનો કિલ્લો, કોઠી. 'ગઢેચી' એટલે ગઢનું રક્ષણ કરનાર દેવી. 'ગઢવી' એટલે ગઢનો રક્ષક, દુર્ગપાલ. 'કિલ્લેગાહ' જ્યાં કિલ્લો હોય એવી જગ્યા. કિલ્લેદાર ગઢપતિ, કિલ્લેનશીન કિલ્લા પર હોય એવું. કિલ્લેબંધી શત્રુ સામે રક્ષણ મેળવાય એવું બાંધકામ કરવું. જ્યારે કહેવતોમાં 'ગઢ ઉકેલવો' એટલે બહાદુરીભર્યું કામ કરવું. મોટી ઊથલપાથલ કરવી. 'ગઢ ઘેરાવો' બિમારી વધી જવી. બધા રોગોથી ઘેરાઈ જવું. 'ગઢ જીતવો' વિજય મેળવવો. 'ઈડરિયો ગઢ જીતવો' મુશ્કેલી ભર્યું કામ પાર પાડવું. 'ગઢી ફતેહ કરવી' કિલ્લો જીતી લેવો.

ભારતીય દુર્ગ રચનાને વાસ્તુશાસ્ત્રના નગર કલ્પનાનાં પ્રકરણોમાં સ્થાન મળ્યું છે. આ ઉપરાંત રામાયણ, મહાભારત, મનુસ્મૃતિ, બ્રહ્માંડપુરાણ, અગ્નિ પુરાણ વગેરે પુરાણો, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, શુક્રનીતિ, બૌદ્ધ અને જૈન ધાર્મિક અને ઈતર ગ્રંથોમાં દુર્ગ રચનાના ઉલ્લેખો મળે છે. ચૌલુક્ય કાળ દરમ્યાન લખાયેલા 'જયપૃચ્છા' 'અપરાજિત પૃચ્છા' (૧૨મી સદી) 'કોટચક્ર', સૂત્રધારનાથની 'વાસ્તુમંજરી' અને સૂત્રધાર, ગંગાધર રચિત 'દુર્ગદીપિકા' તથા સૂત્રધાર મંડન રચિત 'વાસ્તુ રાજવલ્લભ મંડન'માં દુર્ગ રચના અને પ્રકારોની ચર્ચા કરવામાં આવી છે. તેમાં ગઢના ભૂમિદુર્ગ, જળદુર્ગ, ગિરિદુર્ગ અને ગહ્વરદુર્ગ એમ ચાર પ્રકારો જણાવ્યા છે. તેમાં પર્વતના મસ્તક ઉપર રહેલા ગિરિદુર્ગને સર્વ શ્રેષ્ઠ કહ્યો છે.





મહાભારત, મનુસ્મૃતિ, અગ્નિપુરાણ, કૌટિલીય અર્થશાસ્ત્ર, શુક્રનીતિ, રામાયણ અને બ્રહ્માંડ પુરાણમાં દેવદુર્ગ, જળદુર્ગ, ગિરિદુર્ગ, વનદુર્ગ, ધન્વદુર્ગ, મહીદુર્ગ અને મનુષ્યદુર્ગ જેવા પ્રકારોના ઉલ્લેખો મળે છે. કુદરતી રીતે સીધા ચઢાણવાળા, પહાડી ઉપર આવેલા દુર્ગમ સ્થળ અને સતત ઝંઝાવાતવાળા સ્થળને દેવદુર્ગ અને વાયુદુર્ગ નામ આપવામાં આવ્યું છે. અગાધ પાણી વડે રક્ષાયેલા દુર્ગને જળદુર્ગ, અમ્બદુર્ગ, ઔદકદુર્ગ,

નદીયદુર્ગ કે ઉદકદુર્ગ એવું નામ આપવામાં આવ્યું છે. નદી કે સમુદ્ર વચ્ચે આવેલો દુર્ગ, નદી કે સરોવરના મુખ ભાગે કે નદીઓના સંગમ ઉપર આવેલ દુર્ગ આ પ્રકારના છે. એમ ડૉ. શિવપ્રસાદ રાજગોર નોંધે છે.



પાંચ યોજન સુધી કંઈ પણ જળ ન હોય, ચારે બાજુ મરુ (રણ) ભૂમિ હોય ત્યાં જે કિલ્લો હોય તેને ધન્વ અથવા ધનુદુર્ગ કહે છે. તે પથ્થર અથવા ઈંટનો બનાવેલો હોય, પહોળાઈ કરતાં જેની ઊંચાઈ બમણી હોય તેવો, યુદ્ધ કરવા માટે જેની ઉપર ફરી શકાય તેવો હોય છે. જે કોટ અને ઝરૂખાયુક્ત હોય, જેની ચારે તરફ અગાધ જળ હોય, બહાર સર્વે બાજુ યોજનો સુધી મોટાં વૃક્ષો હોય, ચારે દિશામાં હાથી, રથ, ઘોડા આદિથી યુક્ત હોય અને સેનાથી જેની રક્ષા કરેલી હોય તે નૃદુર્ગ કહે છે. ડુંગરની ટોચે આવેલા ગિરિ દુર્ગ અર્થાત્ કિલ્લામાં રહેલો એક ધનુર્ધારી સો શત્રુની સામે યુદ્ધ કરી શકે છે અને સો યોદ્ધા કિલ્લામાં રહીને દસ હજાર દુશ્મનોની ફોજ સામે લડી શકે છે. તેથી શાસ્ત્રમાં યુદ્ધને માટે ગઢકિલ્લા બનાવવાનો ઉપદેશ કર્યો છે.



વાસ્તુશાસ્ત્રના ગ્રંથો, દુર્ગ રચનાનો હેતુ રક્ષણ અને શોભન જણાવે છે. દુશ્મનો, ધાડપાડુઓ તથા નદીના પૂર સામે આ દુર્ગો અને કોટ રક્ષણ આપવા ઉપરાંત શાંતિના સમયમાં નગરની શોભામાં અભિવૃદ્ધિ કરે છે.

દીવનો ગઢ, પ્રભાસનો, પોરબંદરનો અને સરતાનજીનો ગઢ તથા જંજીરાનો કિલ્લો, યમુનાકાંઠાનો લાલ કિલ્લો આ બધા જળદુર્ગો છે. ડુંગરની ટોચે આવેલો આકરા ચઢાણવાળો દુર્ગ ગિરિદુર્ગ કે પાસ્તર દુર્ગ કહેવાયો છે. ઈડર, કંથકોટ, ઉપરકોટ, મહારાષ્ટ્રના રાયગઢ, સિંહગઢ, લોહગઢ વગેરે કિલ્લાઓ આ પ્રકારના છે. કૌટિલ્યે ભોંયરાવાળા દુર્ગનો ગુહાદુર્ગ તરીકે ઉલ્લેખ કર્યો છે. બે પર્વતની ઊંડી ખીણને ગર્તાદુર્ગ, ગીચ ઝાડીથી રચાયેલ વનદુર્ગ વન અને પર્વત વચ્ચે આવેલ મિશ્ર દુર્ગ કહેવાય છે. શ્રી રાજગોર નોંધે છે કે, કાદવની ઊંડી ખાઈ કે ફોડાને 'પંકદુર્ગ' કહેવામાં આવ્યો છે. ઉપર કઠણ સપાટીનો આભાસ થાય પણ પગ મૂકતાં જ માણસ ઊંડો ઊતરી જાય છે. ભાલપ્રદેશના ધોલેરાના દરિયાકિનારે તથા કચ્છના રણ પ્રદેશમાં આવાં અનેક સ્થળો છે. જ્યાં પાણી, ઝાડ-પાન કે માનવીનો વસવાટ ન હોય એવો નિર્જન નપાણિયો મુલક 'ઈરિણદુર્ગ' તરીકે ઓળખાય છે. થોરિયાં કે કાંટાળાં વૃક્ષોથી આવો વિસ્તાર છવાયેલો હોય છે. ઓખા મંડળનો કેટલોક પ્રદેશ થોરના અભેદ થુમડાથી ૧૯મી સદી સુધી અભેદ રહ્યો

હતો. ખારાપાટમાં આવેલ દુર્ગને 'રણદુર્ગ' છે.

'ધી વેદિક એઈજ'માં જણાવ્યા પ્રમાણે આર્યો પથ્થર અને ધાતુના કિલ્લાઓ બાંધતા. ગઢ કિલ્લાના સૌથી પ્રાચીન અવશેષો પ્રાગ્-હડપ્પીય અને સિંધુ સંસ્કૃતિના મોહેં-જો-દડો અને કચ્છમાં ધોળાવીરા તથા લોથલમાંથી પ્રાપ્ત થયાં છે. ગુજરાતમાં દુર્ગના પ્રાચીનતમ અવશેષો પ્રાગ્હડપ્પન સમયના કચ્છના દેશલપરમાંથી મળે છે. સોલંકીકાળ શિલ્પ-સ્થાપત્યને માટે સુવર્ણકાળસમો હતો. એ દરમ્યાન જૂનાગઢ, પ્રભાસ, પાટણ, ડભોઈ, વડનગર, ઝીંઝુવાડાના કિલ્લાઓ અસ્તિત્વમાં હતા. કુમારપાળના શાસન સમયે બૃહસ્પતિએ સોમનાથનો મજબૂત કિલ્લો બંધાવ્યો હતો. એક કિંવદંતિ અનુસાર યાદવોએ જૂનાગઢનો ઉપરકોટનો કિલ્લો બંધાવ્યો હતો. ડભોઈનો કિલ્લો શિલ્પસ્થાપત્યની દૃષ્ટિએ જુદો તરી આવે છે. એના દરવાજા અને દીવાલો ફૂલપાનના કંદોરાથી અલંકૃત છે. એના ઉપર અશ્વારૂઢ સ્ત્રીઓ, પુરુષો, અપ્સરાઓ, દેવ-દેવીઓ અને મિથુન યુગલોથી સુશોભિત છે. સ્વસ્તિક પ્રકારની દુર્ગ રચનાવાળો કિલ્લો સિદ્ધરાજે બનાવ્યો હોવાનું મનાય છે. દંતકથામાં એના શિલ્પી હીરાસલાટનું નામ અમર બની ગયું છે. ડભોઈ ઉપરાંત ઈડર, અમદાવાદ, વિરમગામ, પાટડી, બરવાળા, કપડવંજ, દ. ગુજરાતમાં પાવાગઢ, લુણાવાડા, ખંભાત, ખેડા, બોરસદ, ભરૂચ, સુરત, ઉત્તર ગુજરાતમાં પાટણ, કડી, સૌરાષ્ટ્રમાં જામનગર, મોરબી, ધ્રાગધ્રા, જામકંડોરણા, મોડપર, પડધરી, બાલંભા, પોરબંદર, કુતિયાણા અમરેલી, શિહોર, ધારી, ભાવનગર, મહુવા, લોલિયાણા, વેરાવળ, વઢવાણ, સરધાર, ઘોઘા, રાજસીતાપુર, હળવદ, થાન, લખતર, દ્વારકા, બેટ તથા કચ્છમાં લખપત, ભૂજ, અંજાર ઈત્યાદિ નગરોમાં ઈતિહાસની અસંખ્ય વણકથી વાતોને હૈયાં સંઘરીને ગઢ કિલ્લાઓ બેઠા છે.





ભારતીય ગઢકિલ્લાઓની રચના અને રક્ષણાત્મક મહત્ત્વ પણ સમજવાં જેવાં છે. ડૉ. રસેશ જમીનદાર નોંધે છે કે, દુર્ગ કે કોટનું રક્ષણ ઘણી દીવાલોથી થયેલું હતું. સામાન્ય રીતે આક્રમણથી બચવા અને સ્વરક્ષાણાર્થેય દુર્ગ ચોપાસ ફરતી ખાઈથી રક્ષાયેલો રહેતો. ખાઈ રોજિંદા વ્યવહારમાં પાણી મુક્ત રહેતી, પણ આપતકાલમાં તાકીદની સૂચનાથી પાણીથી સભર કરી શકાતી. દુર્ગના મુખ્ય દરવાજાઓ ખસેડી શકાય એવા પુલોથી જોડાયેલા રહેતા. કટોકટીના સમયે પુલોને ખસેડી લેવામાં આવતા, જેથી આક્રમણકારનું કાર્ય મુશ્કેલ બનતું. યુદ્ધના વખતમાં કે શાંતિના સમયમાં દુર્ગની સતત ચોકી થતી રહેતી. દુર્ગના સફળ કાર્ય કાજે સતર્કતા એનું રહસ્ય ગણાતું. દુર્ગના મુખ્ય અધિકારી તરીકે લશ્કરના કમાંડરો અને કોટવાળોની નિમણૂંક થતી. દુર્ગોનું નિર્માણ એવી રીતે થયેલું હતું કે આક્રમણના સમયે દુશ્મને ઘેરો ઘાલ્યો હોય ત્યારે જીવનજરૂરિયાતની ચીજ-વસ્તુઓ દીર્ઘ-કાલ સુધી ઉપલબ્ધ થઈ શકતી અને જનજીવન રોજિંદા માહોલથી કાર્યરત રહેતું. સામાન્ય રીતે દુર્ગોનાં સ્થાન રાજ્યની સરહદે રહેતા, જેથી દુશ્મનનાં આક્રમણો રોકી શકાય. ઘણી રાજધાનીઓ ભવ્ય અને અભેદ કિલ્લાઓથી સુસજ્જ હતી. આમ તો દુર્ગની રચના જ એવી હતી કે સ્વયં એક સ્વનિર્ભર શહેર તરીકેનું સ્થાન પામી હતી.

નગરજનો અને ગઢકિલ્લા વચ્ચે એક વિશિષ્ટ સંબંધ હતો. ગઢમાં રાજપરિવાર સહિત વિવિધ વર્ગના ધંધાદારી માણસો, રાજાના દીવાન, લશ્કરી અમલદારો, વહીવટદારો, સૈનિકો, નોકર-ચાકરોનો મોટો કાફલો વસતો. જૂના કાળે ગઢમાં સૌથી વધુ મજબૂત સ્થાન દરવાજાનું રહેતું. રાત્રે દરવાજાને ભોંગળ ભીડી તાળાં મારી દેવાતાં. મુખ્ય તાળાને ત્રણ ચાવી રહેતી. એમાંની એક રાજમહેલમાં, એક દીવાન પાસે અને એક લશ્કરના ઉપરી પાસે રહેતી. ત્રણે ચાવીઓ ભેગી થાય ત્યારે જ ગઢનો દરવાજો ખૂલતો. દગાબાજથી રક્ષણ મેળવવાનો એનો હેતુ હતો. હાથી, ઊંટ, અશ્વો સહેલાઈથી અવર-જવર કરી શકે તેવા તોતિંગ દરવાજા ગઢને રહેતા. આ દરવાજા બહાર અણીદાર ભાલા જેવા આયુષ ખીલા લગાડવવામાં આવતા. યુદ્ધના સમયે દરવાજા આડું ઊંટ ઊભું રાખી હાથી વડે દરવાજા તોડવામાં આવતા. દિવસના ભાગે દરવાજા બંધ રહેતા, પણ પ્રજાજનોની અવર-જવર દરવાજાની ડોકાબારીમાંથી થતી. નાની બારીમાંથી માણસ વાંકો વળીને બહાર નીકળી શકતો. બંદૂકો, તોપો અને દૂર ફેંકી શકાય તેવાં શસ્ત્રોની શોધ થતાં ગઢ-કિલ્લાનું મહત્ત્વ ઘટી ગયું. રજવાડાઓ જતાં એની જરૂરત પણ રહી નહીં, પરિણામે ઐતિહાસિક મૂલ્ય ધરાવતા શિલ્પ, પુરાતત્ત્વ અને વાસ્તુશાસ્ત્રની વિરાસત ધરાવતા ગઢ કિલ્લાઓ નામશેષ થઈ રહ્યા છે.







**પ્રકાશક :**
માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**મુદ્રક :**
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.